બાળગ્રંથાવલિ પુસ્તક પહેલું.

સદ્ગુણી બાળકો.

સ્વ૰ નારાયણ હેમચંદ્રનાં પુસ્તકોમાંથી બાળકોની
ઉમદા વર્તણુકના ખરા બનેલા અનેક
અસરકારક દાખલાઓનો સંગ્રહ.

આવૃત્તિ પાંચમી–સંવત ૧૯૭૮.
પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.
મુંબઈ-૨ અને અમદાવાદ.



મૂલ્ય–અમદાવાદના કાર્યાલયમાં પાંચ આના.
અન્ય સર્વ સ્થળે સાડાપાંચ આના.

બાલગ્રંથાવલિ-પુસ્તક ૧ લું.

સદ્‌ગુણી બાળકો.


સ્વર્ગસ્થ નારાયણ હેમચંદ્રનાં પુસ્તકોમાંથી
બાળકોની ઉમદા વર્તણુકના ખરા બનેલા
અસરકારક દાખલાઓનો સંગ્રહ.

સંશોધનપૂર્વક પ્રસિદ્ધ કર્તા:
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી
ભિક્ષુ-અખંડાનંદ. કાલબાદેવી, મુંબઇ.

આવૃત્તિ પાંચમી. પ્રત ૫૪૦૦. કુલ પ્રત ૧૬૩૦૦.
વિક્રમ સંવત ૧૯૭૮. ઇ. સ. ૧૯૨૨.

મૂલ્ય:-અમદાવાદના કાર્યાલયમાં પાંચ આના.
અન્યત્ર સાડા પાંચ આના.

અમદાવાદમાં "સસ્તું સાહિત્ય વર્ધક મુદ્રણાલય" માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.



ભારત નવસેના નૌકા, 'દિલ્હી'

[પાનું ૨૪૩]

પ્રસ્તાવના

આ પુસ્તકની અભિનવ આવૃત્તિ પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

ચૌદ વર્ષ પહેલાં આ પુસ્તક પ્રગટ થયું ત્યારથી આજ સુધી કેળવણીકારોએ તેને ઘણો સારો આવકાર આપ્યો અને એટલા ગાળામાં તેની પંદર આવૃત્તિ થઇ.

ચૌદ વર્ષ સુધી એણે વિદ્યાર્થીજગતમાં કલ્લોલ પ્રસરાવ્યો. પણ આ ચૌદ વર્ષના સમયમાં તો આખા વિશ્વમાં અને ખાસ કરીને આપણા દેશમાં યુગપલટો થયો. જગતે બીજો મહાન વિશ્વવિગ્રહ જોયો અને એનાં ફળોની મીઠાશ વિજેતાઓનાં મોંને પણ ખાટાં કરી રહી. ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે' નો આદેશ આપી સત્યાગ્રહની ચળવળ શરૂ કરી અને પરિણામે હિંદમાં સ્વરાજનો સૂર્ય ઊગ્યો. પ્રેમ અને અહિંસાના મંત્રોનો આમ વિજય થયો અને સાથે સાથે પ્રાંતીય સરકારોએ 'દારૂબંધી' 'અંત્યજોદ્ધાર' વગેરે ગાંધીજીએ ચીંધેલી પ્રવૃત્તિઓ ઉપાડી લીધી. આમ આપણાં જીવનમૂલ્યો સમગ્ર રીતે આ અરસામાં બદલાયાં. એ પલટાયેલાં બળોને આ નવી આવૃત્તિમાં વણી લેવાનો અમે પ્રયાસ કર્યો છે, કે જેથી આઝાદ પ્રજાનાં બાળકોના શિક્ષણમાં જે વિશિષ્ટ તત્ત્વો હોવાં જોઇએ, એનો પરિચય તેમને થાય. આ દૃષ્ટિએ અમે ગાંધીજી, કસ્તુરબા, બાબુ રાજેન્દ્રપ્રસાદ, રાષ્ટ્રધ્વજ, દારૂબંધી આદિ સંબંધી પાઠો આ આવૃત્તિમાં ખાસ મૂકયા છે.

આ બધું મુંબઈ સરકારના કેળવણી ખાતાએ નકકી કરેલ ધોરણની મર્યાદામાં રહીને જ કર્યું છે. એ ધોરણ પ્રમાણે ગદ્યપાઠોનાં પૃષ્ઠની સંખ્યા ૧૭૫ ની જોઈએ, જ્યારે કાવ્યની પંક્તિઓ ૪૫૦ જોઇએ. શિક્ષકોની પસંદગીને પૂરો અવકાશ રહે એ હેતુથી અમે ગદ્યપાઠોનાં પૃષ્ઠની સંખ્યા તથા કાવ્યોની પંક્તિઓ વધારે આપી છે. પાઠોની જોડણી વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે રાખી છે.

આ આવૃત્તિમાં લગભગ પોણા ભાગના પાઠ નવા છે. બધા પાઠોને પૂર્વજ્ઞાનના સંબંધે સાંકળવામાં આવ્યા છે. વળી પાઠોનો અનુક્રમ નકકી કરતાં સહેલા પાઠોને શરૂઆતમાં રાખ્યા છે અને અઘરા પાઠોને પાછળ રાખ્યા છે.

ગદ્યપાઠો કે કાવ્યોની પસંદગીમાં અમે વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કર્યો છે. વાર્તા, નાટક, નિબંધ અને કાવ્ય એ ચારેય પ્રકારોનો આ પુસ્તકમાં સમાવેશ થયો છે. ગદ્યપાઠોમાં વિષયોનું વૈવિધ્ય પણ જાળવ્યું છે. પ્રકૃતિ, જીવનકથા, પુરાણકથા, ઐતિહાસિક વાર્તા, સૃષ્ટિજ્ઞાન, વગેરે વિષયોના પાઠો અમે પસંદ કર્યા છે. રસની દૃષ્ટિએ હાસ્યરસના પાઠોને અમે ખાસ મહત્ત્વ આપ્યું છે. પત્ર એ સાહિત્યનો એક વિભાગ છે. માટે પત્રરૂપ પાઠ પણ પસંદ કર્યા છે.

આ પુસ્તકનાં કાવ્યોની પસંદગી વિદ્યાર્થીઓના માનસને લક્ષમાં રાખીને થઈ છે. આમાંનાં કાવ્યો મુખ્યત્વે કથાત્મક તેમજ વર્ણનાત્મક છે. છતાં અમુક વિચારપ્રધાન કાવ્યોને પણ અમે પસંદ કર્યાં છે. સમયની દૃષ્ટિએ આ સંગ્રહમાં પ્રાચીન તથા અર્વાચીન કવિઓનાં કાવ્યો લીધાં છે.

આ પુસ્તકને છેડે પુસ્તકમાં આવતા અઘરા શબ્દોનો 'શબ્દકોશ' આપ્યો છે—જે વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડશે.

જે જે લેખકોએ તથા માસિકોના તંત્રીઓએ આ પુસ્તક માટે તેમના લેખો કે કાવ્યો છાપવાની પરવાનગી આપી છે એ સર્વનો અમે આભાર માનીએ છીએ.

આ પુસ્તક તૈયાર કરવામાં શ્રી. પ્રહ્લાદ પી. ઠક્કર તથા શ્રીમતી અમૃત-બહેન વિ. કુટમુટિયાએ જે સહાય કરી છે, તે માટે અમે તેમના અત્યંત ઋણી છીએ.

આ પુસ્તકની ચૌદ વર્ષની કારકિર્દી દરમ્યાન અનેક કેળવણીકારોએ, શાળાઓના મુખ્ય અધ્યાપકોએ તથા અન્ય શિક્ષકોએ તેને જે મમત્વભર્યો આવકાર આપ્યો છે તે બદલ એ સર્વનો અમે આ પ્રસંગે આભાર માનીએ છીએ.

આ પુસ્તક પાઠ્યપુસ્તક હોવા છતાં, તેનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ નાચે, કૂદે, કલ્લોલ કરે, અને તેના અભ્યાસથી આવું આવું વધારે વાંચવા પ્રેરાય તો આ પ્રયત્ન સફળ થયો ગણીશું.

૧૦, શારદા સદન,
ફ્રેંચ બ્રિજ, મુંબઈ.

આ. ના. ખાનસાહેબ
વિ. જે. કુટમુટિયા

અનુક્રમ

પાઠ ૧ લો

¤

પ્રભુ ! જીવન દે

¤

શ્રી. રામનારાયણ વિ. પાઠક

[આ એક સુંદર પ્રાર્થનાકાવ્ય છે. આપણે દરરોજ દુઃખનો સામનો કરવો પડે છે. ડગલે ને પગલે ખાડા અને કાંટા નડે જ. પગને ઇજા થાય એટલે લોહી પણ નીકળે. આવી વ્યથા હોવા છતાં રડવું ન આવે અને આપણે હિંમતથી આગળ પગલાં ભરીએ એવી અહીં પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

આપણે જાતજાતનાં બંધનોથી અકડાઈ જઇએ છીએ. એ સહન કરવા કવિ ઇશ્વર પાસે નવચેતન માગે છે. પાઠક

દરેક મનુષ્યે હંમેશાં પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ. તેથી દુઃખ હળવાં બને છે, હૃદય પવિત્ર બને છે અને તેનામાં એક જાતની શક્તિ આવે છે.

આ કાવ્યના લેખક કવિ છે, વાર્તાકાર છે અને વિદ્વાન વિવેચક છે. તમે જરા મોટા થાઓ ત્યારે તેમનાં લખેલાં 'શેષનાં કાવ્યો', 'દ્વિરેફની વાતો', વગેરે વાંચજો.]

પ્રભુ, જીવન દે, હજી જીવન દે!
વિપદો નિતનિત્ય નવીન નડે,
ડગલું ભરતાં કુહરે જ પડે,
કંઈ ગુપ્ત ભયો મહીંથી ઊઘડે,

વન કંટકથી તન રક્ત ઝરે,
પણ તો ય ન અશ્રુ કદાપિ ખરે
દગ, એ પડીને ફરીથી ઊપડે
પગ, એટલું હે પ્રભુ જીવન દે;
પ્રભુ, જીવન દે, નવજીવન દે!



પ્રભુ, બંધનમાં જકડાઈ ગયો,
મુજ દેહ બધો અકડાઈ ગયો,
અવ ચેતન દે,
નવચેતન દે!

પ્રશ્નો

૧. આપણને શી શી મુશ્કેલીઓ નડે છે?
૨. પ્રભુ પાસે કવિ શું માગે છે?
૩. કવિ કોને કુહર કહે છે? તેમાંથી કયા ગુપ્ત ભયો નીકળતા હશે?
૪. આપણાં થોડાં બંધનો ગણાવો.
૫. 'આંખ'ના અર્થવાળા બીજા બે શબ્દો લખો.



પાઠ ૨ જો

¤

દિવાળી

¤

શ્રી. કાકા કાલેલકર

[આ પાઠના લેખકને હવે તમે સારી રીતે ઓળખો છો. તેમના લખેલા બે પાઠ તમે પહેલા પુસ્તકમાં વાંચ્યા હશે. તેઓ સુંદર નિબંધો લખે છે. 'કાલેલકરના લેખો', 'જીવનનો આનંદ', 'જીવનવિકાસ' વગેરે તેમનાં નિબંધોનાં પુસ્તકો છે.

આ પાઠમાં લેખકે દિવાળીના તહેવાર સાથે સંકળાયેલી પૌરાણિક કથા કહી છે. વળી એ દિવસે થતી સાફસૂફીનો મર્મ પણ તેમણે દર્શાવ્યો છે. બેસતે વર્ષે આપણે એકબીજાને હળીએમળીએ છીએ તેના લાભ પણ લેખકે દર્શાવ્યા છે.]

દરેક ઘરના દીવાનખાનામાં એકાદ સુંદર વસ્તુ રાખવાનો રિવાજ હોય છે. બહારનો કોઈ માણસ આવે એટલે સહેજે તે પર એની નજર જાય અને તે બોલી ઊઠે છે: "કેવી મજાની વસ્તુ! તમે આ ક્યાંથી મેળવી?" પણ અજાયબઘર (મ્યૂઝિયમ)માં તો જ્યાં જુઓ ત્યાં સુંદર જ સુંદર વસ્તુઓ હોય; જોઇને માણસ ખુશખુશ થઈ જાય; પણ સાથે સાથે એ તેટલો જ મૂંઝાય પણ ખરો! એને થાય કે આમાંથી શું જોવું અને શું ન જોવું?

આપણી દિવાળી એ તહેવારોનું એવું જ અજાયબઘર છે. અથવા એને બધા તહેવારોનું સ્નેહસંમેલન કહીએ તો પણ ચાલે. દિવાળીનો તહેવાર પાંચ દિવસનો ગણાય છે. પણ સાચું જોતાં છેક નવરાત્રિના ગરબાથી તેની શરૂઆત થઈ જાય છે. અને ભાઇબીજની ભેટમાં એ આનંદ પરિસીમાએ પહોંચે છે.

શાસ્ત્રોમાં દરેક તહેવારનું માહાત્મ્ય અને કથા આપેલાં હોય છે. દિવાળી વિષે એટલી બધી કથાઓ છે કે "દિવાળીમાહાત્મ્ય" લખવા જઇએ તો એક મોટું પુરાણ થઈ જાય. ધનતેરશની કથા જુદી, કાળીચૌદશની જુદી, અમાસ (દિવાળી)ની તો વળી

ખાસ કથા. ત્યારપછી નવું વર્ષ બેસે છે અને બીજને દિવસે ભાઈ બહેનના ઘરનો અતિથિ બને છે. દિવાળી એ ગૃહસ્થાશ્રમી તહેવાર છે, જનતાનો તહેવાર છે. બળેવને દિવસે ધર્મ અને શાસ્ત્ર પ્રધાન હોય છે; દશેરાને દિવસે યુદ્ધ અને શસ્ત્ર પ્રધાન રહે છે; દિવાળીને દિવસે લક્ષ્મી અને ધન પ્રધાનપદ ભોગવે છે. અને હોળી રમત અને રંગરાગનો તહેવાર છે. જેમ માણસોમાં ચાર વર્ણ છે તેમ તહેવારોમાં પણ આમ ચાર વર્ણ પડ્યા છે!

જૂના વખતમાં બળેવને દહાડે આપણા લોકો વહાણવટે નીકળતા અને દરિયાપારના દેશોની સફરે જતા. દશેરાને દિવસે રાજાઓ અને યોદ્ધાઓ પોતાની સરહદોના સીમાડા ઓળંગી શત્રુ ઉપર ચડાઈ કરવા નીકળતા. અને દિવાળીને દિવસે રાજાઓ અને વેપારીઓ બન્ને સ્વદેશ આવી કૌટુંબિક સુખનો લહાવો લેતા.

પુરાણોમાં કથા છે કે નરકાસુર નામનો એક પરાક્રમી રાજા પ્રાગ્જ્યોતિષમાં રાજ્ય કરતો હતો. પ્રાગ્જ્યોતિષ એટલે હમણાંનો ભૂતાનની દક્ષિણે આવેલો મુલક. નરકાસુર બીજા રાજાઓ સાથે લડતો તે તો ઘડીવાર નભાવી પણ લેવાય, પણ તે દુષ્ટે તો સ્ત્રીઓને પણ હેરાન કરવા માંડી. એના કેદખાનામાં સોળ હજાર રાજકન્યાઓ હતી. શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે આ સ્થિતિ આપણને નામોશી લગાડનારી છે; હવે નરકાસુરનો નાશ કર્યે જ છૂટકો છે. સત્યભામાએ કહ્યું, 'સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા માટે તમે જાઓ છો ત્યાં હું કેમ ઘેર રહું? નરકાસુર સામે હું જ લડીશ. તમે મદદમાં ભલે રહેજો.'

શ્રીકૃષ્ણે કબૂલ કર્યું. તે દિવસે રથમાં સત્યભામા આગળ બેઠાં હતાં; શ્રીકૃષ્ણ પાછળ મદદમાં હતા. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો, દેશ સ્વચ્છ થયો, લોકોએ આનંદ કર્યો. નરકાસુરનો કાળો કેર દૂર થયો એ બતાવવા ખાતર લોકોએ રાત્રે દીપોત્સવ કર્યો અને અમાસને દિવસે પણ પૂર્ણિમાની શોભા આણી.

પણ એ નરકાસુર એકવાર માર્યે મરે એવો નથી. એને તો દર વર્ષે મારવો પડે છે. ચોમાસામાં બધે કાદવ થઈ જાય, એમાં ખરેલાં પાંદડાં, છાણ વગેરે પડે, જીવાત પડે અને ગામની આસ-પાસ આખ નરક ઊભું થાય. વરસાદ પછી ભાદરવાના તડકા તપે એટલે તે નરકની દુર્ગંધ હવામાં ફેલાય ને ઘણા લોકો માંદા પડે. પછી બહાદુર લોકો પાવડા કોદાળી લઈ આ નરક સામે લડવા જાય, ગામની આસપાસના નરકનો નાશ કરે અને ઘરમાં આવી શરીરે તેલ ચોળી નહાય. ગૌશાળા તો સાફ કરેલી હોય જ. ત્યાંના મચ્છર હાંકી કાઢવા માટે રાત્રે ત્યાં પણ દીવો કરે અને પ્રસન્ન થઈ મિષ્ટાન્ન પકવાન્નનાં ભોજન કરે.

દિવાળી પછી નવું વરસ બેસે છે અને નવું અનાજ ઘરમાં આવે છે. વેદકાળથી આજસુધી હિંદુ ઘરોમાં આ નવાન્નનો વિધિ બહુ શ્રદ્ધાપૂર્વક પાળવામાં આવે છે. મહારાષ્ટ્રમાં જમતાં પહેલાં એક કડવા ફળનો રસ ચાખવાની પ્રથા છે. એનો ઉદ્દેશ એમ હશે કે કડવી મહેનત કર્યા વગર મિષ્ટાન્ન મળે નહિ. ભગવદ્‌ગીતામાં પણ લખેલું છે કે જે શરૂઆતમાં ઝેર જેવું અને અંતે અમૃત જેવું હોય એ જ સાત્ત્વિક સુખ. ગોવામાં દિવાળીને દિવસે પૌંઆનું મિષ્ટાન્ન કરે છે અને જેટલા ઇષ્ટમિત્ર હોય તે બધાને તે દહાડે નોતરે છે. એટલે દરેક જણે દરેક ઇષ્ટમિત્રને ઘેર જવું જ જોઇએ. દરેકને ત્યાં ફળાહાર રાખેલો હોય છે. તેમાંથી એક કકડો ચાખી માણસ બીજે ઘેર જાય. વ્યવહારમાં કડવાશ આવી હોય, વેરવિખવાદ થયાં હોય, ગમે તે બની ગયું હોય, પણ દિવાળીને દિવસે બધું મનમાંથી કાઢી નાખી ફરી હેતપ્રીતના સંબંધ જોડવાના. જેમ વેપારી દિવાળી પર કુલ લેણદેણ પતાવી લઈ નવા ચોપડામાં બાકી નથી ખેંચતા, તેમ દરેક જણ હૃદયમાં કશું વેરઝેર બાકી નથી રાખતો. જે દિવસે વસ્તીમાંથી નરક

નીકળી જાય, હૃદયમાંથી પાપ નીકળી જાય, રાત્રિમાંથી અંધારું નીકળી જાય અને માથા પરનું કરજ દૂર થાય, તે દિવસ કરતાં વધારે પવિત્ર દિવસ બીજો કયો હોઈ શકે ?

પ્રશ્નો

૧. દિવાળીના તહેવાર કેટલા દિવસના ગણાય છે ? એ દિવસો ગણાવો.
૨. વરસના બીજા તહેવારોનાં નામ લખો.
૩. જૂના કાળમાં જુદા જુદા તહેવારોને દિવસે લોકો શું શું કરતા ?
૪. કૃષ્ણે નરકાસુરનો નાશ કરવાનું શા માટે નક્કી કર્યું ?
૫. નરકાસુરનો નાશ થયો એ રાત્રી લોકોએ કેવી રીતે ઊજવી ?
૬. નરકાસુરનો બીજો શો અર્થ થાય ?
૭. દર વર્ષે આપણે દિવાળીને દિવસે શા માટે સાફસૂફી કરીએ છીએ ?
૮. બેસતે વર્ષે લોકો શું શું કરે છે ?
૯. સમજાવો:—
(૧) અમાસને દિવસે પણ પૂર્ણિમાની શોભા આણી.
(૨) જે શરૂઆતમાં ઝેર જેવું અને અંતે અમૃત જેવું હોય એ જ સાત્ત્વિક સુખ.



પાઠ ૩ જો

☼

અંધેરી નગરી

☼

કવિ દલપતરામ ડાહ્યાભાઈ

['અંધેરી નગરી અને ગંડુ રાજા; ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં' એ કહેવત જાણીતી છે. આ કાવ્યમાં કવિ એવી અંધેરી નગરીના ગંડુ રાજાનું હાસ્યમય ચિત્ર દોરે છે. ચોરી કરવા જતાં ભીંત તૂટી પડી એટલે ચોરો દબાઇને મરણ પામ્યા. એમાં વાંક તો ચોરોનો, છતાં અક્કલમંદ રાજાએ આવી નબળી ભીંત રાખવા માટે વાણિયાને શૂળીની સજા કરી. વાણિયાયે વાંક કડિયા ઉપર ઢોળ્યો,

કડિયાએ પખાલી ઉપર અને એમ પરંપરા ચાલી તે આખરે બધા છટકી ગયા અને રાજા જ શૂળી પર ચઢ્યો !

પહેલા પુસ્તકમાં તમે આ જ કવિનાં બે નાનાં કટાક્ષ કાવ્યો વાંચ્યાં હશે. આમાં પણ રમૂજ સાથે કટાક્ષ છે.]

(દોહરા)

તસ્કર ખાતર પાડવા ગયા વણિકને દ્વાર;
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર.
માત પ્રભાતે ચોરની ગઈ નૃપને ફરિયાદ,
શૂળી કરાવી શેઠને, ડોસીની સુણી દાદ !


એવું ઘર કેવું ચણ્યું, ખૂન થયાં તે ઠાર–
રાતે ખાતર ખોદતાં ચોર દબાયા ચાર !
વણિક કહે, કડિયા તણો એમાં વાંક અપાર,
ખરેખરી એમાં નથી મારી ખોડ લગાર !

કડિયાને શૂળી કરી, વણિક બચ્યો તે વાર;
ચૂક ગારો કરનારની કડિયે કર્યો ઉચ્ચાર !
ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ,
એ તો ચૂક પખાલીની, મારી ચૂક ન લેશ !

પુરપતિ કહે પખાલીને, જો તું શૂળીએ જાય,
આજ પછી આ ગામમાં એવા ગુના ન થાય !
મુલ્લાં નિસર્યા મારગે, મેં જોયું તે દિશ,
પાણી અધિક તેથી પડ્યું, રાજા છાંડો રીસ !

મુલ્લાંજીને મારવા, કરી એવો નિરધાર,
શૂળી પાસે લઈ ગયા મુલ્લાંને તે વાર !
ફળ જાડું શૂળી તણું, મુલ્લાં પાતળે અંગ,
એવી હકીકત ચાકરે જઈ કહી ભૂપ પ્રસંગ !

ભૂપ કહે શું હરઘડી પૂછો આવી કોઈ?
શોધી ચઢાવો શૂળીએ જાડા નરને જોઈ!
જોતાં જોતાં એ જડ્યો જોગી જાડે અંગ,
બહુ દિન ખાઇને બન્યો રાતે માતે રંગ!
શિષ્ય મુદ્દત માગી ગયો, ગુરુ પાસે પસ્તાય!
ગુરુએ આવી ઉગારીઓ, અદ્‌ભુત કરી ઉપાય.
જોગી શૂળી પાસ જઈ કહે, ભૂપ સુણ કાન,
આ અવસર શૂળીએ ચડે, વેગે મળે વિમાન.



ચેલો બોલ્યો, હું ચડું! ગુરુ કહે, હું આપ!

ચેલો બોલ્યો, હું ચડું! ગુરુ કહે, હું આપ!
અધિપતિ કહે, ચડીએ અમો, પૂરણ મળે પ્રતાપ!
ગુરુ ચેલાને ગામથી પહોંચાડ્યા ગાઉ પાંચ,
રાજા શૂળી પર રહ્યો, અંગે વેઠી આંચ!

પ્રશ્નો

૧. ચોરની માતાએ રાજાને શી ફરિયાદ કરી ?
૨. રાજાએ શો હુકમ કર્યો ?
૩. વાણિયો, કડિયો અને પખાલી કેવી રીતે શિક્ષામાંથી છટકી ગયા ?
૪. શૂળી પર ચડાવવા માટે મુલ્લાંજીને બદલે જોગીને શા માટે પસંદ કરવામાં આવ્યો ?
૫. જોગીને શૂળીથી બચાવવા માટે તેના ગુરુએ શી યુક્તિ રચી ?
૬. છેવટે શૂળી પર કોણ ચડ્યું ?
૭. આ કાવ્ય દ્વારા કવિ શું કહેવા માગે છે ?



પાઠ ૪ થો

☼

સત્યવ્રત

☼

શ્રી. ઉમાશંકર જોષી

[આ પાઠના લેખકનું લખેલું 'પહેરણનું ગીત' નામનું કાવ્ય તમે પહેલા પુસ્તકમાં વાંચ્યું હશે. તેઓ કાવ્યો લખે છે, વાર્તા લખે છે અને નાટકો પણ લખે છે. 'સંસ્કૃતિ' નામના માસિકના તેઓ તંત્રી છે. એ માસિકમાંથી આ વાર્તા લીધી છે.

ગાંધીજી સત્યને ઈશ્વર ગણતા. દરેક મનુષ્યે સત્યને ઈશ્વર ગણી સત્ય બોલવું જોઈએ. તેનાથી હંમેશાં લાભ જ થાય છે. એક ચોર પણ સત્ય બોલવાથી કેટલો સુખી થાય છે તે અહીં લેખકે દર્શાવ્યું છે. તે જ સાથે અસત્ય બોલવાથી પ્રધાન કેવો દુઃખી થયો તે બતાવાયું છે. તમે જિંદગીભર સત્ય બોલવાનો અને આચરવાનો નિશ્ચય કરજો.]

એક વખત એક જૈન સાધુ વહોરવા (ભિક્ષાન્ન લેવા) નીકળ્યા હતા. એમને એક માણસે વિનંતિ કરી કે, 'મહારાજ, મારે ત્યાં વહોરવા પધારો.'

સાધુ કહે, 'ના, હું નહિ આવું.'

'કેમ, મહારાજ ?'

'કેમ કે તેં કોઈ વ્રત લીધું નથી.'

'તો હું વ્રત લઉં. મને કોઈ વ્રત આપો. પછી તો આપ પધારશો ને ?'

'બોલ, શાનું વ્રત લઈશ ? દારૂ ન પીવાનું વ્રત લઈશ ?'

'ના મહારાજ, એ તે કેમ બને ? બીજું કોઈ વ્રત આપો.'

'તો આજથી જુગાર ન રમવાનું વ્રત લે.'

'મહારાજ, જુગાર રમ્યા વગર કેમ ચાલે ?'

'તો ચોરી નહિ કરું એવું વ્રત લે.'

'ખરા છો તમેય. મહારાજ, પછી હું ખાઉં શું ?'

'તો સાચું બોલવું એટલું વ્રત લે.'

પેલા માણસને થયું કે આ એક વ્રત એવું છે કે એમાં કોઇ વસ્તુ જતી કરવી પડે એમ નથી. તરત જ એ બોલ્યો, 'મહારાજ, ભલે, એ વ્રત આજથી હું લઉં છું.'

વ્રત લીધું ને બીજે દિવસે ભાઇને દારૂ પીવા જવાની ઇચ્છા થઈ; પણ વ્રત યાદ આવ્યું. દારૂ પીધા પછી કેફમાં જૂઠું બોલાઈ ગયું તો ? તો તો સાચું બોલવાનું વ્રત લીધું છે એ તૂટે. જુગારની ઇચ્છા થઈ, પણ મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ ચાલવું મુશ્કેલ છે. પણ ચોરી કરવા ગયા વગર તો છૂટકો જ ન હતો. ચોરી વગર ખાવું શું ? એણે ખૂબ વિચાર કરી જોયો. અંતે નક્કી કર્યું કે ચોરી કરવી પણ એવી કરવી કે પછી એમાંથી આખી જિંદગી ગુજારો થઈ શકે. એક વાર ચોરી કરી આવીને પછી ઘરમાં બેઠાબેઠા ખાવું. બહાર નીકળીએ તો જૂઠું બોલવું

પડે ને? ચોરી પણ એવાને ઘેર કરવી કે જેની પાસે સૌથી વધુ ધન હોય. એવો તો કોણ હોય? લાવ, રાજાને ત્યાં જ ખાતર પાડું. એમ કરી એ નીકળ્યો.

રસ્તામાં સિપાઇ મળ્યા. પૂછ્યું, 'અલ્યા, ઊભો રહે, કોણ છે?'

પેલો કહે, 'ચોર છું.' એને સાચું બોલવાનું વ્રત હતું ને?

સિપાઇઓએ પૂછ્યું, 'ક્યાં જાય છે?'

પેલો કહે, 'રાજમહેલમાં ચોરી કરવા.'

સિપાઇઓએ કહ્યું કે કોઈ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આગળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઇ ઉપર ચઢ્યો. બધી ચીજો જોવા લાગ્યો : આ તો મારે શા કામની છે? આને હું શું કરું? આને સંતાડવી ક્યાં? લઇ જાઉં તો જૂઠું બોલ્યા વગર છૂટકો જ નહિ. છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં જુએ તો સાત રત્નો. ચોરને થયું કે આટલાં બધાં મારે શું કરવાં છે? ચાર બસ છે. અંદરથી ચાર રત્ન લઇને એણે છેડે ખોસ્યાં. ત્રણ દાબડીમાં રહેવા દીધાં ને દાબડી હતી તેમ બંધ કરીને પાછી એને ઠેકાણે મૂકી બારીએ થઇને ઊતરીને ઘરને રસ્તે પડ્યો. રસ્તામાં એને એક માણસે રોકયો. રાજા જ વેશપલટો કરીને નગરચર્ચા જોવા નીકળેલો. એણે ચોરને ઊભો રાખ્યો ને પૂછ્યું, 'અલ્યા, કોણ છે?'

'ચોર છું.'

'ક્યાંથી આવે છે?'

'ચોરી કરીને આવું છું.'

'કોને ત્યાંથી?'

'રાજાના રાજમહેલમાંથી.'

'શું ચોરી લાવ્યો ?'

જવાબમાં ચોરે છેડે ખોસેલાં ચાર રત્નો હથેળીમાં ધરીને બતાવ્યાં. રાજાએ કહ્યું, 'વાત તો સાચી. ક્યાં રહે છે ?' પેલાએ ઠેકાણું આપ્યું. બંને છૂટા પડ્યા. રાજમહેલમાં જઈને રાજા તો સૂઈ ગયો. સવારે સૌ જુએ તો રાજમહેલની બારી ઉઘાડી. તરત બૂમ પડી કે રાજમહેલમાં ખાતર પડ્યું છે. થોડી વારમાં પ્રધાનજી આવ્યા. એમણે તપાસ કરી. જુએ છે તો બધું અકબંધ, કશું ગયેલું દેખાયું નહિ. એમ કરતાં પેલી દાબડી એમની નજરે ચઢી. ખોલી. અંદર ત્રણ રત્ન પડ્યાં હતાં. પ્રધાનને થયું કે કોઈ મૂર્ખો લાગે છે. ત્રણ રત્ન મૂકીને ગયો છે. એ ત્રણ રત્ન એમણે ગજવામાં મૂકી દીધાં ને દાબડી એને ઠેકાણે મૂકી. રાજા પાસે જઈને પ્રધાનજીએ કહ્યું કે, 'મહારાજ, બીજું બધું તો સલામત છે. માત્ર દાબડીમાંનાં પેલાં સાત રત્ન ચોર લઈ ગયો છે.' રાજા કાંઈ બોલ્યો નહિ. એટલું જ કહ્યું કે જલદી ચોરને પકડી લાવો.

ચોરને પકડવા અધિકારીઓએ બહુ મહેનત કરી પણ કેમે કર્યો એ હાથમાં ન આવ્યો. પેલો તો ચારમાંથી એક રત્ન વાણિયાને ત્યાં આપીને કહી આવ્યો હતો કે, 'શેઠજી, આમાંથી ચાલે ત્યાં સુધી રોજ મારે ઘેર સીધું મોકલી આપજો. ખૂટે ત્યારે કહેજો.' સીધું આવે એટલે પકાવી, ખાઈ કરી, ખાટલામાં ઘરખૂણે પડી રહેતો. બહાર નીકળે ને જૂઠું બોલવાનો પ્રસંગ આવે એવું રાખ્યું જ ન હતું.

ચોર ન જ પકડાયો ત્યારે એક દિવસ પછી રાજાએ દરબાર ભર્યો. પ્રધાનને ને સૌ અધિકારીઓને પૂછ્યું, 'ચોર તમારાથી પકડી શકાય એમ છે ?' તેઓએ લાચાર બનીને ના પાડી, ત્યારે

રાજાએ ચિઠ્ઠી લખીને એક માણસને આપી. 'જા, આ માણસને બોલાવી લાવ.'

માણસ બોલાવવા આવ્યો ત્યારે ચોર તો બારણું અધખોલું રાખીને અંદર ખાટલા પર મજાથી સૂતેલો. ચોરને થયું કે છેવટે પોતે પકડાયો ખરો. રાજા પાસે પહોંચ્યો એટલે પહેલું જ રાજાએ એને પૂછ્યું, 'તું શો ધંધો કરે છે?'

'ચોરીનો ધંધો કરતો હતો, અન્નદાતા!'

'કરતો હતો? હવે કરતો નથી?'

'ના, મહારાજ. પહેલાં કરતો હતો. હવે નથી કરતો.'

'ક્યારથી નથી કરતો?'

'રાજમહેલમાંથી ચોરી કરી ત્યારથી નથી કરતો.'

'રાજમહેલમાંથી શું ચોરી ગયો હતો?'

'રત્નો.'

'કેટલાં?'

'ચાર.'

'એ રત્નો ક્યાં છે?'

'ત્રણ રત્નો મારી પાસે છે.'

'અને ચોથું?'

'ચોથું પે....લા પાઘડીવાળા શેઠ બેઠા છે ને?–એમને ત્યાં છે.'

શેઠ તો ગભરાઈ ગયા. કહે, 'રાજાજી, મને ખબર નહિ કે આપને ત્યાંનું હશે.'

રાજા કહે, 'ઠીક, એનું તો.' પછી ચોરની તરફ વળીને કહ્યું, 'અલ્યા, દાબડીમાં રત્નો તો સાત હતાં. તેં સાતમાંથી ચાર જ ચોરેલાં?'

'જી મહારાજ. ચાર જ લીધેલાં.'

'કેમ ચાર જ ?'

'એટલાં મારે આયખાભર પેટગુજારો કરવા માટે પૂરતાં હતાં.'

'તો, બાકીનાં ત્રણ ક્યાં ગયાં ?'

ચોર કહે, 'અમને ચોર લોકોને આવી વાતની ગમ પડે. ક્યાં ગયાં એ બતાવું ?'

રાજા કહે, 'બતાવ.'

'આ તમારા પ્રધાનજી છે ને ?—એમણે લીધાં હશે.' પ્રધાન તો વાઢ્યા હોય તો લોહી પણ ન નીકળે એવા થઈ ગયા.

રાજા કહે, 'પ્રધાન, સાચું બોલો. બાકીનાં ત્રણ રત્નો તમારી પાસે છે ?'

કરગરીને પ્રધાને કબૂલ કર્યું, 'હા, મારી પાસે છે.'

આ બધું જોઈ રાજાના ને સભાના આશ્ચર્યનો તો પાર રહ્યો નહિ. રાજાએ ચોરને પૂછ્યું, 'આ બધું શું છે ?' પોતે ચોરી કરી ગયો છે એ વાત પણ સાચી અને બધું રજેરજ તું કબૂલ કરે છે એ પણ અમે જોઇએ છીએ.'

પછી ચોરે પોતે સાધુ પાસેથી સાચું બોલવું એવું વ્રત લીધેલું તે બધી વાત કહી.

આખી સભા ચકિત થઈ. રાજા પ્રસન્ન થયો. એણે કહ્યું, 'પ્રધાન, આ માણસે તો પેટનો ખાડો પૂરવા ચોરી કરી હતી અને છતાં સાચું બોલવાનું ક્યાં ય ચૂક્યો નથી. અને તમે તો ખાવાપીવાંની કશી ખોટ ન હતી તો યે વધુ સંઘરો કરવા ત્રણ રત્નો ચોરી ગયા. તો જે જગાએ એને જવાનું હતું તે જગાએ–

કેદખાનામાં તમે જાઓ અને અહીં તમારી જગાએ—પ્રધાનપદે હવેથી આ સત્યવ્રત બેસશે.'

પ્રશ્નો

૧. ચોરે શી પ્રતિજ્ઞા લીધી?
૨. ચોરને બીજાં વ્યસનો શા માટે છોડવાં પડ્યાં?
૩. રાજાને ત્યાંથી જ ચોરી કરવાનું ચોરે શા માટે નક્કી કર્યું?
૪. સિપાઇઓએ ચોરને રાજમહેલ સુધી શા માટે જવા દીધો?
૫. દાબડીમાંનાં સાત રત્નોમાંથી ચોરે ચાર રત્નો જ શા માટે લીધાં?
૬. ચોર ઘરમાં જ શા માટે પડી રહેતો?
૭. રાજાના પ્રધાને શી લુચ્ચાઈ કરી?
૮. સત્ય બોલવાથી ચોરને શો ફાયદો થયો?
૯. સમજાવો:—પ્રધાન તો વાઢ્યા હોય તો લોહી પણ ન નીકળે એવા થઈ ગયા.



પાઠ ૫ મો

☆

ઘોડાનું બંધન

☆

શ્રી. જુગતરામ દવે

[આ લેખકના લખેલા બે પાઠ 'ગાંધીજીના જીવન-પ્રસંગો' અને 'ગાંધીજીના કેટલાક સિદ્ધાંતો' તમે પુસ્તક પહેલામાં શીખ્યા હશો. તેઓ ગાંધીજીના અનુયાયી છે. સ્વતંત્રતા દરેકને પ્રિય હોય છે, અને તે મેળવવા દરેક પોતાની મેળે જ પ્રયત્ન કરવો જોઇએ. જે બીજાની મદદથી સ્વતંત્ર થવાની આશા રાખે છે તે પરિણામે સ્વતંત્ર નહિ પણ પરતંત્ર જ બને છે. હાથીથી સ્વતંત્ર થવા ઇચ્છનાર ઘોડાએ મનુષ્યનો આશ્રય લીધો, અને છેવટે તે મનુષ્યનો ગુલામ બન્યો. મનુષ્યની લુચ્ચાઇ તો જુઓ! જાણે ઘોડા ઉપર મહાન ઉપકાર કર્યો હોય એમ તે વર્તે છે!]

પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. જેમ છોકરાંઓ કારણ હોય કે ન હોય તો પણ આખું આંગણું ગજાવી મૂકે છે, તેમ ઘોડો આખા બીડમાં મનભાવતી હડિયાપટ્ટી કરતો. તેના મોંમાં કોઇનું ચોકડું ન હતું. તેની પીઠ ઉપર કોઈ સવાર ન હતું, ને તેની છાતીએ ગાડીનું ધૂંસરું ન હતું.

આ તેજદાર અને પાણીવાળું પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું તે દિવસ સ્વતંત્રતા ઓર બહારમાં ખીલતી.

એક બીડ પુષ્કળ મીઠા ઘાસથી ભરપૂર હતું. ઘોડો તેમાં મનને ગમે તેમ વિચરતો. આ છેડે ઘાસની એક પૂળી ખાય ને હડી મેલે. સામે છેડેથી વળી એક પૂળી ખાય ને પાછો હડી મેલે. આમ તેનો વખત જતો.

એક વખત બીડમાં આમતેમ દોડી રહ્યો હતો, ત્યાં છેટે તેને કંઈ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઊભા કરીને તેની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું, કે આ વળી નવો ડુંગર અચાનક ક્યાંથી? ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું તે કંઈક ચાલે છે અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે બીડને સામે છેડે દોડી ગયો. ત્યાં ઘાસની ઓથે લપાઈને કાળ જેવા પેલા હાથીને જોઈ રહ્યો.

પેલો કાળો ડુંગર જેવો હાથી હતો. સુંદર ઘાસથી ભરેલું બીડ જોઈને તેના હરખનો પાર રહ્યો નહિ. તેણે આગળ જવાનો વિચાર માંડી વાળીને બીડમાં જ ધામો નાખ્યો. ઘોડો મુશ્કેલીમાં આવી પડ્યો. ચોવીસે કલાક ભયને લીધે તેની છાતીમાંથી થડકાટ ખસતો ન હતો; અને વિશાળ પેટવાળો હાથી છપ્પનિયા કાળની પેઠે વીઘાંનાં વીઘાં ચરી જઇને બીડને હથેળી જેવું કર્યે જતો હતો, એ તેનાથી દીઠું જતું ન હતું.

આ રોજનું દુઃખ કેમ ખમાય? હાથીનું કાસળ કોઈ પણ ઉપાયે કાઢવું જોઇએ જ. ઘોડાએ વિચાર્યું, આપણા એકલાથી તો આની જોડે નહિ લડાય. કોઈની મદદ મેળવવી જોઇએ. ઘાસ ન ખાઈ શકે એવું કોઈ શોધવું જોઇએ. સિંહ પાસે જાઉં, પણ તેની સામે જવાને પગ કેમ ઊપડે? મદદ માગવા જાઉં ને મને ફાડી ખાય તો?

હં, માણસ જ ઠીક. તે ઘાસ ખાઈ શકનાર નથી, એટલે મારું બીડ સહીસલામત જ છે. અને મારી જાત પણ તેટલી જ સહીસલામત છે, કારણ મને મારવાકરવા આવશે ત્યારે દોડી તેના હાથમાંથી છટકવું શું મુશ્કેલ છે?

પોતાનો જાનમાલ સુરક્ષિત રહે અને છતાં દુશ્મન મરે એ માટે માણસની જ મદદ માગવી, એમ તેણે મનની સાથે ઠરાવ્યું. માણસ એ ઘણું ચતુર પ્રાણી છે એમ તે જાણતો હતો. બળ ન હોવા છતાં બુદ્ધિ વડે માણસ હાથી જેવા બળવાન પ્રાણીને મારશે એમ જાણનાર ઘોડાએ એટલું ન જાણ્યું, કે એ જ બુદ્ધિ વડે માણસ ધારે તો તેને પણ મારી શકે. ગરજવાન એટલી અક્કલ ક્યાંથી દોડાવી શકે? ઘોડો માણસને શરણે ગયો.

દૂરથી માણસે ઘોડાને આવતો જોયો. વાહ! શું ઉત્તમ પ્રાણી ઇશ્વરે પણ પેદા કર્યું છે! એમ મનમાં વિચારતો તે તો એકીટશે ઘોડાને નીરખી જ રહ્યો. લાડુ જોઈને બાળકના મનની જેવી દશા થાય તેવી ઘોડાને જોઈ માણસના મનની દશા થઈ.

ઘોડાએ આવીને માણસના પગમાં લાંબા પડીને નમસ્કાર કર્યા અને ગદ્‌ગદ કંઠે પોતાના આવવાનું કારણ નિવેદિત કર્યું. તેણે કહ્યું, ‘માણસકાકા, અત્યારે મને એક તમારો જ આધાર

છે. ગમે તેમ કરો, પણ મારું આટલું એક કામ કરી આપો. તમારો પાડ કદીએ નહિ ભૂલું.'

ઘોડાએ તે વખતે માણસની આંખ જોઈ હોત તો તેમાં 'ઠીક લાગ આવ્યો છે' એવી લુચ્ચાઈભરેલી વૃત્તિને ઉકેલી શકયો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

માણસે કહ્યું, 'ભાઈ ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે, કે હું તો સાવ નાનો છું. મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો? તેનું બળ કેટલું! છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે, કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબૂલ કર્યું. 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને? કયાં તમારું કામ છે?'

ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે તેનો પોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. તેણે કહ્યું, 'મને તારી પીઠ પર ચડીને બેસવા દે.'

ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કયી તરફ જવું છે એ ખબર પડે એટલા માટે તારા મોંમાં લગામ નાખવા દે.'

ઘોડો કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમે ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખાંમાં લોખંડની એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબૂલાત થઈ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડ્યો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ રહી.

માણસ હવે આજ જશે કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસકાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહિ ફેડી શકું. પણ મારી ખાતર હવે તમારે બૈરીછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારું ફોડી લઈશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મૂકીને મારાથી કેમ જવાય? બૈરીછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પૂરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહે એટલો હોશિયાર થઈ જા. પછી જ હું અહીંથી ખસી શકું.'

ઘોડાને કાળજે હવે ખટકો પેઠો. થોડા દિવસ રહીને તેણે ડરતાં ડરતાં પૂછ્યું, 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ....'

ડોળા કાઢીને મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં; જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહાબળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું; અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો નથી.'

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું તૂટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચિરાઈ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં. તેના ઠેકડા બધા સુકાઈ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છૂટકો થયો નથી. સ્વતંત્રતા શું, એ હવે તો તેને યાદ પણ નથી રહ્યું.

પ્રશ્નો

૧. ઘોડો પોતાની સ્વતંત્રતા શી રીતે ભોગવતો ?
૨. કાળા હાથીને જોઇને તે કેમ ડરી ગયો ? તેનું કાસળ કાઢવા તેણે શો ઉપાય લીધો ?
૩. માણસની જ મદદ તેણે શા માટે માગી ?
૪. માણસે કયી શરતોએ તેને મદદ આપી ?
૫. માણસની દાનત શી હતી ?
૬. ઘોડાને કોણે બાધ્યો–માણસે કે પોતાની જાતે ?
૭. નીચેનાં વાકયો સમજાવો :
   અ. લાડુ જોઇને બાળકના મનની જેવી દશા થાય તેવી ઘોડાને જોઇ માણસના મનની દશા થઈ.
   બ. ઘોડાએ તે વખતે માણસની આંખ જોઇ હોત તો તેમાં 'ઠીક લાગ આવ્યો છે' એવી લુચ્ચાઈભરેલી વૃત્તિને ઉકેલી શકયો હોત.
૮. 'નિમકહરામ' નો વિરોધી શબ્દ આપો.



પાઠ ૬ ઠ્ઠો

☼

નંગા પર્વત પર ચઢાઈ

☼

શ્રી. સુદર્શન

[હિમાલય પર્વત દુનિયામાં ઊંચામાં ઊંચો પર્વત છે. એવરેસ્ટ તેનું ઊંચામાં ઊંચ શિખર છે. ત્યાં સુધી હજુ કોઈ પહોંચી શકયું નથી. તેનાથી અઢી હજાર ફૂટ નીચું શિખર નંગા પર્વત છે. ત્યાં સુધી પહોંચવા માટે અનેક સાહસિકોએ પ્રયત્ન કર્યા છે. એમના સાહસનું અને તેમને પડેલી મુશ્કેલીઓનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે.]

દુનિયામાં સૌથી ઊંચો પર્વત હિમાલય છે અને તેનું સૌથી ઊંચું શિખર ગૌરીશંકર અથવા એવરેસ્ટ છે. તેની ઊંચાઈ ૨૯૧૪૧ ફૂટ

છે. બીજા શિખરની ઊંચાઈ ૨૮૨૫૦ ફૂટ છે. તે પછી બીજાં બે ઊંચાં શિખર છે. તેના પછીનું પાંચમું શિખર નંગા પર્વત છે. તેની ઊંચાઈ ૨૬૬૩૩ ફૂટ છે. એવરેસ્ટની વાત તો બાજુએ રહી; આજ સુધી નંગા પર્વત ઉપર પણ કોઈ ચઢી શકયું નથી. કેટલાય મનસ્વી લોકોએ પ્રયત્ન કર્યા છે, પરંતુ અત્યારસુધી કોઈ સફળ થયું નથી. આજ સુધી આ પર્વત ગૌરવ સાથે ઊંચું મસ્તક રાખી ઊભો છે. જાણે કહી રહ્યો છે: "માનવીની શી હિંમત છે કે મને અને મારા બરફને જીતી શકે? હું અજેય છું."


ઈ. સ. ૧૮૮૫ માં સૌથી પહેલી વખત થોડા અંગ્રેજોએ તેના ઉપર ચઢવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ જીવતા પાછા ન ફર્યા.

તે પછી ૪૭ વર્ષ બાદ ૧૯૩૨ માં બીજી વખત કેટલાક સાહસિકોએ એ પર્વત પર ચઢવાનું બીડું ઝડપ્યું. આ લોકોમાં કેટલાક જર્મન હતા, અને કેટલાક અમેરિકન. તેઓ ૨૩૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચી ગયા; પરંતુ તેથી આગળ ન વધી શકયા. આખરે નાસીપાસ બનીને તેમને પણ પાછા ફરવું પડ્યું.

તે પછી ૧૯૩૪ માં નંગા પર્વત પર ત્રીજી ચઢાઈ થઇ. આ ચઢાઇ કરનારા બધા જ જર્મન હતા. તેમણે મોટી મોટી તૈયારીઓ કરી ઘણો સામાન પોતાની સાથે લીધો અને નિશ્ચય કર્યો, કે 'આ વખતે જરૂર જીતીશું અને નંગા પર્વત પર વિજયનો ઝંડો ફરકાવીને જ પાછા ફરીશું."

હિંદુસ્તાનમાં આવીને આ લોકોએ પચાસ મજૂર સાથે લીધા. આ મજૂરો કહેવાના મજૂરો હતા; પરંતુ સાચું પૂછો તો પહાડી મુલકના વીરપુરુષો હતા. તેઓ પહાડ ઉપર ચઢવાનું જાણતા હતા અને પહાડી મુસીબતો સાથે લડવાનું પણ જાણતા હતા. આ લોકો જ્યારે ઘેરથી નીકળ્યા ત્યારે એમ સમજીને નીકળ્યા

કે જઇ તો રહ્યા છીએ; જોઇએ, જીવતા પાછા ફરીએ છીએ કે ત્યાં જ મૃત્યુ પામીએ છીએ.



પર્વત ચઢતા સાહસિકો

ચાળીશ દિવસ પછી આ ટુકડી ૨૪૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી પહોંચી. અહીં તેમણે તંબૂ લગાવી દીધા. કેટલાક દિવસો પછી પાંચ સાહેબ અને કેટલાક મજૂરો આગળ વધ્યા અને પાંચસો ફૂટ વધારે ઊંચે ચઢી ગયા. હવે તેઓ ૨૪૫૦૦ ફૂટની ઊંચાઇએ હતા. નંગા પર્વત અહીંથી ફક્ત પાંચ કલાકના રસ્તા પર હતો. ચઢાઈ કરનારા ઘણા ખુશી થયા. તેમને લાગ્યું કે હવે વિજય નજીક હતો. રાતે તંબૂ લગાવીને તેઓ સૂઈ ગયા.

તેઓ એવો નિર્ણય કરીને સૂતા કે સવારે ઊઠતાવેંત જ આગળ વધીશું અને બપોર થતાં થતાં એવી જગ્યા પર પહોંચી જઈશું કે જ્યાં આજ સુધી કોઈ માનવીએ પગ મૂકયો નહિ હોય ! ત્યાં પહોંચીને નીચે રહેલા સાથીઓને ખુશખબર આપવાને માટે બ્યૂગલ તૈયાર હતું. ત્યાં રોપવા માટે ઝંડો તૈયાર હતો. તેની તસ્વીર લેવા માટે કેમેરા પણ તૈયાર હતો.

પરંતુ સવાર થતાં જ તેમના આનંદ પર પાણી ફરી વળ્યું. દશ વાગ્યા સુધી અંધારું રહ્યું. ત્યાર પછી સૂરજ નીકળ્યો અને બરફનું તોફાન આવી પહોંચ્યું. પવન ફૂંકાતો હતો, વરસાદ પડતો હતો અને બરફ પણ પડતો હતો. બધા જ માણસો આખો દિવસ તંબૂમાં બેસી રહ્યા. તે દિવસે કોઇથી બહાર પણ ન નીકળી શકાયું. એક દિવસ રાહ જોવાનો તેમણે નિર્ણય કર્યો.

પરંતુ બીજે દિવસે તોફાન વધી ગયું. હવે ત્યાં રહેવું એ મૃત્યુના મુખમાં રહેવા બરાબર હતું. તેથી ટુકડીના નેતાએ બે સાહેબ અને ત્રણ મજૂરોને કહ્યું, ‘ તમે પાછા ફરો; અમે તમારી પાછળ પાછળ આવીએ છીએ.’

પાંચેય માણસો બરફ કાપી કાપીને રસ્તો કરતા હતા અને નીચે ઊતરતા હતા. પરંતુ નીચે ઊતરવું સહેલું ન હતું. હવાના ઝપાટાથી કોઇનો પગ જમીન ઊપર ટકતો ન હતો. વળી બન્ને બાજુએ ઊંડી ખીણો હતી. કદાચ કોઈ પડી જાય તો તેનાં હાડકાં-પાંસળાંનો પણ પત્તો ન ખાય. આથી તેઓએ એક દોરડું લઇને પોતપોતાની કમરની આસપાસ બાંધી દીધું કે જેથી જો કદાચ કોઈ ખસી જાય તો બીજાઓ તેને સાચવી શકે. આ પ્રમાણે હવાના ઝપાટાથી બચતા, રસ્તો શોધતા, બરફ દૂર કરતા તેઓ કેટલોક વખત ચાલ્યા. પછી એક સપાટ જગ્યા જોઇને પાંચે જણાએ દોરડું

કાઢી નાખ્યું. બંને સાહેબો આગળ ગયા. મજૂર પાછળ ચાલવા લાગ્યા. આખરે ઘણી મુશ્કેલી પછી બન્ને સાહેબો તો પોતાના એક તંબૂએ પહોંચી ગયા. ત્યાં તેમના બીજા સાથીદારો હતા. પરંતુ મજૂરોનો કંઈ પત્તો ન હતો.

પ્રશ્નો

૧. એવરેસ્ટની ઊંચાઇ કેટલી છે? નંગા પર્વત તેનાથી કેટલા ફૂટ નીચો છે?
૨. એ પર્વત પર ચઢવા સૌથી પહેલો પ્રયત્ન કોણે કર્યો? એ ચઢાઇનું શું પરિણામ આવ્યું?
૩. એ પર્વત પર બીજી ચઢાઈ કોણે કરી? તેઓ કયાં સુધી પહોંચી શકયા?
૪. એ પર્વત પર ત્રીજી ચઢાઈ કોણે કરી અને કયી સાલમાં કરી?
૫. જર્મન સાહસિકોએ જે મજૂરો લીધા તે શું સમજીને નીકળ્યા?
૬. જે સવારે તેઓ નંગા પર્વત પહોંચવાના હતા તે સવારે શું થયું?
૭. નીચે ઊતરતાં તેમણે શી સાવચેતી રાખી?



પાઠ ૭ મો

નંગા પર્વત પર ચઢાઈ (ચાલુ)

શ્રી. સુદર્શન

હવે ટુકડીનો નેતા તથા બીજા જે ઉપર રહ્યા હતા તે લોકોની શી હાલત થઈ તે જોઇએ. ત્રણ સાહેબ પોતપોતાના મજૂરોને અને સામાનને સાથે લઈ ઊતરવા લાગ્યા. પરંતુ થોડેક નીચે ઊતર્યા કે સાહેબ થાકી ગયા અને પડાવ નાખીને આરામ કરવા લાગ્યા. રાતભર ત્યાં જ સૂતા. સવારે તેઓ ઊઠ્યા ત્યાં એક મજૂર ઠંડીથી ઠઠડીને મરી

ગયો હતો. ત્રણ મજૂરો માંદા હતા. બીમારોને ઈશ્વરને હવાલે કરી બીજા માણસો નીચે ઊતરવા લાગ્યા. આ ઉતરાણમાં એક સાહેબ ઠંડીથી અકડાઇને મરી ગયો. હવે બાકી બે સાહેબ અને છ મજૂર રહ્યા. તેઓએ વિચાર્યું કે હવે જેટલું બની શકે તેટલું જલદી નીચેના તંબૂમાં પહોંચી જવું. પરંતુ ચાલતાં ચાલતાં તેઓ ગળે સુધી બરફમાં ઢંકાઈ જતા હતા. છતાં તેઓ આગળ વધવા લાગ્યા. તોફાન તેમની પાછળ ધકકેલાતું હતું. એટલામાં રાત થઈ ગઈ. હવે શું થાય? વિચાર કરીને તેઓએ બરફની એક ગુફામાં રાત ગાળવાનું નક્કી કર્યું. બીજે દિવસે તો સાહેબ હિંમત હારી ગયા. પરંતુ મજૂરોએ કહ્યું, "સાહેબ, આપ જરા ય ચિંતા ન કરો. અમે હમણાં નીચે જઇએ છીએ અને મદદ લઇને પાછા આવીએ છીએ." બે મજૂર સાહેબોની પાસે થોભ્યા અને ચાર નીચે ઊતરવાને તૈયાર થયા.

એ ચાર મજૂર નીચે ઊતરી રહ્યા હતા ત્યાં તેમને પેલા બે સાહેબોની સાથે આવતાં આવતાં રસ્તો ભૂલી ગયેલા ત્રણ મજૂરો આવી મળ્યા. સાતે મળીને નીચે ઊતરવા લાગ્યા. રસ્તામાં ત્રણ મજૂર મરી ગયા, અને પાછા ચારના ચાર રહ્યા. તે કોઇ ને કોઇ રીતે બચી–બચાવીને તંબૂએ પહોંચી ગયા. તેમની હાલત ઘણી જ ખરાબ હતી. તેઓ થાકી ગયા હતા અને ગભરાઈ ગયેલા હતા. તેમના પગની આંગળીઓ ઠંડીને લીધે સૂજીને ફાટી ગઈ હતી. તેઓ ડગલપગલે લથડતા હતા. આખરે તેઓને તંબૂમાં લાવવામાં આવ્યા. એક એક મજૂરને ચાર ચાર સાહેબોએ માલિશ કરી. કેટલાક કલાક પછી એ બિચારાઓના જીવમાં જીવ આવ્યો.

પણ હજુ બે સાહેબ અને બે મજૂર ઉપર હતા. હવે વાદળું ફાટતું હતું તેથી તે દેખાતા હતા. તેઓ પોતાના રૂમાલ હલાવતા

હતા અને મદદને માટે પુકાર કરતા હતા. ઘડીકમાં કાળાં વાદળાં છવાઈ જતાં હતાં અને તેઓ અદૃશ્ય થતા હતા. કેમ્પના માણસ બચાવવાના પ્રયત્ન કરતા હતા. પરંતુ બરફનું તોફાન તેમને એક ડગલું પણ આગળ વધવા દેતું નહોતું. બરફ ખસેડીને રસ્તો બનાવી તેઓ જરા આગળ વધતા ત્યાં પાછળનો રસ્તો બરફમાં અદૃશ્ય થઈ જતો. તેમના જોડીદાર તેમની આંખ સામે મરી રહ્યા હતા, પરંતુ તેમનામાં તેમને બચાવવાની હિંમત ન હતી.

બે ત્રણ દિવસ પછી, એક મજૂર બચીને આવી પહોંચ્યો. હવે ઉપર એક મજૂર અને બે સાહેબ હતા. તેમનામાં ન ઊતરવાની હિંમત હતી, ન ઉપર જવાની હોંસ હતી. ઈશ્વર જાણે તેમણે કેટલા દિવસ મદદની રાહ જોઈ અને ક્યારે બરફની નિદ્રામાં પોઢી ગયા! કારણ કે હિમાચ્છાદિત સ્થળમાં માણસ જ્યારે થાકી જાય છે ત્યારે તેને નીંદર આવે છે, અને તે નિદ્રા ભૂંડી હોય છે. જ્યારે એક વાર માનવી ત્યાં સૂઈ જાય છે ત્યારે ઉઠાડવાથી ઊઠતો નથી, જગાડવાથી જાગતો નથી. આ હિમની શીતળ નિદ્રા નથી, મોતની ઠંડીગાર નિદ્રા છે.

કેમ્પના બચેલા માણસોએ તેમની બે દિવસ રાહ જોઈ, ચાર દિવસ રાહ જોઇ. પાંચમે છઠ્ઠે દિવસે નિરાશ થઇ પાછા ફર્યા. જતી વખતે કેટલા ખુશી હતા! હસતા હતા, રમતા હતા, એક-બીજાની મશ્કરી કરતા હતા! પાછા ફરતી વખતે બધા ચૂપ હતા. ન કોઈના ચહેરા ઉપર હાસ્ય હતું, ન કોઇની આંખોમાં ચમક હતી. તેર ગયા તેમાંથી નવ પાછા ફર્યા. છ મજૂરોને પણ બરફની ભેટ કરી આવ્યા.

આ પ્રમાણે નંગા પર્વતની ત્રીજી ચઢાઈમાં પણ માનવી હારી ગયો. નંગા પર્વત જીતી ગયો. અને તેણે પોતાનું મસ્તક ઊંચું

કરીને કહ્યું–"માનવીની શી તાકાત છે કે મને અને મારા બરફને જીતી શકે? હું અજેય છું."

પ્રશ્નો

૧. નીચે ઊતરતાં સાહસિકોને તથા તેમના મજૂરોને શી શી મુશ્કેલીઓ પડી?
૨. ચાર મજૂરો કેવી સ્થિતિમાં તંબૂમાં પહોંચ્યા?
૩. ઉપર રહેલા સાહેબ તેમજ મજૂરનું શું થયું?
૪. ત્રીજી ચઢાઈમાં નંગા પર્વતે કેટલા જણનો ભોગ લીધો?
૫. સમજાવો: આ હિમની શીતળ નિદ્રા નથી, મોતની ઠંડીગાર નિદ્રા છે.
૬. નીચેના પરથી નામ બનાવો:—
ઊતરવું, ઢાંકવું, ધકકેલવું, ગુજારવું, ગભરાવું, પુકારવું.



પાઠ ૮ મો

☆

ડફોળશંખ

☆

શ્રી. પ્રસન્ન ભટ્ટ

[ડફોળશંખ એટલે મૂર્ખ–બેવકૂફ: આવો આપણે સામાન્ય અર્થ કરીએ છીએ. પણ અહીં તો લેખકે એક બહુ બોલનારા પણ કશું નહિ કરનારા એવા શંખની વાત કહી છે. વાત ખરેખર મજાની છે. એમાં શંખ ડફોળ છે કે વાણિયો ડફોળ બન્યો— એ એક કોયડો છે.

મફતનું ધન ખાવા ઇચ્છનારા બેહાલ થાય છે, એ તમે 'પૈસાનું ઝાડ' માં જોશો. અહીં પણ લોભી વાણિયાની એવી જ દશા થઇ છે.]

એક બ્રાહ્મણે ઘણા દિવસો સુધી સમુદ્રની ઉપાસના કરી. અંતે સમુદ્રે પ્રસન્ન થઈ તેને કહ્યું: 'તારે શેની ઇચ્છા છે?'

બ્રાહ્મણ બોલ્યો: 'કંઈક એવું આપો કે જેથી મારું દુઃખ દૂર થઈ જાય.'

'ઠીક છે. લે, આ શંખ અને રોજ એની પૂજા કરજે.'

'આ તો મહેનતનું કામ સોંપ્યું. પૂજાથી શું વળશે?' બ્રાહ્મણ અધીરો બની બોલી ઊઠ્યો.

'જરા ધીરજ ધર. પૂજા કરી તું રોજ પાંચ રૂપિયા એ શંખ પાસેથી માગજે અને તરત જ ખણખણ કરતા એ તને કાઢી આપશે. બસ, આ શંખ તારું બધું દુઃખ દૂર કરી દેશે.'

બ્રાહ્મણ રાજી રાજી થઈ ગયો. શંખ લઈ ઉતાવળી ચાલે એ પોતાના ઘર તરફ જવા લાગ્યો. પણ રસ્તામાં એને એક વિચાર આવ્યો. આ શંખ દેખાય છે તો સાદો. શું એ પાંચ રૂપિયા આપતો હશે ખરો? હું સમુદ્રદેવને હેરાન કરતો હતો એટલે તેમણે મને આમ ખોટું કહી કાઢી તો નથી મૂક્યો ને? આમ શંકાઆશંકામાં એ અટવાઈ ગયો. અંતે શંખની પરીક્ષા કરવાનું તેણે નક્કી કર્યું અને એ માટે તે એક કૂવા પર જઈ બેઠો. પાણી કાઢી તેણે સ્નાન કર્યું અને પછી પૂજન કરી શંખને કહ્યું, 'લાવ, શંખ! પાંચ રૂપિયા!'

તરત જ ખણખણ કરતા પાંચ સિક્કા શંખમાંથી નીકળી પડ્યા.


બ્રાહ્મણ તો આ જોઈ ખુશ થઈ ગયો.

કૂવાના થાળાને એક નાકે એક વાણિયો આ ખેલ જોઈ રહ્યો હતો. એની દાનત બગડી. શંખ બ્રાહ્મણના હાથમાંથી લઈ લેવાનું તેણે નક્કી કર્યું. બ્રાહ્મણને પૂછ્યું: 'મહારાજ! આમ ક્યાં જાઓ છો?'

બ્રાહ્મણે પોતે જ્યાં જતો હતો તે જણાવ્યું.

વાણિયાએ કહ્યું, 'મહારાજ ! એ સ્થળ તો ઘણું દૂર છે. રાત અંધારી છે. રસ્તામાં ચોરનો ડર પણ છે. એટલે જો કૃપા કરીને મારું ઘર આપ પવિત્ર કરો તો આપને આરામ મળશે, અને મને પણ અતિથિ-સેવાનો સુઅવસર પ્રાપ્ત થશે.'

બ્રાહ્મણ સીધો સાદો માણસ હતો. એને કંઇ ઝાઝી બુદ્ધિ નહોતી. એણે તરત જ વાત સ્વીકારી લીધી. એ વાણિયાના ગામમાં રોકાયો. જ્યારે રાત થઈ અને બ્રાહ્મણ સૂઈ ગયો ત્યારે વાણિયાએ બ્રાહ્મણની ઝોળીમાંથી પેલો શંખ કાઢી લીધો અને તેની જગ્યાએ એક સાધારણ શંખ મૂકી દીધો.



વાણિયાએ બ્રાહ્મણની ઝોળીમાંથી શંખ કાઢી લીધો

બીજે દિવસે જ્યારે બ્રાહ્મણ ઘેર પહોંચ્યો અને સ્નાન કરી શંખ પાસે પાંચ રૂપિયા માગવા લાગ્યો ત્યારે તેણે તે ન આપ્યા.

એચાર વખત શંખ પાસે આજીજી કરી પણ બનાવટી શંખ શું આપે ? બ્રાહ્મણે જાણી લીધું કે વાણિયાએ શંખ બદલાવી લીધો છે. એટલે એ રડતો રડતો સમુદ્રની પાસે ગયો, અને બધી વાત તેમને કહી સંભળાવી. સમુદ્રે ફરીથી એક બીજો શંખ આપ્યો અને કહ્યું–'આ શંખનો ગુણ જુદો છે. એનું નામ છે ડફોળશંખ. એ બોલે છે તો ઘણું, પણ તે મુજબ આપશે નહિ.'

બ્રાહ્મણ શંખ લઇને સીધો આવ્યો કૂવા પર અને પૂજા કરવા લાગ્યો. પૂજા કરીને પહેલાંની જેમ જ તેણે પાંચ રૂપિયા માગ્યા.

શંખે કહ્યું, 'પાંચ શા માટે ? દશ લે.'

બ્રાહ્મણે કહ્યું, 'ઠીક, દશ આપો.'

શંખ બોલ્યો, 'ના, દશ નહિ; વીસ લે.'

દૈવયોગથી પેલો વાણિયો કે જેણે પહેલો શંખ ચોર્યો હતો તે ત્યાં હાજર હતો. ઊભો ઊભો એ આ બધું જોઇ રહ્યો હતો. તેણે મનમાં વિચાર્યું કે મારો શંખ તો રોજ માત્ર પાંચ જ રૂપિયા આપે છે. પરંતુ આ શંખ તો એનાથી બમણા–તમણા આપવાનું કહે છે. માટે આ શંખ લઈ તેને બદલે પેલો શંખ મૂકી દઉં તો ઠીક થાય.

વાણિયાએ બ્રાહ્મણને કહ્યું, 'મહારાજ! આજે આપ ક્યાં જવાના છો ?'

'મોહનપુર !'

'અરે, એ તો ઘણું દૂર છે. સાંજ પણ પડી ગઈ છે. મારે ત્યાં આજની રાત રોકાવ તો સારું. મને આપના સત્સંગનો લાભ પણ થાય.'

બ્રાહ્મણને તો આ જોઇતું જ હતું. તેથી એ તેની સાથે ગયો. રાતના પણ બ્રાહ્મણ જાગતો જ પડી રહ્યો. વાણિયાએ વિચાર્યું કે બ્રાહ્મણ સૂઈ ગયો છે એટલે હવે કામ કરી લેવું જોઇએ. આમ નક્કી કરી એણે પોતાનો શંખ બ્રાહ્મણની ઝોળીમાં મૂકી દીધો અને તેને બદલે પેલો શંખ લઈ લીધો. બ્રાહ્મણને પોતાનો મૂળ શંખ મળી ગયો.

બીજે દિવસે વાણિયાએ પૂજા કરીને શંખ પાસે પાંચ રૂપિયા માગ્યા. શંખે કહ્યું, 'પાંચ લઇને શું કરશો ? દશ લો.'

વાણિયાએ કહ્યું, 'તો દશ આપો.'

'ના, દશ પણ નકામા. વીસ લો.'

'ઠીક ત્યારે, વીસ આપો.'

શંખે પુનઃ કહ્યું : 'વીસ નહિ, ચાળીસ જ લ્યો.'

અને આ પ્રકારે સો–બસો–ચાર સો–હજાર બેહજાર સુધીની વાતો શંખે કહ્યા જ કરી.

હવે વાતોથી વાણિયો ધરાઈ ગયો. તેની ધીરજ ખૂટી ગઇ. એણે કહ્યું—'ઠીક, જેટલી રકમ આપવી હોય એટલી તરત જ આપી દો.'

ત્યારે શંખે કહ્યું : 'પાંચ રૂપિયા આપનારો શંખ તો બીજાના હાથમાં ચાલ્યો ગયો છે. હું તો ડફોળશંખ છું. બોલું છું, પણ કંઇ આપતો જ નથી.'

પ્રશ્નો

૧. બ્રાહ્મણે સમુદ્ર પાસે શું માગ્યું ?
૨. સમુદ્રે આપેલા શંખમાં શો ગુણ હતો ?
૩. એ શંખ વાણિયાએ કેવી રીતે મેળવ્યો ?

૪. ફરીથી સમુદ્રે બ્રાહ્મણને કેવો શંખ આપ્યો ?
૫. વાણિયો કેવી રીતે ફસાયો ?
૬. 'ડફોળશંખ' એટલે શું ? શંખ ડફોળ હતો કે વાણિયો ડફોળ બન્યો ?
૭. નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો :—
શંકા, ધીરજ, ડર, કૃપા, સત્સંગ.



પાઠ ૯ મો

સુખદુઃખ મનમાં ન આણીએ

નરસિંહ મહેતા

[આપણા આ જૂના કવિનું એક કાવ્ય 'નાગદમન' તમે પહેલા પુસ્તકમાં શીખ્યા હશો. તેમના જીવનના એક પ્રસંગનું કાવ્ય 'બાપ-દીકરી' પણ તમે શીખ્યા હશો.

આ કાવ્યમાં તેમણે સુખદુઃખને મન પર ન લેવાનો બોધ આપ્યો છે. પ્રાચીન સમયમાં થઈ ગયેલાં અનેક મહાન સ્ત્રીપુરુષોને કેવાં કેવાં દુઃખ વેઠવાં પડ્યાં તે કવિએ બતાવ્યું છે. એવાં મહાન સ્ત્રીપુરુષોને પણ ખૂબ દુઃખ પડ્યાં તો આપણને પડે તેમાં શી નવાઈ! માટે દુઃખોને ધીરજથી સહન કરવાં એમ કવિ કહેવા માગે છે.]

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી,
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી.

પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી.

સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી.

રાવણ સરીખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી.

હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારાલોચની રાણી,
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી.

સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અન્તરજામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંને સ્વામી.

પ્રશ્નો

૧. કવિ આપણને શું શીખવે છે?
૨. નળદમયંતીને શું દુઃખ પડ્યું?
૩. સીતાજીને કોણ હરી ગયું? તેમને શું દુઃખ પડયું?
૪. હરિશ્ચંદ્રની વાર્તા વાંચી અગર સાંભળીને તેમણે નીચ ઘેર શા માટે પાણી ભર્યાં તે લખો.
૫. સમજાવો—ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.
૬. જાનકીના પિતાનું નામ જનક હતું. તો દ્રૌપદી તેમજ પાર્વતીના પિતાનાં નામ શું હશે?
૭. આ કાવ્યમાં ઈશ્વિર માટે વપરાયેલા શબ્દો લખો.



પાઠ ૧૦ મો

¤

પૈસાનું ઝાડ

¤

સૌ. મનોરમા મજમુદાર

[પૈસાનું તે ઝાડ ઊગતું હશે ? આ વાર્તામાં આવું આશ્ચર્ય બન્યું છે. અને એ ઝાડની ડાળે ડાળે સોના-મ્હોરો બેઠી છે ! પણ એ પરસેવાનો પૈસો હતો તેથી જ એમ બન્યું. પરસેવાથી–મહેનતથી મેળવેલું ધન જ દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. એને કોઇ ચોરી શકતું નથી; ચોરનારને એ ફૂટી નીકળે છે. માટે દરેકે જાતે મહેનત કરીને જ દ્રવ્ય કમાવું જોઇએ. કોઇને છેતરીને કે ચોરી કરીને કે ભીખીને મેળવેલું દ્રવ્ય ટકતું નથી, એ સત્ય આ વાર્તામાંથી સુંદર રીતે ફલિત થાય છે.]

એક હતો રાજા. તેનું નામ દાનસેન. તે બહુ ધર્મિષ્ઠ અને દાનેશ્વરી હતો; અને બ્રાહ્મણોને વાલ વાલ સોનું એ રોજ આપતો.

સવારમાં બ્રાહ્મણનાં ટોળેટોળાં રાજાને દરબાર જતાં અને વાલ વાલ સોનું લઈ આવતાં. બ્રાહ્મણોને તો લીલા–લહેર થઈ રહેતી; અને સોનું વધતું તેમાંથી પોતાની સ્ત્રીઓ માટે ઘરેણાં ઘડાવતા.

એ ગામમાં નિર્મળ પંડિત કરીને એક ટેકીલો બ્રાહ્મણ રહેતો હતો. તે કોઈ દિવસ આ રાજાને ત્યાં દાન લેવા જાય નહિ; તેથી એની વહુ અકળાતી અને ઘરમાં કંકાસ માંડતી.

એને મન અસંતોષ થતો ત્યારે બ્રાહ્મણ સાંત્વન આપવા કહેતો, “ મારે એવું દાન લેવું નથી. જાતમહેનતના રળતરમાંથી મને કોઇ આપે તો જ મારે લેવું એવો મારા મનમાં ટેક છે. રાજાજી ખરા પરસેવાની એક પાઈ પણ મને આપે તો મારે મન તે સોના–મહોર જેવી છે.”

એનો આ ટેક સૌ જાણતા. બીજા બ્રાહ્મણો એનો ટેક ચૂકવવા તૈયાર થયા. એક દિવસ બધા બ્રાહ્મણોએ રાજાને વાતવાતમાં આ વાત કરી દીધી. 'ભિક્ષુકને વળી અભિમાન શું ને ટેક શો ?' એમ વધારીને બ્રાહ્મણોએ વાત કહી.

રાજાએ વાત સાંભળી લીધી; અને મનમાં ગાંઠ વાળી. બીજે દિવસે રાજાએ નિર્મળ પંડિતને દરબારનું તેડું મોકલ્યું.

બિચારો પંડિત તો જેવો દરબારમાં ખડો થયો તેવો જ રાજાએ સવાલ કર્યો, "પંડિતરાજ ! કહે છે તમે દાન લેતા નથી ? કહો, તમે મારું દાન કેમ નથી લેતા ?"

"રાજાધિરાજ ! માફ કરજો. મારે તો ખરા પરસેવાનું દાન મળે તો જ લેવું એવો હું નિયમ લઇ બેઠો છું. આ રાજપાટ તો આ વડીલોનાં છે; એ કંઈ આપનું પોતાનું ન કહેવાય. તેથી–"

સુજ્ઞ રાજાને પંડિતનું કહેવું સાચું લાગ્યું. તેથી તેણે ખોટું લગાડ્યું નહિ. પંડિતને બીજે દિવસે કંઈ આપવાનું કહી વિદાય કર્યો.

વિચારમાં રાજાને રાત પડી. પહેલી રાતે નગરચર્ચા જોવા સારુ ભિખારીનાં ફાટલાં તૂટલાં કપડાં પહેરી લીધાં; અને એ બહાર નીકળ્યો.

રાતે બધે અંધારું ઘોર અને શાંત સમસમાકાર ! રાજા ફરતો ફરતો એક લુહારની દુકાન આગળ આવી પહોંચ્યો.

ત્યાં ભઠ્ઠી સળગતી હતી; અને એક છોકરો ધમણ ધમતો હતો. ભઠ્ઠીમાંથી લાલચોળ લોખંડનો સળિયો કાઢી લુહારે એરણ પર ધર્યો. રાજા પાસે આવ્યો. આ ભિખારીને લુહાર જોઈ રહ્યો.

રાજાએ લુહારને વીનવ્યો, "ભાઈ, મને હથોડો મારવાનું કામ

આપશો ? મારાથી બનશે તેટલું કામ હું આપીશ." લુહારે હથોડો હાથમાં આપ્યો.

રાજાએ થોડાક ઘા કર્યા, ને થોડીવારમાં તો પરસેવાના ઝેબેઝેબ વળ્યા; રેલાથી એ જાણે નહાઈ રહ્યો. થાકી જવાથી રાજાએ લુહારને કહ્યું : "ભાઈ, હવે બસ; મારાથી આટલું જ કામ થશે; હવે હું થાકી ગયો છું; તો મારી મજૂરી આપો."

લુહારં તો સાંભળી રહ્યો ને બોલ્યો, "વાહ ! આટલી મહેનત કરી એમાં હું શું આપું ? આખો દિવસ મહેનત કરીને મરી જાય છે તેને ફક્ત ચાર આના મળે છે, તો તને શું આપે ?"

"ભાઈ, એ વાત ખરી; પણ મારે તો જે આપશો તે સોના-મહોર જેવું છે. મને તો જે ખરા પરસેવાનું મળશે તે જ મારે લેવાનું છે."

લુહારને પહેલાં તો અજાણ્યા ભિખારી તરફ જોવાનું કંઈ કારણ નહોતું. પણ આ વખતે જરા સામે જોયું તો એને ભિખારીને બદલે કોઈ ગર્ભ–શ્રીમંત જેવું જણાયું. તાપ તથા થાકથી રાજાનું મોં લાલચોળ થઈ ગયું હતું.

છતા થઈ જવાની બીકથી રાજાએ આડું જોયું. લુહારે એક તાંબાનો પૈસો ભિખારી તરફ ફેંકયો. હરખાતો હરખાતો રાજા તે ઉપાડી લઈ,ઘેર આવી ઘસઘસાટ સૂતો.

સવાર પડતાં જ પેલા પંડિતને રાજાએ તેડું મોકલ્યું. રાજાએ તેનું સન્માન કર્યા પછી પેલી તામ્રમુદ્રા પંડિતને દાનમાં આપી. "દ્વિજરાજ ! આ મારા ખરા પરસેવાની 'ફૂલની પાંખડી' છે તે સ્વીકારો !"

પંડિતે शुभं भवतु કહી દક્ષિણા લીધી, ને પોતે ઘેર ગયા. પંડિતાણીના મનમાં આજે મોટી મોટી આશાઓ હતી. રાજા

ખૂબ સોનું આપશે એમ એના મનમાં હતું. તેથી એ હરખભેર સામે આવી અને પૂછ્યું : "બતાવો જોઉં, રાજાએ શું આપ્યું ?"

તાંબાનો પૈસો જોઈ એ બહુ નિરાશ થઈ; ને એને ખૂબ રીસ ચઢી. રીસમાં ને રીસમાં પેલો પૈસો એણે ફેંકી દીધો. તે બહાર તુલસીક્યારામાં જઈને પડ્યો.

સવારે પંડિતાણી તુલસીમાની પૂજા કરવા આંગણામાં આવ્યાં. ત્યારે એક અચરજ જોયું. તુલસીના છોડ સાથે એક બીજો મોટો છોડ ઊગ્યો હતો. પાંદડે પાંદડે સોનામહોર વળગી હતી. એનો હરખ તો માય નહિ !

પંડિતરાજ હવે દાન-ધર્મ કરે છે; ને સંસાર નિભાવે છે. બીજા બ્રાહ્મણો દ્વેષથી બળવા માંડ્યા. વગર દાન લીધે થયેલી નિર્મળ પંડિતની ગૃહસ્થાઇ એમને ખૂંચવા લાગી.

પડોશણોને અદેખાઈ થઈ. પંડિતાણીનાં જાતજાતનાં ઘરેણાં દેખી એમના મનમાં ઓછું આવ્યું.

તેથી થોડીક સોનામહોર ચોરી લેવા એમણે બેત રચ્યો. "એટલી બધીમાંથી બે ચાર તોડી લઈશું તો શી ખબર પડવાની હતી ?" એમ એમણે ધાર્યું.

મળસ્કે વહેલી ઊઠી, કેટલીક પડોશણો પંડિતાણીના તુલસીક્યારા આગળ છાનીમાની આવી પહોંચી. ચોતરફ આંખ ફેરવી. કોઈ જોતું નથી એમ ખાતરી થઇ એટલે બબ્બે હાથે સોનામહોર તોડી લેવા બધીઓએ હાથ લાંબા કર્યા.

ખરા પરસેવાનું ધન ઓળવાય તો તે લેનારને પચતું નથી. લોકો કહે છે કે તે 'ફૂટી નીકળે' છે. અહીં તો એવું કશું થયું નહિ. પણ એક નવાઈ થઈ.

પડોશણના હાથ તો કેમે કર્યા ત્યાંથી ખસેડ્યા ખસે નહીં. એકબીજીના સામે જોઇ બધી ઓશિયાળી થઈ ગઇ. "નક્કી હવે તો ચોર તરીકે સવારમાં ખપવાનાં–" એવો વિચાર આવ્યો એટલે એમની ગભરામણ બહુ વધી.

પોતાના ઘરનાં માણસોને ધીમી ધીમી બૂમો એમણે પાડી, પણ તેમની આ એકસરખી બૂમોથી પંડિત અને પંડિતાણી જાગી ઊઠ્યાં. સૌ ભેગાં થઇ ગયાં.

વાત શેરીમાંથી ચૌટે અને ચૌટેથી દરબાર સુધી પહોંચી ગઈ.

તુલસીક્યારા આગળ તો જોવા જેવું થઇ રહ્યું. પંડિત ઘર બહાર આંગણામાં આવ્યા. આવીને સૌના હાથને એ ધીમેથી અડકયા એટલે જાણે કશું જ નથી એમ હાથ છૂટા થઇ ગયા!

અથથી ઇતિ સુધી આ બધી વાત રાજાને કાને પડી. રાજાએ નિર્મળ પંડિતને બોલાવ્યા; ખુલાસો માગ્યો.

પંડિતે કહ્યું, "રાજાધિરાજ! એમાં કૌતુક જેવું કશું નથી. મને આપે જે ખરા પરસેવાની તામ્રમુદ્રા આપી હતી, તે કંઇક અકસ્માત કારણને લીધે તુલસીકયારામાં પડી. ત્યાં એનું સુંદર ઝાડ ઊગ્યું. પૃથ્વીનાથ! ઝાડને પાંદડે પાંદડે સોનામહોર થાય છે!

"રાજાજી! હું નહોતો કહેતો—આપનું પોતે ઉપાર્જિત કરેલું દ્રવ્ય બીજા દ્રવ્યથી લાખગણું ચડિયાતું છે. ખરા પરસેવાના વાવેતરમાંથી જ પુણ્ય ઊગે છે ને ફાલે છે."

રાજા કહે: "સાચું: પંડિતરાજ! પણ એ તે મહોરનું ઝાડ કે ખરા પરસેવાનું ઝાડ?"

પ્રશ્નો

૧. દાનસેન રાજા હમેશ શાનું દાન કરતો ?
૨. નિર્મળ પંડિત શા માટે એ દાન લેવા ન જતા? એમનો શો ટેક હતો ?
૩. એ ટેકને પરિપૂર્ણ કરવા માટે રાજાએ શું કર્યું ?
૪. અંગત મહેનતથી રાજા કેટલું કમાયો ?
૫. ફક્ત પૈસો જ દાનમાં લઇ આવેલા પતિને જોઇ પંડિતાણીએ શું કર્યું ?
૬. પૈસાના ઝાડ પર બેઠેલી સોનામહોરો ચોરવા જતાં પડોશણોની શી વલે થઇ ?
૭. પૈસાનું ઝાડ તે ઊગતું હશે ?
૮. આ વાર્તામાં લેખક શું કહેવા માગે છે ?
૯. સમજાવો: ખરા પરસેવાના વાવેતરમાંથી જ પુણ્ય ઊગે છે ને ફાલે છે.
૧૦. નીચેના શબ્દો સમજાવો:—
અથથી ઇતિ, તામ્રમુદ્રા, શુભં ભવતુ, ઓળવવું, ગર્ભશ્રીમંત, દ્વિજરાજ, 'ફૂલની પાંખડી'.



પાઠ ૧૧ મો

☼

ઉંદર

☼

શ્રી. 'मञ्जुल'

[પહેલા પુસ્તકમાં તમે 'માખી' સંબંધીનો પાઠ શીખ્યા હશો. એ ગંભીર નિબંધ હતો. આ પાઠ એક હળવો નિબંધ છે. અહીં લેખક તેમના ગંભીર વિચારો હળવી શૈલીમાં રજૂ કરે છે. ક્યાંક ક્યાંક રમૂજ ઉત્પન્ન થાય છે, અને આપણે સહેજ મલકાઇએ છીએ.

ઉંદર આપણને કેવો ત્રાસ આપે છે તે લેખક વર્ણવે છે. તેની પ્રવૃત્તિ આપણને કેવી ભારે પડે છે તે પણ તેમણે દર્શાવ્યું છે. માટે જ લેખક ઉંદર તરફ પોતાનો પુણ્યપ્રકોપ જાહેર કરે છે.]

કોઇ મહાશય ઉંદરના લાભ વિષે એકાદ લેખ યા કાવ્ય લખશે તો મારા જેવા સેંકડો અજ્ઞાનીઓ પર એક મોટો ઉપકાર થશે.

યુવાન હોવા છતાં, હું, હવે તો થાકી ગયો. કેટલાં ય પુસ્તકોમાં જોયું, કેટલાય 'ભણેલાઓ'ને પૂછયું, રાતની રાતો બત્તી બાળીને તર્કવિતર્ક કર્યા, પણ ઉંદરના લાભ ન મળ્યા; અને મળે જ શાના? કૂવામાં હોય તો અવેડામાં આવે ને? કૂતરો જુઓ : ચોરોથી નિશ્ચિત બનાવે છે. બિલાડી જુઓ : કંઇ અમંગળ થવાનું હોય તો તેની આગાહી પહેલી જ કરે છે. પણ ઉંદર? કંઈ લાભ? આખી રાત ધમધમાટીની પરેડ 'સાંભળવી' હોય (દેખાય તો ભાગ્યે જ) તો કોઈ ઉંદરનિવાસ જેવા મકાનના એકાદ ખંડમાં સૂવું. બસ, 'લાભો' ની હદ જ આવી ગઈ!

અને ત્રાસ? ઓહ! ગણ્યા ગણાય નહિ! કોઈ ગામમાં ઉંદરો બહુ હતા. તેના ત્રાસથી કંટાળીને તે ગામના લોકોએ, એ ઉંદરોનો નાશ કરી આપવાની ખાત્રી આપનાર એક શરણાઈવાળાને મોટી રકમ આપવાનું કબૂલ કર્યું હતું, એમ એક અંગ્રેજી વાર્તા (ને કાવ્ય પણ) કહે છે. પણ એ તો આપણને આદત પડી ગઇ છે, તેથી વાતવાતમાં ઇંગ્લેંડ, જર્મની અને રશિયાના દાખલા આપ્યા કરીએ છીએ. હિંદમાં જ ઉંદરોનો ત્રાસ ક્યાં ઓછો છે? મુંબઈમાં માંડવી–દાણાબંદર પર ઉંદરોની વસ્તી એટલી છે કે શહેરસુધરાઇએ એને ઉંદરબંદર નામ આપ્યું હોત તો ખોટું ન હતું. ત્યાં, એક વાર એક જાહેરસભામાં પંડિત જવાહરલાલ નેહરુનું ભાષણ ચાલતું હતું ત્યારે ઉંદરોની એક નાની ફોજે, વ્યાસપીઠ નીચેથી નીકળીને સભાપર હુમલો કર્યો હતો. પંડિતજી દુશ્મનથી ન બીવાનું કહેતા હતા, ત્યાં ઉંદરોનો આ હુમલો થતાં જ અમે અવ્યવસ્થિત પીછેહઠ કરી!

ઘણા માણસોને ઊંઘ સાથે બહુ દોસ્તી હોય છે. એમને તો એકવાર ઊંઘ આવી ગયા પછી, એમના શરીરને પુલ બનાવીને ઉંદરફોજ એના ઉપરથી કૂચ કરે તોય કંઈ અસર ન થાય! હું પણ એવો

જ છું. પણ એમાં જો ઓચિંતી આંખ ઊઘડી ગઈ તો થઈ રહ્યું. ગઈ કાલે સૂતા પછી થોડી વાર જાગ્યો—જાગી ગયો. ઉંદરની પરેડ શરૂ થઈ ગઈ હતી. અને પછી તાકાત છે ઊંઘની, કે એ પરેડ ભેદીને મારી પાસે આવે? ભગવાનના સોગંદ, જો એક મટકું પણ માર્યું હોય તો! મેં તો એ વખતે એવો પણ નિર્ણય કરી લીધો કે સવાર પડે કે તરત મુંબઇના બધા દવાવાળાને ત્યાં જઈ, એક જ ક્ષણમાં ઉંદરનું મૃત્યુ થઈ જાય એવી દવાની શોધ કરવા કહેવું! એ ક્ષણે અહિંસાનો વિચાર આવતાં જ એમ થયું, કે ઉંદર ઊંઘ ન આવવા દે તો જાગતા રહેવું એનું નામ જ જો અહિંસા હોય તો આપણને ન ખપે! જો કે બીજું કશું ન કરી શકવાને કારણે, એવી અહિંસા મેં વખતોવખત ધારણ કરી છે. ગાંધીજીને તો ઉંદરનો અનુભવ ન જ હોય એ કુદરતી છે. જો હોત તો ગાંધીજીએ પોતાની અહિંસામાંય એટલી છૂટ મૂકી હોત કે ઊંઘમાં (કે પ્રાર્થનામાં) ખલેલ પહોંચાડતા ઉંદરોને મારવામાં કંઇ દોષ નથી!

લેખકોની માફક ઉંદરોને કાગળ સાથે જૂની પ્રીત હોય એમ લાગે છે. મારા ઘરમાં ઉંદર મહાશયના દાંતની છાપ વગરનો એક પણ જૂનો કાગળ નહિ મળે! તમારા ઘરમાં જો ઉંદર હોય તો તમે અનુભવ કર્યો જ હશે. 'નવીનતા' ઉપર પણ ઉંદરોને પ્રેમ હોય છે. નવું કપડું, નવું ઓશીકું, નવું પુસ્તક, જો ઉંદરના પંજામાં ગયાં તો થઈ રહ્યું. અને આ તો ઉંદર તમારાથી દૂર હોય ત્યાં સુધીની જ વાત છે. તમારા પગનું એકાદ આંગળું ઉંદરના મોંમાં ગયા પછી જુઓ મજા! તમે ગમે તેટલા ચાલાક હશો, પણ ઉંદર ક્યારે કરડી ગયો એની તમને ખબર નહિ રહે!

ઉંદર પ્રવૃત્તિશીલ હોય છે એમાં સંદેહ નથી. પણ એની પ્રવૃત્તિ કદી સતત ચાલતી નથી. જરાક ખખડાટ થાય, પછી થોડી

વાર સુધી શાંતિ. તમે સમજો કે બલા ટળી. ત્યાં તો તરત જ પાછો ખખડાટ! પણ ઉંદરના ખખડાટ કરતાં વધુ ભયંકર વસ્તુ તો ચીજો કાતરવાનો એનો અવાજ છે. રાતના વખતે કોઈ વાર એકાદ કાગળ કોઈ કરડતું હોય એવો અવાજ કાને પડતાં જ મારું એકાદ પુસ્તક, છાપું કે છૂટું કાવ્ય શ્રી ઉંદરના હાથમાં જઈ પહોંચ્યું છે અને એઓશ્રી એનું 'એડિટિંગ' કરે છે એમ હું સમજી જાઉં. પણ એવે પ્રસંગે, સવાર પડે તે પહેલાં, હું કંઈ પણ કરી શક્યો હોઉં તો મારી એવી વસ્તુને બચાવવાની પ્રાર્થના, અને ઉંદરનો નાશ કરવાની 'ઇચ્છા'! બીજું કશું નહિ!

અને સાહેબ, એકાદ મોટો ઉંદર, એકાદ જૂના છાપાને કરડી ખાય તો કંઈ નહિ. પણ આ તો કમબખ્ત નાની નાની ઉંદરડીઓ પણ ત્રાસ દેવામાં પાછી પાની કરતી નથી. એ તો વળી ઉંદર કરતાં યે ચડી જાય. આમતેમ કૂદાકૂદ કરે! ઘણી વાર તો જમવા બેઠો હોઉં ત્યાં આવી ચડે ને એકાદ વસ્તુ ઉપાડી જવાની કોશિશ કરે!

જ્યાં સુધી ઉંદર જીવે છે ત્યાં સુધી આપણાં પુસ્તકો, વસ્ત્રો, લેખો, પત્રો,—અરે આપણે પોતે સલામત નથી; પછી ગમે એટલી સંભાળ આપણે લઇએ!

આ ઉંદર ઉપર વેર લેવાનો અગ્નિ મારામાં એટલો પ્રજ્વળી રહ્યો છે કે આવતા જન્મમાં ઈશ્વર જો મને બિલ્લી (અલબત્ત કૂતરાથી ન મરું એવી) બનાવે તો હું જરાય આનાકાની ન કરું.

પણ કોઇ વસ્તુનો લાભ જો મોટો હોય તો થોડો ત્રાસ સહન કરીને પણ તે મેળવવો એવો મારો સ્વભાવ હોવાથી ઉંદરના લાભની આ પૂછપરછ ચાલે છે. જોકે મને તો ખાત્રી છે કે ઉંદરના અનુભવીઓમાંથી કોઇ, ઉંદરને જીવતા રહેવા દેવાની દરખાસ્તની

તરફેણમાં આંગળી ઊંચી નહિ કરે; એવો કોઇ જ એના લાભ શોધવાની, જાણીતા હોય તો યે ગણવાની પંચાત નહિ કરે.

અને જો કોઈ બિનઅનુભવી મને ઉંદરનો લાભ સમજાવવા આવે તો હું કહું, 'ભાઈ, (અથવા બહેન) તમે એક ઉંદરવાળા ઘરમાં થોડો વખત રહો, એના ત્રાસનો થોડોક અનુભવ કરો અને એ પછી, એ ત્રાસ છતાં, ઉંદરના કંઇ લાભ તમને લાગતા હોય, ત્રાસના પ્રમાણમાં વધારે લાભ તમે જોતા હો તો મને કહો.' મને ખાત્રી છે એવું કોઇ નહિ નીકળે.

એટલે હવે તો ઉંદરનો નાશ કેમ થાય અથવા તો એનો નાશ કર્યા વગર એના ત્રાસમાંથી કેમ છુટાય (કે જે અસંભવિત લાગે છે) એનો વિચાર કરવો જોઇએ.

પ્રશ્નો

૧. ઉંદર કોઈ રીતે આપણને લાભકર્તા છે?
૨. ઉંદરને શાના શાના ઉપર પ્રેમ હોય છે?
૩. રાત્રે ઉંદરની પ્રવૃત્તિ સતત રીતે ચાલે છે ખરી?
૪. નાની ઉંદરડીઓ શી રીતે ત્રાસ આપે છે?
૫. ઉંદરનો નાશ ન કરવા માટે લોકો કયાં કારણો રજૂ કરે છે?
૬. તમને હસાવે એવાં એક બે વાક્યો આ પાઠમાંથી શોધી કાઢો.
૭. નીચેના ઉપરથી ભાવવાચક નામ બનાવો :—
યુવાન, વ્યક્તિ, સલામત.



પાઠ ૧૨ મો

¤


ત્રણ પાડોશી

¤

શ્રી. સુન્દરમ્

[એક જ શેરીનાં ત્રણ પાડોશી : રામ, શેઠ અને માકોર. રામના મંદિરમાં અને શેઠની હવેલીમાં અઢળક સમૃદ્ધિ ભરી છે, વૈભવ છે, વિલાસ છે, કશાની મણા નથી. જ્યારે ગરીબ બિચારી માકોર ડોશીને ખાવા ધાને ય નથી. રામને પ્રસન્ન કરવા એ ઉપવાસ ખેંચે છે અને શેઠને માટે એ ઘંટી તાણે છે; પણ એના પેટનો ખાડો પુરાતો નથી.

આ ત્રણેય પાસે પાસે રહે છે. ડોશી જેવાં મજૂરોને ખૂબ કામ કરવું પડે છે, જ્યારે મંદિરોના મહારાજો અને શ્રીમંત શેઠિયાઓ વૈભવો માણે છે. આપણા સમાજમાં રહેલી આવી આર્થિક અસમાનતા પર કવિએ અહીં ચાબખો માર્યો છે.]



ત્રણ પાડોશી

રામને મંદિર ઝાલર બાજે, ઘંટના ઘોર સુણાય,
શેઠની મેડીએ થાળીવાજું નૌતમ ગાણાં ગાય,
મંદિરની આરતી ટાણે રે,
વાજાના વાગવા ટાણે રે,
લોકોનાં જૂથ નિતે ઊભરાય.

એક ફળીનાં ત્રણ રહેવાશીઃ શેઠ ને બીજા રામ,
ત્રીજી માકોર બાઈ રાંડેલી, કોડી કને ના દામ,
લોકોનાં દળણાં દળતી રે,
પાણીડાં કોકનાં ભરતી રે,
કાઢી ખાય રોટલો કરતી કામ.

શેઠની મોટી દૈત્ય હવેલી ગામનું નાક કહેવાય,
રામનું મંદિર આરસબાંધ્યું નિત ઝળાંઝળાં થાય,
ફળીના એક ખૂણામાં રે,
ગંધાતા કોક ખૂણામાં રે,
માકોરના મહેલ ઊભેલા સુણાય.

છત્રપલંગે શેઠ સૂતા હોય, રામ સીતાજીને ઘેર,
પાછલા પહોરની મીઠી ઊંઘની લોક લેતું હોય લહેર,
પહેલો જ્યાં કૂકડો બોલે રે,
જાગેલો કૂકડો બોલે રે,
તૂટે માકોરની નીંદર સેર.

માકોર ઊઠી અંગ મરોડે, પેટાવે દીપકજ્યોત,
ધાન લઇને દળવા બેસે, રામની માગી ઓથ,
ઘરેરાટ ઘંટી ગાજે રે,
ભૂખી ડાંસ ઘંટી ગાજે રે,
ગાજે જેમ દુકાળિયાંનું મોત.

ગોકુળઆઠમ આજ હતી ને લોક કરે ઉપવાસ,
માકોર ભૂખી રહી નકોરડી, કાયામાં ના રહ્યો સાસ,
મૂઠીભર ધાન બચાવા રે,
સીતાના રામ રિઝાવા રે,
પેટાવ્યો પેટમાં કાળહુતાશ.

શેઠને ઘેરે, રામને મંદિર સાકરઘીનાં ફરાળ,
પારણાંમાં કાલ કરવા ભજિયાં દળવા આપી દાળ,
દળાતી દાળ તે આજે રે,
હુવાયેલ દાળ તે આજે રે,
ઉઠાડે માકોર પેટ વરાળ.

અંગ થાકયું એનું આંચકા લેતું, હૈડે હાંફ ના માય,
બે પડ વચ્ચે દાળ દળે તેમ કાયા એની દળાય,
દળી જો દાળ ના આપે રે,
શેઠે દમડી ના આપે રે,
બીજો ઉપવાસ માકોરને થાય..

ઘરર ઘરર આંજણહીણી ઘંટી ભારે થાય,
વારે વારે થાકેલ હાથથી ખીલડો છૂટી જાય,
ચણાની દાળ દળંતી રે,
માકોરની દેહ દળંતી રે,
ઘંટીના ઘોર તહીં ઘેરાય.

અન્ન ખાતી તોય અન્નનો દાણો દેતી ન ઘંટી આજ,
માકોરની અન્નપૂરણા રૂઠી ફરવા પાડે ના જ,
હજી દાળ અરધી બાકી રે,
રહી ના રાત તો બાકી રે,
મથી મથી માકોર આવે વાજ.

શેઠ જાગે ને રામજી જાગે, જાગે સૌ સંસાર,
ભોમના ભાર ઉતારવા આજે જન્મ્યા'તા કિરતાર,
પરોઢના જાગતા સાદે રે,
પંખીના મીઠડા નાદે રે,
ડૂબે માકોરનો ભૂખપોકાર.

શેઠ હસે બેઠા આઠમે માળે, રામ રમે રણવાસ,
રામને મંદિર ઝાલર બાજે, શેઠને મહેલ હુલાસ,
માકોરની મૂરછાટાણે રે,
ઘંટીના મોતના ગાણે રે,
કાળો એક કાગ કળેળે નિસાસ.

પ્રશ્નો

૧. એક જ શેરીનાં ત્રણ પાડોશીઓ કોણ કોણ હતાં?
૨. તેમની સ્થિતિમાં અને જીવનવ્યવહારમાં શો ભેદ હતો?
૩. માકોર ડોશી શી રીતે કમાતી?
૪. માકોરે શા માટે ઉપવાસ કર્યો?
૫. દાળ દળતાં માકોરને શી મુશ્કેલી પડી? આખરે માકોરનું શું થયું?
૬. આ કાવ્ય દ્વારા કવિ શું કહેવા માગે છે?
૭. નીચેની પંક્તિઓ સમજાવો :—
   ક. પેટાળ્યો પેટમાં કાળહુતાશ.
   ખ. બે પડ વચ્ચે દાળ દળે તેમ કાયા એની દળાય.
   ગ. અન્ન ખાતી તોય અન્નનો દાણો દેતી ન ઘંટી આજ.
૮. નીચેની પંક્તિઓથી ઊઠતાં ચિત્રોને તમારા શબ્દોમાં વર્ણવો : —
   ક. માકોરના મહેલ ઊભેલા જણાય.
   ખ. માકોરની અન્નપૂરણા રૂઠી.
   ગ. કાળો એક કાગ કળેળે નિસાસ.



પાઠ ૧૩ મો

☼

મૃત્યુંજય

☼

સ્વ. ઝવેરચંદ મેઘાણી

[વિદ્યાર્થીઓ પરીક્ષાને જીતે છે. રાજામહારાજાઓ પૃથ્વીને જીતે છે. યોગીઓ ઇંદ્રિયોને જીતે છે. કોઇ મૃત્યુને જીતી શક્યું છે ? કોઈ મૃત્યુને આવતું અટકાવી શકે છે ? મૃત્યુ સામે આવો વિરલ પડકાર મોરબી પાસેના ગામડામાં જન્મેલા એક બ્રાહ્મણે કર્યો. તેનું નામ મૂળશંકર. પાછળથી તે સ્વામી દયાનંદ સરસ્વતી કહેવાયા. નાના હતા ત્યારે તેમણે શિવલિંગપર ઉંદરો રમતા જોયા, અને ત્યારથી મૂર્તિપૂજા પરથી તેમની શ્રદ્ધા ઊઠી ગઈ. તેમણે વેદધર્મનો પ્રચાર કરી ' આર્યસમાજ ' ની સ્થાપના કરી. કસરત અને નિયમન વડે દેહને વજ્ર જેવો બળવાન કરી મોટા મોટા પહેલવાનોને પણ ચકિત કર્યા. સ્વામીજીએ જોધપુર નરેશને એક નાચનારીનો સંગ છોડવા પત્ર લખેલો. તેથી તે બાઇએ તેમને ઝેર અપાવ્યું. ઝેર દેનાર રસોઇયા તરફ તેમણે બતાવેલી ઉદારતા, દુઃખ સહન કરવાની તેમની અપ્રતિમ શક્તિ, અને મૃત્યુ સમયની તેમની અપૂર્વ શાન્તિ જોતાં ' મૃત્યુંજય ' ઉપનામ ખરેખર સાર્થક છે.

' ઝંડાધારી ' નામે સ્વ. મેઘાણીએ લખેલું પુસ્તક સ્વામીજીના જીવનના આવા અનેક રસિક અને અદ્‌ભુત પ્રસંગોથી ભરપૂર છે.]

“ ઝેર દઇને કે હથિયાર ચલાવીને જો કોઈ મને નહિ મારી નાખે, તો આ મારો દેહ મનુષ્યની આવરદાની છેલ્લામાં છેલ્લી અવધિ સુધી જીવતો રહેશે; લગારે કરમાશે નહિ. ઢીલો પણ પડશે નહિ.”

મૃત્યુ સામેનો આ પડકાર સાઠ વર્ષની ઉંમરે મહર્ષિજીએ જોધપુરમાં ઉચ્ચાર્યો.

મહારાજ પ્રતાપસિંહજીને સ્વામીજીએ નીચે પ્રમાણે પત્ર લખ્યો :

માન્યવર શૂરવીર મહારાજા શ્રી. પ્રતાપસિંહજી !

આનંદિત રહો. આ પત્ર બાપુને પણ વંચાવજો.

મને બહુ જ શોક થાય છે, કે જોધપુરાધીશ અત્યારે આળસ વગેરે વિલાસમાં ગરક છે, અને આપ તથા બાપુ પણ વિલાસમાં જ રહો છો. આ રાજ્યમાં સોળ લાખથી વિશેષ વસ્તી છે. એના રક્ષણ અને કલ્યાણનો મોટો બોજો આપ સહુ ઉઠાવી રહ્યા છો. એનો સુધારોબગાડો પણ આપ ત્રણ જણા ઉપર લટકી રહ્યો છે. છતાં આપ ત્રણ જણા શરીરની રક્ષા પ્રત્યે બહુ જ ઓછું ધ્યાન આપો છો એ કેટલું શોચનીય !

હું માગું છું, કે મારા કહ્યા મુજબ આપ આપની દિનચર્યા સુધારી લ્યો, કે જેથી મારવાડના જ નહિ, પણ આખા આર્યાવર્તના કલ્યાણમાં આપની કીર્તિ બોલાય. પછી તો જેવી આપની મરજી !

આશ્વિન વદી ત્રીજ : સં. ૧૯૪૦ લિ૦

દયાનંદ સરસ્વતી

એક બાજુ આ પત્ર લખાઈ રહ્યો છે. બીજી બાજુ સાપણી પોતાની દાઢમાં ઝેર ભરી રહી છે. નન્નીજાનના મનસૂબામાં સ્વામીજીનો કાળ રમવા લાગ્યો છે. મહર્ષિને તેણે પોતાનો જમદૂત જાણ્યો. તેના હૃદય–અંધકારમાં કાવતરું શરૂ થઈ ચૂક્યું.

જોધપુર આવ્યાને પાંચમો મહિનો જાય છે, ત્યાં સ્વામીજીનો વફાદાર સેવક કલ્લુ પાંચસો છસો રૂપિયાનું દ્રવ્ય ચોરીને અલોપ

થાય છે. જોધપુરમાં જાણ થઈ. મહારાજા જશવંતસિંહજીની આજ્ઞા છૂટી, કે ચોરને પાતાળમાંથી પણ પકડી આણો. પરંતુ તે ન પકડાયો. ડંખ દઈને કાળો વીંછી સરકી જાય તેમ તે સરકી ગયો. તેને મારવાડના પહાડની કે માર્ગોની લગારે પિછાન નહોતી, છતાં તે શી રીતે ક્યાં છુપાયો? સ્વામીજીને સંદેહ ગયો. કાવતરાનો પહેલો દાવ પોબાર! બીજો દાવ રમાય છે.

સંવત ૧૯૪૦ ના આસો વદી ચૌદશની રાત્રીએ સ્વામીજીએ પોતાના રસોઈયા પાસેથી દૂધ લઈને પીધું અને પોઢી ગયા. જરા વાર આંખો મળી, ત્યાં તો પેટમાં વેદના ઊપડી. જાગી ઊઠ્યા, ત્રણ વાર ઊલટી કરી; પણ પાસે સૂતેલા સેવકોને ન જગાડ્યા. પ્રભાતે પોતે ઊઠ્યા; વેદના ઊપડી. ઊલટી કરી, પણ જીવ મોળો પડવા લાગ્યો. જઠરમાં શૂળ ભોંકાવા લાગ્યાં. રાજાના દાક્તર દોડ્યા આવ્યા, કૈંક ઔષધિઓ આપી. પણ કોણ જાણે શા ભેદથી ઉપ-ચારની ઊંધી જ અસર થતી ગઈ. ગળું સુકાવા માંડ્યું. લોહીના બિંદુએ બિંદુમાંથી જાણે કે જીવન શોષાતું ગયું; છતાં ન અરેરાટ, ન સિસકાર કે ન ગભરાટ. વહાલું વહાલાને ભેટે તેમ જાણે કે યોગી મૃત્યુને આલિંગન દઈ રહ્યો છે. આખરે બહુ દવાઓને પરિણામે તેમનો આત્મારામ થોડા દિવસ ટક્યો. પણ બિછાનામાં કાળી બળતરા ઊઠતી હતી. પિંજરના દ્વારમાંથી પ્રાણપંખી પાંખો ફફડાવવા લાગ્યું.

આવી દશામાં સ્વામીજીને આ વિષ–પ્રયોગના કાવતરાની જાણ થઈ. એ મહાજ્યોતને બુઝાવનારા પોતાના રસોઇયા જગન્નાથને તેમણે પોતાની પાસે બોલાવ્યો. જગન્નાથે અપરાધ કબૂલ કર્યો. સ્વામીજીની ગંભીર મુખમુદ્રાની એક રેખાયે ન બદલાઈ. દયાર્દ્ર શબ્દે તેમણે કહ્યું, "ભાઈ જગન્નાથ, મને બીજું કાંઈ નથી, પણ મારા

જીવનનું કામ અધૂરું રહી ગયું. તને ખબર નથી કે તારે હાથે કેટલા બધા જીવોને નુકસાન થયું છે. પણ કાંઈ નહિ, ભાઈ! લે, આ થોડા રૂપિયા હું તને આપું છું. એ લઈને તું તાબડતોબ આ રાજ્યના સીમાડા છોડી દે. નેપાળમાં જઈને છુપાઈ જા. નહિતર અહીં જો જરાયે વાત ફૂટશે તો તારા લોહીનું બિંદુએ બિંદુ નીચોવી લેશે. જગન્નાથ, ભાઈ, જા! વાર ન લગાડ. મારા તરફથી નિર્ભય રહેજે. હું તારી વાત બહાર નહિ પાડું."



સ્વામીજી રસોઇઆને રૂપિયા આપતાં નાસી જવાનું કહે છે.

પંદર વરસ વેશ પલટીને જગન્નાથે તિબેટમાં કાઢ્યાં તેના પુરાવા મળે છે.

ત્રીજે દિવસે સ્વામીજીને પાલખીમાં બેસાડી આબુરાજ લઈ જવામાં આવ્યા. જોધાણનાથ પગે ચાલીને વળાવવા આવ્યા. તેમના હૃદયમાં ઊંડી દિલગીરી વ્યાપી હતી. વિદાય દેતી વખતે

તેમનું હૈયું ભરાઈ આવ્યું, કેમકે ભારતવર્ષની સત્ય-જ્યોતને બુઝાવવાનું પાતક તેમના રાજદ્વાર પર ચડતું હતું.

સંધ્યા સમયે તેમણે જોધપુરના પાદરને છેલ્લા રામરામ કર્યા. આબુમાં એક નિપુણ દાક્તરની દવા હાથ બેઠી. દીવડામાં તેલ પુરાવા લાગ્યું, ત્યાં બીજી ફૂંક લાગી. સરકારી તબીબીખાતાનો લાલરંગી હુકમ છૂટ્યો, કે દાકતર લક્ષ્મણદાસે તાબડતોબ અજમેર ચાલ્યા જવું ! દાક્તરે રાજીનામું આપ્યું. કોણ જાણે શો સંકેત કામ કરી રહ્યો હતો. રાજીનામું નામંજૂર થયું, દાક્તર ગયા. સ્વામીજીને પણ અજમેર ઉઠાવી ગયા. પણ પછી તો દાકતરે હાથ ખંખેરી નાખ્યા.

સાંજ પડતી આવે છે. જીભ પર, મોંમાં, માથામાં, અને દેહને રોમે રોમ ફોલ્લા ઊપડ્યા છે. છતાં સ્વામીજીએ હજામને બોલાવી શિર પર મુંડન કરાવ્યું, નખ ઉતરાવ્યા. એક શિષ્યનો આધાર લઇને પોતે પલાંઠી વાળી બેઠા. પછી અત્યંત વત્સલતા સાથે કહ્યું, ‘બેટા આત્માનંદ, તારે કંઈ જોઈએ છે ?’

આત્માનંદજીનાં નેત્રોમાંથી અશ્રુધારા ચાલી. તેણે રડતાં રડતાં કહ્યું, ‘આપને પ્રભુ આરામ આપે એથી વધીને બીજી કશી ઇચ્છા આ ત્રણે ભુવનમાં મારે નથી રહી.’

મહર્ષિજીએ હાથ લંબાવીને આત્માનંદજીના મસ્તક પર મૂક્યો અને બોલ્યા, ‘બેટા, ગભરાવું નહિ. કર્તવ્યનું પાલન કરતાં સદા આનંદમાં રહેજે. સંસારમાં સંયોગવિયોગ તો સ્વાભાવિક છે.’

પોતાની સગી જનેતા મરતી હોય ને જેમ ધાવણાં બચ્ચાં રડે તેમ ચેલા રડ્યા. મહર્ષિએ બબ્બે રૂપિયા અને બે દુશાલા મંગાવીને બંને શિષ્યોને ભેટ દીધા. બંને જણાએ એ વસ્તુઓ પાછી મેલી દીધી. પછી મહર્ષિએ તે દિવસનાં વારતિથિ પૂછયાં.

ઓરડાની ચોમેર નજર કરી લીધી. વેદપાઠ આરંભ્યો. એ સ્વરોના ગુંજનમાં, કંઠમાં કે ઉચ્ચારમાં ક્યાંયે નિર્બળતાનો અંશ પણ નહોતો.

વેદના મંત્રો પૂરા કરી પુલકિત અંગે સંસ્કૃતમાં પરમાત્માની યશગાથાઓ ઉપાડી. સમાધિમાં બેઠા. મુખમંડળ ઉપર પ્રસન્નતાનો ઝળહળાટ પથરાઈ ગયો. આખરે કમળશાં નેત્રો ઉઘાડી, 'હે દયામય, તારી ઇચ્છા ! ઓ દેવાધિદેવ, તારી જ ઇચ્છા ! વાહ, પ્રભુ, કેવી તારી લીલા !' એમ ગુંજારવ કરતાં કરતાં, જન્મો-જન્મનાં કર્મોને ખાક કરી, સં. ૧૯૪૧ ના કાર્તિક માસની અમાસને રોજ એ આત્માની જ્યોત મહાજ્યોતમાં મળી; અને જગત ઉપર સંધ્યાનાં અંધારાં ઊતર્યાં.

પ્રશ્નો

૧. 'મૃત્યુંજય' એટલે શું ? દયાનંદ સરસ્વતીએ મૃત્યુ સામે કેવી રીતે પડકાર કર્યો ?
૨. જોધપુર ક્યાં આવ્યું ? જશવંતસિંહના દરબારમાં જવાથી સ્વામીજીને શોક કેમ ઉત્પન્ન થયો ?
૩. સ્વામીજીને મારી નાખવા માટે શું કાવતરું રચવામાં આવ્યું ?
૪. સ્વામીજી મૃત્યુને કેવી રીતે ભેટયા ?
૫. દયાનંદ સરસ્વતી માટે બીજી કોઈ હકીકત જાણતા હો તો કહો.
૬. હિંદના બીજા પાંચ મહાપુરુષોનાં નામો લખો.
૭. સમજાવો :—
   क. વહાલું વહાલાને ભેટે તેમ જાણે કે યોગી મૃત્યુને આલિંગન દઈ રહ્યા છે.
   ख. પિંજરના દ્વારમાંથી પ્રાણપંખી પાંખો ફફડાવવા લાગ્યું.
   ग. આત્માની જ્યોત મહાજ્યોતમાં મળી અને જગત ઉપર સંધ્યાનાં અંધારાં ઊતર્યાં.



પાઠ ૧૪ મો

¤

શિબિરાજા

¤

શ્રી. નાનાભાઈ ભટ્ટ

[આપણાં પુરાણોમાંની અનેક આખ્યાયિકાઓ તમને હોંસે હોંસે વાંચવી ગમે એવી સરળ અને છટાદાર ભાષામાં શ્રી. નાનાભાઇએ લખી છે. શરણે આવેલાનું કોઈ પણ ભોગે રક્ષણ કરવું એ ક્ષત્રિયનો પરમ ધર્મ. એ ધર્મ બજાવતાં, શરણે આવેલા એક હોલાને બાજના પંજામાંથી બચાવવા, શિબિરાજાએ પોતાનાં તમામ અંગો, પોતાને હાથે કાપીકાપીને, હસતે મોઢે, ત્રાજવામાં મૂક્યાં. કેવો અદ્‌ભુત ત્યાગ ! સ્વધર્મનું કેવું ભવ્ય પાલન !

એક નાનકડા હોલાને બચાવવા પોતાનો સુંદર જુવાન દેહ, ત્રણ લોકનું રાજ્ય, સત્તા અને વૈભવ એ બધાને ફના કરવા તૈયાર થનાર રાજા કદાચ મૂર્ખ લાગે. પરંતુ આવી મૂર્ખતા જ જગતને ઊંચે ચડાવે છે અને જીવનને જીવવા યોગ્ય બનાવે છે. પોતાના અંગત આરામ, વૈભવ અને સ્વાર્થ માટે જીવવું એ સાચું જીવન નથી. પરાર્થે મૃત્યુથી પણ ન ડરતાં પોતાના ધર્મમાંથી ચલિત ન થવું એ જ સાચું જીવન છે.]

ઘણાં ઘણાં વર્ષો પૂર્વે શિબિ નામનો એક રાજા હતો. શિબિ એક વાર પોતાની યજ્ઞશાળામાં બેઠો હતો, ત્યાં તેના ખોળામાં એકાએક એક હોલો આવી પડ્યો. હોલાના શરીરે ચાંચના જખમ હતા, તેની પાંખો વીખેરાયલી જેવી હતી, તેની આંખો ભયથી વિહ્‌વલ હતી, તેનું આખું શરીર હાંફતું હતું, તેના પગ ટટ્ટાર થઈ શકતા ન હતા. હોલો ચીસ પાડીને ખોળામાં પડ્યો કે તરત જ રાજાએ તેને લઈ લીધો, તેના પર ઠંડું પાણી રેડ્યું, અને પછી તેની પાંખ પર હાથ ફેરવીને તેને ચૂમીઓ લેવા લાગ્યો.

એટલામાં સામેથી અવાજ આવ્યો: “ રાજન્ ! આ હોલો મારો છે. તું મને એ સોંપી દે.” રાજા આંખ ઊંચી કરીને જુએ

છે તો સામે એક ટોડલા પર બાજ બેઠેલો. બાજની આંખોમાં ક્રૂરતા હતી. તેના અવાજમાં કર્કશતા હતી. પોતાનો શિકાર આ પ્રમાણે છટકી ગયો તેથી તે ચિડાયો લાગતો હતો.

બાજનાં વચન સાંભળીને હોલો રાજાના ખોળામાં વધારે ઊંડો ભરાયો. રાજા બોલ્યો : "પંખીરાજ ! મારા ખોળામાં આવ્યા પહેલાં આ હોલો તારો હતો; મારા ખોળામાં આવ્યા પછી તે મારો થયો છે; મારો ખોળો છોડીને ઊડી જશે એટલે એ પોતે સ્વતંત્ર થશે."

બાજથી આ સહન ન થયું. તે તરત જ બોલ્યો : "રાજન્ ! યજ્ઞશાળામાં બેઠો બેઠો તું આવું અધર્મવચન કેમ બોલે છે? હોલો એ અમ બાજોનો સ્વાભાવિક ખોરાક છે. ઈશ્વરે અમારા માટે એવું નિર્માણ કર્યું છે. આ હોલો તું મને નહિ આપે તો હું અને મારાં છોકરાં ભૂખે મરશું તેનું પાપ તને લાગશે. એક હોલાને બચાવીને તું બીજાં કેટલાંને મારશે તેનો તો વિચાર કર."

રાજાએ હોલાના બદલામાં શાકભાજી, ફળફૂલ, મીઠા મેવા અને ખાવાના અનેક પદાર્થો આપવાનું કહ્યું પણ બાજ એકનો બે ન થયો.

તેથી રાજા બોલ્યો : "પંખીરાજ ! હું ક્ષત્રિય બચ્ચો છું. આડે દિવસે તું આવા કેટલા યે હોલાને મારી ખાતો હોઈશ ત્યાં હું તને રોકવા નથી આવતો. પણ આજે આ હોલો મારે શરણે આવ્યો છે. એટલે હું તને સોંપવાનો નથી. શરણે આવેલા પ્રાણીને બચાવવા માટે જરૂર પડતાં પ્રાણ સુદ્ધાં પાથરવા એ અમારો ક્ષત્રિયોનો અણલખ્યો ધર્મ. શિબિ આ ધર્મનો ત્યાગ કરે તો

શિબિનું જીવતર ધૂળધાણી થઈ જાય–ત્યારે તો શિબિ જીવતો મૂઆ જેવો."

બાજે ચાલાકીથી સંભળાવ્યું; "મહારાજ! શિબિ ક્ષત્રિય અવતર્યો એ બાજનો અને તેનાં બચ્ચાંઓનો ગુનો? શિબિને ક્ષત્રિયવટ જાળવવી હોય તો મને અને મારાં બચ્ચાંને મારીને શા માટે જાળવે છે? બે પાંખવાળા એક નાનાશા હોલાને પકડી રાખવામાં શી ક્ષત્રિયવટ છે?"

રાજા ઘડીભર તો અકળાયો, પણ વળી પાછો સ્વસ્થ થઇને બોલ્યો: "પંખીરાજ! ક્ષત્રિયવટ એ સાવ એવી વેપારની ચીજ નથી કે આપણાં ત્રાજવાંમાં તોળાય. એવી એવી વાતોને તોળવાનાં ત્રાંજવાં પ્રભુએ સંતોના હૃદયમાં જ ગોઠવ્યાં છે. કોઈ પણ ઉપાયે હું તને આ હોલો આપવાનો નથી. તેને બદલે તું બીજો જે આહાર માગે તે આપવા હું તૈયાર છું."

બાજ જરા વધારે નજીક આવીને બેઠો અને બોલ્યો: "રાજન્! આ હોલાનું લોહીમાંસ જેવું મીઠું છે એવું મીઠું લોહીમાંસ તું મને ક્યાંથી આપવાનો હતો? તેં મોટા મોટા યજ્ઞો કર્યા છે એટલે કદાચ તારાં લોહીમાંસ મીઠાં હોય!"

રાજા તરત જ બોલી ઊઠ્યો, "તો હું મારો આખો દેહ આપવા તૈયાર છું. ભલા બાજ! તેં ઠીક માર્ગ કાઢ્યો."

બાજ વળી હસ્યો અને બોલ્યો: "તારો દેહ તો છે જ, પણ મારાથી એ શી રીતે લેવાય? તારા પર આ આખી પ્રજાનો આધાર. તારા પર વર્ણાશ્રમ ધર્મનો આધાર. તારા પર આ હોલા જેવા અનેક દીન જનોનો આધાર. એ બધાયના આધારનો નાશ કરું એ કેમ પાલવે? અને રાજા! તું પણ એક હોલા માટે આ ત્રણ લોકનું રાજ્ય, આ જુવાની, આવો સુંદર દેહ, આ બધું ફના

કરવા તૈયાર થયો છે એટલે તારા જેવો મને બીજો કોઈ મૂર્ખ દેખાતો નથી."

રાજાએ હરખાતાં હરખાતાં જણાવ્યું : "પંખીરાજ! તારી વાત સાવ સાચી છે. વટને સાચવવાનો આગ્રહ રાખનારા લોકો મૂર્ખ જ હોય છે. ડાહ્યા લોકો મોટે ભાગે વટ જેવી ચીજને માનતા નથી; અને માને છે તો પ્રસંગ આવ્યે વટને જતી કરતાં અચકાતા નથી. દુનિયા એવા ડાહ્યા લોકોથી જ ચાલે છે. તું સાચું બોલ્યો એવું સાચું ભાગ્યે જ કોઈ બોલે છે. સાચું ન બોલવું એ પણ એક ડહાપણ જ છે ના? ભાઈ! હવે તું ક્યારનો ભૂખ્યો છે એટલે મને ખાવા માંડ. તું ખાતો જા અને આપણે વાતો કરતા જશું."

બાજ ફરી વાર હસ્યો અને બોલ્યો : "રંગ છે શિબિ રાજા, રંગ છે! તારે જેવી ક્ષત્રિયવટ છે તેવી મારે પક્ષીવટ છે. મારો અધિકાર આ હોલાનાં લોહીમાંસ જેટલાં જ લોહીમાંસ પર છે. હું તને એમ ને એમ ખાવાનો નથી. તું મને આ હોલાની ભારોભાર લોહીમાંસ તોળી આપ એટલે હું તે લઈ જઈશ અને અમે બધાં ય તેનું ભોજન કરશું."

બાજનાં આ વાક્યો સાંભળીને રાજાએ તરત જ યજ્ઞશાળામાં ત્રાજવાં મંગાવ્યાં, એક મોટી છરી મંગાવી, માંસને તોળનારો બોલાવ્યો અને પછી દેહને કાપ મૂકવો શરૂ કર્યો. ત્રાજવાના એક પલ્લામાં હોલો બેઠો એટલે બીજા પલ્લામાં રાજાએ પોતાનો જમણો પગ કાપીને મૂક્યો.

રાજાએ જમણો પગ કાપીને મૂક્યો અને તોળનારે ત્રાજવું ઊંચું કર્યું. એટલે તરત જ બાજ બોલ્યો : "રાજન્! હજુ ઓછું છે. હોલાવાળું ત્રાજવું ઊંચું પણ નથી થયું."

રાજાએ તરત જ પોતાનો ડાબો પગ કાપીને પલ્લામાં મૂક્યો. ત્રાજવું ફરીથી ઊંચું થયું અને બાજ બોલ્યો: "રાજન્! હજુ થોડું ઓછું લાગે છે. આ હોલો તો ભારે વજનદાર!"

ત્યાર પછી તો રાજાએ જમણી જાંઘ મૂકી, ડાબી જાંઘ મૂકી, અને છતાં યે પલ્લું ઊંચું ન થયું એટલે તો રાજા પોતે જ આખો પલ્લામાં બેસી ગયો, અને બોલ્યો: "પંખીરાજ! હું નહોતો કહેતો કે મને જ ખાવા માંડ? હવે તારી પણ વટ રહી. લે આવ."

રાજા આ પ્રમાણે બોલે છે ત્યાં તો આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ! લોકો બધા સ્તબ્ધ થઇ ગયા અને રાજાની સન્મુખ બે તેજસ્વી દેવો આવીને ખડા થયા.

"રાજન્! તને ધન્ય છે. આજે તારા ત્યાગથી તેં ત્રણ લોકને આંજ્યા છે. અમે દેવો તારી પરીક્ષા કરવા માટે જ બાજ અને હોલો થઇને આવ્યા હતા. તું જેને ડાહી દુનિયા કહે છે, તે ડાહી દુનિયા તારા જેવા મૂર્ખાઓના પ્રભાવથી જ જીવે છે એમ ખાતરી રાખજે. માનવીઓ તો શું, પણ અમે દેવો પણ આવી આવી મૂર્ખતાઓના પાઠ લેવા માટે તારા જેવાને ઢૂંઢીએ છીએ. રાજન્! અમને રજા આપ."

શિબિ ત્રાજવાના પલ્લામાંથી ઊભો થયો અને બન્ને દેવોને પ્રણામ કરતો બોલ્યો: "પ્રભો! મારા પર આપે કૃપા કરી. આપની શી સેવા કરું?"

દેવો ચાલતા થયા અને જતાં જતાં કહેવા લાગ્યા: "તારા જેવા સાધુ પુરુષોનું અસ્તિત્વ એ જ માનવ સમાજની મોટામાં મોટી સેવા છે. તારા જીવનની સુવાસ આસપાસ ફેલાય એથી વધારે મોટી સેવા શી હોય?" એમ કહી દવો અંતર્ધાન થઈ ગયા.

પ્રશ્નો

૧. શિબિરાજા અને બાજ વચ્ચે થયેલો સંવાદ તમારા શબ્દોમાં લખો. બન્નેમાંથી કોણ વધારે ચાલાક લાગે છે?

૨. હોલાના માંસના બદલામાં રાજાનું જ માંસ બાજે કેમ માગ્યું?

૩. હોલો આટલો બધો વજનદાર હોય? તેનું વજન આટલું ભારે હોવાનું કારણ?

૪. રાજાએ ક્ષત્રિયનો શો ધર્મ બતાવ્યો?

૫. ક્ષત્રિયવટ અને પક્ષીવટ એ બેની હરીફાઇમાં કોણ જીત્યું?

૬. બાજ અને હોલો કોણ હતા? તેમણે શિબિરાજાને જતાં જતાં શું કહ્યું?

૭. શિબિરાજાના કયા ગુણો તમને ગમ્યા? શિબિરાજા શું મૂર્ખ હતો?

૮. નીચેનાં વાક્યો સમજાવો—

क. ક્ષત્રિયવટ એ સાવ એવી વેપારની ચીજ નથી કે આપણાં ત્રાજવાંમાં તોળાય.

ख. સાચું ન બોલવું એ પણ એક ડહાપણ જ છે ના?

ग. ડાહી દુનિયા તારા જેવા મૂર્ખાઓના પ્રભાવથી જ જીવે છે.



પાઠ ૧૫ મો

☼

ભલામણચિઠ્ઠી

☼

શ્રી. શશીન્ ઓઝા

[આ એક નાટકનો થોડો ભાગ છે. હરિજનોને હિંદુઓથી જુદા પાડવાનું ઈંગ્લૅંડના વડાપ્રધાને નક્કી કર્યું ત્યારે ગાંધીજીએ પૂનામાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા હતા. તેમણે વિઠોબા નામના એક હરિજનને તેનાં આપેલાં સંતરાંના રસથી ઉપવાસ છોડવાનું વચન આપ્યું હતું. જ્યારે ઉપવાસ છોડવાનો વખત આવ્યો ત્યારે ગરીબ વિઠોબા પાસે ફળ ખરીદવાના પૈસા ન હતા. તે પૈસા મેળવવા તથા સંતરાં લેવા બજારમાં નીકળ્યો છે. હવે આગળ વાંચો. આ પાઠ 'અખંડ આનંદ' નામના માસિકમાંથી લીધો છે.

ગાંધીજીના જીવનનું એક અગત્યનું પાસું આ નાટિકામાં વર્ણવાયું છે. હરિજનસેવા એ ગાંધીજીનું જીવનવ્રત હતું. પ્રભુએ સરજેલાં માનવી સર્વ સરખાં છે અને તેમની વચ્ચે ઊંચનીચનો ભેદ રાખવો એ પાપ છે, એમ ગાંધીજી માનતા. આથી જ પોતાના ઉપવાસ ધનિકોનાં રસભર્યાં ફળો વડે નહિ પણ એક ગરીબ હરિજન બાળકનાં ભીખીને લાવેલાં સૂકાં સંતરાંના રસથી છોડે છે.]

ચોથું દૃશ્ય

સ્થાન : પૂનાની એક બજાર

સમય : બપોર

[વચમાં સડક અને બન્ને બાજુ દુકાનો. દુકાનોમાં તરેહ તરેહની ચીજો છે. દુકાન ઉપર વેપારી બેઠા છે. સડક ઉપર લોકો આવજા કરે છે. વિઠોબા એક વેપારી સાથે વાત કરે છે. તેની દિલગીરી કેવી વધી ગઈ છે તે એના મોઢા ઉપરથી દેખાય છે.]

વિઠોબા : આજ સાંજ પહેલાં તમને આઠ આના આપી દઈશ. વચન આપું છું.

વેપારી : (ગુસ્સાથી) એકવાર કીધું, બેવાર કીધું કે મારી દુકાનમાં લેવા–દેવાની વાત નહિ.

વિઠોબા : એ હું જાણું છું....પણ....

વેપારી : (વધારે ગુસ્સે થઈ) હવે જાય છે કે માર ખાવો છે?

વિઠોબા : (આગળની દુકાન પાસે ઊભો રહી) તમે મહેરબાની કરી મને આઠ આના આપશો ?

બીજો વેપારી : એ તો જાણ્યું. પણ તેં આઠ આના મારી દુકાનમાં જમા કરાવ્યા'તા ?

વિઠોબા : એ મારી શક્તિ હોત....

વેપારી : જા, જા, ત્યારે.

વિઠોબા : (થોડે આઘે જઈ ત્રીજા વેપારીને) એક મહેરબાની કરશો ?

વેપારી : શું ?

વિઠોબા : મારે આઠ આનાની જરૂર છે.

વેપારી : તે હશે. એમાં હું શું કરું ?

વિઠોબા : તમે ઈશ્વરને માનો છો ? એક ગરીબની ઇચ્છા....

વેપારી : આ ભિખારીઓથી તો તોબા !

બીજો વેપારી : અરે, કેટલાકનો તો આ જ ધંધો થઈ ગયો છે.

ત્રીજો વેપારી : કેટલાકનો હોય ? ઘણાનો !

ચોથો વેપારી : દિવસ ઊગે ને આવા આવ્યા જ કરે છે.

વિઠોબા : મારો ભીખ માગવાનો ધંધો પણ નથી ને મારા જેવા ભીખ માગનારા રોજ આવતા પણ નથી. મારે આઠ આના જોઇએ છે. સંતરાં કે મોસંબી ખરીદવા માટે. બાપુ આજ મારાં સંતરાંના રસથી પારણાં કરશે.

એક વેપારી : આ ભીખ માગવાની નવી તરકીબ !

બીજો વેપારી : પેટ ભરવાના ધંધા !

ત્રીજો વેપારી : હું તો કહું છું કે વિલાયતની જેમ અહીં પણ કાયદાથી ભીખ બંધ કરવી જોઇએ.

ચોથો વેપારી : સેન્ટ્રલ એસેંબ્લીમાં આપણો પ્રતિનિધિ છે. તેને આ કાયદા માટે મેં તો હજાર વાર કીધું.

પાંચમો વેપારી : આપણા પ્રાંતની એસેંબ્લીનો એક ધારાસભ્ય તો આ માટેનું બિલ પણ બનાવી રહ્યો છે.

વિઠોબા : (એકદમ એક દુકાનેથી બીજી દુકાને ફરે છે. ઉન્માદભર્યા સ્વરે) હું ખોટું નથી બોલતો....બાપુએ મને બરોબર કહ્યું છે, કે

મારાં સંતરાંના રસથી એ પારણાં કરશે....કોઈ....કોઈપણ સાથે આવે. મારે પૈસા નથી જોઇતા....સંતરાં ખરીદી લે....મને પણ ન દે....ને લઇને મારી સાથે યરવડા જેલમાં આવે....બાપુ એ રસથી પારણાં કરે છે કે નહિ એ જોઈ લે!....અરે! બાપુ મારાં સંતરાંના રસની વાટ જોઇને બેઠા હશે....કદાચ....મારા આવ્યા પહેલાં ઉપવાસ પણ પૂરો નહિ કરે. કેટલો વખત થઈ ગયો....માત્ર એક જ પ્યાલો રસ જોઇએ....ત્રણ મોસંબી....આઠ આનાના પૈસા.

એક મુસલમાન વેપારી : (દયાથી) ખરેખર તારાં સંતરાંના રસથી ગાંધીજી રોજા ખોલશે ?

વિઠોબા : (તેની પાસે જઇ ઉત્સુકતાથી) તમે પોતે આવીને જોઈ જાવ. તમે જ સંતરાં ખરીદી યરવડા ચાલો.

તે વેપારી : (વિઠોબા તરફ એકીટશે જોઇ) નહિ. મને તારી વાત ઉપર વિશ્વાસ છે. (આઠ આના કાઢી) લે આઠ આના.

(જાણે ગીની મળી હોય એવા ગૌરવથી વિઠોબા આઠ આનીને જોઇ રહે છે. જાણે પોતે સમસ્ત સૃષ્ટિની સંપત્તિનો માલિક બની ગયો! કશું જ બોલ્યા વિના એ મુસલમાન વેપારી તરફ જોઈ રહ્યો. કેવી કૃતજ્ઞતાભરી દૃષ્ટિથી! થોડીક ક્ષણ બાદ એ દોડતો ચાલ્યો ગયો.)

એક વેપારી : (મુસલમાનને) તમને એણે ધૂતી લીધા !

બીજો : કેટલા યે મોટા મોટા માણસોએ મોસંબી મોકલી હશે. એના રસથી નહિ ને આ ભિખારીના રસથી અનશન તોડશે ?

ત્રીજો : ને આવી આવી યુક્તિ આવા ભિખારીઓ કરે છે.

ચોથો : એને કૂતરાની જેમ મારીને હાંકી કાઢવો જોઇએ.

પાંચમો : અરે ! હડકાયા....હડકાયા કૂતરાની જેમ !

[નાનો પડદો પડે છે]

પાંચમું દૃશ્ય

[ફળનું બજાર. હાલચાલ ઓછી થઇ ગઈ છે. પહેલાં દુકાન ઉપર સંતરાં ન હતાં. હવે તો મોસંબી પણ દેખાતી નથી. વિઠોબા જલદી પ્રવેશે છે.]

વિઠોબા : (એક વેપારીને) ભાઈ, આઠ આનાનાં સંતરાં ને મોસંબી આપો.

વેપારી : બધાં વેચાઈ ગયાં.

વિઠોબા : (આગળ બીજા વેપારીને) ભાઈ, તમે દો.

વેપારી : મારી પાસે નથી.

વિઠોબા : (નિરાશ થઈ ત્રીજા પાસે) તમારી પાસે છે ?

વેપારી : મારી પાસે એક પણ નથી.

વિઠોબા : (ઊંચેથી) અરે ભાઈ, કોઈ પાસે સંતરાં કે મોસંબી કાંઇ છે ?

(કોઈ દુકાનદાર કાંઈ બોલતા નથી. એક ઘરડો વેપારી પોતાની ટોપલીમાંથી ચાર સૂકાં સંતરાં કાઢે છે.)

તે વેપારી : લે આ છે. આઠ આનામાં ચાર આપીશ.

વિઠોબા : (સંતરાં લઈ, તેને જોઈ) પણ........પણ........આ તો સુકાઈ ગયેલાં છે !

[નાનો પડદો પડે છે.]

છઠ્ઠું દૃશ્ય

સ્થાન : યરવડા જેલની એક કોટડી

સમય : ત્રીજો પ્રહર

[સરોજિની નાયડુ એક ખુરસી ઉપર બેઠાં છે. આખી કોટડી મોસંબી અને સંતરાંના ટોપલાથી ભરાઈ ગઇ છે. હજુ ટોપલાઓ આવ્યા જ જાય છે. મોસંબીના અનેક ટોપલા છે. ટોપલા સાથે ' વિઝિટિંગ કાર્ડ ' પણ આવે છે. કોઇ સાથે ચિઠ્ઠીઓ આવે છે.]

સરોજિની : (એક કાર્ડ વાંચી) અરે ! સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ. (થોડી વારે બીજું કાર્ડ વાંચી) સર કાવસજી. (ત્રીજી ચિઠ્ઠી વાંચી) ઓ ! શેઠ વાલચંદના પોતાના બગીચાની મોસંબી. (બીજું કાર્ડ જોઇ) શેઠ શૂરજી વલ્લભદાસ. (એક ચિઠ્ઠી વાંચી) રહેમતુલ્લાના બાગના પહેલા જ ફાલની મોસંબી. (બીજું કાર્ડ વાંચી) લેડી વિઠ્ઠલદાસ ઠાકરસી. (વળી એક કાર્ડ વાંચી) હિઝ હાઇનેસ ભોપાળ. (ફરી જરા રોકાઈ બીજું કાડ વાંચે છે.) આ ! એક્સેલન્સી.......

[પડદો]

ઉપસંહાર

સ્થાન : યરવડા જેલનું આંગણું

સમય : ત્રીજો પ્રહર

[સામા વૃક્ષ તળે મહાત્મા ગાંધીજીનો પલંગ છે. ગાંધીજીના મુખ અને શરીર ઉપર કમજોરી દેખાય છે. પલંગ પાસે એક તરફ પાયા પાસે કસ્તુરબા બેઠાં છે. પલંગ પાસે એક ખુરસી પર કવિ રવીન્દ્રનાથ બેઠા છે. પલંગ પાસે એક ટેબલ પડ્યું છે. તેની પાસે ઊભાંઊભાં સરોજિની નાયડુ સંતરાંનો રસ કાઢી રહ્યાં છે. ટેબલથી જરા આઘે મોસંબીના ટોપલા પડ્યા છે. હજુ ટોપલા આવતા બંધ નથી પડ્યા. આંગણામાં ઘણી ભીડ જામી છે. કોઇ ખુરસી પર, કોઈ જમીન પર બેઠા છે, તો કોઇ ઊભા છે. બધા સમુદાય ને સમાજના લોકો છે. સ્ત્રીઓ અને બાળકો પણ છે. વલ્લભભાઈ પટેલ, રાજગોપાલાચારી, એન્ડ્રુઝ, નરીમાન, એમ. સી. રાજા, આંબેડકર, રાજભોજ, અમૃતલાલ ઠક્કર, મહાદેવ દેસાઈ, પ્યારેલાલ અને મિસ રૈહાના તૈયબજી છે. ઘણા વેપારીઓ પણ દેખાય છે. ગુરુદેવ ટાગોર બંગાળી ભાષામાં એક ગીત ગાઇ રહ્યા છે.

એ પછી રૈહાના તૈયબજી હિંદુસ્તાનીમાં ગીત ગાય છે.

એ પછી એન્ડ્રુઝ એક અંગ્રેજીમા ગીત ગાય છે.

એ પછી નીચેનું કાવ્ય બધા સમૂહમાં ગાય છે :

'વૈષ્ણવ જન તો તેને કહીએ.'

આ ગાન પૂરું થયા પછી સરોજિનીનાયડુ રસનો પ્યાલો ભરી ગાંધીજીના પલંગ પાસે જાય છે. મહાદેવભાઇ અને પ્યારેલાલ ટેકો આપી ગાંધીજીને બેઠા કરે છે. સરોજિની નાયડુ પ્યાલો આગળ લાવે છે. ગાંધીજી હાથ લંબાવે છે. એકાએક હાથ થંભી જાય છે. કંઇક યાદ આવે છે.]

ગાંધીજી : મેં એક હરિજન છોકરાને કહ્યું હતું કે જો હું અનશન મૂકીશ તો તારાં સંતરાંના રસથી જ. તેનું....તેનું....નામ....

મહાદેવભાઈ : વિઠોબા.

ગાંધીજી : હા, વિઠોબા ! એ ક્યાં મળે ?

[ગાંધીજી ફરી સૂઈ જાય છે. સારા આંગણામાં સનસનાટી ફેલાઇ જાય છે. 'શોધો, ગોતી લાવો, એ વિઠોબાને લઇ આવો.' એવા શબ્દો કાને પડે છે. એ જ સમયે પરસેવાથી લોથપોથ વિઠોબા પ્રવેશ કરે છે. તેના હાથમાં ચાર સૂકાં સંતરાં છે. એ એકદમ આગળ આવે છે. બધા માણસો તેને માર્ગ આપે છે. જાણે એ મહાન વ્યાકત ન હોય ! એ ગાંધીજી આગળ પહોંચી જાય છે.]

વિઠોબા : બાપુ....બાપુ....આપે ઉપવાસ પૂરા........કર્યા ?

ગાંધીજી : (વચ્ચે) નહિ, વિઠોબા ! તારી જ વાટ જોતો હતો.

વિઠોબા : (ગાંધીજીના પલંગ પર સંતરાં મૂકી) પણ બાપુ, આ સંતરાંમાંથી એક પ્યાલો રસ તો નહિ નીકળે. એ સૂકાં........છે.

ગાંધીજી : (એક સંતરું ઉપાડી) એક ઘૂંટડો તો નીકળશે ને ?

[સરોજિની નાયડુ એક સંતરું ઉપાડી તેની છાલ ઉતારવાનું શરૂ કરે છે.]

ગાંધીજી : (હસીને. તેમના હાસ્યધ્વનિ ઉપરથી પણ ખબર પડે છે, કે તેમનામાં કેટલી અશક્તિ આવી ગઇ છે.) વિઠોબા ! મેં નહોતું કહ્યું કે હું જીવવાનો છું, મરવાનો નથી. વળી હું વાણિયો. તારું સંતરું લીધા પછી તને ચિઠ્ઠી લખી આપીશ.

વિઠોબા : પણ બાપુ....બાપુ....કેવાં સૂકાં સંતરાં છે....!

ગાંધીજી : (ફરી હસી) તોય...તોય તને ચિઠ્ઠી મળશે. આનાથી પણ સૂકાં કેમ નથી?

[થોડીક વાર નિસ્તબ્ધતા. બધા એકીટશે વિઠોબાની સામે જોઇ રહે છે. સરોજિની નાયડુ વિઠોબાનાં સંતરાંથી કાઢેલ રસનો પ્યાલો લાવે છે. પ્યાલો અરધો ભરેલ છે. ગાંધીજીને ફરી બેઠા કરવામાં આવે છે અને પોતે ઊઠી એ રસ પી જાય છે.]

જનસમુદાય : (ઊંચે અવાજે) મહાત્મા ગાંધીજીની જય! ભારતમાતાની જય! હરિજન ઝિન્દાબાદ.

ગાંધીજી : (વિઠોબાને) તને આગળ ભણવા માટે હવે ભલામણ-ચિઠ્ઠી લખી દેવામાં આવશે.

એક મારવાડી : શું તેને આગળ ભણવું છે?

ગાંધીજી : હા, એટલે જ કોઈના ઉપર મારી પાસેથી ભલામણ–ચિઠ્ઠી માગે છે.

મારવાડી : આપને ચિઠ્ઠી લખવાની કશી જરૂર નથી. એને ભણવાનો બધો ખર્ચ હું આપીશ.

એક ગુજરાતી : હું એને માટે એક નિશાળમાં બધી વ્યવસ્થા કરાવી આપીશ. ત્યાં હરિજનો પણ ભણે છે.

એક વહોરાજી : હાં. હાં. હું બધી વ્યવસ્થા કરાવી દઈશ. આપને ચિઠ્ઠી આપવાની કશી જરૂર નથી.

રવીન્દ્રનાથ : વિશ્વભારતીમાં મોકલી દો.

એન્ડ્રુઝ : એમ જ કરો, બાપુ!

વિઠોબા : પણ બાપુ, મારી હવે ભણવાની ઇચ્છા નથી.

ગાંધીજી : (નવાઇ પામી) ભણવાની ઇચ્છા નથી?

વિઠોબા : ના બાપુ, અંગ્રેજી ભણતરનો મને મોહ થઈ ગયો હતો. આજે મેં થોડાક અંગ્રેજી ભણેલાઓને જોયા. અંગ્રેજી ભણતર માટેની મારી બધી જ ઇચ્છા મરી ગઈ. મારાં મા, બાપ, જાતિ ને કુટુંબની સેવા કરી શકું તેટલું જ્ઞાન મેં લઈ લીધું છે. અમારી જાતિ માટે આપે શું શું નથી કર્યું ? છેવટ જીવને હોડમાં મૂકી આ ઉપવાસ કર્યા. જેનાં સંતરાંના રસથી આપે પારણાં કર્યાં, એ હવે પહેલાંના જેવો સ્વાર્થી નહિ રહી શકે.

ગાંધીજી : ત્યારે તો તેં મને છેતર્યો. મને સંતરાં આપી બદલામાં કાંઈ ન લે એ તો છેતરપિંડી જ કહેવાય ! ને–ને છેતર્યો એટલું જ નહિ, પણ મને સંતરાં આપી તારી સારી જાતિને માટે મને લઇ લીધો. હરિજનસેવા કરી આ જન્મમાં હું એ ઋણ ન અદા કરી શકું, તો આવતા જન્મમાં હરિજનને ત્યાં જન્મ ધારણ કરી એ ઋણ ચુકાવીશ.

[અનેક વ્યક્તિઓની આંખમાં આંસુ આવે છે.]

[પડદો પડે છે.]

પ્રશ્નો

૧. વેપારીઓએ વિઠોબાનાં વચનો ઉપર શા માટે વિશ્વાસ ન રાખ્યો ?
૨. ભિખારીઓ સંબંધી વેપારીઓના વિચારો દર્શાવો.
૩. વિઠોબાને આખરે પૈસા મળ્યા ? સંતરાં મળ્યાં ?
૪. ઉપવાસ છોડતી વખતે ગાંધીજી પાસે કયા નેતાઓ બેઠા હતા ?
૫. ગાંધીજીએ કોને શું વચન આપ્યું હતું ? તેમણે તે વચન કયા સંજોગોમાં પાળ્યું ?
૬. વિઠોબા પૈસા માગવા ગયો ત્યારે તેને કેવો આવકાર મળ્યો ? ગાંધીજીએ તેનાં સંતરાંનો રસ પીધો પછી તેને કેવો આવકાર મળ્યો ?

૭. વિદ્યાઓનો અંગ્રેજી ભણવાનો મોહ કેમ મરી ગયો ?

૮. સમજાવો :—

(ક) જેનાં સંતરાંના રસથી......શકે.

(ખ) મને સંતરાં આપી તારી સારી જાતિને માટે મને લઈ લીધો.



પાઠ ૧૬ મો

¤

સંગીતવેરણ

¤


શ્રી. પૂજાલાલ દલવાડી

[આ લેખકનું ' દેશનો વિમાની ' નામનું કાવ્ય તમે પહેલા પુસ્તકમાં વાંચ્યું હશે. આ કાવ્ય હાસ્યરસિક છે. આ કાવ્ય વાંચતાં જ તમને દલપતરામનું ' સાંબેલું ' કાવ્ય યાદ આવશે. બન્ને કાવ્યમાં સંગીત તેમજ સંગીતકારની મશ્કરી કરવામાં આવી છે.

એક સંગીતશાસ્ત્રી વીણા વગાડતા હતા. તેમની પાડોશણ જીવકોર ડોશી વીણાને એકીટશે જોતી હતી. આથી શાસ્ત્રીજીને લાગ્યું કે ડોશીમાને વીણાનું સંગીત ગમ્યું. તેથી હર્ષમાં આવી જઇ તેમણે તેને પૂછયું, " માજી, સૂરની જમાવટ કેવી છે ? " માજીએ જવાબ આપ્યો, " કપાળ તારું ! તૂમડાંમાંથી વીણા બનાવી તેથી સાત દિવસનું શાક પાણીમાં ગયું." કહેવત છે ના, કે " ભેંસ આગળ ભાગવત. "]

એક દી નવીન વીણા
લઈ કરે સૂર ઝીણા
મન રંજનારા મધુ શાસ્ત્રીએ શરૂ કર્યા;
સૂણતાં એ પાડોશણ
ડોશી સંગીતવેરણ
આંગણે આવીને જોવા લાગી : શાસ્ત્રીજી ડર્યા.

કિંતુ ના દેખાઈ રોષી
આજ જીવકોર ડોશી
આંખો એની એકીટશે વીણાને નિહાળતી;
શાસ્ત્રી ઉલ્લાસમાં આવ્યા
સૂર બહુ બહલાવ્યા,
માન્યું: "ધન્ય જીવકોરે સૂરતામાં મા'લતી !"



શાસ્ત્રીજી અને જીવકોર ડોશી

પછી જીવકોર કને
જઈને પ્રસન્ન મને
પૂછે : 'માજી ! કેવી જમાવટ સૂરની થઈ ?'
ડોશી કહે: "કપાળ તારું !
તૂમડું બગાડયું સારું !
સાત દીનું શાક તારી વીણા આ ખાઈ ગઈ !"

પ્રશ્નો

૧. શાસ્ત્રીજી પાસે પાડોશણ આવી તેથી તે શા માટે ડરી ગયા ?
૨. શાના ઉપરથી શાસ્ત્રીજીએ માની લીધું કે ડોશીને વીણાનું સંગીત ગમ્યું હતું ?
૩ તેમણે ડોશીને શું પૂછયું ?
૪. ડોશીએ શો ઉત્તર આપ્યો ?
૫ આ કાવ્યનું શીર્ષક તમને યોગ્ય લાગે છે ? શા માટે ?

પાઠ ૧૭ મો

¤

શિસ્ત

¤

[આ લેખ 'કુમાર' માસિકમાંથી લીધો છે. એ માસિક તમે રસપૂર્વક વાંચી શકો એવી ઘણી સામગ્રી દર મહિને આપે છે.

શિસ્ત એ તો જીવનનો પાયો છે. વ્યક્તિ કે સમાજની ઉન્નતિ શિસ્ત વિના થઇ શકતી નથી. આ હકીકતનું સમર્થન જુદાં જુદાં દૃષ્ટાંતો વડે આ પાઠમાં કરવામાં આવ્યું છે.]

જ્યારે મારા મિત્રે મને પૂછ્યું, 'બીજા દેશના લોકોમાં જે સહજ રીતે દેખાય છે, પણ હિંદમાં સાધારણ મનુષ્યથી માંડી મોટા નેતાઓ સુધી પણ કોઈમાં નજરે નથી પડતી એવી કયી વસ્તુ છે?' ત્યારે મેં બેધડક જવાબ આપ્યો, કે 'શિસ્ત.' ૧૭૫૭ ની પ્લાસીની લડાઈથી માંડી ૧૯૪૨ ની ચળવળ સુધીના આપણા ઇતિહાસ પર ઊડતી નજર કરનાર પણ કહેશે કે આપણા પરાજયના મૂળમાં કોઈ કારણ હોય તો તે શિસ્તની ખામી.

નક્કી કરવામાં આવેલા કોઈ પણ નિયમ પ્રમાણે વર્તવું તેનું નામ શિસ્ત. પછી તે નિયમ નિશાળના કે ઑફિસના હોય, ધંધાના કે લશ્કરના હોય. વ્યક્તિથી માંડી રાષ્ટ્ર સુધીના એકેએક ક્ષેત્રમાં શિસ્તની જરૂર છે. શિસ્ત એ તો જીવનનો પાયો છે.

જીવનના દરેકેદરેક ક્ષેત્રમાં શિસ્ત આવશ્યક છે. વ્યક્તિગત જીવનમાં પણ શિસ્ત–નિયમિતતાનું જો બરાબર પાલન કરવામાં આવે તો રોજનાં ઘણાંખરાં કામ વ્યવસ્થિત રીતે શાંતિથી પાર પડે અને ધમાધમી ન થાય. ખાવાપીવામાં, આહારવિહારમાં તથા જીવનની પ્રત્યેક ક્રિયામાં કડક શિસ્ત પાળવાનો દરેકે આગ્રહ રાખવો જોઇએ. પૂનાના રાવસાહેબ મંડલિકનું જીવન આ

બાબતમાં એટલું નિયમિત અને શિસ્તબદ્ધ હતું કે તેમના બહાર જવાઆવવાના વખત ઉપરથી લોકો કેટલા વાગ્યા એ જાણી શકતા.

ઘણા લોકો બીજા પાસેથી કડક રીતે શિસ્ત પળાવવાનો આગ્રહ રાખે છે, પણ પોતે જ તે શિસ્ત પ્રમાણે વર્તતા નથી હોતા. આવા લોકોની બીજા પર છાપ કેવી રીતે પડી શકે ? દરેક સંસ્થાનો મુખ્ય અધિકારી પોતે શિસ્તનો આદર્શ હોવો જોઇએ, તો જ તે બીજા પાસે શિસ્ત પળાવી શકે. મોડા આવતા પોતાના સેક્રેટરીને 'કાં તો તમે નવું ઘડિયાળ વેચાતું લો અથવા તો મારે નવો સેક્રેટરી રાખવો પડશે' એમ વૉશિંગ્ટન ત્યારે જ કહી શક્યો જ્યારે તે પોતે ઑફિસમાં નિયમિત રીતે જતો હતો.

પોતાની સગવડ ખાતર અથવા બીજાની મહેરબાની મેળવવા ખાતર પોતાની સંસ્થાના નિયમો તોડનારા ખુશામતખોર અધિકારીઓ પણ ઘણી સંસ્થામાં હોય છે. આવા લોકોએ સ્વામી શ્રદ્ધાનંદનો દાખલો યાદ રાખવા જેવો છે. એક વખત સ્વામીજીનું ગુરુકુલ જોવા માટે સંયુક્ત પ્રાંતના ગવર્નર આવ્યા હતા. ગુરુકુલ એ વૈદિક પદ્ધતિથી શિક્ષણ આપનારી સ્વતંત્ર સંસ્થા હતી. સંસ્થા જોઈ રહ્યા પછી ગવર્નરને તાઝગીની જરૂર લાગી. તેમણે કહ્યું, 'શ્રદ્ધાનંદજી, અમારે ચા જોઇએ.' પણ ગુરુકુલમાં તો ચા પીવાની સખત મનાઈ હતી. શ્રદ્ધાનંદજીએ એક જ ક્ષણ વિચાર કર્યો અને પછી મક્કમતાથી કહ્યું, 'સાહેબ, અહીં ચા પીવાની બંધી છે; તેથી આપને ચા નહિ મળી શકે. પણ જોઇએ તો તુલસીનાં પાંદડાંનો ઉકાળો કરી આપીએ.' અને તે દિવસે શ્રદ્ધાનંદે ગવર્નરને તુલસીનાં પાંદડાંનો ઉકાળો જ પિવડાવ્યો. ગવર્નરની શરમને ખાતર પણ ચા બનાવીને પોતાની સંસ્થાની શિસ્તનો તેમણે ભંગ ન કર્યો.

આપણા દેશમાં જ્યાં વ્યક્તિગત શિસ્ત પાળનારા ગણ્યાગાંઠ્યા હોય ત્યાં સામુદાયિક શિસ્તની તો વાત જ શી કરવી ? આપણાં સભા–સંમેલનો આપણી સામુદાયિક શિસ્તના દેવાળાના નમૂના છે. આપણી સભાઓ તથા બીજા કાર્યક્રમો કદી પણ વખતસર શરૂ થતા નથી. સભામાં વ્યવસ્થા, શાંતિ તો ભાગ્યે જ હોય છે. આપણા ઉપર જે 'ઇન્ડિયન ટાઈમ'નું કલંક લાગેલું છે તે જ આપણે કેટલા પાણીમાં છીએ તે બતાવવા પૂરતું છે. આ બાબતમાં તો અંગ્રેજ પ્રજાનો ગુણ આપણે ખાસ લેવા જેવો છે. વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં શિસ્ત એ જ એમના જીવનનો પાયો છે. તેમની સભાઓ જુઓ: તે બરાબર વખતસર શરૂ થશે. મોડો આવનાર શ્રોતા કોઈનું પણ લક્ષ્ય ન ખેંચાય તથા સભામાં જરા પણ ખલેલ ન થાય એ રીતે શાંતિથી આવીને બેસશે. સભામાં પોતાને વ્યાખ્યાન ન સમજાય અથવા કંટાળાભર્યું લાગે તોપણ શાંતિથી બેસી રહેશે, પણ અવાજ કરીને કે વચ્ચેથી ઊઠી જઈ સભામાં ખલેલ નહિ પહોંચાડે. તેમની સાથે આ બાબતમાં આપણી સરખામણી જ થઈ શકે તેમ નથી. આપણી શિસ્ત બતાવવા માટે એક જ દાખલો ટાંકવો બસ થશે.

અમદાવાદમાં સાબરમતી આશ્રમની સ્થાપનાની શરૂઆતના દિવસોમાં મહાત્માજીનું ભાષણ માણેકચોકમાં સાંજના સાત વાગે રાખવામાં આવ્યું હતું. સાડા છ–પોણા સાત થવા આવ્યા તો યે કોઈ બોલાવવા નહિ આવવાથી ગાંધીજી પોતે જ આશ્રમથી સાઈકલ ઉપર બેસીને ભાષણને સ્થળે ગયા. ત્યાં જઈને જોયું તો માંડમાંડ મંચ ઊભો કરવામાં આવ્યો હતો અને ત્યાંના વ્યવસ્થાપક બીજાને કહેતા હતા કે ગાંધીજીને બોલાવવા મોકલો. ઘડિયાળમાં લગભગ સવા સાત થયા હતા. ત્યારે વકતાને બોલાવવાની વ્યવસ્થા થતી હતી! મહાત્માજીએ કહ્યું, 'માણસ મોકલવાની

જરૂર નથી. હું જાતે જ આવી ગયો છું.' આ જોઇને મંત્રી શરમથી અવાક્ બની ગયો.

વખતસર સભા શરૂ ન થવા માટે સંચાલકો જેટલા જવાબદાર છે તેટલા જ શ્રોતાઓ પણ છે. સભાનો વખત આઠ વાગ્યાનો હશે તો લોકો વિચારશે, ' આઠનો ટાઇમ છે ને? તો સભા શરૂ થતાં સાડા આઠ થવાના.' એમ વિચારી તેઓ મોડા જાય છે. ભલે થોડા જ શ્રોતાઓ આવ્યા હોય તો પણ સભા વખતસર શરૂ કરવાનો સભાના સંચાલકો જો તીવ્ર આગ્રહ રાખે તો આ પરિસ્થિતિ બદલાતાં વાર ન લાગે.

ફક્ત સભાઓમાં જ કેમ? મોટર કે ટ્રેનમાંથી ચડતી કે ઊતરતી વખતે, ગિરદીમાંથી બહાર નીકળતી વખતે, પ્રાર્થનામાં કે લાઇનમાં ઊભા હોઇએ ત્યારે, રસ્તામાં અકસ્માત કે આફતની બૂમ પડતાં જે દોડાદોડી કરીએ છીએ ત્યારે આપણે જે બેશિસ્ત વર્તન કરીએ છીએ તે ખરેખર શરમાવનારું છે. આવી નાની નાની વાતોમાં પ્રજા કેવી રીતે વર્તે છે તે ઉપરથી જ રાષ્ટ્રની કિંમત અંકાય છે.

હિંદુસ્તાનનું નાવ આજે સ્વાતંત્ર્યના કિનારે પહોંચી ગયું છે. તે વખતે જો શિસ્તનું લંગર આપણી પાસે નહિ હોય તો નાવ ફરી મધદરિયે ખેંચાઈ ગયા વગર નહિ રહે.

પ્રશ્નો

૧. શિસ્ત એટલે શું?
૨. શિસ્તના પ્રકાર ગણાવો.
૩. વ્યક્તિના તેમજ સમાજના જીવનમાં શિસ્ત શા માટે જરૂરી છે?
૪. શિસ્તની બાબતમાં આપણા લોકો અને અંગ્રેજ લોકોના જીવનમાં શો તફાવત છે?

૫. સ્વામી શ્રદ્ધાનંદ અને ગાંધીજીએ કેવા સંજોગોમાં શિસ્ત બતાવી ? એથી સામા માણસો પર કેવી છાપ પડી ?
૬. જીવનમાં શિસ્ત કયે પ્રસંગે આવશ્યક છે? તમે એવી શિસ્ત પાળો છો ?
૭. નીચેના વિષય ઉપર તમારી ભાષામાં વીસ લીટીનો નિબંધ લખોઃ– 'શિસ્ત એ તો જીવનનો પાયો છે.'



પાઠ ૧૮ મો

હાગામુચી

શ્રી. 'તક્ષક'

[આ એક જાપાની વાર્તા છે. મેળામાં આનંદથી નાચતાં કૂદતાં અનેક સ્ત્રીબાળકો અને પુરુષોને પ્રલયના પૂરમાંથી બચાવવા એક વૃદ્ધ પોતાનું ખેતર અને ઘર બાળી મૂકે છે. અનેક માનવીઓના જીવન આગળ એ પોતાના જીવનભરની કમાણીને તુચ્છ ગણે છે.

'બલિદાન'માં મયો સૂકા સરોવરમાં જળ પ્રકટાવવા પોતાનું માથું ઉતારી આપે છે. 'શિબિરાજા' શરણે આવેલા હોલાને બચાવવા પોતાના શરીરનું માંસ પોતાના હાથે કાઢી ત્રાજવે તોળે છે. આ પાઠોમાં જેમ બલિદાન અને ત્યાગનાં દર્શન થાય છે, તેમ આ વાર્તામાં પણ વૃદ્ધ હાગામુચીની ઠંડી તાકાત આપણા હૃદયને સ્પર્શી જાય છે.]

દરિયા પાસે આવેલી એક ટેકરી પર એક નાનું જાપાની ગામડું વસેલું હતું. શિયાળો ઊતરવા આવ્યો હતો. ખેતરો મોલથી લચી રહ્યાં હતાં અને બપોરના હળવા સોનેરી તડકે પાક સિઝાઈ રહ્યો હતો.

ટેકરીની તળેટીમાં બરાબર દરિયાકિનારે એક ગામ હતું. એક દિવસ એ ગામમાં મેળો ભરાવાનો હતો. ગામનાં સૌ લોકો–નાનાં ને મોટાં, છોકરાઓ ને છોકરીઓ, સ્ત્રીઓ અને પુરુષો, કીડીની સેરોની સેરો પેઠે મેળામાં વહ્યે જાય છે. વરસે એકવાર ભરાતા મેળામાં જવાની કોને હોંશ ન થાય? માત્ર થોડા વૃદ્ધો ગામડામાં ખેતર સાચવવા રહ્યા છે.

ગામડાને છેક છેવાડે, ટેકરીની કિનાર પર આવેલા ઝૂંપડામાં વૃદ્ધ હાગામુચી પોતાના પૌત્રને બેઠોબેઠો રમાડે છે ને નીચે તળેટીમાંથી આવતા જુવાનોનાં ગીતના સૂરો સાંભળતો દૂરદૂર દરિયા પર દૃષ્ટિ ઠેરવી રહ્યો છે.

નીચે તળેટીમાં ભરાયેલા મેળામાં રંગની રમઝટ જામતી જાય છે અને ગીતના સૂરો ગાઢા બનતા જાય છે. અહીં ડોસાને એનો પૌત્ર અનેક અટપટા અને કાલાકાલા સવાલો પૂછે છે, પણ ડોસાનું ધ્યાન એ સવાલો પર નથી. સવાલોના જવાબમાં તે માત્ર હોંકારો દીધે જાય છે, પણ એની નજર તો તીણી બનીને દૂર દરિયા પર જડાઈ રહી છે.

એવામાં દરિયાનાં પાણી જાણે ઊતરીને ઘણાં દૂર પાછાં હઠી ગયાં હોય એમ એને દેખાયું, ને એકાએક જ્યાં પહેલાં પાણી હતાં ત્યાં રેતી દેખાઇ! પાણી ખૂબ દૂર પાછાં ચાલ્યાં ગયાં હતાં. એ જોઇને તરત એ ઊભો થઈ ગયો.

ઘણાં વરસ પહેલાં, પાસે બેઠેલા છોકરા જેટલી જ પોતાની ઉંમર હતી ત્યારે, આવી જ રીતે દરિયાનાં પાણી ઊતરી ગયાં હતાં, અને રેતીનો કિનારો દેખાઈ આવ્યો હતો. તે પછી થોડા જ વખતમાં એકાએક દરિયાનાં મોટાં મોજાં ધસી આવ્યાં હતાં

અને બધે જળ-બંબાકાર થઈ ગયું હતું. પરિણામે તળેટીમાં આવેલાં ગામોનો અને તેમાં રહેતાં મનુષ્યોનો સર્વનાશ થયો હતો.

હાગાસુચીની દૃષ્ટિ સમીપ, ઘણાં વર્ષો પર બની ગયેલી બિનાનો આખો ચિતાર ખડો થઈ ગયો. ને એનું પરિણામ નજર આગળ આવતાં આ પ્રસંગની ભયાનકતા તેને સમજાઈ. જળપ્રલયની કલ્પનાથી જ તેને શરીરે કમકમાટી આવી ગઈ. પ્રસંગ પારખીને વધુ વિચાર કરવા નહિ થોભતાં તે સચેત થઈ ગયો અને દૂરની ક્ષિતિજ પર નજર ઠેરવી જોયું તો પાણીમાં મોટો ખળભળાટ થતો જણાયો.

થોડી જ વાર જો આમ ને આમ વીતી જાય તો નીચે તળેટીમાંનો માનવસમુદાય ઘડીમાં હતો ન હતો થઈ જાય! એમને ઉપર આવવા ચેતવવા એણે જોરથી બૂમો પાડવા માંડી, પણ તેના ક્ષીણ અવાજનું કેટલું જોર?

હવે શું કરવું? નીચેથી બધો સમુદાય ઉપર ચાલ્યો આવે એ માટે શું કરવું? હાંફળો–ફાંફળો તે આમ તેમ દોડતો ઘરના પાછલા ભાગમાં ગયો. ત્યાં તેણે ચૂલામાં લાકડાં બળતાં જોયાં, અને તેને એક વિચાર સૂઝી આવ્યો. એક લાકડી લઈ, તેને છેડે થોડાંક ચીંથરાં વીંટી, તેલમાં બોળી, સળગાવીને મશાલ જેવું કર્યું, ને બહાર આવ્યો. પોતાના ખેતરમાં આગ ચાંપવાનો તેનો નિરધાર હતો. પોતે કરેલી આખા વર્ષની મહેનત ઘડીવારમાં બરબાદ થઈ જશે એવો વિચાર તેના મગજમાં ક્ષણેક રમી ગયો; પણ હવે વિચારવાનો પણ સમય ક્યાં હતો? એક બાજુ પોતાના કુટુંબનું જીવન હતું, બીજી બાજુ હજારો આત્માનો ઉગાર હતો. તેણે ઝાઝો વિચાર ન કરતાં ખેતરના એક છેડેથી આગ ચાંપી ને આગળ પાછળ બધે ફરી આખું ખેતર સળગાવી મૂક્યું. પાકનાં ખખડી રહેલાં સૂકાં પાન ને ડૂંડાં ભડભડ સળગી ઊઠ્યાં.

તળેટીમાંથી કોઈ ખેતરને બળતું જોઈ, આગ માની, સૌને ઉપર મદદ કરવા તેડી લાવશે એવી તેની મુરાદ હતી. ઘડીમાં તે તળેટીમાં તો ઘડીમાં દરિયાના ક્ષિતિજ પરથી ધસી આવતાં રાક્ષસી મેજાં તરફ નજર ફેરવ્યા જ કરતો હતો. વિકરાળ મોજાં તો ધસ્યે જ આવતાં હતાં, પણ હજી તળેટીમાંથી કોઈની નજર ઉપર ઊઠતી નથી લાગતી. સૌ નિરાંતથી રંગરાગમાં મત્ત છે અને તેમનાં ગીતના સૂર વધુ ગાઢા બનતા જાય છે.

ડોસો લાચાર બની ગયો. પણ એમ તે હિંમત હારે તેમ ન હતો. ખેતર કરતાં વધુ ઊંચું પોતાનું ઝૂંપડું સળગે તો તેની ઝાળ વધારે ઊંચે જાય અને નીચેથી કોઈક તો જરૂર જુએ એમ તેણે વિચાર્યું, અને લાગલી જ બીજી મશાલ સળગાવીને પરાળ અને લાકડાના બનાવેલા પોતાના ઝૂંપડાના છાપરાને તે ચાંપી. છાપરું સળગ્યું અને ધીમેધીમે ઝૂંપડું પણ બળવા માંડ્યું. મોટી ભભૂકતી જવાળાઓ નીકળવા માંડી. છોકરો તો ડોસા સામે જોઇને આશ્ચર્યમૂઢ થઈ જોઇ જ રહ્યો.

એટલામાં નીચે શહેરમાં ઘંટ વાગતો તેણે સાંભળ્યો. જ્યારે કોઈ મોટી આગ લાગતી ત્યારે આ ઘંટ વગાડવામાં આવતો. નીચેથી કોઇએ અંતે ડોસાનું ચેતી ગયેલું ઘર જોઇને સૌને તેની મદદે દોડવા બૂમો પાડવા માંડી હતી. ગીત એકાએક થંભી ગયાં અને સૌ માનવીઓ ટેકરી પર બળતું ઘર બુઝાવવા દોડવા લાગ્યા. તરત જ ડોસો ટેકરીને કિનારે જઈ હાથ વડે સૌને ઉપર આવવા ઈશારત કરતો બૂમો પાડવા લાગ્યો.

જ્યારે સૌ ગામ છોડી, ઉપર ટેકરી પર દોડી આવ્યાં ત્યારે તેમણે નીચે સુધી, પોતાની પાછળ આવી પહોંચેલાં મોજાંની ગર્જના સાંભળી. નીચે જોયું તો એ પ્રલયના ખતરનાક આક્રમણથી

ગામ આખાનાં ઘરો એક પછી એક ભાંગી જતાં જોયાં. પોતે હમણાં જ્યાં કલ્લોલી રહ્યાં હતાં ત્યાં અને આસપાસ કેટલાં યે ગામો અને ખેતરો પાણી નીચે અદૃશ્ય થઈ નાશ પામ્યાં. હાગામુચીએ પોતાનું ઝૂંપડું અને ખેતર કેમ બાળી મૂકયાં તે હવે તેમને સમજાયું.

લોકોએ આ ઉપકારના બદલામાં હાગામુચીની એક મૂર્તિ બનાવડાવી મંદિરમાં મુકાવી.

જ્યારેજ્યારે આ મેળાનો દિવસ આવે છે ત્યારેત્યારે જાપાનમાં કુમાર–કુમારીઓને તેમનાં માબાપ કે દાદાદાદી એ વૃદ્ધ વીર હાગામુચીની વાત સંભળાવે છે.

પ્રશ્નો

૧. મેળો કયાં ભરાયો હતો ? વૃદ્ધ હાગામુચી કયાં બેઠો હતો ?
૨. તેણે શું જોયું ? એ પરથી એને શું યાદ આવ્યું ?
૩. મેળામાં ખેલતા માણસોનું ધ્યાન ખેંચવા એણે શા ઉપાય અજમાવ્યા ?
૪. માણસો દોડતા ટેકરી ઉપર આવ્યા ત્યારે એમણે શું જોયું ?
૫. હાગામુચીની કુરબાનીનો લોકોએ શો બદલો આપ્યો ?



પાઠ ૧૯ મો

☼

વહાલાંઓને ઉપદેશ

☼

સ્વ. મણિશંકર ભટ્ટ (કાન્ત)

['પ્રાણીમાત્ર ઉપર દયા રાખો' એ દરેક ધર્મનો ઉપદેશ છે. કબીરે ગાયું, 'દયા ધરમકા મૂલ હૈ'. ગીતા કહે છે, 'आत्मवत् सर्वभूतेषु.' બાઇબલ પણ કહે છે, 'Love thy neighbour as thyself.' આવો જ ઉપદેશ પોતાનાં સ્વજનોને કવિ આ કાવ્યમાં આપે છે.

સ્વ. કાન્તે કાવ્યો ઓછાં લખ્યાં છે, છતાં તેઓ આપણા શ્રેષ્ઠ કવિઓમાંના એક ગણાઈ ચૂકયા છે. સંખ્યામાં ઓછાં છતાં ગુણમાં અમૂલ્ય એવાં તેમનાં કાવ્યોનો સંગ્રહ 'પૂર્વાલાપ' નામે પ્રસિદ્ધ છે. તેમનું લગભગ આખું જીવન ધાર્મિક વિચારણાઓમાં જ વ્યતીત થયું હતું.]

સાંભળજો, વ્હાલાંઓ! વચનો દીનનાં!
દીનપણું છે પરમ દયાનું પાત્ર જો:
મોટો એ અધિકાર તમારો, માનવી!
અધિકારી છો જેનાં માનવમાત્ર જો!

એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સમજો ભાઈ બ્હેન જો;
નીકો નાની મોટી જે જીવો તણી,
વહેતું તેમાં એક અખંડિત વહેન જો!

હસનારાની સાથે હસવાનું ઘટે,
રડનારાંની સાથે રડવું તેમ જો;
એકબીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઊંચે ચડશો સ્ત્રીપુરુષો સૌ એમ જો!

ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,
સઘળાયે સંતોનો એ ઉપદેશ જો;
દિવ્ય દયાસાગર! યાચંતાં આપજો,
દીન જનોને અમને એનો લેશ જો!

પ્રશ્નો

૧. કવિ આ કવિતામાં શો ઉપદેશ આપે છે?
૨. પરમેશ્વરને 'દયાસાગર' કેમ કહ્યા છે?
૩. 'નીકો નાની...વહેન જો!' આ લીટીઓનો અર્થ સમજાવો.
૪. કયા કયા સંતોએ ભૂતદયાનો ઉપદેશ કર્યો છે?



પાઠ ૨૦ મો

¤

મારો દર્દી

¤

શ્રી. જ્યોતીન્દ્ર દવે

[હાસ્યરસના લેખકોમાં શ્રી. જ્યોતીન્દ્ર દવે અગ્રસ્થાન ધરાવે છે. તેમના લખેલા બે પાઠ 'વૃકોદર' અને 'ખોટી બેઆની' તમે પહેલા પુસ્તકમાં શીખ્યા હશો. આ પાઠમાં તેમણે એક બેકાર છતાં બહુ જ પ્રેક્ટીસવાળા દેખાવાનો ડોળ કરતા ડૉક્ટરની મશ્કરી કરે છે. પોતાના દવાખાનામાં દર્દી આવેલ છે એ જાણી ડૉક્ટરસાહેબ કેવા ખુશ થઈ જાય છે! તેમના પાસે પોતાની અગત્ય બતાવવા કેવા કેવા ડોળ કરે છે! પણ દર્દીને બદલે એક નીકળ્યાં તેમનાં કાકી અને બીજા નીકળ્યા અનાથાશ્રમના સેક્રેટરી. આમ ડૉક્ટરસાહેબે કરેલી બધી મહેનત પાણીમાં ગઈ અને પોતે ખસિયાણા પડી ગયા.]

મને ચોક્કસ યાદ છે. ધનતેરસનો દિવસ હતો. નિત્યના નિયમ પ્રમાણે દશ–સાડાદશ થયા એટલે મારો 'વિઝિટ' પર જવાનો, અર્થાત્ પાછલા ઓરડામાં જઈ આરામ લેવાનો, વખત થયો. મેં

જતાં જતાં મારા કંપાઉંડરને કહ્યું: "મણિલાલ, હું જરા પાછળ જાઉં છું. છે તે કદાચ આપણે એમ કે કોઈ આવી ચઢે તો કહેજો કે 'વિઝિટ' પર ગયા છે. ને મને કહી જજો."

"સાહેબ, આપ પાંચ વર્ષથી આમ 'વિઝિટ' પર જાઓ છો ને કોઈ આવતું નથી, તો આજે વળી એવો કયો નસીબનો બળિયો–"

"નસીબનો બળિયો કે ઘાંચીનો બલિયો તે આપણું કામ નથી, પણ દિવાળીના દહાડા છે. કોઇએ ભારે ખાધું હોય ને–ને કદાચ અહીં આવી ચઢે."

"આ દુનિયામાં શું નથી બનતું, સાહેબ? એવું પણ બને!"

"ત્યારે હું જાઉં છું," કહી હું ચાલતો થયો. દશેક મિનિટ થઈ હશે એટલામાં મણિલાલ મારી પાસે આવ્યા.

"કેમ?" મેં પૂછ્યું.

"સાહેબ, કોઈ આવ્યું છે. તમને મળવા માગે છે–"

"હેં!!" કહીને મેં છલંગ મારી, મણિલાલની પીઠ થાબડી,– ને સહેજ ઓરડામાં કૂદ્યો! લગાર ભાન આવતાં હું શરમાઈ ગયો ને મેં મણિલાલને પૂછ્યું: "કોણ છે? કેવો છે? પૈસાદાર છે? બહુ માંદો દેખાય છે?"

"ખબર નથી; હું જાઉં છું; તમે આવી પહોંચજો," કહી એણે ચાલવા માંડ્યું.

"મણિલાલ, અરે! મણિલાલ! સહેજ ઊભા રહો. હું 'ડ્રેસિંગ' કરી લઉં." મેં બૂમ પાડી કહ્યું.

'ડ્રેસિંગ'માં મારે માત્ર કોટ ને હેટ પહેરવાનાં હતાં. સામે આરસી હતી તેમાં જોઈ કોટ પહેર્યો, પણ હેટ કંઈ મનગમતી રીતે પહેરાઈ નહીં.


"મણિલાલ, હું ધારું છું કે હેટ કરતાં ટોપી ઠીક લાગશે."

"ના, ના; 'હેટ'જ સરસ લાગશે."

"મને લાગે છે કે ટોપી જ સારી પડશે."

"ત્યારે ટોપી પહેરો."

"ના, ના; ઊભા રહો, હું પહેરી જોઉં. એમ ઉડાવવાની વાત ના કરો."



"મણિલાલ, હું ધારું છું કે હેટ કરતાં ટોપી ઠીક લાગશે."

આખરે ટોપી પહેરીને હું તૈયાર થયો. મણિલાલ પાછા દવાખાનામાં જઈને વિરાજ્યા. થોડીવાર પછી પાછલે બારણેથી હું બહાર પડ્યો. તે વખતની મારી આંતરવૃત્તિનું વર્ણન કરવામાં દવાની જાહેરખબર આપનારની કસાયેલી કલમ પણ હારી જાય એમ હતું. મને લાગ્યું, કે મારા શરીરમાં હું માતો નથી. ક્ષણ-

વારમાં હું વિશટરૂપ થયો—થઈ ગયો. થોડીવાર સુધી તો પાછલે બારણેથી આગલે બારણે જવાનો રસ્તો પણ હું ભૂલી ગયો ! આખરે ગંભીર થવાનો ભગીરથ પ્રયત્ન કરતો હું દવાખાનામાં આવી પહોંચ્યો. બાડી આંખે જોયું તો ખરેખર એક માણસ બેઠો હતો ! બરાબર બે હાથ, બે પગ, એક માથું—માણસ જેવો માણસ ! આખરે એક જણ પણ હાથમાં આવ્યો ખરો. મહા-મુશ્કેલીએ આનંદની વૃત્તિ દબાવી બેદરકારીથી હું ખુરશી પર જઈને બેઠો.

"મણિલાલ, હમણાં ગાડી આવશે તેમાંથી 'બેગ' ઉતારી લેજો. દિવાળીના દહાડામાં પણ નવરાશ નથી. જાણે શહેરમાં બીજા ડૉક્ટર હોય જ નહીં તેમ બધા મારી જ પાસે આવે છે ?—કેમ, કોઈ આવ્યું હતું કે ?"

"હા. રતનચંદ શેઠ કલાક તમારી વાટ જોઈને હમણાં જ ગયા." મણિલાલે ટાઢા પહોરની ફેંકી. મારી સંગતિથી એની બુદ્ધિમાં ઘણો વિકાસ થયો હોય એમ મને લાગ્યું.

"ને પ્રાણશંકર, ખીમશા, અલીમહમદ, સોરાબજી, વજેસિંહ : એ કોઈ આવ્યા હતા ?" જેટલાં સૂઝયાં તેટલાં નામ મેં અડાવ્યાં.

"એ તો હજુ બધા આવવાના છે." (ખરું પૂછો તો આજે હજુ પણ એ 'આવવાના જ' છે !)

"હજુ તો સાહેબ, અડધા પેશંટ્સ પણ નથી આવી ગયા !"

"હું તો ખરેખર કંટાળી ગયો છું. મને વાતચીત કરવાનો વખત પણ મળતો નથી. હું 'પ્રેક્ટિસ' જેમ જેમ ઘટાડવા માગું છું, તેમ તેમ ઊલટી એ વધતી જાય છે. તેમાં વળી મારે બીજાં લફરાં ઓછાં છે ? અહીંના 'મેડિકલ ઍસોસિયેશન' નો હું

પ્રમુખ, 'આયુર્વેદોદ્ધારક મંડળ'નો મંત્રી! મારે ક્યાં ક્યાં પહોંચી વળવું ?"

"ને અમદાવાદ 'મેડિકલ લીગ'ની પરમ દહાડે સભા છે, તેમાં તમારે જવાનું છે."

"હા, એ તો ભૂલી જ ગયો હતો. ને મણિલાલ, એકાદ સારી મોટરની તપાસમાં રહેજો. મોટર વગર હવે ચાલે એમ નથી."

"હા, જરૂર તપાસ કરતો રહીશ."

હવે તો મારા નવા દર્દી પર મારા મહત્ત્વની અસર થઈ હશે એમ ધારીને તથા 'બહુ તાણે તો તૂટી જાય !' એમ સમજીને મેં નવા આવનાર તરફ જોયું, પણ એટલામાં તો મારાં કાકીનો બુલંદ સૂર ઉપરથી સંભળાયો, ને અમારા ત્રણેનું ધ્યાન તે તરફ ખેંચાયું.

"કોડીની કમાઈ નહીં, ને ઘડીની ફુરસદ નહીં! દિવાળી જેવા સપરમે દહાડે પણ દવાખાનામાં નક્કામો બેસી રહ્યો છે! કોનાં નસીબ ફૂટ્યાં હોય કે તારી પાસે દવા લેવા આવે ?"

માર્યા ઠાર ! ઘડપણમાં બીજા અવયવો શિથિલ થઈ જાય છે, તેની સાથે જીભ પણ કેમ તેવી થઇ જતી નથી ? આખરે મારી સૂક્ષ્મ બુદ્ધિએ આ બગડેલી બાજીને સુધારી.

"જોયું મણિલાલ! આ બિચારાં કાકીનો સ્મૃતિધ્વંસનો રોગ હજુ પણ મટતો નથી. મારાં કાકી છે.–" નવા આવનાર તરફ ફરીને મેં કહ્યું: "પાંચ વર્ષ ઉપર એમને એ રોગ લાગુ પડ્યો છે. તે વેળા મારી 'પ્રેકટિસ' બહુ સાધારણ હતી, તેથી હજુ પણ એવી જ છે એમ એ માને છે. વારુ, તમારી શી કમ્પ્લેઇંટ્સ છે ?"

"હું તો સાહેબ, અહીંના 'અનાથાશ્રમ'નો સેક્રેટરી છું; ને આપ એવી સંસ્થાઓને સારી મદદ કરો છો એમ સાંભળ્યું છે તેથી આપની પાસે આવ્યો છું!"

× × × ×

મારા દવાખાનામાં એક હું જ દર્દી હતો એમ મને લાગ્યું. તે વેળા અને ત્યાર પછી ઘણી વાર સુધી મારા મનમાં શા વિચારો આવ્યા તે અહીં લખવાની જરૂર છે?

પ્રશ્નો

૧. ડૉક્ટર હંમેશાં કયાં 'વિઝિટ' પર જતા?
૨. પાંચ વર્ષ પછી પહેલા જ દર્દીને જોઇ ડૉક્ટરના મનમાં કેવી લાગણી થઇ?
૩. એ દર્દી ઉપર પોતાનો પ્રભાવ પાડવા ડૉક્ટરે શું કર્યું?
૪. તેમની કાકીએ ડૉક્ટરના પ્રયાસો પર કેવી રીતે ઠંડું પાણી રેડ્યું?
૫. આવનાર દર્દી હતો કે કોઇ બીજો? એની સાચી ઓળખ પડ્યા પછી ડૉક્ટરના મનની શી સ્થિતિ થઈ હશે?
૬. 'મારા દવાખાનામાં એક હું જ દર્દી હતો'—એટલે શું?
૭. નીચેના વાકયમાં આવતાં નામોનો સંપૂર્ણ પદચ્છેદ કરોઃ—
તે વખતની મારી આંતરવૃત્તિનું વર્ણન કરવામાં દવાની જાહેરખબર આપનારની કસાયેલી કલમ પણ હારી જાય તેમ હતું.



પાઠ ૨૧ મો

¤

પોપટજી

¤

શ્રી. ત્રિભુવન વ્યાસ

[આ કાવ્યના લેખક શ્રી. વ્યાસ ગુજરાતી બાલકાવ્યોના સમર્થ અને લોકપ્રિય કવિ છે. તેમનાં કાવ્યોના બે સંગ્રહ 'નવાં ગીતો' ભાગ. ૧-૨ પ્રગટ થયા છે. તેમાંના બીજા ભાગમાંથી આ કાવ્ય લીધું છે.

આ કાવ્ય ટૂંકું છે છતાં ભાવવાહી છે. પક્ષી સ્વતંત્ર જન્મ્યું છે, અને તેણે સ્વતંત્ર જ રહેવું જોઇએ. છતાં ધીમે ધીમે તેને પિંજરમાં જ જીવવું ગમે છે. તેને સ્વતંત્ર થવા કવિ કહે છે]

[સારંગ]

વનવાસી પોપટ ! તુજને પિંજર કેમ ગમે ?
આકાશે ઊડનારો ભાઈ ! બંધન કેમ ખમે ?–ધ્રુવ.
વનવન ચારો ચૂગતાં જોને પંખેરું સૌ ભમે,
તાજા મેવા તજી અરે ! તું વાસી ફળફૂલ જમે ! વનવાસી૰
આપ્યું ખાવું, આપ્યું પીવું, હવા પૂરી ના મળે,
સહેલ ગગનની નથી અરે ! પણ પાંખે ક્યાં સવળે ! વનવાસી૰
કિલકિલ કિલકિલ ગાય મધુરું પંખીડાં જો પણે,
તું તો તારી ભાષા ભૂલ્યો, પરની ભાષા ભણે. વનવાસી૰
તોડી આ સળિયાને ચાંચે છોડી પિંજરને,
જાને દોડી તારા વનમાં મોજમજા કરને. વનવાસી૰

પ્રશ્નો

૧. પિંજરનો પોપટ શામાં આનંદ માને છે ?
૨. કવિ તેને શું કરવાનું કહે છે ?
૩. પિંજરના પોપટ અને છૂટાં પંખીઓની સરખામણી કરો.
૪. આ કાવ્યમાંથી બીજો કોઇ ધ્વનિ નીકળી શકશે ?
૫. 'સારંગ' એ રાગ છે કે છંદ છે ? કોઇ એક છંદનું નામ આપો.

પાઠ ૨૨ મો

¤

એક પત્ર

¤

સ્વ. ગિજુભાઈ

[જેમ કવિતા લખાય, વાર્તા લખાય, નિબંધ લખાય, તેમ પત્રો પણ લખાય. પત્ર એ સાહિત્યનો એક પ્રકાર છે. આપણે ત્યાં પત્ર-સાહિત્ય હજુ ખીલ્યું જ નથી. અંગ્રેજી ભાષામાં તો આવા પત્રોનાં અનેક પુસ્તકો મળે છે.

આવા પત્રો કેટલીક વાર અંગત હોય—જેવા તમે તમારા મિત્રો કે સગાંને લખો તેવા. અહીં આપેલો પત્ર વર્ણનાત્મક છે. તેમાં જુદી જુદી જાતનાં ફૂલોનું વર્ણન કરેલું છે. તમે ફૂલોનો કદી વિચાર કર્યો છે? એ પણ નવી દુનિયા છે. તગર, મોગરો, ગુલાબ, માલતી–કેવાં મીઠાં નામ! કોઇ રંગે સરસ, કોઈ રૂપે સરસ, કોઇ સુગંધે સરસ. ખીલતાં ફૂલના બાગમાં બેચાર પળો કાઢવી એ પણ જિંદગીનો લહાવો છે.

આના લેખક તો ગુજરાતમાં ખૂબ જાણીતા છે. નાનાભાઇ-ગિજુભાઇની જોડીએ બાળકો માટે ખૂબ લખ્યું છે. 'ટપાલમાંથી' નામના સ્વ. ગિજુભાઇના પુસ્તકમાંથી આ પાઠ લીધો છે.]

પ્રિયભાઈ ચંદ્રશંકર,

હમણાં જ હું મારા નાનકડા બાગમાં ફરી આવ્યો. કેટલી બધી તાજગી લઈને આવ્યો! નાનાં બાળકો અને તાજાં ઊઘડેલાં ફૂલો અદ્ભુત આનંદ અને સ્ફૂર્તિ આપે છે. એની ખુશબો અને ખુશનુમાથી આપણને તે ભરી દે છે! કેટલાં બધાં તે નિર્દોષ છે!

મારા બાગમાં હમણાં તગર અને ડોલરની મોસમ છે. તગર તેનાં પુષ્પોથી પુષ્પમય બની ગઈ છે. ધોળાં રૂ જેવાં ફૂલોથી તગર જાણે કે કપાસના છોડ ન હોય! તેનાં દૂધ જેવાં ધોળાં ફૂલો જોઈ કોઇએ કહેલું કે આ તો હિમાલયના ધોળા બરફનાં બનાવ્યાં છે.

તગર છોડ કલાકૃતિ છે. ઝાડો અને છોડો સુંદર હોય છે, પણ રચના રચનામાં તફાવત હોય છે. તેની ઊગણી એવી છે, કે જાણે કોઈ ચિત્રકારના આલેખન ઉપરથી કુદરતે તેને ઘડી હોય !

તગરનાં ફૂલો ચાંદનીથીયે ધોળાં અને મખમલની કોમળતાથીયે કોમળ છે. તેમની પાંખડીની ઘટ્ટતા, તેમની કોમળતા, શુભ્રતા અને સ્વચ્છતાને વધારે ને વધારે સ્પષ્ટ કરે છે.

તેની સુવાસ નાનાં બાળકોની કોમળ આંગળીઓના જેવી નાજુક છે, અગર તો થોડાબોલી પ્રેમભરી કુમારિકાની વાણી જેવી છે; અને તેની પ્રફુલ્લતા વિજયભર્યા હાસ્યથી હસતી મોટાભાઇની નાની શરમાળ બહેન જેવી છે.

કેટલી સર્વાંગસુંદર તગર !

અને મારા બાગમાં ડોલરનાં ફૂલોના તો ઢગલેઢગલા થાય છે. અને પાંદડે પાંદડે ધોળા રંગના દીવાઓ એટલે ડોલરનો છોડ. રાતના અંધારામાં ડોલરનાં ફૂલો પૃથ્વી ઉપરના તારા બની આકાશના તારાઓ સાથે પવનમાં હાલતી વખતે વાતો કરતા લાગે છે.

પહેલી રાતથી ઊઘડવા માંડેલાં ડોલરો મધરાતે ઊઘડી રહેતાં બગીચામાં ડોલરી સુગંધનો ગંધમંડપ બની જાય છે. એ ગંધમંડપ-માંથી વહીને બહાર જતા વાની પાંખે ડોલરની ગંધ સ્પર્શી જાય છે, અને નજીકમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ડોલર ઊઘડ્યાના ખબર આપે છે.

અજવાળી રાતે ડોલરને ચાંદનીએ ભેટતી વખતે કરેલું હાસ્ય માતાની પડખે સૂતેલા બાળકોના મોં ઉપર જ જઇને ફરકે છે.

હમણાં જ હું એ બાગમાં જઈ આવ્યો. અત્યારે ગુલાબની ઋતુ નથી. છતાં પણ થોડાં ગુલાબો ઊઘડ્યાં છે. ગુલાબી કટોરાને તળિયે પડેલાં મધુબિંદુઓને લેવાને માટે મધુપ્રિય મધમાખીઓ આવી હતી; વહેલી સવારે તે સૌથી પહેલી હતી.

સૂર્યનાં ગુલાબી કિરણોની સાથેની જૂની અને છતાં હંમેશની મૈત્રી સાધતી ગુલાબની કળીઓ સૂર્યને આવકાર આપતી ઊઘડતી હતી. કેટલીક તો ઊઘડીને ખોળા પાથરી સૂર્ય પિતામહને નમી રહી હતી.

આ બાગમાં બે ઝૂમખાં મધુમાલતીનાં પણ છે. મીઠી વાસભર્યાં એ ફૂલોને પણ સૂંઘી આવ્યો છું. અને બધાંય ફૂલોની ગંધ અને દર્શનથી પ્રસન્ન અને પ્રફુલ્લ બની આ પત્ર લખવા બેઠો છું.

હવે પત્ર પૂરો કરું છું. વળી કોઈ વાર બાગમાંથી તાજો જ પાછો ફરી આવીને આવો પત્ર લખી મોકલીશ.

તમે અને 'બાલોદ્યાન' કુશળ હશો. તમારી પ્રવૃત્તિ સારી ચાલતી હશે.

પ્રશ્નો

૧. આ પત્રમાં લેખકે કયાં કયાં ફૂલોનું ખાસ વર્ણન કર્યું છે?
૨. તગરનાં ફૂલોનો રંગ કેવો હોય છે? ચાંદની રાતમાં તગરના છોડો કેવા લાગે છે?
૩. ડોલરનાં ફૂલોનું ટૂંક વર્ણન કરો.
૪. તગરનાં ફૂલોની કોમળતા અને સુવાસ વિષે લેખક શું કહે છે?
૫. નીચેનાં વાક્યોમાં ખાલી જગા પૂરોઃ–
    अ. ધોળા—જેવાં ફૂલોની તગર જાણે કે—છોડ ન હોય!
    ब. રાતના અંધારામાં—ફૂલો પૃથ્વી ઉપરના—બની—તારાઓ સાથે પવનમાં હાલતી વખતે—કરતા લાગે છે.
૬. તમને કયું ફૂલ સૌથી સુંદર લાગે છે? શા માટે?
૭. તમારે ત્યાં બગીચો હોય તો એક પત્ર દ્વારા તેનું વર્ણન કોઈ મિત્રને લખો.



પાઠ ૨૩ મો

¤

આપણી શિષ્ટાચાર પદ્ધતિ

¤

શ્રી. પુરુષોત્તમ ચૌહાણ

[શ્રી. પુરુષોત્તમ ચૌહાણના 'સૌરભ' નામના લેખસંગ્રહમાંથી આ પાઠ લીધો છે. આદરસત્કારની, એકબીજાને માન આપવાની પદ્ધતિ પ્રથમ કેવી હતી, ધીરે ધીરે કયાં કારણોને લીધે તેમાં ફેરફાર થતા ગયા, અને હાલ તે કયી કક્ષાએ પહોંચી છે, તેનો રસિક ઇતિહાસ અહીં આપેલો છે.]

સમાજ અમુક તત્ત્વોથી ઘડાયેલો છે; અને તેના નિયમો પ્રમાણે જો સમાજ વર્તે તો જ તે નિયમબદ્ધ અને સંગઠિત ચાલી શકે. તેમાં શિષ્ટાચારનો પ્રશ્ન એ સમાજનો અગત્યનો વિષય કહી શકાય.

પૂર્વે આપણી શિષ્ટાચાર પદ્ધતિ અતિ ગહન હતી. કોઈના તરફ અત્યંત માન અને પૂજ્યભાવ દર્શાવવા માટે એ સમયમાં ઘણું કરીને 'સાષ્ટાંગ દંડવત્ પ્રણામ' છેલ્લું પગથિયું હતું. એ સમયમાં શિષ્ટાચાર રૂપે સહુ એકબીજાને દંડવત પ્રણામ કરતા. માતાપિતા કે ગુરુજન તરફ પૂજ્યભાવ દર્શાવવા, એકને બદલે અનેક ંડ કરવા પડતા. જેમ ખંડિયા રાજાને એકબે તોપનું માન, સરખાને દશ ..નુ, અને ચક્રવર્તીને સો તોપનું માન મળે, તે જ પ્રમાણે આપણી શિષ્ટાચાર પદ્ધતિમાં 'દંડવત પ્રણામ'ની તોપના જેવી સ્થિતિ હતી. અમુકને એક દંડવત પ્રણામ કરાય, અમુકને ઘણા; અને સો 'દંડવત પ્રણામ' એટલે જાણે છેડો.

તે સમયે દરેક વ્યક્તિ એકબીજાને પ્રત્યક્ષ મળતી ત્યારે જમીન પર લાંબા 'દંડવત પ્રણામ' કરતી. પછી ભલે એ સ્થળ બજાર હોય કે વેરાન, સ્વચ્છ હોય કે કાદવકીચડ, તેની દરકાર કર્યા

વિના એ વિધિ કરવા કોઈ ચૂકતું નહિ. અત્યારે તો એ કલ્પના મનમાં લાવતાંયે હઠી જઈએ.

અને એ 'દંડવત પ્રણામ' એટલે આજકાલના 'દંડવત પ્રણામ' જેવા નહિ. માતા, પિતા કે ગુરુજનને સો 'દંડવત પ્રણામ' કરવા હોય તો જરા કસરત થાય. આપણે હજૂયે તે શિષ્ટાચાર માત્ર પત્રો પૂરતો જ સાચવી રાખ્યો છે. 'સાપ ગયા ને લિસોટા રહ્યા' એ કહેવત પ્રમાણે અત્યારે આપણે અતિશયોક્તિવાળા 'દંડવત પ્રણામ' કરીએ છીએ. વૈષ્ણવ અને સ્વામીનારાયણનાં મંદિરોમાં શ્રદ્ધાળુ ભક્તોને નવી પદ્ધતિના 'દંડવત પ્રણામ' કરતા જોઈ આપણને હાસ્ય આવ્યા વિના રહે જ નહિ. શરીરને બિલકુલ તકલીફ આપવાની નહિ, અને સંગેમરમરની લાદી ઉપર શાંતિથી લાંબા પડી 'જલવિહોણી માછલી' તરફડિયાં મારે, તે પ્રમાણે હાથપગ હલાવ્યા કરવા, એ આપણા આધુનિક 'દંડવત પ્રણામ.'

પણ જેમ 'દંડવત પ્રણામ'થી ફાયદા છે, તેમ તેને લીધે અતિ હરકત અને અડચણો પણ હશે જ; અને તેથી જ એ પદ્ધતિ કંઈ મોળી પડી. રસ્તાના ધૂળકીચડમાં શારીરિક સ્વચ્છતાને ધ્યાનમાં લઈ ધીમે ધીમે એ પદ્ધતિ માત્ર નીચા નમી વંદન કરવામાં પરિણમી. બાકી સેંકડો ગાઉ દૂર બેસી માત્ર પત્રમાં 'સાષ્ટાંગ દંડવત પ્રણામ' પાઠવવામાં કશી મહેનત ન પડતી હોવાથી તે પ્રથા હજુ તેવી જ ચાલુ છે. ખરેખર આપણો સમાજ માત્ર શબ્દોમાં રૂડું મનાવવામાં કેટલો પાવરધો છે, તે આ ઉપરથી જણાઈ આવે છે.

જેમ જેમ 'દંડવત પ્રણામ'ની પદ્ધતિ ઘસાતી ગઈ, તેમ તેમ આથેબાથ ભેટવાની રીતિ અમલમાં આવતી ગઇ અને તે હજુયે

પ્રવર્તે છે. એકબીજાને વહાલથી ભેટવું—આલિંગન આપવું, એ દંડવત પ્રણામ કરતાં સુલભ અને મનગમતું છે. બે ભુજાઓ પ્રસારી તેમાં એકબીજાનાં શરીર સમાવી થોડીક પળ માટે તન્મય બની જવું, એ આ શિષ્ટાચારનો અર્થ.


પછી તો રાજામહારાજાઓ, સ્નેહીમિત્રો, સગાંવહાલાંઓ સહુ એ જ પ્રમાણે શિષ્ટાચાર પાળતાં, અને હજુયે ગામડાંના માણસો એ પદ્ધતિ પાળ્યે જાય છે.

ભેટવાની પદ્ધતિથી કેટલાક દુશ્મનો મિત્ર બની ગયેલા છે, અને કેટલાકે બાથમાં પુરાઇ પ્રાણ ખોયેલા છે. શિવાજીએ તેના વાઘનખનો ઉપયોગ ભેટવાને રમ્ય પ્રસંગે જ કરેલો.

ત્યાર પછી આપણી નમસ્કાર પદ્ધતિની શોધ થઇ. પૂર્વે ‘ દંડવત પ્રણામ ’ કર્યા બાદ હાથ જોડી સામે નમ્ર થઈ ઊભા રહેવું પડતું. તેમાંથી ‘ દંડવત પ્રણામ ’ બાદ થઈ માત્ર હાથ જોડવાનું રહ્યું. ત્યારથી આપણી ‘ નમસ્કાર ’ કે ‘ જય જય ’ પદ્ધતિ શરૂ થઈ. ‘ રામ રામ ’ કરવાની પદ્ધતિ ઘણે ભાગે આને મળતી જ છે.

ત્યારપછી તો હિંદમાં પાશ્ચાત્ય શિક્ષણે પ્રવેશ કર્યો, અને તેની મોટી અસર આપણા શિષ્ટાચાર ઉપર પડી. એ ‘ દંડવત પ્રણામ,’ ‘ ભેટ—આલિંગન,’ ‘ નમસ્કાર,’ ‘ જય જય,’ ‘ રામ રામ ’ છોડી આપણે ‘ Shake hand ’ (હસ્તધૂનન) સ્વીકાર્યું. માત્ર સ્વીકાર્યું એટલું જ નહિ, પણ જીવનના દરેક પ્રયોગમાં તેને એટલી હદ સુધી વણી દીધું, કે અત્યારે સમાજમાં તે અગ્રસ્થાન ભોગવે છે; અને એ પ્રથા બધાં શહેરો તેમજ ગામડાંમાં ઘરગથ્થુ જેવી થઈ ગઈ છે.

પણ ત્યારપછી શહેરમાં શિષ્ટાચારની અવદશા જ થઈ છે. કોઈ સામે મળે એટલે માત્ર 'સલામ'—શહેરી ભાષામાં કહીએ તો 'સાહેબજી'—કરીને જવું એ નીતિ અખત્યાર થઈ.



શિષ્ટાચારના પ્રકાર

અને ત્યારપછી માત્ર ત્રણ આંગળીઓ ઊંચી કરી 'સાહેબજી' કરવું ચાલુ થયું. સાધારણ દૂરથી એક આંગળી પણ જોઈ શકાય તો પછી શા માટે ત્રણ આંગળીઓ ઊંચી કરવાની તકલીફ લેવી? અને ત્યારથી માત્ર એક જ આંગળી ઊંચી કરી 'સાહેબજી' કરવું ચાલુ થયું.

શહેરનું ધમાલિયું જીવન, વખતનો અભાવ અને અશાંતિ, મનુષ્યના હૃદયમાં કેવા કેવા ફેરફારો કરી નાખે છે, તે આ ઉપરથી સહેજે કલ્પી શકાય એમ છે. પણ આપણો ઉદ્યમી (!) સમાજ શિષ્ટાચારમાં આથીયે આગળ વધી ગયો. હવે તો કોઈ સામે મળે એટલે નહિ ભેટવાનું, નહિ 'જય જય' કહી ઊભા

રહેવાનું, અને ન તો ‘ હસ્તધૂનન ’ કરી કે ‘ સાહેબજી ’ બોલી ભાવ દર્શાવવાનું. ત્રણ આંગળીઓમાંથી અદૃશ્ય થઈ હવે રહ્યું માત્ર કોઈ મળે એટલે એક ઇંચ માથું જરા ત્રાંસું નમાવવાનું. તે થયું એટલે બસ. આપણા શિષ્ટાચારશાસ્ત્રનો આ પ્રમાણે કરુણ અંત નિકટ આવી રહ્યો છે તેની કોણ ના કહેશે ?

પ્રશ્નો

૧. અસલના વખતમાં આપણા લોકો એકબીજાને કયી રીતે માન આપતા ?

૨. ‘ દંડવત પ્રણામ ’ની પદ્ધતિ અત્યારે કયે સ્થળે માલૂમ પડે છે ? એ પદ્ધતિ પાછળથી સામાન્ય રીતે કેમ નાશ પામી ? ‘ દંડવત પ્રણામ ’ કરવાની નવી પદ્ધતિ શી છે ?

૩. ‘ દંડવત પ્રણામ ’ પછી કયી પદ્ધતિ શરૂ થઈ ? આ પદ્ધતિ કયી રીતે રાજદ્વારી પુરુષોને ઉપયોગી થઈ પડતી ? શિવાજીએ કોની સામે વાઘનખનો ઉપયોગ કર્યો ?

૪. પાશ્ચાત્ય કેળવણીથી આપણા સમાજમાં માન આપવાની કયી પ્રથા શરૂ થઈ ?

૫. અત્યારે માન આપવામાં કયી પદ્ધતિ ચાલુ છે ? એ રીતની તરફેણમાં લેખક કયી દલીલો રજૂ કરે છે ?

૬. માન આપવાની જુદી જુદી પદ્ધતિ વિષે લખતાં લેખકે આ લેખમાં કયે કયે ઠેકાણે રમૂજ ઉત્પન્ન કરી છે ?



પાઠ ૨૪ મો

¤

બે ખાનાંનો પરિગ્રહ

¤

કુ. મનુબહેન ગાંધી

[આ લેખિકાએ લખેલ 'પથ્થર ભૂલ્યાનો પાઠ' તમે પહેલા પુસ્તકમાં શીખી ગયા હશો. આ પાઠમાં પણ તેમણે ગાંધીજીના જીવનનો એક પ્રસંગ લીધો છે. ગાંધીજી આટલા મહાન હતા છતાં તેઓ હંમેશાં ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરતા. તેમ કરતાં પણ તેઓ પોતાને જોઇએ તેથી વધારે જગ્યા નહિ વાપરતા.

એકવાર પટણાથી દિલ્હી જતાં લેખિકા ગાંધીજી સાથે હતા. તેમણે મુસાફરી માટે એક ખાનાના ડબ્બાને બદલે બે ખાનાનો ડબ્બો પસંદ કર્યો. ગાંધીજીને તે ન ગમ્યું. મળતી સગવડનો વધુ પડતો લાભ લેવો તેમને કેમ ગમે? તેમણે લેખિકાને ઠપકો આપ્યો અને બીજે જ સ્ટેશને તેમાંનું એક ખાનું ખાલી કર્યું. આનું જ નામ અહિંસા.]

ઈ. સ. ૧૯૪૭ ની ૩૦ મી માર્ચના રોજ પૂ. બાપુજીને, નોઆખાલી બિહારના યજ્ઞમાં ઝંપલાવ્યા પછી પહેલવહેલું જ, લૉર્ડ માઉન્ટબૅટનને મળવા જવાનું થયું. વૉઇસરૉયે તો પૂ. બાપુજીને વિમાનમાં મળવા બોલાવેલા, પણ "જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં મારાથી કેમ બેસાય?" એમ કહી તેમણે તેનો ઇન્કાર કર્યો. અને "ટ્રેનમાં પણ હું તો મારું કામ સારી રીતે કરી લઉં છું, એટલે હું તો આગગાડીમાં જ આવીશ," એવો નિશ્ચય કર્યો.

ગરમી અસહ્ય હતી. ચોવીસ કલાકનો રસ્તો હતો. વળી સ્ટેશને સ્ટેશને આ પરમ પિતાનાં દર્શન કરવા હજારોની મેદની જામતી. છતાં કંઈ પણ તકલીફની એમને ક્યાં ખેવના હતી? એમણે મને બોલાવીને કહ્યું:

"જો, આ યજ્ઞમાં તું એકલી જ મારી સાથે છો એટલે દિલ્હીમાં હું પહેલવહેલો જાઉં છું. મેં નોઆખાલી જતાં તો નિશ્ચય કર્યો હતો કે ત્યાં જ 'કરવું અથવા મરવું,' અને સાથીઓને છૂટા કર્યા. પણ તને આ મારા યજ્ઞમાં ભાગીદાર બનવા માટે મેં રજા આપી. તું સાથે જ રહી એટલે જેમ નોઆખાલીમાં બધાને છોડીને આવ્યો તેમજ અહીં બિહારમાં પણ. બાકી દેવપ્રકાશ, હુન્નર (એ નામના એક મુસલમાન ભાઈ) વગેરે છે તે અને મૃદુલાબહેન રહેશે. મૃદુલાબહેન મારાવતી બધું જ સંભાળશે અને કામ કરશે. પણ તને છોડીને કેમ જવાય? એ તું પણ નહીં ઇચ્છે. એટલે તારે મારી સાથે આવવાનું રહ્યું. ઓછામાં ઓછો સામાન અને નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનો. પણ જોજે આમાં તારી ખૂબ કસોટી છે હો!"

મેં સામાન તો ઓછો લીધો. પણ સ્ટેશને સ્ટેશને પૂ. બાપુજીનાં દર્શનાર્થીઓની એટલી ભીડ જામશે કે ઘડીયે એમને આરામ નહીં મળે. વળી હરિજનફંડ પણ મારે ગણવું પડશે અને એ બધો અવાજ આવશે. આમ વિચારીને મેં બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો. એકમાં સામાન રખાવ્યો અને બીજામાં પૂ. બાપુજીને સૂવાબેસવાનું રાખ્યું.

પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે સાડાનવ વાગ્યે ઊપડે. બાપુજી અને હું ૯-૨૫ વાગ્યે સ્ટેશને આવ્યાં. લોકોની ભીડ અસહ્ય હતી. પણ અમે ચડી ગયાં. બાપુજી તો એકેએક મિનિટનો સદુપયોગ કરનારા, એટલે પાંચ મિનિટમાં હરિજનફંડ ઉઘરાવી નાખ્યું. સાડાનવ વાગે ટ્રેન ચાલી. ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન દશ વાગે લેતા.

હું બીજા ખાનામાં જઈ સામાન ખોલી પૂ. બાપુજી માટે ખાવાનું તૈયાર કરવા ગઈ. થોડી વારે પૂ. બાપુજીવાળા

ખાનામાં આવી. બાપુજી તો લખવામાં પડ્યા હતા. મને પૂછયું, "ક્યાં હતી?" મેં કહ્યું, "અહીં ખાવાનું તૈયાર કરતી હતી." તેમણે મને બારીએથી બહાર નજર નાખી જોવાનું કહ્યું. મને પણ જરાક ભાન આવી ગયું કે કંઇક મારી ભૂલ થઇ લાગે છે. મેં બહાર જોયું તો લોકો લટકતા હતા. મને મીઠો ઠપકો મળ્યો:

"આ બીજા ખાનાનું તેં કહ્યું હતું?"

મેં કહ્યું: "હા બાપુજી. હું અહીં જ બધું કામકાજ કરું–સ્ટવ પર દૂધ ગરમ કરું, વાસણો સાફ કરું, તેથી આપને તકલીફ પડશે એમ જાણીને મેં બીજા ખાનાનું કહ્યું."

"કેવો લૂલો બચાવ છે? આંધળો પ્રેમ તે આનું નામ. તને ખબર છે કે મને ઍરોપ્લેન ઉપરાંત સ્પેશિયલ ટ્રેન, તકલીફ ન પડે માટે કહેવામાં આવેલ. એક સ્પેશિયલ પાછળ કેટલી ગાડીઓ રોકાય અને કેટલા હજારનું ખર્ચ થઈ પડે? એ મને કેમ પોસાય? હું તો લોભિયો રહ્યો. તેં આજે તો વધારાનું ખાનું માગ્યું, પણ સલૂન માગ્યું હોત તો તે પણ મળત; પણ એ તને શોભત કે? એટલે તેં બીજું ખાનું લીધું, પણ તે સલૂન માગ્યા બરાબર છે. હું જાણું છું, કે તું આ બધું મારા ઉપરના અત્યંત પ્રેમને વશ થઇને કરે છે. પણ મારે તો તને ઊંચે ચડાવવી છે, નીચે નથી પછાડવી, એ તારે સમજવું જોઇએ. અને એ સમજી હો તો હું તને કહી રહ્યો છું અને તારી આંખમાંથી પાણી પડી રહ્યાં છે તે ન પડવાં જોઇએ. હવે એનું પ્રાયશ્ચિત્ત એ જ, કે તું બધો સામાન અહીં ખસેડી લે અને આગળનું સ્ટેશન આવે ત્યારે સ્ટેશન-માસ્તરને મારી પાસે બોલાવજે."

હું તો થર થર કાંપતી હતી. સામાન તો ખસેડ્યો, પણ મને પૂ. બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે? ઘણી વખત

આવી નાની ભૂલ ભલે બીજાની હોય, પણ એ પોતાની જ ગણે અને એકાદ ટંક ખાવાનું પણ છોડે, એ મોટી ચિંતા હતી.

વળી ટ્રેનમાં લખવાનું, વાંચવાનું, માટી લેવાનું, કાંતવાનું, મને ભણાવવાનું વગેરે બધું કામ! જેટલું ઘરમાં બેઠા કરવાનું રહે તેટલું જ ટ્રેનમાં મુસાફરીમાં પણ ચાલુ રહે!

અંતે સ્ટેશન આવ્યું. સ્ટેશન માસ્તરને બોલાવ્યા. બાપુજીએ એને મારું પરાક્રમ કહ્યું, કે "આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં. એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને? હવે મારે અને એણે બંનેએ પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના પેસેન્જરો લટકે છે તેને માટે કરો; અને તો જ મારું દુઃખ હળવું થશે."

સ્ટેશન–માસ્તરે ઘણી આજીજી કરી, પણ બાપુજી ક્યાં માને તેવા હતા? સ્ટેશન–માસ્તરે ત્યાં સુધી કહ્યું, કે "હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી દઉં."

બાપુજીએ કહ્યું: "બીજો ડબ્બો તો જોડવો જ જોઇએ, પણ આનો ઉપયોગ કરી લો. જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે તે વાપરવું, તેમાં હિંસા છે. મળતી સગવડનો દુરુપયોગ કરાવી આ છોકરીને તમે બગાડવા માગો છો?" બિચારા સ્ટેશન–માસ્તર ઝંખવાણા પડી ગયા અને અંતે બાપુજીનું કહેવું માનવું પડ્યું.

એ તો હિંદુસ્તાનના પિતા હતા. એ સગવડ ભોગવે અને એમનાં બાળકો લટકે તે એમનાથી કેમ ખમાય? એટલે લટકતા લોકોને જગ્યા મળી. અને મને જીવનમાં અમૂલ્ય પાઠ મળ્યો, કે

મળતી સગવડનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો. ભલે એટલે ઠપકો એ વખતે વસમો લાગતો હતો, પણ આજે જીવનમાં એની કિંમત અમૂલ્ય થઈ પડી છે. આવા ઝીણવટ ભરેલા અહિંસા-પાલનથી જ એમણે પોતાનું જીવન ઘડ્યું હતું, અને એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી; છતાં મારા જેવીને એવા ઘડતરનો લહાવો મળ્યો, જે જીવન પર્યંત મારો રહેશે.

પ્રશ્નો

૧. ગાંધીજી વૉઇસરૉયને મળવા વિમાનમાં કેમ ન ગયા?
૨. લેખિકાએ બે ખાનાનો ડબ્બો શા હેતુથી પસંદ કર્યો?
૩. બાપુજીએ લેખિકાને બારીએથી બહાર નજર નાખી જોવાનું શા માટે કહ્યું?
૪. લેખિકાની ભૂલ માટે બાપુજીએ તેમને શું પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું?
૫. લેખિકા આ પ્રસંગ ઉપરથી કયો પાઠ શીખ્યાં?
૬. નીચેના શબ્દોથી ઊંધા અર્થવાળા શબ્દ બનાવો:—
સદુપયોગ, ઠપકો, હળવું, સગવડ.



પાઠ ૨૫ મો

¤

વસંત જાગે

¤

શ્રી. મનસુખલાલ ઝવેરી

[આ પાઠના લેખક ઉચ્ચ કોટિના કવિ છે. 'ફૂલ–દોલ' 'આરાધના' વગેરે તેમનાં કાવ્યનાં પુસ્તકો તમે મોટા થાઓ ત્યારે જરૂર વાંચજો.

આ કાવ્ય પ્રકૃતિકાવ્ય છે. વસંત ઋતુ આવતાં વૃક્ષ, ફૂલ, પશુપંખી, માનવી, વગેરેમાં કેવા ફેરફાર થાય છે તે કવિએ વર્ણવ્યું છે. આ કાવ્ય સાદું છે છતાં કેવું ઉલ્લાસમય છે!]

વસંત જાગે, વસંત જાગે,
રોમ રોમ ધરતીનાં જાગે,
સરવરકેરાં નીર જાગે,
સાગર ઊઠ્યા સમીર જાગે,
વસંત જાગે, વસંત જાગે.

સરવરપાળે સારસ જાગે,
આંબાડાળે કોયલ જાગે,
મંજરી કેરા પુંજે પુંજે
મધુકર મદભર ગુંજે ગુંજે,
બુલબુલ કેરા ગીત બુલંદે,
મધુરપ વ્યાપે કુંજનિકુંજે,
વસંત જાગે, વસંત જાગે.

ધરતીની રસધારા જાગે,
નભમંડળના તારા જાગે,
અલબેલી ઋતુરાણી કેરાં
મદભર નયનો અડચે છબીલાં
રંગરૂપના સમદર જાગે,
વસંત જાગે વસંત જાગે.

વસુંધરાનાં ફૂલડાં જાગે,
ફૂલડે ફૂલડે પરિમલ જાગે,
માનવકેરાં હૈયાં જાગે,
હૈડે હૈડે હરિવર જાગે,
જીવન જાગે, જોબન જાગે,
ફાગણિયાના ફાગે ફાગે,
વસંત જાગે, વસંત જાગે.

પ્રશ્નો

૧. વસંતઋતુની પવન તથા પાણી ઉપર શી અસર થાય છે?
૨. વસંતઋતુમાં પ્રાણીઓ અને પક્ષીઓ શું કરે છે?
૩. વસંતઋતુમાં મનુષ્ય શા શા અનુભવ કરે છે?
૪. 'વસંતઋતુ' ઉપર એક નાનકડો નિબંધ લખો.



પાઠ ૨૬ મો

રૂપિયાની આત્મકથા

શ્રી. કુટમુટિયા અને ઠક્કર

[માણસની આત્મકથા હોઈ શકે, પણ 'રૂપિયાની આત્મકથા' તે કેમ હોઈ શકે? રૂપિયો ભલે માણસની માફક બોલે નહિ પણ તેનેય સુખદુઃખ તો હશે જ ને? રૂપિયો ઊજળો દેખાય છે તેટલો જ હંમેશાં સુખી હશે? આનો તમે કદી વિચાર કર્યો છે? આ પાઠ વાંચો એટલે રૂપિયાના જીવનનો મર્મ તમને સમજાશે.]

મારો જન્મ અમેરિકાના એક પર્વતની ખીણમાં થયો. ધૂળથી મારો દેહ ઢંકાયેલો હતો. એવા ને એવા ધૂળિયા વેશે મને વહાણમાં ચડાવવામાં આવ્યો. હું લંડન આવ્યો. ત્યાં હું સ્વચ્છ થયો. અગ્નિની ભઠ્ઠીમાં તપતાં મારા દેહનાં મલિન તત્ત્વો સરી પડ્યાં, અને હું કૌમુદીઊજળો કાંતિમય બન્યો. આવા સ્વરૂપમાં હું હિંદમાં આવ્યો. રાણી વિક્ટોરિયાની છાપ મારા ઉપર પડી અને હું રૂપિયો બન્યો.

આમ રૂપિયો બન્યા પછી મારામાં ભટકવાની અને નવા નવા પ્રદેશો જોવાની કોઈ અદ્‌ભુત વૃત્તિ જાગૃત થઈ. માણસોને પણ મારી આ વૃત્તિ ઘણી જ ગમી. તેમણે એક હાથમાંથી બીજા

હાથમાં એટલી ઝડપથી મને ફેરવી દીધો કે હું પાંચ વર્ષનો થયો તે પહેલાં તો હિંદનો ખૂણેખૂણો જોઈ વળ્યો. છઠ્ઠે વર્ષે મારી કમબખ્તી બેઠી. મારે દુર્ભાગ્યે હું એક કંજૂસ બુઠ્ઠાના હાથમાં સપડાઈ ગયો. તેણે મને લોખંડની મજબૂત તિજોરીમાં પૂર્યો. એ કેદખાનામાં મારા બીજા પાંચસો ભાઈઓ સડતા હતા. કેદખાનાની આ કારમી જિંદગીમાં અમને માત્ર એક દિલાસો હતો. દરરોજ સવાર અને સાંજના સુરમ્ય સમયે તે અમને બહાર કાઢતો અને ગણતો. કેટલાંક વર્ષના જેલનિવાસને અંતે એક રાત્રે તિજોરી ઉપર કોઈ હથોડા મારતું સંભળાયું. જ્યારે બારણું ઊઘડયું ત્યારે અમે જાણ્યું કે ખોલનાર વ્યક્તિ પેલો વૃદ્ધ નહિ, પણ તેનો વારસદાર હતો. એ ડોસો મરવાની અણી ઉપર હતો, એટલે આ જુવાન અમારી મદદે ધાયો અને અમને બંધનમુક્ત કર્યા.

મારા મિત્રોનું પછી શું થયું તે હું જાણતો નથી. પણ મને તો પેલા યુવાને ચંપલ ખરીદી મોચીને આપ્યો. મોચીએ સુથારને આપ્યો. સુથારે ભરવાડને. ભરવાડે પોતાની પ્રિયતમાને મારી ભેટ ધરી, અને ભોળી ભરવાડણે ભવાની માતાના મહંતને ચરણે મને ધર્યો. આ પ્રમાણે મેં તો મોજથી જગતમાં મુસાફરી આદરી. તમે જાણો છો કે અમને રૂપિયાઓને ભટકવા જેવી બીજી કોઈ પણ ચીજ પ્રિય નથી. ઘણીવાર મારા વડે કોઈ પુસ્તક ખરીદતું. ઘણીવાર સ્ટેશનથી હોટેલમાં જવાના ભાડા તરીકે મારો ઉપયોગ થતો.

ઘણાંય વર્ષો આમ એક ગજવામાંથી બીજા ગજવામાં ઘૂમવામાં કાઢ્યાં. એવામાં ઇંગ્લંડ અને જર્મની વચ્ચે વિગ્રહ ફાટી નીકળ્યો. એ વિગ્રહમાં હિંદુસ્તાને પણ બ્રિટનને મદદ કરવાનો નિશ્ચય કર્યો અને મારો ઉપયોગ સિપાઈઓ ઊભા કરવામાં થયો. મારી લાલચ

આપીને પોલીસ અમલદારો એક ગામડામાંથી કોઈ ગરીબ માતાના એકના એક જુવાન પુત્રને ઉઠાવી લાવ્યા, અને તેને પરદેશની ભૂમિ પર લડવા મોકલ્યો. પુત્રને છોડતાં માતાએ કરેલા છાતીફાટ રુદનથી મને પણ રડવું આવેલું. એ વૃદ્ધાએ મને ઘણા જતનથી જાળવ્યો. મને પણ એ પ્રેમની ઉષ્માથી દૂર જવું ગમતું નહિ. પણ આખરે ડોસીની કોઠીનું તળિયું દેખાયું. એક મણ બાજરીને માટે ડોસીએ મને તજ્યો.

આ પ્રમાણે રખડતાં રખડતાં હું એક મરી ગયેલા પિતાના વસિયતનામા સાથે તેના તરુણ ઉડાઉ પુત્રને હાથે પડ્યો. એ દીકરાએ ધારેલું કે પિતાના વસિયતનામાથી તેને અઢળક ધન મળશે. પણ વસિયતનામું ઉઘાડતાં જ તેને સમજાયું કે તેને કશુંય આપવામાં આવ્યું ન હતું. આથી એને એટલો ગુસ્સો ચડ્યો કે મને હાથમાં લઈ, મારા ઉપર તેણે ગાળોનો વરસાદ વરસાવ્યો, અને છેવટે ખૂબ જોસથી મને બારીમાંથી બહાર ફેંકી દીધો. હું જે જગ્યાએ પડ્યો તે એટલી એકાંત હતી કે કેટલાંય વર્ષો સુધી મને કોઈ ઊચકવા આવ્યું નહિ.

અચાનક જ્યારે મને એક વીમાદલાલે ઊચક્યો ત્યારે હું એટલો વિકૃત બની ગયો હતો કે રૂપિયા તરીકે મારી કિંમત કંઈ રહી ન હતી. છતાં મને રૂપિયા તરીકે ચલાવવા એ વીમાદલાલે ઘણાયે પ્રયત્નો કર્યા. ટ્રામની ટિકિટ ખરીદવા, શાકભાજી લેવા, શાહીનો ખડિયો ખરીદવા અને મોદીનું બિલ ચૂકવવા—વગેરે અનેક પ્રસંગોયે તેણે મને અજમાવી જોયો, પણ કંઈ વળ્યું નહિ. આખરે ટ્રામના ઉપલા ડબ્બામાં બેસી નીચે ઊભેલા આંધળા ભિખારી તરફ જ્યારે તેણે મને ફેંક્યો ત્યારે તેની ઉદારતા ઉપર આખી ટ્રામમાં બેઠેલા નરનારીઓ આફરીન પોકારી ઊઠ્યાં !

ફરી પાછો હું ફરવા લાગ્યો. ફરતો ફરતો હું એક મારવાડીના હાથમાં આવ્યો. તેણે મને વર્ષોથી સંઘરી રાખ્યો છે. થોડા દિવસ પહેલાં જ મને ગાળી નાખવા સંબંધી તે તેના મુનીમ સાથે વાત કરતો હતો. એનો વિચાર કરતાં જ મને કંપારી છૂટે છે. આ અસહ્ય વ્યથામાંથી તમે મને ઉગારી લો તો સો ગાય છોડાવવાનું તમને પુણ્ય થશે.

પ્રશ્નો

૧. રૂપિયો આપણને સફેદ ચળકતો દેખાય છે; ત્યારે તેનો જન્મ અમેરિકાના એક પર્વતની ખીણમાં થયો તે કેમ બને ?

૨. રૂપિયા જે કારખાનામાં તૈયાર થાય છે તેને શું કહેવામાં આવે છે ?

૩. આ પાઠમાંનો રૂપિયો કેવી રીતે જુદા જુદા પ્રદેશોમાં મુસાફરી કરી આવ્યો હશે ? તેને ચાલતાં આવડતું હતું ?

૪. રૂપિયાને કંજૂસને ઘેર રહેવું કેમ ન ગમ્યું ?

૫. કંજૂસને ઘેરથી મુક્ત થયા પછી રૂપિયો ક્યાં ક્યાં ભટક્યો ?

૬. રૂપિયાની આત્મકથા એક માણસની આત્મકથાને કેટલે અંશે મળતી આવે છે ?

૭. જો રૂપિયો પોતાની આત્મકથા કહી શકે તો બીજી વસ્તુઓ કહી શકે કે નહિ ? એમ હોય તો તમારી પેનસિલની પાસે તેની કથા કહેવડાવો.



પાઠ ૨૭ મો

☼

ગોઝારી મા

☼

શ્રી. ચંદ્રશંકર શુક્લ

[પહેલા પુસ્તકમાં તમે 'દશરથનો અંતકાળ' નામનો પાઠ વાંચ્યો હશે. તે જ લેખકના પુસ્તકમાંથી આ બીજો પ્રસંગ છે. રામ વનમાં સિધાવ્યા, દશરથ રાજા મૃત્યુ પામ્યા, અને બીજી તરફથી ભરતને તેડવા માણસો મોકલવામાં આવ્યા.

આ પાઠમાં ભરતના હૃદયની પવિત્રતા જોઇ શકાશે. ભ્રાતૃપ્રેમ પાસે તેને રાજગાદીની કંઇ કિંમત ન હતી. ક્રોધમાં આવી જઇ તે મા ઉપર ગુસ્સે થાય છે તે એક રીતે યોગ્ય જ છે. કૈકેયીની ઇર્ષ્યા અને તેના લોભમાં ભરત રઘુકુળનો વિનાશ જોઇ રહ્યો હતો. ભરતને સ્થાને જો કોઈ બીજો રાજકુમાર હોત તો રાજ અપાવનાર માતાને કેટલું માન આપત !]

ભરતશત્રુઘ્નને તેડવા નીકળેલા ઘોડેસવારો દોડતે ઘોડે મજલ દર મજલ કાપીને કેકય દેશમાં યુધાજિત રાજાના પાટનગરમાં આવી પહોંચ્યા. ભરતને આગલી રાત્રે ઘણાં જ ભયંકર શમણાં આવેલાં, તેની વાત કરતો તે મિત્રો આગળ બેઠો હતો. સવારોએ આવી તેને કહ્યું, " અયોધ્યામાં આપનું ઘણું જ જરૂરનું કામ પડ્યું છે, માટે હમણાં ને હમણાં પધારો." ભરતે બધાનું કુશળ પૂછવા માંડ્યું, પણ સવારોએ કહ્યું કે, " અમારી પાસે તો આટલો જ સંદેશો છે." બંને ભાઈઓએ મામાની અને બીજાં સગાંવાલાંઓની રજા લીધી, અને સવારો સાથે અયોધ્યા આવવા નીકળ્યા.

યુધાજિતે તેમને વાઘ જેવા બળવાન અને મહાકાય એવા કેટલાક કૂતરા, બે હજાર સોનૈયા, સોળસો ઘોડા, અને કેટલાક હાથી અને ખચ્ચર ભેટ આપ્યાં. " અમને ઘણી જ ઉતાવળે

જવાની જરૂર છે," એમ કહી ભરતે આ બધી ભેટ લેવા ના પાડી. છતાં યુધાજિતે આગ્રહ કરીને તેની સાથે એ બધું મોકલ્યું. આ બધા સાજને પાછળ રાખીને અયોધ્યાના ઘોડેસવારો સાથે રાજકુમાર આગળ નીકળી ગયા, અને રથને પૂરપાટમાં દોડાવી મૂક્યો.

સાત રાત્રિના સતત પ્રવાસ પછી આઠમે દહાડે અરુણોદય સમયે ભરતે અયોધ્યાનું દર્શન કર્યું. પ્રથમ દર્શને જાણે પહેલાંની અયોધ્યા રહી જ ન હોય એવું લાગ્યું. શહેરની ભાગોળ સૂની હતી. શહેર બહારના બાગમાં લોકોની આવજા રહેતી તેને બદલે આજે તે સૂના પડ્યા હતા. ભરતે કહ્યું, "સારથિ, આજે આ નગરી અરણ્ય જેવી કેમ ભાસે છે? મને એકાએક શા સારુ બોલાવ્યો હશે?' દરવાજે થઈને નગરમાં પેઠા ત્યાં એવો જ ગમગીન દેખાવ જોયો. ઝાડો જાણે પાંદડાં નાખી નાખીને રુદન કરે છે. ઝાડનાં પાંદડાંના ઢગલા રસ્તા પર વાળ્યા વિનાના પડ્યા છે. પક્ષીઓના કલરવ બંધ થઈ ગયા છે. વાજિંત્રના ઘોષ સંભળાતા નથી. આગળ ગયા ત્યાં ઘરોનાં બારણાં ઉઘાડાં પડ્યાં છે, કચરા પણ કાઢેલા નથી. મંદિરોમાં ક્યાંયે પૂજાના ઘંટાનાદ થતા નથી. માળીઓને ત્યાં ફૂલના હાર લટકાવેલા નથી. દુકાનો પર વેપાર ચાલતો નથી. જે માણસો આવે જાય છે તેમનાં મોં પર ઉદાસી છવાઈ ગયેલી છે.

ભરતના મનમાં અનેક તર્કવિતર્કો થઈ ગયા. હવે કેમ કરીને પિતાને મળું, માતાને મળું, રામનાં દર્શન કરું, એવી અધીરાઈ તેને થવા લાગી. સીધો તે પિતાના મહેલમાં ગયો. પિતાનું ભવન સૂનું જોયું. તરત જ ભરત માતાને મંદિરે પહોંચ્યો. જઈને માતાને પગે પડ્યો અને પહેલું જ પૂછ્યું, "માતા, પિતાજી ક્યાં છે?"

કૈકેયી સોને મઢેલા આસન પર બેઠી હતી ત્યાંથી ઊતરી. પતિવિયોગનું દુઃખ તો તેને સાલતું હતું પણ ભરતને તે ન જણાવા દીધું. પોતાના પિયરની ખબરો પૂછવા લાગી, "હેં ભાઈ, દાદા, મામા બધાં સાજાંતાજાં છે ને? તને આવતાં કેટલા દિવસ લાગ્યા? બહુ થાક્યો લાગે છે, નહિ દીકરા?"

ભરતે જવાબ દીધો, "અહીં આવતાં સાત જ રાત લાગી. મામાને ત્યાં સહુ કુશળ છે. પણ પિતાજી ક્યાં છે એ કહોને, મા. આ તમારું ભવન આજે પિતા વિના મને સૂનું કેમ લાગે છે? કૌસલ્યા માતાને મંદિરે જાઉં? ત્યાં મને પિતાનાં દર્શન થશે? મને તેમણે કેમ બોલાવ્યો છે?"

ભરતને ઉત્તર દેતાં કૈકેયીની જીભ ઊપડતી નહોતી. તેણે બહુ વાર જીભ ચાવી, શબ્દ કાઢવાને બહુયે પ્રયત્ન કર્યા. અંતે મહા-પ્રયાસે બોલી, "ભરત, તને શું કહું? મેં અભાગણીએ તો બહુયે સાચવ્યું. બિચારી મંથરા પણ મદદે ધાઈ. પણ બનવા કાળ તેને મિથ્યા કોણ કરે? પ્રાણીમાત્ર જે ગતિ પામે છે, તે ગતિએ તારા પિતા પહોંચ્યા. તારા પિતાની તો સદ્‌ગતિ થઈ. આપણને મૂકીને રાજા ચાલ્યા ગયા."

ભરત સ્તબ્ધ થઈ ગયો. શોકથી તેનું હૈયું એવું ચૂરેચૂરા થઈ જતું હતું, કે આંસુ આવવાં પણ કઠણ હતાં. "હાય! મને આ ખબર આપવા જ બોલાવ્યો? હા! શિરચ્છત્ર, મારે માથે હવે કોણ સ્નેહથી હાથ ફેરવશે? મારું માથું હવે કોણ સૂંઘશે? અરેરે! તમે મને દૂર મોકલીને નમેરા થઈને ચાલ્યા ગયા? મને રામના હાથમાં સોંપી જવા પણ ન રહ્યા? અરે, ધન્ય છે રામલક્ષ્મણને જેમણે પિતાનો અંતકાળનો આશીર્વાદ લીધો, ને પિતાનો અગ્નિસંસ્કાર કરી કૃતાર્થ થયા! માતા, હવે રામ ક્યાં

મળે તે મને કહો. મને તરત રામ પાસે લઈ જાઓ. હવે રામ જ મારું શિરચ્છત્ર છે. હું તેમનો સેવક છું."

કૈકેયીનું હૈયું ભીનું તો થયું, પણ તે કઠણ થઈને બોલી, "ભરત, તું ક્ષત્રિયકુમાર છે ને ? આવો વિલાપ તે તને છાજે ? ધૈર્ય ધારણ કર. ભાઈ, થવાનું હતું તે થઈ ગયું. આપણું એમાં શું ચાલે ?"

"મા, એ તો કહો, પિતાજીનાં છેલ્લાં વચન શાં હતાં ? એ સાંભળીને તો ધન્ય થાઉં."

"રાજાએ 'હે રામ, હે લક્ષ્મણ, ઓ સીતા', એ શબ્દો બોલતાં બોલતાં દેહ મૂકયો."


ભરત પર વજ્રપાત થયો. "માતા, હું આ શું સાંભળું છું ? ત્યારે આર્ય રામ, મારો વહાલો લક્ષ્મણ અને સીતાદેવી એ સમયે નહોતાં ?"

"ના, ભાઈ. એ તો ત્રણે દંડકારણ્યમાં ગયાં. તારા પિતાએ તેમને વનવાસ આપ્યો."

"વનવાસ ! શા સારુ ? શું રામે કોઈ બ્રાહ્મણને રંજાડયો ? શું કોઈ નિરપરાધીને માર્યો ? શું કોઈ સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરી ? થયું શું ?'

"ના રે, રામ એવું પાપ કરે ખરો ? રામ કોઇને શા સારુ મારે ? રામ તો પરસ્ત્રીની સામે આંખ પણ માંડતો નથી. પણ વત્સ, તું ન ચિડાય તો તને કહું. રામનો અભિષેક થતો હતો તેમાં મેં તારા સુખનો વિચાર કર્યો. તને રાજા બનાવવા ધાર્યું, અને મારા બે વર બાકી હતા તે માગી લીધા. તારે માટે રાજ્ય માગ્યું, ને રામને માટે દેશવટો. જો ભાઈ, માતાએ તારે સારુ કેટલું કર્યું ? મારા તરફ હેતની અમીદૃષ્ટિ તો નાખ."

ભરતની આંખમાંથી ચોધારાં આંસુ વહેવા લાગ્યાં. "અરે! આ મારી મા! આ અંગારો પિતાશ્રીએ કેમ સંઘર્યો? અરે, કૈકેયી! રામ તો તને અને કૌસલ્યાને સરખી ગણતા. કૌસલ્યાને તેં ઓછું દુઃખ દીધું છે? પણ તેણે તને હંમેશાં બહેન જેવી ગણી છે. તેના દીકરાને તેં વલ્કલ પહેરાવીને વન મોકલ્યો! અને એ બધું મારે નામે! આટલું ઘોર કર્મ આ અધમ જીવને માટે તેં



હે પતિઘાતક સ્ત્રી! તું મારી મા કહેવાને લાયક નથી.

કર્યું? પણ તારો મનસૂબો તો હું પાર નહિ જ પડવા દઉં. આ રાજ્યને છોડીને વનમાં જઈ મારા રામને લાવીશ, નહિ તો તેની સાથે જ તેનો દાસ થઈને રહીશ. હે પતિઘાતક સ્ત્રી! તું મારી મા કહેવાને લાયક નથી. તું ધર્માત્મા અશ્વપતિની દીકરી પણ નથી. તારે આંગ્યે આ પવિત્ર રઘુકુળનો નાશ થવા બેઠો છે. તારે પાપે આખું અયોધ્યા નિરાધાર થઈ ગયું છે. રાજ્યને લોભે તેં

સત્યાનાશ વાળ્યું છે. તારું દીધું રાજ્ય મારે શા કામનું છે? મારે તો હવેથી તારું મોઢું પણ જોવું નથી. પડી રહેજે તું હવે તારા અંધારા ઓરડામાં, અને સડ્યા કરજે ત્યાં. કોઈ તારા સામું પણ જોનાર નથી. આ ક્રૂર કામનું પ્રાયશ્ચિત્ત કરવું હોય તો તું અગ્નિમાં પ્રવેશ કર, કાં તો અરણ્યમાં જા, કાં તો ગળે ફાંસો ખા. એ સિવાય તારા પાપનું નિવારણ નથી."

કૌસલ્યાએ ભરતના આવવાની વાત સાંભળી સુમિત્રાને કહ્યું, "બહેન, ભરત આવ્યો જણાય છે. તું મને તેની પાસે લઈ જા. તેને મળીએ તો ખરાં." કૌસલ્યાનાં અંગ શિથિલ થઈ ગયાં હતાં. સુમિત્રાનો ટેકો લઈ તે ભરતને મળવા નીકળી હતી. ત્યાં તો ભરત અને શત્રુઘ્ન બંને આવી પહોંચ્યા. કુમારોએ માને ખોળે માથું મૂકયું.

કૌસલ્યાએ કહ્યું, "ભરત, આ તને નિષ્કંટક રાજ્ય મળ્યું છે. કૈકેયીએ તો કાળો કેર કર્યો. મારી આંખના રતન જેવા રામને વનમાં કાઢીને તેણે શું મેળવ્યું? હવે તું કૈકયીને કહે, કે મને પણ વનમાં મોકલે. નહિ તો હું જ સુમિત્રાને આગળ કરીને જાઉં. જોઇએ તો તું મને લઈ જા. તારે માટે આ ભર્યોભાદર્યો કોસલ છે. એ તું ભોગવ. ભાઈ, અમને તું રામ પાસે જવા દે."

ભરતના હૃદયમાં ભાલું ભોંકાયું. તેના શબ્દો સાથે આંસુની ધારા ભળવા લાગી. "માતા, મને નિરપરાધીને દોષ શા સારુ દો છો? આ ઘોર કામમાં જો મારી જરાયે સંમતિ હોય, મેં સ્વપ્ને પણ રામનો દ્રોહ કર્યો હોય, તો આ પૃથ્વી પર જેટલાં પાપ છે તે બધાં મારે માથે પડજો. મારે માથે આભ તૂટી પડજો. મા, આ હતભાગીને નામે આ ગોઝારું કામ થયું! એના કરતાં હું જન્મ્યો જ ન હોત તો કેવું સારું થાત!" જાણે હમણાં હૈયું ફાટી જશે એવી રીતે ભરત ડૂસકાં ભરવા લાગ્યો.

કૌસલ્યાએ પોતાના દુઃખનો વેગ જરા રોક્યો. તે બોલી, "ભરત, પુત્ર, તું રુએ છે ને મને બધું તાજું થાય છે. મૂકી દે શોક, તું મારી સામું જો. તારી બુદ્ધિ નિર્મળ છે તો તારું ભલું થશે. આવ દીકરા, હું તારી મા. તને જોઇને જાણે રામ પાછો આવ્યો હોય એવી શાંતિ વળે છે." કૌસલ્યાએ ભરતને ખોળે બેસાડ્યો. બંને જણાંનાં આંસુની ધારાઓ ભેગી થઈ. સુમિત્રા અને શત્રુઘ્ન પણ ગંગા–યમુના વહેવડાવતાં હતાં.

પ્રશ્નો

૧. દશરથ રાજાના મૃત્યુ વખતે ભરત અને શત્રુઘ્ન ક્યાં હતા?
૨. દશરથે કયે પ્રસંગે બે વરદાનો કૈકેયીને આપ્યાં હતાં?
૩. દશરથ રાજાના મૃત્યુથી કૈકેયીને શોક થયો હતો કે નહિ?
૪. અયોધ્યા નગરીમાં દાખલ થતાં ભરતે શો ફેરફાર જોયો? એ દેખાવની તેના મન પર શી અસર થઈ?
૫. પોતાને ગાદી મળી અને રામને વનવાસ મળ્યો તેથી ભરત ખુશ થવાને બદલે દિલગીર કેમ થયો? ભરતે કૈકેયીને શો ઠપકો આપ્યો?
૬. ભરતને કૌસલ્યાએ કેવી રીતે શાંત પાડ્યો?
૭. આ પાઠ પરથી ભરતમાં કયા સદ્ગુણો હતા અને કૈકેયીમાં કયા દુર્ગુણો હતા તે શોધી કાઢો.
૮. આ વાત પરથી કોનો પુત્રપ્રેમ વધારે ઉચ્ચ ગણાય—કૈકેયીનો કે કૌસલ્યાનો?
૯. 'સારુ' અને 'સારું' ના અર્થમાં શો તફાવત છે?



પાઠ ૨૮ મો

☼

ભુલકણા વિદ્યાર્થીની વાર્તા

☼

શ્રી. ક્ષિતિમોહન સેન

[આ વાર્તા જાપાનની છે, અને તેના લેખક બંગાળી છે. પોતાનું નામ ભૂલી જાય એવા માણસો તમે સાંભળ્યા છે? પોતાની જન્મતારીખ ભૂલી જનારા તો ઘણાય હશે. આ તેનાથી એક ડગલું આગળ. વાર્તા રમૂજી છે. જેને પોતાનું નામ યાદ ન રહે તે વિદ્યાર્થીને શી ખબર પડે કે ખોબે ખોબે તે કાંઈ નદીનું પાણી ઉલેચાય? વળી નદી તે કોઇનું નામ ચોરી જાય? પણ અકસ્માતે એવું બન્યું કે નદીના રક્ષક પાસેથી તેને તેનાં નામ મળી ગયાં. તેથી તેણે તો એમ જ ધાર્યું હશે કે નદીએ ચોરેલાં નામ રક્ષક પાસે આવ્યાં અને તેણે તેને પાછાં આપ્યાં.]

એક માણસ હતો. તે પ્રથમ બીજા વિદ્યાર્થીઓની માફક ગુરુને ઘેર ભણવા ગયો. તેને જે કંઈ કહેવામાં આવતું તે તે ભૂલી જતો. તેનું નામ શું તે તેને વારંવાર કહેવામાં આવે તો પણ એક કલાકમાં તે પાછો ભૂલી જતો. તેને તેની માતાએ ખૂબ લાડથી ખવરાવી પિવરાવી હૃષ્ટપુષ્ટ કર્યો હતો. તેની માએ જોયું કે તેનાથી નામ પણ યાદ રખાતું નથી, ત્યારે તેની સાથે નામ કહેવાને માટે એક નોકર મોકલી આપ્યો. તેને નોકરની મદદથી મોટો કર્યો હતો. તેને જ્ઞાન નહોતું, પણ શરીર સારું અને મન નિર્મળ હતું. તેની મા મરી ગઈ. તેને સંસારમાં ક્યાંય આશ્રય ન રહ્યો. તેથી તે કોઈ ગુરુને ઘેર ગયો. તેણે સંન્યાસી થવાનો વિચાર કર્યો હતો.

ગુરુએ પૂછ્યું, 'તારું નામ શું?'

ત્યારે તેણે જવાબ આપ્યો, 'મારા ગામમાં જઈ પૂછી આવું.' ગામમાં જઈ નામ પૂછી તો આવ્યો, પણ માર્ગમાં આવતાં

આવતાં વીસરી ગયો. તેથી ગુરુને કહ્યું, 'મને મારું નામ યાદ રહેતું નથી; માટે મને બે નામ આપો કે જેથી એક ખોવાય તો બીજું કામ આવે.'

એટલે ગુરુજીએ તેને બે નામ આપ્યાં: એક તો '**કુતોબા**'—જેનો અર્થ 'બહુ થયું,' 'પૂરતું છે' એવો થાય છે; અને બીજું '**શિયોબા**,' જેનો અર્થ 'વધારેની શી જરૂર' એવો થાય છે. તેણે કહ્યું, 'મારા ખેસની બે બાજુએ બે નામ લખી આપો. રસ્તે કે ખેતરમાં પણ રખેને એ નામો ભૂલી જવાય!'

સવાર, મધ્યાહ્ન અને સંધ્યાની આરતી વેળાએ પણ તે 'કુતોબા-શિયોબા'નું રટણ કરતો. જતાં જતાં મોટા પર્વત દેખે અને આશ્ચર્ય થાય, તો આશ્ચર્ય જણાવવા પણ 'કુતોબા—શિયોબા' બોલતો. જંગલમાં જંગલી પ્રાણી જોઈ બીક લાગે ત્યારે 'કુતોબા-શિયોબા' બોલવા લાગે. એક જગ્યાએ મીઠાઈ વહેંચાતી હતી. તે જોઈ આનંદમાં આવી જઈ 'કુતોબા—શિયોબા' કરવા લાગ્યો. ખાતાં ખાતાં પણ એ નામ ન છોડે.

એ રીતે ચાલતાં ચાલતાં સામે નદી આવી. જાપાનમાં નદીનું નામ, પાર કરવાની જગ્યા, પાણી કેટલું, વગેરે માહિતી પાટિયા પર લખીને નદીકિનારે રાખવાનો નિયમ છે. એ જોઇને તેણે વિચાર્યું કે કમ્મરપુર પાણી હશે. પણ વરસાદ થયેલો એટલે ખરી રીતે પાણી બે માથાપૂર હતું. તેથી 'કુતોબા-શિયોબા' કરતો કરતો ધીમે ધીમે તે આગળ વધવા લાગ્યો, પણ એકદમ ખાડો આવ્યો તેથી ડૂબકાં ખાવા લાગ્યો; અને ગમે તેમ કરી તરફડતો તરફડતો નદી ઓળંગી બહાર આવ્યો. પણ આ ધમાલમાં તે પેલું નામ ભૂલી ગયો. એથી ખેસ પર નામ જોવા ગયો ત્યાં નામ લખેલું પાણીમાં ધોવાઈ ગયું હતું. એટલે બોલી ઊઠ્યો, 'અરે!

એ નદી! તેં જ મારું નામ ચોરી લીધું છે. તું તે એને ક્યાં સંતાડશે? એ તો હું હમણાં શોધી કાઢું છું.'



પોતાનાં નામ શોધવા નદીનું પાણી ઉલેચે છે.

તેના માથા પર પ્રાચીન પદ્ધતિની વાંસની ચીપોની ટોપી હતી. ઘૂંટણ સુધી પાણીમાં ઊભો રહી પાણી ઉલેચવા લાગ્યો, અને વિચાર કરવા લાગ્યો, કે આવી રીતે પહેલાં બધું પાણી કાઢી નાખીશ, અને પછી છેવટે નામ રહી જશે તે લઈશ.

એ નદીમાં મોતી પાકતાં હતાં. તે ઘણી વખતે ચોરાઈ જતાં હોવાથી ત્યાંના ઇજારદારનો માણસ ચોકી કરવા માટે પર્વત પર રહેતો હતો. તેણે દૂરથી જોયું કે આ કોઈ મોતી ચોરવા આવ્યો છે. તેથી તેણે છુપાઈને આવીને એકદમ તેને પકડ્યો અને કહ્યું, "તું કોણ છે? અમારી નદીમાં તું શું કરે છે?"

તેણે સામું પૂછ્યું, 'શું કહ્યું? તારી નદી?' પેલાએ કહ્યું, 'હા, મારી નદી.' એટલે તેણે સમજ પડી ગઈ હોય એમ કહ્યું, 'હવે ત્યારે નક્કી થયું કે તેં જ મારું નામ ચોરી લીધું છે. જ્યારે મારું નામ સુદ્ધાં ચોર્યું છે તો બીજા કેટલાયનું શું શું નહિ ચોર્યું હોય! તું મારાં બે નામ આપી દે. નામ આપીશ તો જ તને જવા દઈશ.' એમ કહી તેનું ગળું એકદમ જોરથી એવું પકડ્યું, કે પેલો નદીનો રક્ષક તો મરવા જેવો થઈ ગયો, અને તેનાથી 'કુતોબા-શિયોબા' (બહુ થયું, વધારેની જરૂર નથી) બોલાઈ જવાયું. 'કુતોબા–શિયોબા' એ શબ્દો સાંભળતાં જ પેલાએ તેનું ગળું છોડી દીધું અને કહ્યું, 'હા! હવે કેવાં નામ આપ્યાં!' પછી આનંદથી 'કુતોબા–શિયોબા' બોલતો બોલતો તે આગળ ચાલ્યો ગયો.

પ્રશ્નો

૧. વિદ્યાર્થીએ સંન્યાસી થવાનો કેમ વિચાર કર્યો?

૨. ગુરુએ એ વિદ્યાર્થીને બે નામ કેમ આપ્યાં? ક્યાં બે નામો આપ્યાં? એ નામોના અર્થ શા હતા?

૩. નામો યાદ રાખવા માટે વિદ્યાર્થીએ શી યુક્તિ કરી હતી?

૪. નદીએ એ વિદ્યાર્થીનાં નામો કેવી રીતે ચોરી લીધાં?

૫. નદી પાસેથી તેણે કેવી રીતે નામ પાછાં મેળવ્યાં?



પાઠ ૨૯ મો

¤

વરદાન

¤

શ્રી. ચંદ્રવદન મહેતા

[આ કવિએ લખેલું 'કલ્યાણ' નામનું કાવ્ય તમે પહેલા પુસ્તકમાં વાંચ્યું હશે. આ કાવ્ય ભાઈબહેનના મનોરથ દર્શાવે છે. દેવ જો પ્રસન્ન થાય તો શું વરદાન માગવું એ સંબંધી બન્ને વચ્ચે વાતચીત થાય છે. બન્ને જગતનાં દુઃખોનો નાશ કરવા ઇચ્છે છે. પણ ભાઇની માગણી પુરુષસ્વભાવને યોગ્ય મર્દાનગીભરી છે, જ્યારે બહેનની (ઇલાની) માગણી સ્ત્રીસુલભ કોમળતાભરી છે. ભાઇ દુઃખોને દારૂખાનાની માફક ફોડી નાખવા માગે છે, અને બહેન સ્વર્ગના દિવ્ય સંગીત વડે જગતમાં શાન્તિ રેલાવવા ઇચ્છે છે.]

'ઇલા, અહીં જો કદી દેવ આવે,
ને સાથ જો બે વરદાન લાવે;
જાણે છ તો શું—વરદાન કેવું
હું એક માગું પ્રભુ પાસ એવું ?

દેવેન્દ્રના દારુણ વજ્ર જેવા
પૃથ્વી વિષે છે દુઃખરાશિ એવા;
એમાં કડાકા ભરપૂર લાધું,
એને ફરંતી વીજરેખ બાંધું.

એ વજ્ર જેવાં વીજ ને કડાકા,
સ્વર્ગે લઈ ફોડું ત્યહીં ધડાકા;
વેરું બધે એ દુઃખરાશિ દારૂ;
એવું હું માગું વરદાન મારું'.

'હું તો, ક ની, ભાઈ, ન એમ માગું,
એ દેવને તો નમી પાય લાગું;
જે દિવ્ય સંગીત ત્યહીં ગવાય,
જેથી બધો રાસ વળી રચાય;

ટાળી સદાની દુઃખની ય ભ્રાંતિ,
દે નિત્ય આનંદ અનંત શાંતિ;
સંગીત એવું ઉર ઠારનારું,
યાચું હું તો એ વરદાન મારું.

પૃથ્વી તણી નિત્ય પ્રદક્ષિણાઓ
હું તો ફરું ને ગજવું દિશાઓ;
ગાયા કરું એ જ અનંત ગીત,
પૃથ્વી પછી થાય જ સ્વર્ગજીત.'

પ્રશ્નો

૧. ભાઈબહેન વચ્ચે શો સંવાદ થાય છે?

૨. દેવ પ્રસન્ન થાય તો ભાઈ શું વરદાન માગવાનું કહે છે? બહેન શું વરદાન માગવાનું પસંદ કરે છે?

૩. બન્નેમાંથી કયું વરદાન તમને ગમે?

૪. નીચેના શબ્દસમૂહો કયા કયા શબ્દોના બનેલા છે તે છૂટા પાડી અર્થસહિત સમજાવો—

દેવેન્દ્ર, દુઃખરાશિ, વીજરેખ, અનંત, સ્વર્ગજીત.



પાઠ ૩૦ મો

¤

વિષપાન

¤

શ્રી. શારદાપ્રસાદ વર્મા

[પહેલા પુસ્તકમાં "તાજમહાલ" નો પાઠ તો તમે વાંચ્યો હશે. તેના જ લેખકનું આ નાટક છે.

લગભગ પંદરમી સદીમાં એટલે આજથી પાંચસો વર્ષ પહેલાં મીરાં નામની એક રાજકુંવરી થઈ ગઈ. તે પરણી તે પહેલાં તેનું હૃદય કૃષ્ણભક્તિ તરફ હતું; એટલે આખો સમય ઈશ્વરભક્તિમાં જ પસાર કરતી.

લગ્ન પછી પણ તે તો ભક્તિમાં તલ્લીન રહેતી. તેના શ્વસુરપક્ષને આ વાત ગમી નહિ. મીરાં તો સાધુઓને તેડાવતી અને તેમની સાથે ભજનો કરતી. તેથી રાણાએ એટલે તેના પતિએ ગુસ્સે થઈ તેને શિક્ષા કરી કે મીરાંએ ઝેર પીવું. મીરાંએ ઝેર પીધું. પરંતુ ભક્તિબળથી તેના ઉપર ઝેરની અસર ન થઈ.]

એક દાસી—(પ્રવેશીને) રાજમાતા ને ગુરુપત્ની પધારે છે.
[દાસી જાય છે. રાજમાતા અને ગુરુપત્ની પધારે છે.]

મેનાવતી—(સહર્ષ) જય ! જય ! મીરાં આપની આજ્ઞા સ્વીકારે છે.

મીરાંબાઈ—બા, બા ! ભાવના વિનાનું જીવન, પ્રેમ વિનાનું ઊર્મિહીન જીવન કેવું હોય ?

મેનાવતી—ભાવના વિનાનું જીવન જીવન કહેવાય ? પછી તો જીવન મૃત્યુ !

ગુરુપત્ની—મેનાવતી ! હવે મિથ્યા પ્રયત્ન રહેવા દો. રાજઆજ્ઞા નીકળી ચૂકી છે.

મેનાવતી—શું ? રાજમાતા ! શી આજ્ઞા ?

ગુરુપત્ની—(ટાઢાશથી) હળાહળ વિષપાનની.

મેનાવતી—આ સ્વીકાર પછીયે મીરાંને વિષપાન ?

ગુરુપત્ની—સ્વીકાર ? હવે કેવો સ્વીકાર ? આટલું મોડું ?

મીરાંબાઈ—વિષપાન શા માટે ? વિષ, કેવું વિષ ?

ગુરુપત્ની—(ડામતી) વિષ જેવું વિષ વળી. કેવું છે એ જાણવું છે ? તો જાણો ભક્તિના પયગંબર. એ એવું હળાહળ છે, કે તેના એક બિંદુનો સ્પર્શ માત્ર પ્રાણ હરવા સમર્થ છે. એ વિષ પીનારની શિરાએ શિરાએ ધીરે ધીરે પ્રસરે છે, ને જેમ જેમ પ્રસરતું જાય છે તેમ તેમ છેદાય છે મર્મેમર્મ. ધીમે ધીમે નસો તૂટતી, લીલીછમ બનતી નજરે દેખી મરનાર મરે છે.

મેનાવતી—(કરગરતી) આવાં વિષપાન મારી મીરાંને ! શા માટે ? તેણે રાજનો એવો શો દ્રોહ કર્યો ? રાજમાતા ! તમારી ઈચ્છા હોય તો મીરાં મેવાડમાંથી દેશવટો લે. પણ આમ દેહાન્ત શા સારુ ? આપનેયે પુત્રપુત્રીઓ છે. જેવું આપનું હૃદય તેવું પ્રત્યેક માતાનું. હું માતા તરીકે ભિક્ષા માગું છું રાજમાતા પાસે. (મેનાવતી રાજમાતા પાસે પાલવ ધરે છે, અત્યંત આર્જવથી. ગુરુપત્ની તરછોડી નાખે છે.)

ગુરુપત્ની—એના અમલની બજવણી જેમ બને તેમ તાકીદે કરવાની ફરમાસ છે. રાજઆજ્ઞાની આડે આવનારનેયે એ જ સજા થાય છે.

મેનાવતી—(આંસુ સાથે વિનંતિ કરતી) તો....તો મને પહેલું આપો. લાવો. લાવો એ વિષનાં પ્યાલાં એકને બદલે હોય એટલાં. હું પી જઈશ—મારી મીરાં ખાતર....મારી મીરાં....ખાતર—એના જીવન માટે આપ કહો એ કરીશું. અમારું રાજપાટ, અમારું જીવન, સર્વસ્વ આપને ચરણે ધરી દઈશું. રાજમાતા ! આપ આજ્ઞા ફેરવાવી શકો છો ?

મીરાંબાઈ—જન્મદાત્રી માતાનું આ કલ્પાંત, વિષપાનની આવી યાચનાઓ ! નથી સહેવાતાં....વિષપાન મીરાંને ! મીરાં, તેં એવાં શાં કામ કર્યાં ? કોને દુભવ્યા ? રાજનો, ધર્મનો એવો શો દ્રોહ કર્યો ? ભક્તિ માટે, એ જીવન ? સાચા તલસાટ માટે વિષપાન....તો એ ભક્તિ માટે, જીવન માટેના તલસાટ સાચા શાના ? જાવ, એ ભગવત જીવનની ભાવના, વિદાય થાવ એ ભક્તિની કલ્પના....બા, સાસુજી, આચાર્યપત્ની ! જાઓ, જાઓ. જાહેર કરો, મીરાં આજથી ભક્તિના સ્વાંગ તજે છે, ને ભાગ લેશે ઐહિક બધાં કાર્યોમાં.

ગુરુપત્ની—મીરાં, રાજઆજ્ઞા નીકળ્યા પછી આ ડહાપણ શા ખપનાં ?

મીરાંબાઈ—સાસુજી ! રાજઆજ્ઞા એટલે કોની આજ્ઞા ? રાજમંડળની, રાણાજીની કે આપની !

ગુરુપત્ની—ઓહો ! મોટાં મહારાણી થયાં છે ને રાજઆજ્ઞાનો અર્થ જાણતાં નથી.

મીરાંબાઈ—મીરાં એ સારી રીતે જાણે છે ને એથી પૂછે છે, જેથી મહારાણી તરીકે એ આજ્ઞાનો તોડ કરી શકે.

ગુરુપત્ની—તો એ આજ્ઞા ખુદ રાણાજીની છે.

મીરાંબાઈ—સાસુજી ! આ વાત ખરી છે ?

રાજમાતા—મીરાં, તારું મૃત્યુ ! તારું મૃત્યુ કોઈનેય ગમતું નથી. પણ બીજો આરો જ નથી. રાણાજીએ નિરુપાયે સ્વયં ફરમાવ્યું છે.

મીરાંબાઈ—રાણાજીને મારા મૃત્યુની જરૂર હતી તો એ માટે આટઆટલી વિચારણા શી ? આપનેય એ જણાવતાં આટલો સંકોચ શો ? મને એ શિરસાવંદ્ય છે. લાવો એ કટોરો. હું તેમનાં

મોકલ્યાં વિષ–સુધાપાનશાં આરોગીશ. તેમનાં ઈચ્છ્યાં મારાં અવસાન, એ સુભગ ઘડી ક્યાંથી? તેમનાં મોકલ્યાં પાન મારે કરવાનાં! હું તો ખરે જ બડભાગી!

(દાસી વિષનો કટોરો લઈ આવે છે.)

મેનાવતી—હું આપને પાયે પડું છું. વીર રાઠોડ કોઈનેય નમતા નથી. તેમનાં પાઘ અને શિરપેચ પવિત્રતાનાં બને છે. એ પણ આપના ચરણમાં, એવાં અણનમ વ્રતને,—મીરાંના જીવતદાન માટે.

મીરાંબાઈ—(મેનાવતીનું સાંત્વન કરતી) બા! નકામી ભિક્ષા માગવી રહેવા દે. આપણાં વીરવ્રત જાળવી રાખ. પતિની આજ્ઞા આર્યપત્ની નહિ માને તો પછી જગતમાં આર્યત્વ ક્યાં રહેશે?

ગુરુપત્ની–લ્યો, મીરાંબાઇ! અમારાં મહારાણી સાહેબ! રાજાજી આપને ચરણામૃત મોકલે છે. લ્યો, પી લ્યો.

(દાસી એ વિષકટોરો મીરાંબાઈ પાસે મૂકે છે.)

મેનાવતી—(અત્યંત વિહ્વળ દશામાં) મીરાં....મીરાં!

ગુરુપત્ની—(દયાનો ડોળ કરતી) મીરાંબાઈ! બધાને હદ હોય છે. આવું જીવતર આમ શેં વેડફી મારો છો? આચાર્યશ્રીની ક્ષમા ચાહો તો....

મીરાંબાઈ—(આવેશથી) આચાર્ય! ક્ષમા? કોની ક્ષમા? જૂઠું બોલતાં જેની જીભ કપાઈ જતી નથી, એવા ધર્માચાર્યની! ધર્મની વાતો કરનાર આપ જ આ અસત્ય આચરણની સજા વિચારો. વિચારજો, ને ખરેખરો ધર્મ આચરતાં હો તો સ્વીકારજો રાણાજી પાસ.

ગુરુપત્ની—મરતાં મરતાંય માણસ કેવાં તણખલાં ઝાલે છે!

(મીરાંબાઈ દેવમંદિર પાસે બેસી પડે છે. ચરણામૃત લઈ કટોરામાં નાખે છે.)



મીરાંબાઈ દેવમંદિર પાસે બેસી પડે છે.

મીરાંબાઈ—'મીરાં કે પ્રભુ ગિરધર પ્યારેલાલ !' રાણાજીનાં

મોકલ્યાં વિષ સાથે તારું ચરણામૃત ભળવા દે જેથી મીરાંના મૃત્યુનો દોષ કોઈનેય માથે ન ઊતરે.

મેનાવતી—મીરાં....મારી સમક્ષ તું વિષપાન કરશે? ઓ! આ શેં સહેવાય, કેમ જોવાય?

મીરાંબાઇ—બા! તારા જેવાં, આવાં કલ્પાંત કરતાં હશે? ભગવાનની લીલા તો આનંદમયી. એ લીલામાં આપણી જે જાતની જરૂર હશે તે અનુસાર થશે. આ દેહ નકામો નિરુપયોગી હશે તો નાશ પામશે; નહિ તો મૃત્યુનાં નવસર્જન પામી પાછો ફરશે. ચરણામૃતનો સંગ સેવી વિષના મૃત્યુકટોરાયે સુધા નીવડશે.

(વિષ પીવાની તૈયારી કરતી)

ઓ પ્રભુ! જો જન્મ આપે તો...........

ચાલો બા, રજા આપો, સાસુજી, વિદાય લઉં છું. ઓ કૃષ્ણ, ગિરધર, પ્યારેલાલ...........

(વિષપાન કરે છે. મંદિર પાસે બેભાન થઇ પડે છે.)

મેનાવતી—(આક્રંદ કરતી) મીરાં....મારી દીકરી....ગઈ....ચાલી નીકળી....મારી સમક્ષ....વિષપાન કરીને....અને હું અભાગી....

(થોડીક ગમગીન ક્ષણો પસાર થાય છે.)

ચંપા—(પ્રવેશ કરીને) બા, સાંભળ્યું? મંડલિક સભા મુલતવી રહી છે. (રાજમાતા વિમાસે છે.)

ઉદાબાઈ—(ઉતાવળી આવી.) બા, બા, મીરાંએ વિષપાન કર્યું? રાણાજી અન્નત્યાગ કરે છે.

ગુરુપત્ની—ઉદાબાઈ, શું? શા કારણે?

ઉદાબાઈ—(ગુરુપત્ની તરફ તિરસ્કાર દર્શાવતી) નિરપરાધીને મૃત્યુદંડના, સ્ત્રીહત્યાના પ્રાયશ્ચિત્તરૂપે....

(નિઃશ્વાસ મૂકે છે.)

ચંપેલી—(દોડતી આવી) બા, મહાજન મહારાજના મહેલે જવાનું છે; પ્રજાજન ટોળે મળે છે. શું થશે ?

(નેપથ્યમાં અવાજ સંભળાય છે, 'મીરાંનો જય ! જય મીરાંનો.')

ગુરુપત્ની—આ શું છે ? જો તો ચંપેલી. (ચંપેલી જાય છે.)

ચંપેલી—(પાછી ફરીને) પ્રજાજનનો આ તરફ આવતા લાગે છે.

(નેપથ્યમાં અવાજ નજીક આવતા જાય છે.)

પ્રતિહારી—(પ્રવેશ કરીને) પ્રજાજનો ઊલટયા છે. રાજ–માતાનાં, મીરાંબાઈનાં દર્શન ચાહે છે.

રાજમાતા—કહો, હમણાં મળવાની ફુરસદ નથી.

(પ્રતિહારી જાય છે.)

મેનાવતી—મીરાં....મીરાં....પરા ભક્તિનું આ ફળ !....કૃષ્ણ માટે કહ્યું છે એ ખોટું તો નથી જ. એ કપટી....તેણે જીવન એવી રીતે વિતાવ્યું....તેણે સૌ સગાંસંબંધીને સંહાર્યાં. એ ભક્તોને....

(પ્રતિહારી પાછી આવી)

પ્રતિહારી—પ્રજાજનોને રોકવા હવે અશક્ય બને છે.

ગુરુપત્ની—અશક્ય બને છે ? પ્રતિહારી, તું તારું આટલું કામ પણ બજાવી નથી શકતી ! સિપાઈને લશ્કરની મદદ લ્યો. જાઓ. (પ્રતિહારી જાય છે.) હું જાતે આવું છું. (જાય છે.)

મેનાવતી—મીરાં !....મીરાં !....જરા બોલ તો ખરી....મીરાં ....મારી મીરાં—

મીરાંબાઈ—(ધીમે રહી આળસ મરડી, ધીમે ધીમે ઊઠતી) બા.... બા....શું છે ? મને શા માટે બોલાવી ? શ્યામસુંદરના રસસાગરમાં હું સમાઈ જતી; તેણે મને 'રસસાગરમાં બોળી ઝબોળી.'

પ્રશ્નો

૧. શા માટે મીરાંને તેના પતિએ ઝેર આપવાની આજ્ઞા કરી?
૨. મીરાંનો જીવ બચાવવાને મેનાવતીએ શો પ્રયત્ન કર્યો?
૩. વિષપાનના હુકમથી મીરાં ઉપર શી અસર થઇ? વિષપાન કરવાની મીરાંએ કેમ તૈયારી બતાવી?
૪. ઝેર પીધા પછી મીરાં કેમ મૃત્યુ ન પામી?
૫. મીરાંને કોનામાં વિશ્વાસ હતો?
૬. મીરાંની લખેલી કવિતાઓ તમે વાંચી છે? દરેક કવિતામાં છેલ્લે કયી લીટી આવે છે?
૭. સમજાવો:—
   क. મરતાં મરતાંય માણસ કેવાં તણખલાં ઝાલે છે!
   ख. ચરણામૃતનો સંગ સેવી વિષના મૃત્યુકટોરાયે સુધા નીવડશે.
૮. નીચેના શબ્દોથી ઊલટો અર્થ સૂચવનારા શબ્દો લખોઃ—
   સફળ, વિષ, ઐહિક, ઉપાય, આચરણ.



પાઠ ૩૧ મો

ઉપવાસ

શ્રી. ચુનીલાલ પટેલ

[શરીરને સુદૃઢ રાખવા જેમ કસરતની જરૂર છે, તેમ ઉપવાસની પણ જરૂર છે. એટલા માટે આપણા પૂર્વજોએ દર અગિયારસે ઉપવાસ કરવાનું નક્કી કર્યું હશે. પણ પહેલાંના ઘણાયે સારા રિવાજોને આપણે નુકસાનકારક રીતે અમલમાં મૂક્યા તેમ ઉપવાસનું પણ થયું. આપણે તો ઉપવાસને દિવસે મિષ્ટાન્ન ખાવા લાગ્યા.

ઉપવાસથી શા ફાયદા થાય છે, ઉપવાસ દરમ્યાન શું કરવું તથા ઉપવાસ કેવી રીતે તોડવો, તે તમે આ પાઠ વાંચશો એટલે સમજી જશો.]

ઘણા એમ જ માને છે કે ઉપવાસ કરવાથી નબળાઈ આવે છે. આવો સંદેહ આવવાનું કારણ એ છે કે આપણે આપણા શરીરની રચના અને તેમાં થતી ક્રિયાઓનો અભ્યાસ કર્યો નથી હોતો. ખોરાક પેટમાં ગયા પછી તેના પર શી શી ક્રિયા થઈ લોહી બને છે તેનો જૂજ સરખો ખ્યાલ પણ આપણને હોતો નથી. ફક્ત જેમ વધારે ખાઈએ તેમ વધારે તાજા થઈએ એ સિદ્ધાંતને અનુસરીએ છીએ, અને આને લઈને જ આપણે શરીરે નબળા બનતા જઈએ છીએ. એટલે કે સુકાળમાં આપણે એક જાતનો ભૂખમરો વેઠીએ છીએ !

આવો સંદેહ ટાળવા માટે પહેલાં તો આપણે ઉપવાસ એટલે શું એ બરાબર સમજવું જોઈએ.

આજની આપણી અગિયારસ ઉપવાસ તરીકે લેખાય નહિ; કારણ કે અગિયારસ કરીને તો આપણે સૌ હંમેશાં ખાતા હોઈએ તેના કરતાં સવાદોઢગણું ખાઈએ છીએ; અને કેટલીક વખત તો આરોગ્યને હાનિ પહોંચાડે તેવો ખોરાક, મીઠાઈ, તળેલી ગરમાગરમ વગેરે વસ્તુઓ ઠાંસીઠાંસીને પેટમાં ભરીએ છીએ ! તે દિવસે 'હું શું ખાઉં ? હું શું ખાઉં ?' એ જ પ્રશ્ન મનમાં ઘોળાયા કરે છે. તેથી આખો દિવસ કંઈ ને કંઈ મોંમાં નાખ્યા જ કરીએ છીએ. પરિણામે ઉપવાસને દિવસે જ આપણી હોજરીને સખત કામ કરવું પડે છે.

જનસમાજ એમ માને છે કે એક દિવસ ભૂખ્યા રહેવાથી શરીરમાં કંઈક ને કંઈક ઓછું થાય અને છેવટે માંદા પડી મરી જઈએ ! આ એક મોટી ગેરસમજ છે. ઊલટું હોજરીમાં નાખેલો ખોરાક પૂરેપૂરો પચી ન જાય તો પછી બાકી રહેલો ખોરાક કોહવા માંડે છે અને તેમાંથી જંતુઓ પેદા થઈ લોહીને ઝેરી

બનાવે છે; અને લોહી બગડ્યું એટલે સમજવું કે તંદુરસ્તીમાં કંઈક ને કંઈક વિક્ષેપ પડવાનો જ.

આ સમજવા માટે આપણે એક સામાન્ય પ્રાણી ઘોડાનો દાખલો લઇએ. તે માંદો પડે છે ત્યારે બિલકુલ ખાતો નથી, એટલું જ નહિ પણ તે ખોરાક સામું પણ જોતો નથી; ફક્ત ઠંડું પાણી જ પીએ છે. આ બહુ મનન કરવા જેવો દાખલો છે. શરીરની સામાન્ય રચના ઘોડામાં અને મનુષ્યમાં સરખી હોય છે. ઘોડાને વિચારશક્તિ નથી, જ્યારે મનુષ્યમાં તે છે. પણ મનુષ્ય બુદ્ધિને વેગળી મૂકી કારણો આપવા બેસી જાય છે. આથી કેટલીક વખત સુખી થવાને બદલે તે દુઃખી થાય છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે, કે જ્યારે અનાજ ઉપર આપણને રુચિ થતી ન હોય, ત્યારે જે કંઈ ખાવામાં આવે તે શરીરને પોષણ આપવાને બદલે ઊલટું ઝેર બનીને માંદું પાડે છે.

હવે ઉપવાસ દરમ્યાન શું થાય છે તે જોઇએ. આથી શરીરની નબળી વસ્તુઓ, જેમાં પેલા ઝેરી પદાર્થોનો સમાવેશ થઈ જાય, તે પહેલી બળવા માંડે છે. આ પદાર્થો ખલાસ થયા પછી ચરબી અને ગંદું લોહી વપરાવા માંડે છે. આથી ઉપવાસમાં આપણું લોહી વધારે ચોખ્ખું બને છે. ઉપવાસમાં ભૂખ જેવું લાગે ત્યારે ફક્ત ઠંડું પાણી પીવું. પાણીની મદદથી શરીર ઝેરી મળનો જલદી ત્યાગ કરી શકે છે, અને પરિણામે શરીરમાં ચેતન વધે છે.

મનોબળ ન હોય તો ઉપવાસ થઈ શકતો નથી. નિશ્ચય ન હોવાથી ઘણાઓ ઉપવાસ કર્યા પછી તરત જ તોડી નાખે છે. ઉપવાસ એ એક જાતની વેઠ છે એમ સમજી ન કરવો; પણ પૂર્ણ શ્રદ્ધાથી તેના નિયમાનુસાર કરવો. ઘણાંનાં સગાંવહાલાં અને મિત્રોનો ઉપવાસ સામે વિરોધ હોય છે, અને તેઓ કંઇક ને

કંઇક તો ખાવું જોઇએ એમ આગ્રહ કર્યા કરે છે. છેવટે દૂધ જેવો ખોરાક પણ લેવાની ફરજ પાડે છે. આવા દુરાગ્રહને વશ થઈ ઉપવાસ કરનારે આનો વિચાર કરી તેને માટે દૃઢ મનોબળ રાખવું જોઈએ.

ઉપવાસ દરમ્યાન ખૂબ પાણી પીવાની ટેવ પાડવી, ને ખુલ્લી હવામાં બની શકે તેટલું ફરવું. આપણું શરીર સારું થયા કરે છે, એમ માન્યા કરવું. ઉપવાસમાં સૌથી પહેલો ફાયદો ફેફસાંને થાય છે. તેથી રુધિર સાફ થવાની ક્રિયામાં ઘણો વધારો થાય છે. શરીર ઉપર લાલાશ આવશે, ખાવા ઉપર અણગમો થશે, ને ઘણીવાર તો સારી સારી વાનીઓ સામે હોવા છતાં પણ તે ખાવાની મરજી નહિ થાય.

ઉપવાસ દરમ્યાન એકાદ બે માઈલ ફરવા જવાની કસરત પણ કરવી. તેથી હૃદય, ફેફસાં અને પેટના અવયવોને જોઈતી કસરત મળે છે, આખા શરીરમાં લોહી ફરવા માંડે છે અને રુધિર સાફ થવાની ક્રિયા ઘણી ઝડપથી થાય છે.

ઉપવાસ કેટલી મુદતનો હોવો જોઇએ એ ચોક્કસપણે કહી શકાય નહિ. ઉપવાસનો અર્થ જ એ છે કે જ્યાં સુધી ખરી ભૂખ લાગે નહિ ત્યાં સુધી કંઈ પણ ખોરાક ન લેવો. શરીરમાં ઝેરી વસ્તુઓનો નાશ થયા પહેલાં ખરી ભૂખ લાગતી નથી. જેઓનું શરીર વધારે બગડેલું હોય તેમણે આ ઝેરી વસ્તુઓનો નાશ કરવા માટે વધુ દિવસનો ઉપવાસ કરવો જોઇએ.

ઉપવાસ કેવી રીતે તોડવો એ જાણવું તો વળી ખાસ જરૂરનું છે. ઉપવાસ કરવો સહેલો છે, પણ તોડવો ઘણો અઘરો છે. ગમે તે વસ્તુ ખાઇને ઉપવાસ તોડવામાં આવે તો ફાયદા કરતાં નુકસાન થવાનો પૂરો ભય રહે છે. ઉપવાસ તોડયા પછી ભૂખનું

જોર એટલું બધું વધી પડી છે, કે ખૂબ ખાવાની ઇચ્છા થઈ આવે છે. સામાન્ય રીતે સૌથી પહેલાં પાણીમાં લીંબુનો રસ નાખીને તે પી જઈ ઉપવાસ સહેલાઇથી તોડી શકાય છે. નારંગીનો રસ પણ ચાલે. આ પછી ઉપવાસની સારામાં સારી અસર લાવવા માટે દૂધનો ખોરાક હિતાવહ છે.

આ પ્રમાણે ઉપવાસ તોડ્યા પછી ફરીથી શરીરમાં કચરો ભરાઈ ન જાય એ માટે સાવચેત રહેવું જોઈએ. પછી તો મહિનામાં એકાદ બે વાર ઉપવાસ કરવાની ટેવ પડી જાય છે. ખોરાકમાં દૂધ, નત્રિલ, શાકભાજી, અને આમ્લરસવાળાં ફળો—લીંબુ, નારંગી વગેરે—નું યોગ્ય પ્રમાણ હોય તો આરોગ્ય જળવાઈ રહે છે. શારીરિક પરિશ્રમ—ખાસ કરીને ચાલવાની કસરત—તો દરેકે અવશ્ય કરવી જોઈએ.

પ્રશ્નો

૧. આપણે ઉપવાસ શા માટે કરવો જોઇએ? ઉપવાસના ફાયદા જણાવો.

૨. ઉપવાસ કરવામાં આપણે કયી બાબતો ખાસ ધ્યાનમાં રાખવાની છે?

૩. આપણા લોકો એકાદશી તેમજ બીજા પર્વને દિવસે ઉપવાસ કરે છે તે ખરો ઉપવાસ કહી શકાય?

૪. ઉપવાસ તોડવામાં આપણે શી કાળજી રાખવાની છે?

૫. વધારે ખાવાથી માણસ (બળવાન થાય છે; નબળો પડે છે; માંદો પડે છે.) ઉપવાસથી માણસ (નબળો પડે છે; શુદ્ધ થાય છે.) શું સાચું?

૬. તબિયત ખરાબ હોય ત્યારે ઘોડો શી રીતે વર્તે છે?



પાઠ ૩૨ મો

¤

ખુશબોદાર નામ

¤

શ્રી. કીકુભાઈ દેશાઈ

[નામને તે વળી ખુશબો હોતી હશે? શબ્દો તે વળી સૂંઘી શકાતા હશે? કેવું વિચિત્ર! આપણને આ પૃથ્વી ઉપર તો આવું સઘળું વિચિત્ર જ લાગે; પણ દેવોના દેશમાં તો આવી સ્થિતિ સામાન્ય હોય એમ મનાય છે. ઇન્દ્રે સ્વર્ગ બહાર કાઢેલી એક અભિમાની અપ્સરાને આ પૃથ્વીમાં આવ્યા છતાં સ્વર્ગની એ અદ્દભુત વસ્તુઓની માત્ર ઝાંખી ઝાંખી ભ્રાંતિ રહે છે. પણ જ્યારે તેનું ગુમાન ચાલ્યું જાય છે, જ્યારે તે ગરીબ નિરાધાર બાળકીની ખરા મનથી સેવા કરવા માંડે છે, ત્યારે તેને સ્વર્ગના વાતાવરણનો પ્રત્યક્ષ અનુભવ થાય છે–સ્વર્ગનું સુખ મળે છે. 'ગરીબોની સેવામાં જ સ્વર્ગનું સુખ છે,' એમ કહેવાનો આ વાર્તાલેખકનો ઉદ્દેશ છે.

શ્રી. કીકુભાઇ દેશાઇએ દેશપરદેશની વાર્તાઓને ગુજરાતીમાં ઉતારી છે. તેમના 'ખોવાયેલા તારા' નામના પુસ્તકમાંથી આ વાર્તા લીધી છે. એ પુસ્તકમાં આવી અનેક સુંદર વાતો છે.]

ખેડૂતની એક નાની છોકરી માંદી થઈને ખાટલામાં પડેલી હતી. સ્વર્ગમાં ઈન્દ્રે એક અપ્સરાને પોતાની પાસે બોલાવી તેને પૃથ્વી પર જઈને આ નાની છોકરીને રીઝવવા માટે તેની આગળ નૃત્ય કરવાની આજ્ઞા કરી. પૃથ્વી પરનાં લોકની આગળ નૃત્ય કરવામાં પોતાના મોભાને હાનિ પહોંચે એવો વિચાર અપ્સરાના મનમાં આવ્યો.

અપ્સરાનો આ ગર્વભર્યો વિચાર ઈન્દ્ર સમજી ગયા. તેમણે તેને માટે શિક્ષા નિર્માણ કરી. પૃથ્વી પરના લોકોમાં તેને જન્મ આપ્યો; અને તે નાની બાળકી બની રાજકુટુંબમાં રાજકુમારી.

સ્વર્ગ અને પોતાના આગલા જીવન સંબંધીનું બધુંએ તે ભૂલી ગઈ; પોતાનું પહેલાંનું નામ સુદ્ધાં તેને યાદ ન રહ્યું.

અપ્સરાનું નામ પવિત્ર અને ખુશબો આપે એવું હતું, પણ દુનિયાના લોકોને આવા નામની ખબર કયાંથી હોય ? એટલે જ્યારે તે પૃથ્વી પર રાજકુમારી બની ત્યારે તેને આ લોકનું નામ આપવામાં આવ્યું, અને તે મેનાવતી નામથી ઓળખાવા લાગી.

મેનાવતી મોટી થઈ ત્યારે પહેલાં પોતે કાંઈક જાણતી તે યાદ આણવાને ખૂબ મથતી. પણ તેને કશું યાદ આવતું નહિ, એટલે તે ખૂબ દુઃખી બની જતી.

એક દિવસ તેણે પોતાના પિતાને પૂછયું, "આપણે સૂર્યના પ્રકાશને સાંભળી કેમ નથી શકતાં ?"

પ્રશ્ન સાંભળીને રાજા હસ્યો. પણ તેનાથી તેનો જવાબ દેવાયો નહિ, અને રાજકુમારી ઉદાસ બની.

બીજા એક દિવસે તેણે પોતાની માને કહ્યું, "ગુલાબની સુગંધ બહુ મીઠી છે, પણ એ સુગંધને હું જોઈ કેમ શકતી નથી ?" અને જ્યારે તેની મા આવા વિચિત્ર પ્રશ્નથી હસી, ત્યારે તે વધારે ખિન્ન બની.

કેટલાક વખત પછી તેણે તેની આયા પાસે જઈને પૂછયું, "નામ ખુશબોદાર કેમ નથી હોતાં ?"

બુઢ્ઢી આયા હસી પડી. કોઈ તેના પ્રશ્નનો જવાબ નહોતું આપી શકતું તેથી મેનાવતીને ખૂબ દુઃખ થયું. પછી તો દેશમાં વાત ફેલાઈ કે રાજકુમારી તો બીજા બધા લોકથી કાંઈ જુદી જ તરેહની અને જરા નબળા મગજની છે. દરેક જણ તેને સાજી કરવાના ઉપાય શોધવાનો પ્રયત્ન કરવા લાગ્યું.

તે હંમેશાં શાંત અને ઉદાસ રહેતી, અને તરેહવાર પ્રશ્નો પૂછતી. તે પાતળી અને ફિક્કી હતી, અને સુંદર તો તે લેખાતી જ નહોતી. તે મોટી થતી ગઈ, અને આખરે પરણવા લાયક ઉંમરની થઈ. ઘણાયે રાજકુમારો તેનું માગું કરવા તેના પિતાના દરબારમાં આવતા, પણ જ્યારે તે તેમની જોડે વાત કરવા લાગતી ત્યારે કોઈને પણ તેને પોતાની પત્ની બનાવવાનું મન થતું નહિ. આખરે પ્રતાપસિંહ નામનો એક રાજકુમાર આવ્યો. તેને જોઈને રાજકુમારીએ કહ્યું, "આપણને મનુષ્યોને બધું એકમેકથી તદ્દન જુદું જણાય છે– હું શબ્દો સાંભળી શકું છું, પણ તેમને સૂંઘી નથી શકતી; અને જો કે હું ફૂલોને જોઈ શકું છું, સૂંઘી શકું છું, પણ તેમને સાંભળી નથી શકતી. આને લીધે જિંદગી નીરસ તથા કંટાળાભરેલી બની રહે છે, નહિ વારુ ?"

પ્રતાપસિંહે પૂછ્યું, "ત્યારે શું હોય તો તમને તમારા જીવનમાં રસ આવે ?"

રાજકુમારી જરા વાર શાંત રહી અને આખરે બોલી, "મીઠી સુગંધ આપે એવું નામ હોય તો કેવી મજા પડે !"

"હા, સુંદર રાજકુમારી 'મેનાવતી' નામ તમને બરાબર શોભતું નથી. તમને તો ખુશબોદાર કાંઈ નામ હોવું જોઇએ. પણ પૃથ્વી ઉપર આવું કોઈ નામ જાણ્યામાં નથી." બિચારી રાજકુમારી આ સાંભળીને રડી પડી. પ્રતાપસિંહને તેના ઉપર ખૂબ દયા ઊપજી, અને આખી પૃથ્વીમાં બીજા કોઈના કરતાં પણ તેના ઉપર તેને વધારે પ્રેમ થયો. તેણે તેને સાંત્વન આપતાં કહ્યું, "પ્રિય રાજકુમારી, રડ નહિ. આવા નામની શોધમાં હું નીકળી પડું છું, અને આવું નામ જડશે એટલે હું તને કહેવા આવીશ."

રાજકુમારી આંસુભરેલી આંખે હસી અને બોલી, "બોલતાંની સાથે મીઠી સુગંધ ફેલાવી મૂકે એવું નામ જો તું મારે માટે શોધી લાવશે તો હું તારા પેંગડાના ચામડાને પણ ચુંબન કરીશ." આટલું બોલતાં તેના મોં પર શરમના શેરડા પડ્યા; કારણ કે તે રાજકુમારી હતી, ને વળી મગરૂર હતી.

આ સાંભળીને પ્રતાપસિંહને હિંમત આવી, અને તેણે પૂછ્યું, "અને પછી તું મારી જોડે લગ્ન કરીશ?" રાજકુમારીએ હા પાડી.

મીઠી સુગંધ આપે અને બોલાય ત્યારે વાતાવરણને મઘમઘાવી મૂકે એવા નામની શોધમાં પ્રતાપસિંહ નીકળી પડ્યો. દૂરદૂરના દેશાવરમાં તેણે મુસાફરીઓ કરી; ભણેલા અને અભણ, ગરીબ અને તવંગર આગળ પૂછપરછ કરી. પણ દરેક જણે તેને આવી બેવકૂફી ભરેલા કામે નીકળવા માટે હસી કાઢ્યો. લાંબી શોધને અંતે આખરે રાજકુમારી રહેતી હતી તે જ શહેર પાસે પાછો તે આવી પહોંચ્યો. શહેરની બહાર તેની લગોલગ એક ખેડૂતની ઝૂંપડી હતી, અને તેના બારણા આગળ તદ્દન સફેદ વાળવાળો એક બુઢ્ઢો ઊભો હતો. પ્રતાપસિંહે જેવો તેને જોયો, કે તરત જ તેને લાગ્યું, "આ બુઢ્ઢો જાણતો હશે." એટલે તે તેની પાસે ગયો; અને પોતે ખુશબોદાર નામની શોધમાં નીકળેલો છે તથા એ શોધમાં દુનિયા બધી રખડી આવ્યો તોયે સફળતા નથી મળી, એવું તેને જણાવ્યું.

તે બુઢ્ઢાએ સહર્ષ તેના સામે જોયું, અને પછી તે બોલ્યો, "હા હા, એવું નામ છે, પવિત્ર અને દિવ્ય. હું પોતે આ નામ નથી જાણતો, પણ મારી નાની પૌત્રીએ સાંભળ્યું છે."

તે બુઢ્ઢા જોડે પ્રતાપસિંહ તે ગરીબની ઝૂંપડીમાં ગયો, અને ત્યાં ખાટલામાં પડેલી ખેડૂતની નાની માંદી છોકરીને તેણે દીઠી.


બુદ્ધાએ તેની પાસે જઇને કહ્યું, "રેવા, તેં મને પેલા પવિત્ર નામ વિષે કહ્યું હતું ને ? તે નામ આ ભાઇને જાણવું છે. યાદ કરીને બેટા, જરા તેમને કહેને !"

તે નાની છોકરી આનંદપૂર્વક પ્રતાપસિંહ સામે જોઇને મીઠું હસી, પણ તેને પેલું વિચિત્ર નામ યાદ આવ્યું નહિ. તેણે પ્રતાપસિંહને કહ્યું, "સ્વપ્નામાં એક અપ્સરાએ આવીને મારી આગળ નૃત્ય કર્યું હતું. તેનો પોશાક સુંવાળો મેઘધનુષ્યના જેવો રંગબેરંગી હતો. તેણે મને કહ્યું હતું, કે બીજી એક અપ્સરા આનાથીયે વધારે સુંદર રંગબેરંગી વસ્ત્ર ધારણ કરીને મારી આગળ નૃત્ય કરવા આવશે. તેણે અપ્સરાનું નામ પણ મને કહ્યું હતું, અને એ નામ સાંભળતાંની સાથે જ મને મીઠી સુગંધ આવી અને આખું વાતાવરણ મહેકી રહ્યું હતું. પણ હમણાં મને એ યાદ નથી આવતું, જો કે તેના વિચારમાત્રથી મને ખૂબ આનંદ થાય છે. જો મને તે યાદ આવે અને હું મોટેથી તે નામ દઈ શકું તો હું જરૂર તદ્દન સાજી થઈ જાઉં. પણ તે સુંદર અપ્સરા થોડા વખતમાં આવશે ત્યારે મને તેનું નામ યાદ આવશે."

પ્રતાપસિંહે રાજમહેલમાં જઇને જે જે બધું બન્યું હતું તે રાજકુમારીને જણાવ્યું, એટલે રાજકુમારી તેની જોડે તે માંદી છોકરીની ખબર લેવા ગઈ. માંદી છોકરીને જોઇને રાજકુમારીનું હૃદય કરુણાથી ઊભરાયું. તેની પાસે બેસીને તે તેને પંપાળવા લાગી, અને શું કરવાથી તે તેનું દુઃખ ભૂલી જઇને આનંદ પામે તેનો વિચાર કરવા લાગી.

ધીમે ધીમે તે ઊભી થઈ અને તે માંદી છોકરીની સામે તાળી પાડતી, ગાતી ગાતી નૃત્ય કરવા લાગી. પેલી નાની છોકરી રાજકુમારીનું નૃત્ય જોતાં જોતાં નાનાવિધ મનોહર રંગો જોવા

લાગી અને અનેક સુંદર સૂર સાંભળવા લાગી. એકાએક તેને અપ્સરાનું નામ યાદ આવી ગયું, અને મોટેથી તેણે તે બોલી દીધું. આખું ઝૂંપડું મીઠી સુગંધથી મહેકી રહ્યું.



રાજકુમારી માંદી છોકરીની સામે નૃત્ય કરવા લાગી.

જે જે યાદ કરવાને રાજકુમારી આજ સુધી મથતી હતી તે બધું તેને યાદ આવી ગયું. તેને ખબર પડી, કે જે ખુશબોદાર નામને તે શોધતી હતી તે તો પોતાનું જ સ્વર્ગમાંનું નામ હતું. અને પૃથ્વી ઉપર તેને શા માટે મોકલવામાં આવી હતી તે પણ હવે તેને યાદ આવ્યું.

ખેડૂતની પેલી નાની છોકરી હવે તદ્દન સાજી થઈ ગઈ. રાજકુમારી પ્રતાપસિંહ જોડે પરણી; અને પોતાને સ્વર્ગને ઘેર–ઇન્દ્રના દરબારમાં–જવાનો સમય આવી પહોંચ્યો ત્યાં સુધી તેણે તેની જોડે પૃથ્વી પર ખૂબ મોજમજા માણી.

પ્રશ્નો

૧. અપ્સરાને ઇન્દ્ર ભગવાને શી શિક્ષા કરી ? શિક્ષા કરવાનું કારણ શું ?
૨. અપ્સરાનો જન્મ કોને ઘેર થયો ? તે કયે નામે ઓળખાવા લાગી ?
૩. રાજકુમારી શા માટે શોકાતુર રહેતી ?
૪. પ્રતાપસિંહે ખુશબોદાર નામ શોધવાને શા પ્રયત્ન કર્યા ?
૫. ખુશબોદાર નામ આખરે શી રીતે મળ્યું ?
૬. ઝૂંપડીમાં માંદી છોકરી પાસે જવાથી રાજકુમારીના મન પર શી અસર થઇ ? તે ફેરફાર થવાનું કારણ શું ?
૭. ઇન્દ્રનું મેઘધનુષ્ય તમે જોયું છે ? તેમાં કયા કયા રંગ હોય છે ? કયી ઋતુમાં મેઘધનુષ્ય દેખાય છે ?



પાઠ ૩૩ મો

તલવારનો વારસદાર

સ્વ. ઝવેરચંદ મેઘાણી

[સ્વ. ઝવેરચંદ મેઘાણીને કેટલાકે 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું છે તે યોગ્ય જ છે. તેમનાં શૌર્યગીતો તો ઘણાં જાણીતાં છે. 'કોઇનો લાડકવાયો અને બીજાં ગીતો' નામનું પુસ્તક તમે જરૂર વાંચજો.

પહેલા પુસ્તકમાં તમે 'નકલી કિલ્લો' નામની વાર્તા વાંચી હશે. તે પણ શૌર્યકથા જ છે. અહીં આપેલું ગીત પણ શૌર્યકથા છે. પિતાના મૃત્યુ પછી બન્ને ભાઇઓએ ભાગ વહેંચ્યા. મોટાએ મિલકત માગી, નાનાએ માત્ર તલવાર માગી. પૈસાનો વારસદાર

મોટો કાયર થતો ગયો, તલવારનો વારસદાર નાનો શૂરવીર થયો; અને આખરે

મોટે રે માડી તારી કૂખો લજાવી;
નાને ઉજાળ્યા અવતાર...વીરાજી૦

કેટલી ભાવમય અને હૃદયમાં ચોંટી જાય તેવી પંક્તિઓ! આવી બીજી લીટીઓ તમે જ શોધી કાઢો.]

[ઢાળ–શેના લીધા મારા સ્યામ, અબોલડા શાને લીધા રે?]

ભેટયે ઝૂલે છે તલવાર,
વીરાજી કેરી ભેટયે ઝૂલે રે.

ભીંતે ઝૂલે છે તલવાર,
બાપુજી કેરી ભીંતે ઝૂલે રે.

મારા બાપુને બેન! બે બે કુંવરિયા,
બે વચ્ચે પાડ્યા છે ભાગ;
હાંરે બેની! બે વચ્ચે પાડ્યા છે ભાગ—વીરાજી૦

મોટે માગી છે મો'લ મ્હેલાતો વાડીઓ;
નાને માગી છે તલવાર;
હાંરે બેની! નાને માગી છે તલવાર—વીરાજી૦

મોટો મ્હાલે છે મો'લ મેડીની સાયબી;
નાનો ખેલે છે શિકાર—વીરાજી૦

મોટો ચડિયો છે કાંઈ હાથી અંબાડીએ;
નાનેરો ઘોડે અસવાર—વીરાજી૦

મોટો કાઢે છે રોજ કાવા કસૂંબલા;
નાનેરો ઘૂમે ઘમસાણ—વીરાજી૦

મોટો પોઢે છે લાલ રંગીલે ઢોલિયે;
નાનો ડુંગરડાની ધાર—વીરાજી૦

મોટો મઢાવે વેઢ વીંટી ને હારલા;
નાનો સજાવે તલવાર—વીરાજી૦



નાનેરો ઘોડે અસવાર

મોટો સોહે હીર-જરિયાની આંગડી;
નાનાને ગેંડાની ઢાલ—વીરાજી૦

મોટો સંતાય સુણી શત્રુના રીડિયા;
નાનેરો દે છે પડકાર—વીરાજી૦

મોટો ભાગ્યો છે સેન શત્રુનાં ભાળતાં;
નાનેરો ઝીંકે છે ઘાવ—વીરાજી૦

મોટો જીવ્યો છે પાય શત્રુના પૂજતો;
નાનેરો સૂતો સંગ્રામ—વીરાજી૦

મોટેરે માડી! તારી કૂખો લજાવી;
નાને ઉજાળ્યા અવતાર—વીરાજી૦

મોટાનાં મોત ચાર ડાઘુએ જાણીયાં;
નાનાની ખાંભી પૂજાય—વીરાજી૦

ભેટચે ઝૂલે છે તલવાર;
વીરાજી કેરી ભેટચે ઝૂલે રે!

ભીંતે ઝૂલે છે તલવાર;
બાપુજી કેરી ભીંતે ઝૂલે રે!

પ્રશ્નો

૧. આ કવિતામાં કવિ કોની વાત કહે છે?
૨. મોટા ભાઇએ શું માગ્યું? નાના ભાઇએ શું માગ્યું?
૩. મોટો ભાઇ દિવસે દિવસે બાયલો કેમ બનતો ગયો? નાનો ભાઈ શૂરવીર હતો એમ તમે શા પરથી કહી શકો?
૪. પૈસાવાળા માણસમાં કાયરતા કેમ આવે છે?
૫. આ બે ભાઇઓમાંથી તમે કોને પસંદ કરો છો? તમારી પસંદગીનું કારણ આપો.
૬. ખાલી જગા પૂરો:
મોટો ભાઇ કુળ—હતો; નાનો ભાઈ કુળ—હતો.
૭. આ કવિતાના નામની યોગ્યતા બતાવો. તેને બદલે તમે કાંઈ બીજું નામ સૂચવી શકશો?
૮. આ કાવ્યમાં તમને ખૂબ ગમતી હોય તેવી થોડીક પંક્તિઓ દર્શાવો.



પાઠ ૩૪ મો

¤

કાંગારુ

¤

સ્વ. પ્રિયવદન બક્ષી

[ઑસ્ટ્રેલિયા ખંડ પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં આવેલો છે. ઉત્તર ગોળાર્ધમાં આવેલા દેશોમાં ન દેખાતી અનેક વિચિત્રતાઓ ત્યાં છે. વૃક્ષનાં પાન નીચે લટકતાં નથી, પણ ઊભાં રહે છે. પાનખર ઋતુમાં ત્યાં ઝાડનાં પાંદડાં નહિ પણ છાલ ખરે છે. ત્યાંનાં ફૂલોમાં સુગંધ નથી, અને પક્ષીઓના કંઠમાં મધુરતા નથી. ત્યાંનાં પ્રાણી ઈંડાં મૂકે છે, અને પેટ આગળ આવેલી કોથળીમાં તેમને સેવે છે. આ પાઠમાં આવા વિચિત્ર પ્રાણી કાંગારુનો પરિચય આપવામાં આવ્યો છે. ગોરા લોકોના વસવાટ પછી આવી વિચિત્રતાઓ હવે ઓછા પ્રમાણમાં દેખાય છે. આ પાઠ 'જગતનાં જંગલમાંથી' નામના પુસ્તકમાંથી લીધો છે.]

ઑસ્ટ્રેલિયાનાં જંગલોમાં દોડાદોડ કરતા કાંગારુનું નામ તો તમે સાંભળ્યું જ હશે.

કૈંક અંશે એનું મોં હરણને મળતું આવે છે. તે ઉપરાંત એને લાંબી ને જાડી પૂંછડી હોય છે. નાજુક ને ગળે લાલાશ પડતા ટાઘવાળી ડોક, નાનકડા હાથ, ને પહોળી જાંઘવાળા લાંબા લાંબા પગ એને હોય છે.

એને હાથ હોય છે, પણ એ હાથનો ઉપયોગ ઘણો જ થોડો કરે છે. ખાતી વખતે એ ખાવાની વસ્તુને હાથ વડે પકડે છે. પોતાનાં નાનાં બચ્ચાંને પણ એ એ રીતે જ પકડે છે.

બેસે છે ત્યારે એ પાછલા પગ પર પાછળથી પૂંછડી ટેકાવીને બેસે છે. બેસતી વખતે એના આગલા પગ (હાથ) લટકતા જ રહે છે. એ તોફાની કરતાં ગંભીર વધારે દેખાય છે.

કાંગારુમાં વધારેમાં વધારે નવાઈ જેવી ખાસિયત હોય તો તે તેના પેટ પરની કોથળી છે. કાંગારુને પેટે કુદરતી રીતે જ કોથળી હોય છે. તે કોથળીમાં તે પોતાનાં નાનાં બચ્ચાંને ઘાલી રાખે છે. જરાક મોટાં થયેલાં બચ્ચાં કોથળીમાં બેઠાં બેઠાં પોતાનું મોં બહાર રાખી બેસે છે.



કાંગારુ

તમે જોયું હશે કે વાંદરાં પોતાનાં બચ્ચાંને પેટે વળગાડી લાંબી લાંબી ફલંગો મારે છે, ને ભલભલાં છાપરાં ખૂંદી નાખે છે. કાંગારુનાં બચ્ચાં પેટે વળગવા જેવાં હોતાં નથી, એટલે પરમેશ્વરે માદા કાંગારુને આ એક સુંદર સગવડ કરી આપી છે.

કાંગારુનું બચ્ચું જન્મે છે ત્યારે તો તે અંગૂઠા જેવડું જ નાનું હોય છે. તે વખતે એ આંધળું ને વાળવગરનું હોય છે. ઉંમર જતાં તેને શરીર પર વાળ થઈ વધવા માંડે છે.

માદા કાંગારુ એને પેલી પેટની કોથળીમાં મૂકી દઈ જે કામ કરવું હોય તે કરવા ઊપડી જાય છે.

નાના બચ્ચાને કોથળીમાં ઘાલવાની કાંગારુની રીત પણ ખરી છે. પોતાના મોં વડે તે બિલાડીની માફક બચ્ચાને ઊચકી લે છે, ને હાથના પંજા વડે કોથળી પહોળી કરી તેમાં તેને સરકાવી દે છે. બચ્ચું નાનું હોય ત્યાં સુધી તો અંદર ગુપચુપ પડી રહે છે. પણ ધીરે ધીરે તે પોતાનું મોં બહાર કાઢતું થાય છે. વખત જતાં તે ઘાસ ઈત્યાદિ તરફ પણ ડોક લંબાવે છે, ને જરા ચાલતું થતાં તો બહાર નીકળી લહેરથી પોતાનું પેટ ભરવા માંડે છે.

તે ઘાસ પર ફરતું હોય તે વખતે શિકારી કૂતરાની કે કોઇ જંગલી પ્રાણીની બૂમ સાંભળતાં જ કૂદીને દડદડ કરતું માની ગોદમાં—કોથળીમાં–મોં ઘાલી દે છે. બહાર નીકળી ગમે ત્યાં ફરે, પણ કોથળીને તે ભૂલતું જ નથી.

નર કાંગારુ કરતાં માદા કાંગારુ ઘણી ઝડપથી નાસી શકે છે. શિકારીઓએ પૂંઠ પકડી હોય તેવે વખતે તેની દોડવાની શક્તિની ખરેખરી કિંમત થાય છે. નર કાંગારુ કરતાં તે ચપળ પણ વધારે હોય છે.

કાંગારુ સપાટ જમીન પર જલદી પકડાઈ જાય છે, પણ ખાડા-ટેકરાવાળી જગા પર તેને પકડવું ભારે થઈ પડે છે. લાંબા લાંબા કૂદકા ભરતું તે આવી જગોએ જલદી નાસી શકે છે.

ધડાધડ છૂટતી ગોળીઓ વચ્ચેથી કાંગારુ દોડે છે ત્યારે તે બાર બાર ફીટની છલંગો માર્યે જાય છે. સાધારણ રીતે તેની છલંગ બે ત્રણ ફીટ જેટલી જ લાંબી હોય છે. શિકારી કૂતરાઓનાં ટોળાંને કોઇ કોઇવાર તો તે જોતજોતામાં વટાવી જાય છે. ખાડાટેકરાવાળી જગા હોય તો તે શિકારીઓને પરસેવામાં નવડાવી જ નાખે છે.

આવી દોડાદોડીમાં ઊભી ભેખડ ચડવાની આવે છે ત્યારે એની દશા આવી લાગે છે. ઊંચાણ ચડવા જતાં એ શરીરનું સમતોલ-

પણું સાચવી શકતું નથી. ઘણીવાર તો તે ચડતાં ચડતાં ગુલાંટ પણ ખાઈ બેસે છે. આમ હોવાથી એ આવી જગા તરફ જતાં જ અચકાય છે. ભેખડો હોય તે બાજુથી તે દૂર ને દૂર નાસતું ફરે છે.

ઑસ્ટ્રેલિયામાં કાંગારુનો શિકાર કરવામાં આવે છે તે તેના માંસ માટે નથી થતો. ત્યાંનાં ખેતરોમાં ઘૂસી જઈ ઊભા ને ઊભા પાકને આ જાત લૂટી ખાય છે. એનાં જડબાં છોડને કે ઘાસને મૂળમાંથી ઊખેડી નાખે તેવાં મજબૂત હોવાથી ખેતરોના પાકને એ ઘણું નુકસાન પહોંચાડે છે. આ નુકસાનમાંથી બચવા માટે જ ત્યાંના લોકો શિકારી કૂતરાઓને પાળી તેમનો શિકાર કરે છે.

વડોદરાના બાગમાં કાંગારુ જીવતાં અને મરેલાં બંને છે. જાઓ તો જરૂર જોજો.

પ્રશ્નો

૧. આખી દુનિયામાં કેટલા ખંડો છે? ઑસ્ટ્રેલિયા સૌથી મોટો ખંડ છે કે નાનો? એ આપણા દેશની કયી દિશાએ આવ્યો છે?

૨. કાંગારુ અને હરણની સરખામણી કરો.

૩. કાંગારુમાં ખાસ નવાઈ જેવું શું હોય છે? તેનો એ શો ઉપયોગ કરે છે?

૪. ઑસ્ટ્રેલિયામાં લોકો કાંગારુનો શિકાર શા માટે કરે છે?



પાઠ ૩૫ મો

નિરાલા

શ્રી. ભાઈલાલ કોઠારી

[આ વાર્તા 'નિરાલા' નામના કૂતરા સંબંધી છે. ઘણીવાર માનવી જે પ્રેમ અને નિમકહલાલી ન બતાવી શકે તે કૂતરો બતાવે છે. આ વાર્તામાં પણ એવું જ બને છે. એના માલિક કૅપ્ટન મંગળસિંહ તરફ એને ખૂબ જ પ્રેમ હતો. જ્યારે કૅપ્ટન સાહેબ ઘાયલ થઇ ઘેર આવ્યા ત્યારે નિરાલા તેમની ચોકી કરવા લાગ્યો. તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમના મૃત્યુ પછી નિરાલાએ ત્રણ દિવસ સુધી ખાધું નહિ, અને આખરે મૃત્યુ પામ્યો. નિરાલા સાચે જ નિરાલો હતો.]

'ક્યોં દવે સા'બ, ડ્યૂટી હો ગઈ ક્યા ?'

'જી હાં. ક્યા આપકા ખાનાબાના હો ચુકા ?'

'જી હાં. સબકુછ હો ચુકા. આ જાઇએ ને !'

આટલા ટૂંકા વાર્તાલાપ પછી જ રાતના નવ વાગ્યા બાદ મારી ને કૅપ્ટન મંગળસિંહની રોજની બેઠક જામતી. રાતના બાર–એક વાગ્યે જ્યારે હું મારા મકાને પાછો ફરું ત્યારે વીમા એજન્ટ તરીકેના મારા રોજના એકધારા કામકાજમાંથી મને કોઈ અજબ જેવી રાહત કૅપ્ટનની જાતજાતની યુદ્ધ વિષેની વાતોથી મળતી.

૧૯૪૨ ની સાલ હતી. એ પહેલાં મુંબઇથી હું તાજો જ ત્યાંની શાખાનો એજન્ટ નિમાયો હતો. વીસ વરસની નોકરી પછી કામમાં મારે માટે નવું તો કશું હતું જ નહિ. બાકીનાં આઠદસ વર્ષ કાઢી નાખું એટલે પછી આરામ. આવા ખ્યાલથી આ બદલી રંગૂન જેટલા દૂરના સ્થળે લડાઇના વખતમાં થઈ છતાં પણ મેં વાંધો ઉઠાવ્યો ન હતો. પણ મારા વસવાટ પછી તો એ

બધાં સ્થળો જાપાની આક્રમણના કારણે ખૂબ બિહામણાં બની ગયાં હતાં.

કૅપ્ટન મંગળસિંહની સરદારી નીચે ગુરખા રેજિમેન્ટ કામ કરતી હતી. જાપાની હુમલાખોરો સામે જવાની એ લોકોની હિંમતનાં વખાણ કરતાં એ થાકતા નહિ. મેં એમને એકવાર હસતાંહસતાં કહ્યું, 'કૅપ્ટનસા'બ, એ તો સોલ્જરો છે. લડવું, શૂરાતન બતાવવું એ કાંઈ એમને માટે અસામાન્ય વાત નથી. એમાં તમે નવું શું કહો છો ?'

મારા આ સવાલથી એમને ચોટ લાગી. મને કહે, 'દવે સા'બ, યે સબ બાતેં આપ હરરોજ ઑફિસમેં બૈઠ કર દસ્તખત કર દેતે હો ઐસી આસાનીસે નહીં કી જાતી. આપ એક દફે મેરી સાથ ચલના; ફિર આપકો પતા ચલેગા કિ ઈસ મૌતકા અંજામ કિસ ઢંગકા હોતા હૈ ?'

મેં કહ્યું, 'મારા જેવા બ્રાહ્મણોનું એ તમારા દંગલમાં કામ નહિ. તમે કહો છો તે હું માનું છું, બસ ?'

કૅપ્ટન સાહેબ મારો જવાબ સાંભળી જોરથી હસી પડ્યા અને બોલ્યા, 'ફિર તો દવે સા'બ, તુમ્હેં યે સબ બ્રેવરીકી બાતેં સુનની હી હોગી.' પછી તો કૅપ્ટન મંગળસિંહ પાસેથી એ રેજિમેન્ટના શૂરાતનની જાતજાતની વાતો હું સાંભળતો અને આશ્ચર્ય પામતો.

કૅપ્ટન મંગળસિંહ રાત્રે બંગલા પર કેવળ એક જ માણસને રાખતા. પણ એમનો સાચો રખેવાળ તો એમનો કૂતરો હતો. ઘેરા ભગવા રંગનો, એના જાતભાઈઓ કરતાં અસાધારણ ઊંચાઈવાળો એ શિકારી કૂતરો, અમે વાતો કરીએ એ દરમિયાન બંગલાના મોટા કંપાઉંડમાં આંટા માર્યા કરે. હું જાઉં એટલે

મારી પાછળ કૅપ્ટન સાહેબનો પહાડી બુલંદ અવાજ સંભળાયઃ 'નિરાલા !'

એ સાંભળતાં જ નિરાલા આખા કંપાઉંડમાં જ્યાં હોય ત્યાંથી જાણે કોઈ શિકારની પાછળ ન દોડતો હોય એટલી ઝડપથી કૅપ્ટન પાસે આવી એની તોફાની આંખો નચાવી રહે. કૅપ્ટન પણ જાણે પોતાના દીકરાને લાડ ન કરતા હોય એમ એને ખૂબ પ્રેમપૂર્વક પંપાળી છેવટે કહે, 'દેખો ભૈયા, અબ તો હમ સો જાયેંગે, ઠીક હૈ ન ?'

જવાબમાં જાણે પોતાની ફરજનો હવાલો સંભાળી ન લેતો હોય તેમ નિરાલા 'એટેન્શન'ની સ્થિતિમાં ઊભો રહે ને પછી એની રોજની બેઠક પર સ્થાન લઈ લે. પછી તો આખી રાત કોઈની તાકાત નહિ કે કંપાઉંડમાં પેસવાની હિંમત કરે.

લડાઈનો મામલો દિનપ્રતિદિન જોર પકડતો જતો હતો. જાપાનીઓનો કેર વધતો જતો હતો. રંગૂનની ગુજરાતી વસતી તો ક્યારની ય ધોળા કે કાળા રસ્તે પોબારા ગણી ગઈ હતી. માત્ર હું જ જાતે એકલો હોવાથી કંઈક નફકરા જીવે આવામાં ય પડી રહ્યો હતો. કૅપ્ટનના સહવાસની થોડી હૂંફ પણ હતી. પણ છેલ્લા અઠવાડિયાના વિનાશતાંડવે તો મારા હાંજા ગગડાવી નાખ્યા હતા. કૅપ્ટને મને પણ ગર્ભિત સૂચન કર્યું હતું કે હવે લાંબો સમય મારે એ સ્થળે ન રહેવું.

મેં મારી ઑફિસ આટોપી લીધી અને એકબે દિવસમાં જ રંગૂન છોડવાની તૈયારી કરી.

એ રવિવાર હતો. કૅપ્ટન આજ છેલ્લા વીસ કલાકથી પાછા ફર્યા ન હતા. એમની ગેરહાજરીથી નિરાલા ક્યારનો ય અસ્વસ્થ

થઈ આમતેમ આંટા માર્યા કરતો હતો. હવે તો એને મારી સાથે પણ દોસ્તી થઇ હતી. મેં એને બૂમ મારી: 'નિરાલા!'

ઘડીભર એની આંખમાં રોજની ચમક આવી. પણ એ બૂમ તો મારી હતી એ સમજાતાં જ પાછો એ એની મૂળ સ્થિતિમાં ધીરે પગલે મારી પાસે આવી ઊભો. એની પીઠે હેતથી હાથ ફેરવતાં પણ મારી નજર કૅપ્ટનના આવવાના રસ્તા પર હતી. નિરાલા અને હું બંને એકાએક એ રસ્તાના એક દૃશ્ય તરફ મીટ માંડી રહ્યા.

પોતે જેને રોજ જાતે હાંકીને આવતા તે જીપ મોટર તો એ જ હતી, પણ આજે એનો હાંકનાર જુદો હતો. અંદર માણસો પણ વધારે હતા. મને કુશંકા થઈ કે જરૂર કાંઈક બન્યું હશે.


પણ મારા કરતાં યે પેલા જાની દોસ્તને તો કયારની ય ફાળ પડી હતી. મોટર અટકતાં જ એ તો મારી પાસેથી કૂદી ઉપર ચડી ગયો.

કૅપ્ટન સાહેબને ગોળી લાગી હતી. એમની સ્થિતિ ગંભીર હતી. મિલિટરી ડૉકટરે ગોળી તો કાઢી હતી, પરંતુ તે પૂર્વે ઘામાંથી ખૂબ લોહી વહી જવાથી એ ખૂબ જ અશક્ત બની ગયા હતા.

નિરાલાએ તરત જ એમના ખાટલાનો હવાલો લીધો. ખાટલા પાસેથી નિરાલાને દૂર કરવાની કોઈની હિંમત ન હતી.

બીજે દિવસે સવારે એ કાંઈક ભાનમાં આવ્યા. આંખ ઉઘાડતાં સામે જ રડતા નિરાલાને જોઈ એમના મુખ પર આછું દિલગીરીનું સ્મિત અને આંખમાં આંસુ આવ્યાં.

પણ આ સ્થિતિ ય લાંબો સમય ટકી નહિ. અશક્તિના કારણે કૅપ્ટને ફરી ભાન ખોયું અને પછી તો એ સ્થિતિ છેવટ સુધી રહી. બપોરના ચાર વાગે એ સૌને છોડી ગયા.



નિરાલાએ તરત જ એમના ખાટલાનો હવાલો લીધો.

અમારા સૌની આંખમાં આંસુ હતાં. પણ નિરાલાની સ્થિતિ તો એથી પણ અસહ્ય હતી. અમે તો પરસ્પરની સાથે થોડી વાત કરીને પણ કાંઈક શાતા અનુભવવાનો પ્રયત્ન કરતા હતા; પણ આ તો હવે 'અટૂલો અને અનાશ્રય' બન્યો હતો. એની વેદના કોણ સમજે ?

અમારી સૌની સાથે એ પણ સ્મશાનભૂમિ સુધી આવ્યો. ભડભડતી ચિતા જોઈ એની આંખ સખત બની ગઈ. મોડી રાતે એ અમારી સાથે ઉતારા પર આવ્યો.

કૅપ્ટનનો પલંગ હંમેશાં બહારના છજામાં પથરાતો. આજે એ હજી એમ જ હતો. રાતના બાર થયા હતા. નિરાલાને કશું ખવડાવવાના મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. સૂના પલંગને જોઈ સખત બનેલી એની આંખ ફરી વહેતી હતી.

બાર વાગ્યા. કૅપ્ટનનો, સૂવાનો વખત હતો. આજે પણ જાણે એવી તૈયારી કરી હમણાં પોતાને બોલાવશે એવી આશામાં નિરાલા સ્થિર ઊભો હતો—જાણે રખેને પોતાનાથી એ બૂમ ચૂકી જવાય—એ આશંકાથી.

ટાવરની ઘડિયાળમાં ધીરેથી બાર ટકોરા પડ્યા. નિરાલા રોજની જેમ પલંગ પાસે જઈ 'એટેન્શન'ની સ્થિતિમાં ઊભો અને પછી પોતાની જગ્યાએ જઇને બેઠો.

બે દિવસ સુધી તેણે આ જ ક્રમ સાચવ્યો. ન તો એણે નોકરને એ પલંગ ખસેડવા દીધો, ન તો પોતે પોતાની જગ્યા છોડી. હું તો એની મમતા પર ક્ષણેક્ષણે આશ્ચર્ય પામતો હતો. અને મિત્રના મૃત્યુમાં એને મારાથી સવાયો સહભાગી ગણી એની પીઠ ઠોકી મૂંગું આશ્વાસન આપતો હતો.

પણ એ આશ્વાસનનોય મને જવાબ ક્યાં મળતો હતો? એના જેટલો અધિકારી હું ક્યાં હતો?

ત્રીજા દિવસની સવાર સુધી દુઃખ અને ભૂખ સામે એ ઝૂઝયો. સૌએ એના જીવવાની આશા છોડી દીધી. ચોથા દિવસની સવારે મેં જોયું તો એ પણ એના દોસ્તના પંથે હતો.

મારી આંખમાં આંસુ ઊભરાઇ આવ્યાં. મૈત્રીમાં પણ નિરાલા સાચે જ નિરાલો હતો.

પ્રશ્નો

૧. દત્તે સાહેબ રંગૂન શા માટે ગયા હતા?
૨. કૅપ્ટન સાહેબ શા કારણથી મૃત્યુ પામ્યા?
૩. કૅપ્ટન સાહેબના મૃત્યુ પછીની નિરાલાની સ્થિતિ વર્ણવો.
૪. નીચેના શબ્દોપરથી વિશેષણ બનાવો:—
આક્રમણ, વખાણ, હિંમત, દિલગીરી, આશ્ચર્ય.



પાઠ ૩૬ મો

કાવ્યમય જાન

શ્રી. કાકા કાલેલકર

[પહેલા પુસ્તકમાં તમે કાકા સાહેબની વાર્તા વાંચી. આ વખતે તેમની આત્મકથા 'સ્મરણયાત્રા'માંથી એક પ્રસંગ લીધો છે. કાકાસાહેબ આ પ્રસંગ વખતે તમારાથી સહેજ મોટા હશે. તેમણે સાઇકલ જોઇ. તેના ઉપરથી તેમને એક સુંદર અને રમૂજી કલ્પના આવી કે વર, વહુ, જાનૈયા, એમને જોનારા, બધા સાઇકલ ઉપર નીકળે તો કેવી મજા પડે! કલ્પના નવીન છે, આકર્ષક છે, રમૂજી છે, તેવી જ અદ્ભુત છે.

આ પાઠમાં એક ચિત્ર મૂક્યું છે. તે ચિત્રમાં કાકાસાહેબ પોતે જ જાણે જાન જોઈ રહ્યા હોય તેમ કલ્પવામાં આવ્યું છે. સાથે તમે આજ સુધી ન કલ્પેલી એવી સાઇકલ પરની જાન પસાર થતી ચીતરી છે.

કાકાસાહેબનું 'સ્મરણયાત્રા' નામનું પુસ્તક તમે અનુકૂળતાએ વાંચી જજો.]

પહેલી સાઈકલ મેં જોઈ તે ડૉ. પુરુષોત્તમ શિરગાંવકરની. આખા બેલગામમાં કે શાહપુરમાં બીજી સાઈકલ હતી જ નહિ. જ્યાં જુઓ ત્યાં લોકો સાઈકલની જ વાતો કરતા. એક જણ કહે, આપણે પાન ખાઇએ એટલામાં આ પાયગાડી (એ વખતે

સાઈકિલ શબ્દ પ્રચલિત ન હતો; બધા એને પાયગાડી જ કહેતા. હજીએ મને સાઈકિલ કરતાં પાયગાડી શબ્દ વધારે પસંદ છે.) બેલગામ સુધી પહોંચી જાય છે. બીજો કહે, પણ એ પડતી કેમ નથી ? ત્રીજો પોતાને અક્કલવાળો માનતો તે એનો જવાબ વાળે, કે જેમ દોર પર ચાલનાર નટ હાથમાં વાંસ રાખે છે તેમ પાયગાડીવાળો એ હાથમાં પેલો ચળકતો લાંબો હાથો પકડી રાખે છે, તેથી તે પડતો નથી. એક ડોસાએ એક વખત હિંમત કરી ખુદ ડૉકટરને પૂછેલું, કે 'તમે કેમ નથી પડી જતા ?' ડૉકટરે સામો પ્રશ્ન પૂછયો, 'સાડાત્રણ હાથ ઊંચા તમે ઊભા ઊભા ચાલો છો, તો તમે કેમ નથી પડી જતા ?' બધે હસાહસ થઈ અને ડોસો ભોંઠો પડ્યો.

તે વખતે હું બહુ જ નાનો; નિશાળે પણ જતો ન હતો. પરંતુ તે દિવસથી આપણે પણ એક પાયગાડી હોય તો કેવું સારું એવી વાસના હૈયામાં ઘર કરી બેઠી. પણ સાઈકિલ જેવી કીમતી વસ્તુ આપણા ઘરમાં ક્યારે આવવાની હતી એવો વિચાર મનમાં આવતાં સાઈકિલની ઝંખના વિલીન થતી.

પછી તો ધીમે ધીમે સાઈકિલો વધતી ગઈ. જ્યાં જુઓ ત્યાં સાઈકિલો. પાયગાડી શબ્દ પણ પાછળ પડયો, અને તેને બદલે સાઈકિલ શબ્દ શિષ્ટ ગણાવા લાગ્યો. થોડા દિવસો પછી એ શબ્દ પણ વાસી થયો, અને પ્રતિષ્ઠિત લોકો બાઈક શબ્દ વાપરવા લાગ્યા. પણ જ્યારે દ્વિચક્રીએ અમારા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે તો સાઇકલ શબ્દ બાઈક સાથે હરીફાઈ કરતો થયો હતો.

પણ એ બાઈક ઘરમાં આવી ન હતી તે વખતે તેનું ધ્યાન વધારે થતું. ત્રણસો ચારસો રૂપિયા ખર્ચીને આપણને સાઈકલ કોણ ખરીદી આપવાનું હતું ? એટલે મનમાં વિચાર આવતો કે સાઈકિલ મેળવવાનો ઉપાય એક જ છે. આપણે પરણતી વખતે

રિસાઈ ને બેસીશું; સસરાને કહીશું, કે "મારે નથી જોઇતી કંઠી (સેર) કે નથી જોઈતી પોંચી. આપણને તો સરસ સાઇકલ જોઇએ." નાનપણથી જ મનમાં ઠસી ગયું હતું, કે પરણવું એ ખરાબ વસ્તુ છે. પરણાવશે એ બીકથી ઘરમાંથી નાસી પણ જતો. પરંતુ સાઈકિલે બુદ્ધિ બગાડી. સાઈકિલ તુરત મેળવવાનો એ એક જ ઉપાય લાગવાથી સાઈકિલના લોભે મન પરણવા પણ તૈયાર થયું. પછી તો કલ્પનાના ઘોડા–અરે નહિ! ચૂક્યો!— કલ્પનાની સાઇકલો દોડવા લાગી. એક દિવસે પરણવાના વિચાર અને સાઈકિલના વિચાર અદ્‌ભુત રીતે ભળી ગયા, અને વિચાર થયો, કે આખી જાન સાઈકિલ ઉપર કાઢીએ તો કેવું સારું!



સાઇકલ પરની જાન

વરવધૂ તો સાઈકિલ ઉપર હોય જ; બધા જાનૈયા અને શરણાઈ તાંસાવાળા, દારૂખાનું ફોડનારા, ગોરમહારાજ, ભટભિક્ષુકો બધા જ સાઈકિલ ઉપર બેસી જો શહેરમાં ફરે તો કેવું મજાનું

દેખાય ! દરેક જણ જે સાઈકલની ઘંટી અને ભૂંગળું વગાડે તેમાં પણ સારીગમની ગોઠવણ હોય. આવી જાન તો ઉતાવળે જ પસાર થવાની; લોકોને પૂરતું જોવાનું પણ ન મળે; એટલે આખા શહેરમાં તેણે તો દશ વાર ફેરા ફરવા જોઈએ. વળી જેમને એ મજા ખાસ જોવાનો શોખ હોય તેમણે પણ ભાડાની સાઈકલો આણી જાન સાથે ફરવું જોઈએ. એવી મજાની કલ્પનાઓ મનમાં વધવા લાગી.

આટલી અદ્ભુત કલ્પના કાંઈ એકલપેટે સેવાય? મેં ગોંદુને તેની વાત કરી. તેણે એ જ દિવસે ઘરમાં બધાંને હસતાં હસતાં કહી દીધું. થોડા જ દિવસમાં એ વાત ઘરની બહાર ફેલાઇ, અને દરેક જણ મને સાઈકલની જાન વિષે પૂછી પૂછીને ખીજવવા અને હેરાન કરવા લાગ્યો. ઠીક થયું કે તે જ વરસે હું ન પરણ્યો; નહિ તો કોઈ મને સુખેથી પરણવા ન દેત. હું પરણ્યો ત્યારે બધા એ વાત ભૂલી ગયા હતા. હું એકલો ભૂલ્યો ન હતો. પણ રોજ મનમાં ઈશ્વરને પ્રાર્થના કરતો, કે આ કાર્ય પૂરું થાય ત્યાં સુધી કોઈને એ સાઈકલની જાનનું સ્મરણ ન થાઓ. લગ્નમાં રિસાવાનો સમય આવ્યો ત્યારે પણ, મનમાં તીવ્ર ઈચ્છા હોવા છતાં, મેં સાઈકલનું નામ ન લીધું;—રખેને એટલાથી જ ભાઈને સાઈકલની જાનનું સ્મરણ થઈ આવે.

પછી જ્યારે સાચે જ ઘરમાં સાઈકલ આવી અને હું સાઈકલ પર બેસતો થયો ત્યારે મેં ભાઈને કહ્યું, 'નાના, (હવે હું ગોંદુને 'નાના' કહેતો હતો.) મારો એક ફોટો પાડને!' એ કહે, "એમાં તે શી મોટી વાત? પણ શરત એ કે ફોટા નીચે હું લખવાનો કે 'સાઈકલ પરની જાન'" એ શરત માફ કરવા માટે મારે નાનાને કેટલીયે આજીજી કરવી પડી.

પ્રશ્નો

૧. 'સાઇકલ'ને માટે આ પાઠમાં કયા કયા શબ્દો વાપર્યા છે ?
૨. કાકા સાહેબને સાઇકલ મેળવવા કયો સહેલો ઉપાય સૂઝયો ?
૩. કાવ્યમય જાનનું ટૂંકામાં વર્ણન લખો.
૪. કાકા સાહેબે લગનપ્રસંગે સાઈકલનું નામ કેમ ન લીધું ?
૫. ગોંદુએ ફોટો પાડતાં કયી શરત કરી ?
૬. તમે જોયેલી કોઈપણ જાનનું વર્ણન કરો.
૭. જાનનો રિવાજ તમને ગમે છે ? શા માટે ?



પાઠ ૩૭ મો

ગુજરાત મોરી મોરી રે

શ્રી. ઉમાશંકર જોશી

[આ કાવ્યમાં કવિ ગુજરાતની મહત્તાનું વર્ણન કરે છે. જેમ માતા પ્રત્યે બાળકને પ્રેમ હોય છે, તેમ જન્મભૂમિ પ્રત્યે પણ માનવીમાં કુદરતી પ્રેમ જન્મે છે. તેથી જ કવિને ગુજરાત આખા હિંદુસ્તાનમાં શ્રેષ્ઠ લાગે છે.

અને ગુજરાત બીજા પ્રાંતો કરતાં કાંઈ ઊતરે એવી છે ? એમાં શું નથી ? એના કિનારે સમુદ્ર મોતીછોળો ઉડાડે છે. સાબરમતી અને રેવા એની જમીનને રસાળ કરે છે. પાવાગઢ, ગિરનાર, ચરોતર અને ચોરવાડમાં કુદરતી સૌન્દર્ય અને સમૃદ્ધિ ભર્યાં છે. ગુજરાતે નર્મદ જેવા કવિને અને ગાંધીજી જેવા જગદ્વંદ્ય મહાપુરુષને જન્મ આપ્યો છે. આવી ભૂમિમાં જન્મવું એ ખરેખર સદ્ભાગ્ય છે.

સ્વદેશપ્રેમથી નીતરતું આ ગીત તમને ગાવું ગમશે.]

મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી
ગૂજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂંકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં
ગૂજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે;
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે!
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે
ગૂજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂબ્યાં જોડલે,
ગૂજરાત મોરી મોરી રે.

નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી,
એકવાર ગાઇ કે કેમ કરી ભૂલવી?
ગૂજરાત મોરી મોરી રે.

ભારતની ભોમમાં ઝાઝી રે ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત
ગૂજરાત મોરી મોરી રે.

પ્રશ્નો

૧. ગુજરાતમાં આવેલી નદીઓનાં નામ આપો.
૨. ગુજરાતમાં પર્વતો કેટલા ? ક્યાં આવ્યા ?
૩. ચરોતર અને ચોરવાડમાં શું પાકે છે ?
૪. ગુજરાતનાં સૌન્દર્ય ધામો ક્યાં ? તમે કદી કોઈ એવા સ્થળે ગયા છો ? ગયા હો તો તેનું ટૂંકમાં વર્ણન કરો ?
૫. નર્મદ કોણ હતો ? એ ક્યાં જન્મેલો ? એ શા માટે પ્રખ્યાત છે ?
૬. ગાંધીજી ક્યાં જન્મેલા ? ગાંધીજી શું ગુજરાતના જ કહેવાય ?
૭. નીચેની પંક્તિ સમજાવો:—

નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી.



પાઠ ૩૮ મો

¤

ટેલિફોન

¤

શ્રી. નવલકાન્ત ભાવસાર

[ટેલિફોન એ હાલના જમાનાની શોધ છે. હજારો માઇલ દૂર બેઠેલો માણસ આપણી સાથે ટેલિફોનથી વાત કરી શકે. પહેલાં જ્યારે તાર કે ટેલિફોનની સગવડ ન હતી ત્યારે સમાચાર પહોંચતાં ઘણો વખત લાગતો. આવી જાતની શોધખોળને લીધે આપણે આપણા બાપદાદાથી વધારે સુખી તો કહેવાઇએ જ.


એ ટેલિફોનના સંદેશા કેવી રીતે પહોંચે છે તે તમે આ પાઠમાં વાંચશો. પાઠમાં એક નાનું ચિત્ર છે. તેમાં નીચે ધોળા ભાગમાં આંકડા મૂક્યા છે. ઉપર રિસીવર છે. તેને ઉપાડી, મોઢા પાસે રાખી આપણે વાત કરી શકીએ.

આ લેખ 'વિજ્ઞાનવિનોદ' નામના પુસ્તકમાંથી લીધો છે. આવું આવું વધારે જાણવાની ઇચ્છા થાય તો આ પુસ્તક વાંચી જજો.]

"એલાવ, તમે કોણ છો ?"

ટેલિફોનની ઘંટી વાગી. બાબુના મામાએ તરત રિસીવર હાથમાં લીધું અને જવાબ આપ્યો, "એલાવ, એ તો હું નવીનચંદ્ર; તમે કોણ છો ?" અને પછી તો ક્ષણમાં હસવાનો અવાજ અને ક્ષણમાં ગંભીરતા—અને એ પ્રમાણે વાત ચાલી. બાબુ બિચારો તો આભો જ બની ગયો.

આખરે તેણે જેમ તેમ હિંમત કરી. 'મામા, એ શું છે ? તમે શું બોલતા હતા ? તમે કોની સાથે વાત કરતા હતા ? ફોનોગ્રાફના વાજામાં જેવું ભૂત હોય છે તેવું આ ભૂંગળામાં છે કે શું ?" અનેક પ્રશ્ન બાબુએ બાલભાષામાં મામાને પૂછી નાખ્યા.



ટેલિફોન

બાબુને દિવાળી કરવા મામાએ ગામડેથી મુંબઈ તેડ્યો હતો. બાબુએ શહેર આજે જ પહેલી વાર જોયું હતું, એટલે તેની નવાઈનો પાર ન હતો. ઇલેક્ટ્રિક, આગગાડી, ટ્રામ, મોટરબસ, ટેલિફોન, રેડિયો, બધું તેને નવું નવું લાગતું. બિચારો નવાઈ પામતો જતો હતો.

મામાએ હસતાં હસતાં ટેલિફોનની વાત માંડી.

બાબુ અને બચુ, મનુ અને બધાં આસપાસ વીંટળાઈ વળ્યાં.

"જુઓ, આ ભૂંગળા જેવાને ટેલિફોન કહે છે. ટેલિ એટલે દૂર, અને ફોન એટલે વાત કરવી. દૂરના માણસો સાથે વાત કરવાનું જે સાધન તેનું નામ ટેલિફોન. ટેલિફોનના બે ભાગ છે. એક ભાગ આગળ બોલવાનું અને બીજો ભાગ સાંભળવા માટે કાને અડાડવાનો. પાણીમાં જેમ પથ્થર પડે ને મોજાંઓ થાય છે તેવી જ રીતે હવામાં અવાજનાં મોજાંઓ થાય છે. ટેલિફોનના મોંના ભૂંગળા આગળ આપણે જે બોલીએ તેનાથી તેનો એલ્યુમિનિયમનો પડદો પાણીનાં મોજાંની માફક હાલવા માંડે છે. પાણી આપણે હાલતું જોઈ શકીએ છીએ; પણ આ પડદો બહુ જ થોડો હાલતો હોવાથી આપણે નરી આંખે જોઈ શકતા નથી. ઠીક, પછી શુ થાય છે? એ પડદો હાલવા માંડે એટલે અંદર વીજળીનો પ્રવાહ વહેવા માંડે છે. એ વીજળીનો પ્રવાહ ટેલિફોનના તારનાં દોરડાંઓ, જે સડક પર થાંભલાની ટોચે દેખાય છે, તેમાં થઇને સામાવાળાના કાન આગળના ભૂંગળામાં દાખલ થાય છે. આ ભૂંગળાની અંદર વીજળીથી કામ કરતો એક સાદો લોખંડનો ટુકડો હોય છે. જ્યારે વીજળીનો પ્રવાહ અંદરથી પસાર થાય છે ત્યારે એ લોહચુંબક બને છે. લોહચુંબકનો ગુણ શો? લોખંડની વસ્તુઓને પોતાની તરફ આકર્ષવાનો. એટલે જેવો વીજળીનો પ્રવાહ લોહચુંબકમાં વહેવા લાગે છે તેવો એ ધાતુની એક ટીકડીને પોતાના તરફ આકર્ષે છે. અને તેથી તેને જેવો વીજળીના પ્રવાહનો જુસ્સો હોય તે પ્રમાણે વારંવાર ધક્કા લાગે છે, અને તેથી પેલી ટીકડી હાલવા માંડે છે.

" જેવી રીતે આપણા મોં આગળનો પડદો હાલવા માંડે છે,

તેવો સેકંડના હજારમા ભાગની અંદર સામાવાળાના કાન આગળના ભૂંગળાનો પડદો હાલવા માંડે છે; અને તેથી આપણા અવાજ જેવો જ સામેનો પડદો અવાજ કરે છે. તેથી જાણે માણસ બોલતો હોય તેવું આ પડદો બોલે છે. કેમ, કેવી સુંદર ખૂબીથી કામ થાય છે!"

બાબુ બોલી ઊઠ્યો, "મામા, ત્યારે ચાલોને આપણે મારા બાપા સાથે મારે ગામ તેનાથી વાત કરીએ."

મનુ અને કનુ હસી પડ્યા, કારણ કે તે બંને મુંબઈગરાના દીકરાઓ હતા. બાબુ અને બચુનાં મોં લેવાઈ ગયાં.

મામાએ ધીરજથી સમજણ પાડી. "ભાઈ, એમ નહિ બને. આપણા ગામમાં ટેલિફોનનાં દોરડાં નથી. એ તો જેટલા ભાગમાં તારનાં દોરડાં હોય અને જેટલો લાંબો સંબંધ હોય તેટલી જ જગાએ વાત કરી શકાય. મુંબઈમાં ટેલિફોનના તાર બધે નાખ્યા છે, અને એ બધા એક ઑફિસમાં ભેગા થાય છે. આપણે જ્યારે ટેલિફોનના ડાયલ પરના આંકડા ફેરવીએ છીએ ત્યારે ત્યાં એવી સગવડ હોય છે કે આપણે જે નંબર આપીએ તે નંબરના તાર સાથે આપણો ટેલિફોન જોડાઈ જાય.

"પહેલાંના વખતમાં આપણે નંબર બોલવો પડતો હતો, અને ઑફિસના માણસો આપણો માગેલો નંબર કાઢીને જોડાણ કરી આપતા હતા. ખાસ કરીને મુંબઈમાં આવી ઑફિસમાં સ્ત્રીઓ કામ કરતી હતી, તેથી કેટલાક હલકા સ્વભાવના નિર્લજ્જ માણસો તેમની મશ્કરી કરતા અને ચીડવતા; એટલે ટેલિફોનની કંપની-વાળાએ એની મેળે નંબર જોડાય એવી રીત દાખલ કરી છે.

"ભીંત ઉપર એક મોટું પાટિયું છે તેમાં કાણાં હોય છે, અને દરેક પર નંબર લખેલા હોય છે. આ કાણાની પાછળથી તારનાં

દોરડાં બહારના લત્તાઓમાં જાય છે. આપણે જે નંબર બોલીએ તે નંબર સાથે ત્યાં કામ કરવાવાળી બાઇ એક તારના કડા સાથેનો પ્લગ પેલા નંબરવાળા કાણામાં મૂકી દે છે. એટલે આપણા તાર સાથે પેલા માણસના ઘરના તારનું જોડાણ થાય છે. તેથી આપણે જે જે બોલીએ છીએ તે તે તેને સંભળાય છે. સૌથી પહેલાં આપણે રિસીવર એટલે કે ટેલિફોનનું ભૂંગળું ઉઠાવીએ છીએ ત્યારે એક ટકોરી થાય છે અને ઑફિસમાં ટકોરી વાગવા માંડે છે. આપણે નંબર આપતાં જોડાણ થાય છે એટલે તરત જ સામાવાળાને ઘેર જે ટેલિફોન હોય છે તેની ઘંટડી વાગવા માંડે છે. આથી પેલા ઘરમાંથી ગમે તે રિસીવર ઉપાડી કાન પર ધરીને જેવી રીતે આપણે વાતો કરીએ તેવી રીતે સહેલાઈથી વાતો કરે છે.

“આવાં દોરડાંઓ દુનિયાભરમાં ચોમેર નાખવામાં આવ્યાં છે. કેટલાંક મોટાં મોટાં શહેરો વચ્ચે જોડાણ હોય છે. દરેક સ્ટેશન પર પણ ટેલિફોન હોય છે. હાલમાં જ થોડા વખત થયાં યુરોપ સાથે વાતો કરવાને ટેલિફોનની સગવડ થઈ છે. જેથી યુરોપના કોઈ પણ દેશ સાથે આપણે ઘેર બેઠાં વાતચીત કરી થોડે ખર્ચે ધંધો કરી શકીએ છીએ, વેપારસમાચાર મોકલી શકીએ છીએ કે મેળવી શકીએ છીએ. હાલમાં વાતચીત કરી શકાય અને સાથેસાથે ચહેરો જોઈ શકાય એવા યંત્રની શોધ થઈ રહી છે. તેનું નામ ટેલિવિઝન. ટેલિ એટલે દૂર, વિઝન એટલે જોવું. દૂરથી જોવું અને સાંભળવું એ બન્ને આ યંત્રની મદદ વડે થઈ શકે છે. આપણે હમણાં જેવી રીતે બેસીને વાતો કરીએ છીએ તેવી રીતે હજારો માઇલનું અંતર છતાં બે માણસો ઠંડે કલેજે એકમેકને જોઇ શકે છે, અને વાતચીતની મજા માણી શકે છે. હમણાં તો એવી રીતે અમેરિકામાં એક યુવક અને સ્ત્રીનાં લગ્ન પણ થઈ ગયાં. બંનેએ

આ યંત્રમાં એકબીજાંને જોયાં, વાતો કરી, અને લગ્ન પણ કરી દીધાં.

"ટેલિવિઝન આપણા દેશમાં આવ્યું નથી. ધીમેધીમે એય આવશે અને ત્યારે વિલાયત અને અમેરિકાના દેખાવો આપણી આંખ આગળ રમશે, અને આપણે ત્યાંના લોકો સાથે વાત કરી શકીશું."

પ્રશ્નો

૧. આ જમાનાની નવી શોધખોળનાં નામ આપો.

૨. તમને કયી શોધ વધારે ગમે છે? શા માટે?

૩. કોઇપણ બે શોધખોળના લાભ તથા ગેરલાભ સંબંધી ૨૦ લીટી લખો.

૪. આ પાઠ પરથી ટૂંકામાં ટેલિફોનની રચના સમજાવો.

૫. ખાલી જગા પૂરો :—

——થી આપણે દૂરથી વાત સાંભળી શકીએ, ——થી આપણે દૂરથી વસ્તુ જોઇ શકીએ, ——થી આપણે ઊંચે ઊડી શકીએ.

૬. રેડિયો અને ટેલિફોન એ બેમાં કેટલે અંશે મળતાપણું છે?

૭. નીચેનાં વાકયોમાંથી ક્રિયાપદ શોધી કાઢો અને તેના કાળ કહો :—

(क) મનુ અને કનુ હસી પડ્યા. (ख) મુંબઇમાં ટેલિફોનના તાર નાખ્યા છે. (ग) પહેલાંના વખતમાં આપણે નંબર બોલવો પડતો હતો. (घ) અમેરિકાના દેખાવો આપણી આંખ આગળ રમશે.



પાઠ ૩૯ મો

☼

ઘોઘારાણાની યશગાથા

☼

શ્રી. કનૈયાલાલ મુનશી

[શ્રી. મુનશીની એક વાર્તા તમે પહેલા પુસ્તકમાં વાંચી હશે. સાહિત્ય ઉપરાંત રાજકીય ક્ષેત્રમાં પણ શ્રી. મુનશીએ ગણનાપાત્ર ફાળો આપ્યો છે.

ભારતના પશ્ચિમ કિનારે આવેલા પ્રભાસ પાટણના જ્યોતિર્લિંગ સોમનાથની કીર્તિ આજથી હજાર વર્ષ પૂર્વે દિગંતમાં પ્રસરી હતી. એની સમૃદ્ધિથી આકર્ષાઇ યવનોનાં અનેક ધાડાંએ એના પર આક્રમણ કરેલાં. ઈ. સ. ૧૦૨૪ માં મહમૂદ ગઝનીએ કરેલા આક્રમણને ખાળવા કચ્છના રણના કાંઠે આવેલા એક નાનકડા ગઢના રાજવી ઘોઘારાણાએ જે અપૂર્વ બલિદાન આપ્યું તેનું હૈયું હચમચાવી નાખે એવું વર્ણન આ પાઠમાં છે. સોમનાથ તો આખરે લૂંટાયું, એની મૂર્તિ ખંડિત થઇ, એનું ધન હરાયું. આજે આપણે આપણી આઝાદી પાછી હાંસલ કરી ત્યારે આપણી રાષ્ટ્રીય સરકારે એ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું કાર્ય આરંભ્યું છે.

ઘોઘારાણાએ કેસરિયાં કર્યાં ત્યારે એનો પુત્ર તથા પૌત્ર સોમનાથની યાત્રાએ ગયેલા. આથી એમના પરાક્રમની ગાથા નન્દિદત્ત નામનો રાજગુરુ ઘોઘાબાપાના પૌત્ર સામંતને કહી સંભળાવે છે.]

“ ઘોઘાબાપાના ગુસ્સાનો પાર ન રહ્યો. એનો હાથ તરવારની મૂઠ પર ઉઘાડ દે થતો હતો, એની મૂછો ક્રોધમાં ફરફરતી ને આંખો ચમકતી—જાણે ભૂખ્યા, ભૂલા પડેલા વાઘની હોય તેમ; અને તેણે ગર્જના કરી : ‘ બાયલા, મારા હાથમાંથી છૂટવા માગે છે ? ’ અમે એમનું મન કળી ગયા. એમને તો પાછળ પડી યવનસેના સંહારવી હતી ! રાણીઓ કાંપી ઊઠી. ચૌહાણ વીરોની છાતી ન ચાલી. આપણે ગણ્યાગાંઠ્યા; યવનો તો શતસહસ્ર. મહાદેવજીએ બચાવ્યા છતાં યમના મુખમાં ધસવું ! મારી કલ્પના થંભી ગઈ. હું મૂંગે મોઢે શિવકવચ બોલવા બેઠો.

"પછી ઘોઘાબાપા બોલ્યા—નેવું વર્ષના પરમ ગૌરવાન્વિત વાર્ધક્યની શોભાથી બધાને મહાત કરતા; જાણે ભગવાન સોમનાથે જ પ્રેર્યા હોય તેમ—'નેવું વર્ષ મેં સોમનાથ પૂજ્યા છે; સિત્તેર વર્ષ હું રહ્યો છું રણનો રાજવી. મારી રજા વિના પંખી સરખું અહીંથી સાંચર્યું નથી, ને શું હું મ્લેચ્છને માગ આપું, સોમનાથને ભ્રષ્ટ કરવા? કુલકલંકો! રહો અહીં, ને ભોગવો કાયરતા વડે કમાયેલી કીર્તિ. મારા જીવતાં મેં સોમનાથનો જય ઉચ્ચાર્યો છે—ને મારા જીવતાં સદાય રહેશે સોમનાથનો જય.'

—"ને ગઢવીએ લથડતી જીભે, હાથ જોડીને કહ્યું: 'બાપા, દુશ્મનો એટલા બધા છે કે આપણે ચપટીમાં ચોળાઇ જઈશું.' અને વાત ખરી હતી. પણ ઘોઘાબાપા ટટ્ટાર થઈ ગયા. એમનું શીશ ગગનને સ્પર્શ્યું; મને લાગ્યું કે હમણાં એ ગઢવીને ઘા કરશે.

—"સિંહ ગર્જે તેમ બાપા ગર્જ્યા: 'મૂર્ખ! રિપુઓ ઘણા ને અમે થોડા એમ તો બાયલા બોલે. આજે મારી ચોકી ચુકાવી યવન ભાગ્યો. હવે મારે–તમારે–જીવવાનો શો અધિકાર? સોમનાથે આપેલું કામ ન થઇ શક્યું, હવે શ્વાસ લેવો હરામ છે. દેવે અહીં મોકલ્યા! –આજે દેવ બધાને પાછા બોલાવે છે. તૈયાર થાઓ,' અને બાપાએ ખડ્ગ ખેંચ્યું–જાણે અંધારાયેલા ગગનમાં વીજ ચમકી અને હું 'ધન્ય છે, ધન્ય' કહેતો પલવાર મૂર્છા પામ્યો. ઘોઘાબાપાનાં વેણ કોણ સહી શકે? બધા પુત્રપરિવારે ખડ્ગ ખેંચ્યાં. બધી સ્ત્રીઓએ કંકણનો વિજયનાદ કર્યો. હું શિવકવચથી બધાને સુરક્ષિત કરી રહ્યો.

"દોડધામ થઈ રહી. તૈયારીનાં વાજિંત્રો ગગડ્યાં. ઘોડા ને સાંઢણીઓએ હર્ષનાદ કર્યા. કેસર કુમકુમની છોળો ઊડી. સામંત! ચૌહાણવીરોનો એ મહોત્સવ દેવોને દેખવા પણ દુર્લભ

તે મેં જોયો. મારી આંખમાં તો હર્ષનાં આંસુ હતાં—અને તેમાં થઈ ઈશ્વર–પાર્વતીને વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ કરતાં મેં જોયાં.

"ઘોઘાબાપાએ જરીના વાઘા સજ્યા, માથે બાંધી કેસરી પાઘડી, ગળે પહેર્યો રાતાં પુષ્પોનો હાર. ચૌહાણ વંશના વીરો તૈયાર થયા. મેં થાળ ભરી દેવ પૂજ્યા, કેસરિયા વીરોને કર્યાં કુમકુમ ચાંદલા, ને આશીર્વચન ઉચ્ચાર્યાં: 'યાવચ્ચંદ્રદિવાકરૌ તપજો ઘોઘારાણાનો યશ.' દરવાજા પાસે મને બાપાએ બોલાવ્યો ને બધા સાંભળે એમ કહ્યું: 'નન્દિદત્ત, તારા બાપે મને રાજ્ય-તિલક કરી ગાદી દીધી. તેં આજ મને સ્વર્ગે જતાં વિજયમાળા પહેરાવી. બ્રહ્મદેવ મને વચન આપ. ચૌહાણ વીરો પડે કે એમની સતીઓને અગ્નિદેવને અર્પજે. કેમ છોકરીઓ!' બાપાએ ઝરૂખે કુમકુમ અક્ષત લઈને ઊભેલી વીરાંગનાઓને સંબોધી: 'અમારી જોડે કૈલાસે આવવાની હિંમત છે કે?' ને તે હસ્યા—જાણે લગ્નમંડપે કુટુંબીજનો નોતરતા હોય એમ. કમલસમ સુંદર મુખો પર નિમંત્રણનો સુમધુર સ્વીકાર શોભી રહ્યો. બધી આંખોમાં હર્ષનાં આંસુ હતાં. વીરોએ ભીષણ ગર્જના કરી: 'જય સોમનાથ.'

"દરવાજા ખૂલ્યા ને ઊગતા સૂર્યનાં સોનેરી કિરણોમાં દેવસમા દેદીપ્યમાન ચૌહાણ વીરો—ઝગમગતે વાઘે, કેસરી પાઘે, ને ચમકતે ખડ્ગે વેરીઓને આંધળા કરતા—ઘુઘરિયાળા ઘોડા ને ઊંટો નચાવતા ગઢ ઊતર્યા. ને બધાના પહેલાં બે વામ ઊતરતા હતા ચૌહાણશિરોમણિ બાપા. ગઢ પરથી હું વૃદ્ધ આંખે આ ભવ્ય વિજયપ્રસ્થાન જોઇ રહ્યો. રણનો રાજવી ટેક સાચવવા સારા કુળનું બલિદાન દેતો હતો. ધન્ય છે, ઘોઘાબાપા, ધન્ય છે! દેવોએ ચંદનવૃષ્ટિ કરી; કેસરિયે છાંટે ઘોઘાગઢ શોભી રહ્યો. ચંદનના છાંટા પડ્યા ત્યારે ઘોઘાબાપાએ મારી સામું જોયું. વર્ષોના

ગૌરવે રેખાળું એમનું ભવ્ય મુખ મારા તરફ–એમના ગુરુ તરફ–આત્મસંતોષભર્યા મૃદુ હાસ્યથી જોઇ રહ્યું. તે મને પૂછતા હતા, 'હું જીવ્યો, ને હું જ મરું છું, નહિ?' મેં ગદ્‌ગદ કંઠે જવાબ દીધો : 'ધન્ય છે, ઘોઘારાણા, ધન્ય છે!"

'નીચે યવનસેના સ્તબ્ધ બની જોઈ રહી, ને તરત આ દિવ્ય દર્શનથી મુગ્ધ બની ધન્યવાદના પોકાર કરી રહી. પહેલાં તો કોઈ સમજી ન શક્યું કે બચી ગયેલા ઘોઘાબાપા ચાલી જતી સેનાને શા સારુ ભેટવા ધાતા હતા. પછી તેમને સમજાયું. કાળસમા ચૌહાણવીરો મરવા કે મારવા ધસી આવતા હતા. યવનસેનામાં 'અલ્લા હો અકબર' ની ગર્જના થઈ. લીલી પાઘે ને રાતી દાઢીએ ઓળખી શકાતો હમ્મીર, હાથી પર ઝૂલતો, આજ્ઞા આપી રહ્યો. સેનાએ લક્ષ શસ્ત્રો વડે ચૌહાણ વીરોને વધાવ્યા. ઘોઘાબાપા ઝઝૂમ્યા. કોઈ તારો સમુદ્રતરંગને ચારે બાજુ ફેંકતો આગળ વધે તેમ ઘોઘાબાપા આગળ વધ્યા. તેમની ગર્જના ગઢ સુધી સંભળાતી. જ્યાં તેમનો હાથ ફરતો ત્યાં મનુષ્યસમૂહમાં ભંગાણ પડતું. એમની કેસરી પાઘ એ મેદનીમાં પણ ચમકતી ચમકતી આગળ વધી—પછી અદૃષ્ટ થઈ—પાછી ચમકી–' અને નન્દિદત્તે રડી દીધું. સામંત તો ગાંડા જેવો જોઈ જ રહ્યો હતો.

"—ને ચમકી–ને પડી. હજાર દુશ્મનોની તલવારે એમની મૃત્યુશૈયા પર છત્ર કર્યું. થયું–ઘોઘાબાપા કૈલાસવાસી થયા: એમનું જરિયાળું નિશાન નમ્યું. મારે મારું કર્તવ્ય કરવાનું હતું તેથી હું કોટપરથી નીચે ઊતર્યો ને સોમનાથના મંદિરમાં આવ્યો. ત્યાં બધાં ભેગાં થયાં હતાં. થોડાક દુકાનદારો ને લોંડાઓ થરથર ધ્રૂજતા હતા. તેમને પાછલે રસ્તે બહાર મોકલી આપ્યા. જેને જાતે મરતાં ન આવડે તે મનુષ્યજંતુને મારવામાં શી મોટાઈ?

'મારો પુત્ર શસ્ત્રવિદ્યામાં અજ્ઞાન હતો છતાં મેં બાપા સાથે મોકલ્યો હતો. જીવતાં મોક્ષ અમે અપાવીએ, તો મરતાં સાથ કેમ ન કરીએ ? ગઢમાં હું એકમાત્ર પુરુષ હતો. પથ્થર છાતી પર મૂકી મારે મારું કર્તવ્ય કરવાનું હતું. બેટા, બેટા ! મારે કર્મે આ બધું ક્યાંથી જોવાનું ?' કહી નન્દિદત્ત ધ્રુસકા ભરી રડવા લાગ્યો. દુઃખના ડુંગરા નીચે કચરાયેલા સામંતને તો અશ્રુનું પણ આશ્વાસન નહોતું રહ્યું.

"પછી, ભાઈ, ધ્રૂજતે હાથે મારું કર્તવ્ય કર્યું. મંદિરના ચોકમાં મેં ચંદનકાષ્ઠની ચિતાઓ ખડકી. ને ભાઈ, જેને મેં પરણાવી, જેનાં સીમંત મેં કર્યાં, જેનાં છોકરાંઓને મેં ભણાવ્યાં તે બધી સુકુમાર લાડલી સ્ત્રીઓ વસ્ત્રાભૂષણ સજી બહાર નીકળી. ઝાંઝરને તાલે ઠમકતી તે, હું મંદિરને ઓટલે ઊભો હતો ત્યાં, આવીને મને પગે પડી. આંસુઓએ મને આંધળો કર્યો હતો છતાં કુમકુમચંદને તેમનાં ભાલકપોલ મેં મહેકાવ્યાં. એમણે સૂર્યને અક્ષત કુસુમોએ પૂજ્યા, કુલદેવતાની પૂજા કરી, સહર્ષ વદને, પતિઓને મળવા અભિસારિકા સમી તત્પર તે વીરાંગનાઓએ મારું અર્ચન કર્યું. મારી સતી ને પુત્રવધૂ મારે પગે પડ્યાં.' ને નન્દિદત્તે એક ધ્રુસકું ખાધું.

"અને એમના મધુર કંઠમાંથી લાવણ્ય સ્રવન્તી તે દેવી. એ ચિતા પર ચડી...અને અરે, શંભો–મેં–એમના ગુરુએ, પિતાએ અગ્નિસંસ્કાર કર્યા. હું અંગે અંગે કાંપતો. મુખ મારું શંભુ નામ રટતું. મારી આંખ આગળ મારો સોમનાથ ને મારું કર્તવ્ય બે હતાં.

..."ભાઇ, અગ્નિ ભડભડ ચેત્યો.

...."અને....એ મારા પ્રભુ....તે વીરતા, તે સૌંદર્ય જ્વાલામાં બળીને ભસ્મ થવા લાગ્યાં. તેમની ચીસો સાંભળવાને અશક્ત

હું મંદિરમાં નાઠો ને સારા સોમનાથના બાણ પર કપાળ કૂટ્યું. પ્રાણ છોડવાની ઈચ્છા થઈ....પણ, ભાઈ બાપાએ મને વચને બાંધ્યો હતો. તને ને તારા બાપને મારે બધી વાત કહેવાની હતી. દયાનિધિ! તે જ પળે મને કેમ નહિ લીધો?' નન્દિદત્ત ઓટલા પર માથું અફાળી રડી રહ્યો.

પ્રશ્નો

૧. ઘોઘારાણા કયાંના રાજવી હતા?

૨. મહમૂદની સેના બાજુએ થઈને ચાલી જતી હતી, છતાં ઘોઘારાણાએ શા માટે તેની સાથે યુદ્ધ આદર્યું?

૩. ઘોઘારાણાની શૂરવીરતાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

૪. ઘોઘારાણા અને એમનું સૈન્ય હણાઈ ગયું ત્યાર પછી ગઢમાંની સ્ત્રીઓએ શું કર્યું? એ કાર્યને વર્ણવવા માટે કયો એક શબ્દ વપરાય છે?

૫. નીચેના શબ્દસમૂહો સમજાવો—

શતસહસ્ત્ર, ચપટીમાં ચોળાઈ જવું, શીશ ગગને સ્પર્શ્યું, શિવકવચ, મહોત્સવ, આશીર્વચન, યાવચ્ચંદ્રદિવાકરૌ, ચૌહાણ-શિરોમણિ, ભાલકપોલ.

૬. નીચેના શબ્દો કયા મૂળ શબ્દો પરથી કેવી રીતે બન્યા છે:—

ગૌરવાન્વિત, વાર્ધક્ય દેદીપ્યમાન, સુમધુર, રેખાળું.



પાઠ ૪૦ મો

¤

દેશપ્રેમ

¤


શ્રી. હરિશંકર વિદ્યાર્થી

[જે દેશના લોકો પોતાના સ્વાર્થ કરતાં દેશહિતને પહેલું સ્થાન આપે છે તે દેશ જ ઉન્નતિ, સ્વતંત્રતા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ પાઠ એનું દૃષ્ટાંત છે. શિવાજી પ્રસન્ન થયા ત્યારે આલ્બર્ટે પોતાની પ્રિય મૂર્તિ ન માગતાં પોતાના દેશને માટે વેપારની સ્વતંત્રતા માગી. કેટલો દેશપ્રેમ! દેશના હિત આગળ વ્યક્તિગત સ્વાર્થને જતો કરવાનો આ મહાન ગુણ અંગ્રેજ પ્રજા પાસેથી દરેકે શીખવા જેવો છે. 'ઘંટડી' નામના લેખકના વાર્તાસંગ્રહમાંથી આ વાર્તા લીધી છે.]

ઇતિહાસપ્રસિદ્ધ રાયગઢ એક ઊંચા પહાડ ઉપર આવેલો છે. એક ઘણા વિકટ અને પથ્થરવાળા માર્ગ ઉપર ચઢવાથી કિલ્લાનો પ્રથમ ફાટક આવે છે. તેમાં પ્રવેશ કર્યા પછી એક ઢોળાવવાળો અને સાંકડો માર્ગ છે. તે માર્ગ ઉપર કેટલેક દૂર ગયા પછી આ વિશાળ કિલ્લો દૃષ્ટિગોચર થાય છે. તે પછી કિલ્લાનો બીજો તથા ત્રીજો ફાટક આવે છે. તે પછી મુખ્ય કિલ્લો આવે છે. તેની મજબૂત ઊંચી દીવાલો જોઈ આપણને એમ જ લાગે કે આ કિલ્લો અવશ્ય અજેય છે.

આ કિલ્લામાં એક વિશાળ ભવનમાં મહારાજ શિવાજીનો દરબાર ભરાતો હતો. અહીં શિવાજી મહારાજ વિરાજમાન થયેલા હતા. તેમની નજીક કંઈક નીચા આસન ઉપર તેમના પુત્ર સંભાજી બેઠા હતા, અને દરબારીઓ પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયેલા હતા. તે વેળા આલ્બર્ટ તથા તેના સાથીને દરબારમાં લાવવામાં આવ્યા. બંને યુવકોએ સિંહાસન ઉપર બેઠેલા તેજસ્વી પુરુષ સામે જોયું, અને શિવાજી મહારાજ હશે એમ જાણીને નમન કર્યું. બંને

યુવકોને કલ્પનામાં જોયેલા અને પ્રત્યક્ષ જોયેલા શિવાજી મહારાજમાં ઘણો તફાવત લાગ્યો. કલ્પનામાં ક્રૂર લૂંટારો હતો; પ્રત્યક્ષમાં ઉદાર, ગંભીર, પરાક્રમી ભૂપતિને જોયો. મહારાજના મસ્તક ઉપર એક પાઘડી હતી. તેમાં હીરામોતીની સેરો વીંટાયેલી હતી. શરીર ઘાટીલું, ચહેરો ગૌર, અને આંખોમાં એક પ્રકારનું અપૂર્વ તેજ દેખાતું હતું.



શિવાજીના દરબારમાં આલ્બર્ટ

અહીં આલ્બર્ટે અને તેના સાથીએ સુરતની લૂંટનો માલ પડેલો જોયો. તેમાંના હીરા, મોતી, પન્ના અને સોનારૂપાના અન્ય કીમતી પદાર્થોથી તે ભવન ઝગમગી રહ્યું હતું. આ પદાર્થોમાં આલ્બર્ટની આંખો કોઈ બીજી જ વસ્તુની શોધ કરી રહી હતી. તેણે હીરા તથા પન્નાથી વિભૂષિત બનેલી એક સુંદર મૂર્તિ એક સ્થળે જોઈ. એ જ પોતાની પ્રિયતમા હેલીનાની માતાની

મનગમતી મૂર્તિ હતી, જેને મેળવવા માટે આલ્બર્ટ રાયગઢ સુધી આવ્યો હતો.

થોડી વારે મહારાજ શિવાજીએ આલ્બર્ટની સામે દૃષ્ટિ કરી પૂછ્યું, "વીર અંગ્રેજ યુવક! તમે કયી ઈચ્છાથી મારા આ દુર્ગમ કિલ્લામાં આવવાનું સાહસ કર્યું છે?"

આલ્બર્ટે મસ્તક નમાવી કહ્યું, "મેં આપની કીર્તિ ઘણી સાંભળી છે, અને તેથી આપનાં દર્શન કરવાની બહુ જિજ્ઞાસા હતી."

તેણે પછી પેલી મૂર્તિ તરફ આંગળી કરીને કહ્યું, "પરંતુ મુખ્ય કારણ એ છે કે પેલી મૂર્તિ મારે જોઈએ છે."

શિવાજી મહારાજે હસીને કહ્યું, "મને તે મૂર્તિ આપવાનો અધિકાર નથી. લૂંટનો સઘળો માલ સમસ્ત પ્રજાની માલિકીનો છે. હા, તેનું મૂલ્ય આપશો તો તે તમને મળી શકશે."

આલ્બર્ટ પાસે મૂર્તિ ખરીદી લેવા જેટલું ધન ક્યાંથી હોય? તે શિવાજી મહારાજની વાત સાંભળી મૂંગો ઊભો રહ્યો.

શિવાજી મહારાજે ફરીથી કહ્યું, "યુવક! જેવી રીતે તમે આ કિલ્લામાં આવી શકયા તેવી જ રીતે સકુશળ બહાર પણ જઈ શકશો. મને અંગ્રેજો પ્રત્યે કોઈ જાતનો દ્વેષ નથી. સુખેથી જાઓ!"

આલ્બર્ટ અને તેના સાથીએ મસ્તક નમાવી રજા લીધી.

* * * *

સાયંકાળનાં લાલચોળ કિરણોથી પહાડ ઉપર અપૂર્વ શોભા બની રહી હતી. તે વેળા યુવક આલ્બર્ટ અને તેનો મિત્ર એક સ્થળે આ મનોહર દૃશ્ય જોઈ રહ્યા હતા. ધીરે ધીરે શોભા જતી રહી અને અંધકાર પથરાવા લાગ્યો, છતાં આ બંને યુવકો વાતોમાં મગ્ન બની ગયા હતા. પરંતુ થોડીવારે વાતોમાં એક વિઘ્ન આવી

પડ્યું. તેઓ બેઠા હતા તેથી થોડે દૂર એક માર્ગ પર એક મનુષ્ય ધીરે ધીરે જતો હતો. તે જરા આગળ ગયો, એટલે બાજુની ઝાડીમાંથી બીજા ત્રણ મનુષ્યો છુપાઈ છુપાઈને ચાલતા નીકળ્યા, અને જમીન ઉપર ધીમે ધીમે પગ મૂકતા મૂકતા તેની પાછળ ચાલ્યા. આ ચારે મનુષ્યો પોતપોતાના ધ્યાનમાં એવા ડૂબી ગયેલા હતા કે તેમાંથી કોઈએ આલ્બર્ટ અને તેના સાથીને જોયા નહિ.

પેલો આગળ ચાલતો મનુષ્ય બહુ દૂર ગયો નહોતો ત્યાં તો એકાએક પાછળના ત્રણ જણા તેના ઉપર ખુલ્લી તલવારો લઇને તૂટી પડ્યા. આગલો મનુષ્ય સાવધ હતો, અને તે સ્થિતિને ઓળખી લઈ વીજળીની ત્વરાથી પોતાની તલવાર કાઢી તેમની સામે થયો. આ દૃશ્ય જોઈ આલ્બર્ટ અને તેના સાથીથી ત્યાં બેસી ન રહેવાયું. એક વ્યક્તિ ઉપર ત્રણે જણાએ હુમલો કરેલો એટલે તેઓ બંને પેલા એકની મદદમાં દોડ્યા, અને લડાઈની જગાએ ત્વરાથી પહોંચી જઈ પેલા ત્રણમાંથી બેને ખતમ કરી દીધા. બાકી એક રહ્યો, એટલે પેલા એકની સાથે એકની સમાન સ્થિતિ ગણીને તેનું નામ ન લીધું. આલ્બર્ટ તથા તેનો સાથી દૂર જઈ બંનેનું યુદ્ધ જોવા લાગ્યા.

આલ્બર્ટે તલવારોના ચમકારામાં જોઈ લીધું કે બંને લડનારામાં એક શિવાજી મહારાજ હતા.

શિવાજીને ઓળખતાં જ આલ્બર્ટ તેમની મદદમાં પુનઃ દોડ્યો, પરંતુ એટલામાં તો તેમણે પેલા માણસનું માથું ધડ ઉપરથી ઉડાવી દીધું! આલ્બર્ટ અને તેનો સાથી સામે આવીને ઊભા રહ્યા. શિવાજી મહારાજે તરત જ આલ્બર્ટની સામે આવી તેનો હાથ પકડી કૃતજ્ઞતાપૂર્વક કહ્યું, "બહાદુર યુવક! આજ તમે મારા પ્રાણની રક્ષા કરી છે. હું તમને ધન્યવાદ આપું છું."

આલ્બર્ટ—"મહારાજ! અમે કેવળ અમારા કર્તવ્યનું જ પાલન કર્યું છે!"

શિવાજી—"હું તમારા ઉપર ઘણો પ્રસન્ન થયો છું; આજે તમે મારી પાસે જે ઈચ્છો તે માગી શકો છો."

શિવાજી મહારાજને પ્રસન્ન થઈ ગયેલા જોઈ આલ્બર્ટની ખુશાલીનો પાર રહ્યો નહિ. પરંતુ કંઈ યાદ આવી જવાથી તે વિચારમાં પડી ગયો. તેને સર્વથી અધિક વહાલી વસ્તુ પેલી મૂર્તિ જ હતી, જેને માટે તે પોતાના જીવનને પણ જોખમમાં નાખીને અત્રે આવ્યો હતો. તેને પેલી મૂર્તિ પ્રાપ્ત કરવાની લગની લાગેલી હતી. છતાં તેનાથી પણ એક અધિક વહાલી વસ્તુ તેના અંતઃકરણમાં વસી રહી હતી, અને તે પોતાની જન્મભૂમિ માટે લાભ! અત્યારે તે એવા વિચારમાં પડી ગયો હતો, કે 'અત્યારે મારે મૂર્તિ પ્રાપ્ત કરવી કે દેશ માટે લાભ?' એક બાજુ મોહમય મૂર્તિ હતી, તો બીજી બાજુ જન્મભૂમિ હતી. તે કયી વસ્તુને પ્રાપ્ત કરવી તેનો નિર્ણય કરવામાં નિમગ્ન બની ગયો હતો.

શિવાજી મહારાજે આલ્બર્ટને મૂંગો ઊભો રહેલો જોઈ પુનઃ કહ્યું, "વીર યુવક! તમારે મૂંઝાવાની આવશ્યકતા નથી. તમે મરજીમાં આવે તે વસ્તુ મારી પાસેથી અવશ્ય મેળવી શકશો. મને યાદ છે કે તમે પેલી સુવર્ણમૂર્તિ માટે કાલે મારી પાસે યાચના કરી હતી. આજે તમે તે મૂર્તિ અને ઉપરાંત જોઈએ તેટલું ધન પણ માગી શકો છો. બોલો, બોલો, શું જોઈએ?"

આલ્બર્ટ—"મહારાજ! હું અવશ્ય તે મૂર્તિને મેળવવા ઈચ્છું છું, અને તે માટે જ હું મારા જીવનની દરકાર રાખ્યા વિના અત્રે આવ્યો છું. પરંતુ મહારાજ! જ્યારે આપ મારા ઉપર પ્રસન્ન છો ત્યારે મને એથી પણ અધિક મૂલ્યવાન વસ્તુ મેળવવાની લાલચ

થાય છે. જો આપ મને ખરેખર આપનો કૃપાપાત્ર જ સમજતા હો તો હું માગી લઉં છું કે આજથી આપના રાજ્યમાં મારા દેશના કોઈપણ મનુષ્યને વેપાર કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મળે!'

શિવાજી મહારાજ આલ્બર્ટની આ વાત સાંભળીને ક્ષણભર આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. પશ્ચાત્ તેમણે હસીને કહ્યું, "એમાં શું માગ્યું? એમાં તમારું શું કલ્યાણ થશે? શું તમે હીરા, મોતી વગેરે અમૂલ્ય વસ્તુઓથી સુખી થઇ શકશો નહિ? પેલી મૂર્તિ ઉપરાંત બીજી વસ્તુઓ તમે માગશો તે મળશે."

આલ્બર્ટ—"મહારાજ! હીરા, મોતી, મૂર્તિ વગેરેથી મને અત્યંત વૈભવ અને સુખ પ્રાપ્ત થશે એ હું સમજું છું. પરંતુ એ સઘળું કેટલા દિવસ રહેવાનું? અને જેટલા દિવસ રહેવાનું તેથી મને એકલાને જ લાભ છે. પરંતુ હું માગું છું તે વસ્તુ મહારાજ આપશે તો મારી જન્મભૂમિનાં સર્વ બાળકો તેનો લાભ દીર્ઘ કાળ પર્યંત ઉઠાવી શકશે. મારી જન્મભૂમિના કલ્યાણમાં મારું પણ કલ્યાણ જ સમાયેલું છે!"

શિવાજી મહારાજ આ અંગ્રેજ યુવકની આ ઉન્નત ભાવના જોઈ અત્યંત પ્રસન્ન થઈ ગયા અને તેનો હાથ પકડી બોલ્યા, "બહાદુર આલ્બર્ટ! તમને ધન્ય છે. તમારા જેવા ઉદાર, વીર અને સ્વાર્થત્યાગી પુત્રોને જન્મ આપનારી ભૂમિનો યશ ભૂમંડળમાં ફેલાય એમાં લેશ પણ સંશય નથી. જાઓ, આજથી મારા રાજ્યમાં કોઇ પણ અંગ્રેજ છૂટથી વેપાર કરી શકશે. પેલી મૂર્તિ પણ લઈ જાઓ."

એમ કહી શિવાજી મહારાજ તે અંગ્રેજ યુવકને પોતાની સાથે લઈ ગયા, અને બીજે દિવસે પેલી સુવર્ણમૂર્તિ અને કેટલુંક ધન આપી વિદાય કર્યો.

પ્રશ્નો

૧. શિવાજી કોણ હતા? તેમના વિશે તમે શું જાણો છો?
૨. આ પાઠનો પ્રસંગ કયા શહેરની લૂંટ પછીનો છે?
૩. અંગ્રેજો તે વખતે હિંદુસ્તાનમાં શા માટે આવ્યા હતા?
૪. આલ્બર્ટે શા માટે રાયગઢમાં આવવાનું જોખમ ખેડયું?
૫. શિવાજીએ આલ્બર્ટને તેની પ્રતિમા આપવા કેમ ના પાડી?
૬. આલ્બર્ટે પ્રતિમા કેવી રીતે મેળવી?
૭. આલ્બર્ટે પોતાના દેશના માણસો માટે વેપારની છૂટ શા માટે માગી?
૮. આ વાર્તા પરથી શિવાજી અને આલ્બર્ટના ચારિત્ર્ય વિષે તમારો અભિપ્રાય પાંચ પાંચ લીટીમાં આપો.



પાઠ ૪૧ મો

☼

કવિ શામળ કહે ઉત્તર લખો—

☼

શામળ

['છપ્પા' તો શામળના જ. શામળે કવિતામાં વાર્તાઓ લખી છે, તેમ જ બુદ્ધિચાતુર્યથી ભરેલા છપ્પાઓ પણ લખ્યા છે. અહીં આપેલા પહેલા બે છપ્પાઓમાં શામળ પ્રશ્નો પૂછે છે, અને બીજા બે છપ્પાઓમાં એ પ્રશ્નોના ઉત્તર ક્રમવાર લીટીએ આપતો જાય છે. ઉત્તર વાંચ્યા સિવાય પ્રશ્નોના જવાબ આપવા તમારી મેળે પ્રયત્ન કરી જોજો. ઘણાના ઉત્તરો તમને તાત્કાલિક જડશે નહિ. પછી શામળના ઉત્તરો વાંચશો ત્યારે સમજાશે કે તે કેટલા યોગ્ય છે! સંસારના અનુભવોનો આખો સાર જાણે આ પ્રશ્નોત્તરીમાં આવી જાય છે.]

[છપ્પા]

૧.

કોણ પૃથ્વીથી પ્રૌઢ? કોણ અણુથી પણ નાનો?
કોણ પવનથી પહેલ? કોણ દેવોથી દાનો?

કોણ ઇંદુથી વિમળ? કોણ અગ્નિથી તાતો?
પયથી ઉજ્જ્વળ કોણ? કોણ મદિરાથી માતો?
વળી કવણ તેજ તરણિ થકી? કોણ શર્કરાથી ગળી?
કવિ શામળ કહે, ઉત્તર લખો, તો તો પહોંચે મન રળી.

કવણ તરણથી તુચ્છ? કવણ મણિથી છે મોંઘો?
સ્વર્ણથી શોભે કવણ? કવણ કુશકાથી સોંઘો?
કવણ બરાસથી બહેક? કવણ કાજળથી કાળો?
કવણ લોહથી કઠણ? કવણ બાળકથી બાળો?
વળી કવણ વીંછીથી વેદના? કવણ સરવથી છે ગળી?
શામળ, મેલું શું મેશથી? કહો તો પહોંચે મન રળી.

૨.

[ઉત્તર]

મહીથી મોટું દાન, અણુથી લોભી નાનો;
પવનથી પહેલું મન, વિવેક દેવોથી દાનો;
ચંદ્રથી નિર્મળ ક્ષમા, ક્રોધ અગ્નિથી તાતો;
દૂધથી ઊજળો યશ, અમલ મદિરાથી માતો;
છે તેજ તરણિથી નેત્રનું, ગરજ સાકરથી છે ગળી;
શામળ કહે, ઉત્તર લખ્યો, પહોંચી તેની મન રળી.

તૃણથી જાચક તુચ્છ, મણિથી સદ્ગુણ મોંઘો;
સ્વર્ણથી શોભે સપૂત, ગરીબ કુશકાથી સોંઘો;
કીર્તિ બરાસથી બહેક, કપૂત કાજળથી કાળો;
સૂમ લોહથી કઠણ, અજ્ઞ બાળકથી બાળો;
દુર્વચન વીંછીથી વેદના, મિષ્ટ વાણી સૌથી ગળી;
છે કલંક મેલું મેશથી, પહોંચી તેની મન રળી.

પ્રશ્નો

૧. 'પવનથી પહેલું મન' શા માટે!
૨. ક્રોધને અગ્નિથી પણ તાતો શા માટે કહ્યો છે? તમને ક્રોધ ચડે છે ત્યારે શું થાય છે?
૩. 'ગરજ સાકરથી ગળી' એ વાતનો તમને કદી અનુભવ થયો છે?
૪. 'જાચક' અને 'ગરીબ'ને કોની સાથે સરખાવવામાં આવ્યા છે? એ સરખામણી બરાબર લાગે છે?
૫. દુર્વચન અને મધુર વાણીમાં શો ફરક બતાવ્યો છે!
૬. કીર્તિ અને કલંકની શાની સાથે સરખામણી કરી છે?



પાઠ ૪૨ મો

¤

આઝાદીની ઉષા

¤

શ્રી. ચુનિલાલ મડિયા

[૧૫મી ઑગસ્ટ ૧૯૪૭નો દિવસ હિંદના ઇતિહાસમાં હંમેશને માટે કોતરાઇ રહેશે. સૈંકડો વર્ષની ગુલામી પછી હિંદ તે દિવસે સ્વતંત્ર થયું. એ ભવ્ય દિવસને ભારતની પ્રજાએ ખૂબ ઉત્સાહથી ઊજવ્યો. ગુલામીની ભયંકર રાત્રી પછી આઝાદીની ઉષા ઊગતાં શા શા ફેરફાર થયા તે લેખકે અહીં પ્રેરક ભાષામાં વર્ણવ્યું છે.]

સાતસાત સામ્રાજ્યોનું જે નગરીમાં સ્થાપન અને ઉત્થાપન થયું એ ઐતિહાસિક દિલ્હી નગરીમાં આજે એક અનોખો જ ઇતિહાસ આલેખાવાનો હતો. ૧૯૪૭ના ઑગસ્ટ માસની ચૌદમી તારીખે રાતે હિંદની પહેલીપ્રથમ લોકસભાની બેઠક મળી હતી. સાત સામ્રાજ્યોની ચડતીપડતી નિહાળનાર દિલ્હી નગરી આજે આઠમા–બ્રિટિશ–સામ્રાજ્યના ઐચ્છિક વિસર્જનનું સાક્ષી બનનાર હતું.

દોઢદોઢ સૈકાથી જે પરદેશી શાસન તળે દેશ પિલાતો હતો એ પરચક્રનો આજે છેલ્લો દિવસ હતો—છેલ્લી ઘડી હતી. હિંદના ચાળીશ કોટિ માનવીઓ ઘડિયાળના કાંટા ભણી મીટ માંડી રહ્યા હતા. ગુલામીની અવધ પૂરી થવા માટે જાણે કે મિનિટ અને સેકંડ ગણાતી હતી.

અને એ અવધ પૂરી થઈ! ઘડિયાળમાં બારના આંકડા પર બન્ને કાંટા ભેગા થયા અને શ્રાવણ વદિ તેરસની કૃષ્ણપક્ષની કાળીઘોર રાતે પણ આપણા દેશની આઝાદીનું નવલું પ્રભાત પ્રગટયું. કૂકડા કૂકરે....કૂક કરીને વહાણું વાયાની જાણ કરે એમ દેશભરમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી આઝાદીની ઉષાનાં વધામણાં કરતા શંખધ્વનિ ફૂંકાયા; માંગલ્યસૂચક શરણાઇઓ ગહેકી ઊઠી; દિગ્દિગંતોમાં પડઘા પાડતી તોપો ગર્જી ઊઠી; શાહજહાને બાંધેલા ઐતિહાસિક લાલ કિલ્લા ઉપર તેમજ દેશભરમાં બ્રિટિશરોના યુનિયન જેકને સ્થાને આઝાદ હિંદના તિરંગા રાષ્ટ્રધ્વજ લહેરાવા લાગ્યા.


તા. ૧૪મીની એ મધરાતે આપણી લોકસભા આઝાદ હિંદની પાર્લામેન્ટ બની ગઈ. બ્રિટિશ સામ્રાજ્યના છેલ્લા ગવર્નર જનરલ લોર્ડ લૂઈ માઉન્ટબેટને આપણા લાડીલા વડાપ્રધાન પં. જવાહરલાલને આ વિશાળ દેશની શાસન–ધુરાની સોંપણી કરી. એ મંગલપ્રસંગે વડાપ્રધાનના ભાગ્યવંત કપાળ પર કુમકુમનો ચાંદલો થયો. ઉપનિષદો અને વેદોમાંથી મંત્રોચ્ચાર થયા. કુરાને શરીફ, ઝન્દઅવસ્તા તેમજ અન્ય ધર્મગ્રંથોમાંથી પ્રાર્થનાઓ કરવામાં આવી.

અહિંસાના અમોઘ શસ્ત્ર વડે આઝાદી લાવી આપનાર રાષ્ટ્ર-પિતા મહાત્મા ગાંધીજીના જયનાદો વડે દેશનો ખૂણે ખૂણો

ગાજી ઊઠ્યો. આઝાદ હિંદની ભવ્ય ઈમારતના પાયામાં ઈંટો બનનાર અનેક જાણ્યા-અજાણ્યા શહીદોની સ્મૃતિ તાજી કરી એમને અંજલિ આપવામાં આવી. સત્તાવનના સ્વાતંત્ર્ય સંગ્રામનાં શહીદો વીર મંગલ પાંડે, નાનાસાહેબ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, વગેરેનાં અધૂરાં કાર્યો આજે પૂરાં થયાં. વિપ્લવી બંગાળના નવલોહિયા તરુણો ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીએ કરેલાં પ્રાણાર્પણ આજે સાર્થક થયાં. રાવી નદીને તીરે જેને અગ્નિદાહ દેવાયો હતો એ વીર ભગતસિંહની બળબળતી ચિતાના અંગારા આજે ઓલવાયા. ૧૯૪૨ ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં હસતે મોંએ બ્રિટિશરોની ગોળીઓ ઝીલનાર વિનોદ કિનારીવાળા અને હેમુ કલાણી જેવા અસંખ્ય શહીદોની શહાદત આજે ફળીભૂત થઈ.

હિંદ આઝાદ થયું એ બદલ દુનિયાભરના દેશોએ આનંદ વ્યક્ત કર્યો. લંડનમાં ઉત્સવ ઉજવાયો. અમેરિકાએ આપણને અભિનંદન પાઠવ્યાં. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની કચેરી પર દેશોદેશના વાવટા ફરકતા હતા એમાં આજ સુધી હિંદના ધ્વજ તરીકે યુનિયન જેક ઊડતો હતો. પણ પંદરમી તરીખે યુનિયન જેક ઉતારી લેવાયો અને એને સ્થાને સ્વતંત્ર હિંદનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ લહેરાયો.

દેશને શહેરે શહેરે અને ગામડે ગામડે લોકોએ આઝાદીનાં વધામણાં કર્યાં. મંદિરો અને મસ્જિદોમાં હિંદુ-મુસ્લીમો ભાઈ ભાઈની જેમ ભેગા મળ્યા અને સઘળા ભેદભાવ ભૂલીને એકબીજાને ભેટ્યા. દેશને ખૂણેખૂણે ઉત્સવ ઉજવાયો. દોઢસો વર્ષની ગુલામીનો અંધકાર દૂર થતાં લોકોએ ચૌટેચૌટે અને શેરીએશેરીએ દીપમાળાઓ પ્રગટાવી. મુંબઈ જેવી નગરીની એકેએક ઈમારત રોશની વડે ઝગમગી ઊઠી. ધનવાનોએ વીજળીદીવાનાં તોરણ અને તાક તાણ્યાં તો ગરીબ લોકોએ



આઝાદીને આવકારતું સરઘસ

પેટાવેલ કોડિયાના દીવાનું મૂલ્ય પેલા વીજળીદીવા કરતાં જરાયે ઊતરતું નહોતું—બલકે વધારે હતું. કેમ કે, આપણી આઝાદી મૂઠીભર ધનવાનો માટે નહિ પણ દેશના કરોડો કંગાલો માટે હતી.

પણ સાચી રોશની દીપમાળામાં નહિ પણ લોકોની આંખમાં દેખાતી હતી. આઝાદી આવવાથી આમજનતાની આંખમાં આશાની નવી ચમક આવી હતી. આઝાદીના ઉત્સવમાં લોકો ઘેલા બન્યા હતા. સ્ત્રીઓ અને પુરુષો, બાળકો અને વૃદ્ધો સહુ ગાંડાતૂર બનીને ઉત્સવ માણી રહ્યા હતા. દેવો જેમ સોમરસ પીતા એમ હિંદની પ્રજાએ પણ પંદરમી ઑગસ્ટે સ્વરાજ્યનો સોમરસ પીધો હતો.

લોકોએ ધ્વજવંદન, પ્રાર્થનાઓ, સ્નેહસંમેલનો, રંજનકાર્યક્રમો, વગેરે યોજીને તેમનો અમાપ આનંદ વ્યક્ત કર્યો. આજે તેમનો આનંદ સમાયો સમાતો ન હતો. તેમના હૃદયમાં એક જાતની મસ્તી આવી હતી. ઠેકઠેકાણે અપૂર્વ સરઘસો યોજાયાં. "જયહિંદ," " મહાત્મા ગાંધીકી જય " વગેરેના ગગનભેદી પોકારો સાગરમાં ઊછળતાં મોજાં જેમ ફેલાતા હતા. કોઈ મંજિરા વગાડતું હતું તો કોઈ બ્યૂગલ વગાડતું હતું. કોઇ ગાતું હતું તો વળી કોઈ નાચતું હતું.

આ મંગળ દિવસ મહાત્મા ગાંધીજીએ કલકત્તામાં ઉપવાસ કરીને ઊજવ્યો. સાંજે સુહરાવર્દી સાથે મોટરગાડીમાં બેસીને બાપુ કલકત્તાના રસ્તાઓ પર ઉત્સવના દેખાવો જોવા નીકળ્યા ત્યારે હિંદુ મુસ્લિમ સહુએ, આપણી આઝાદી લાવી આપનાર મહાત્માજીને વંદન કર્યાં અને ગુલાબજળ અને મઘમઘતાં અત્તરોનો અભિષેક કર્યો.

આપણી આઝાદીની સુવાસ પણ આ અત્તરની જેમ સદાય મહેકતી જ રહો !

પ્રશ્નો

૧. દિલ્હીએ કેટલાં સામ્રાજ્યોનો અંત જોયો ?
૨. દિલ્હીમાં આઝાદીનાં પગરણ કેવી રીતે થયાં ?
૩. હિંદની આઝાદી માટે ભોગ આપનાર કેટલાક શહીદોનાં નામ આપો.
૪. દુનિયાએ હિંદની આઝાદીને શી રીતે વધાવી ?
૫. લોકોએ આ ભવ્ય દિવસને કેવી રીતે ઊજવ્યો ?
૬. ગાંધીજીએ આ દિવસે શું કર્યું ?
૭. 'મેં જોયેલું એક સરઘસ' એ વિષય ઉપર એક નિબંધ લખો.



પાઠ ૪૩ મો

☼

પીળું પાનું

☼

શ્રી. મનુભાઈ જોધાણી

[એ જમાનો હતો જ્યારે નેક, ટેક અને ખાનદાની માટે લોકો મરી પડતા. કોઇનો પૈસો હજમ કરવો કે કોઇનું લૂણ હરામ કરવું એ મહા પાપ ગણાતું. એ જૂના જમાનાની આ વાર્તા છે. રામા પટેલ નામના એક ખેડૂત હતા. તેમની સ્થિતિ નબળી થતાં તે ચત્રભુજ શેઠ પાસે પૈસા માગવા ગયા. શેઠ હતા ઉદાર દિલના ભકતજન. તેમણે રામા પટેલને ત્રણસો રૂપિયા અંગ ઉધાર આપ્યા અને તે રકમ પીળે પાને લખી નાખવા મુનીમને કહ્યું. જતે દહાડે પટેલની સ્થિતિ સુધરી. હવે આગળ વાંચો.]

'બેટા, હીરા ! આ શું ખખડે છે ?' રામા પટેલ ડેલીના ગડારામાં ખાટલા ઉપર સૂતા હતા, તેમણે અવાજ સાંભળી બેઠા થઈ જતાં પૂછ્યું. રામા પટેલે અંધ બન્યા પછી હંમેશાં ડેલીના

ગડારામાં સૂઇ રહેવાનું રાખ્યું હતું. ઉનાળાના તાપમાં લૂખો રોટલો ખાઇને જાત તોડી નાખી ને મગજની ગરમી આંખે ઊતરતાં આંખો ગઈ, એટલે ગડારામાં સૂઈ રહેવા સિવાય કાંઈ કરતા નહિ.

'બાપા ! એ તો ઘોડાની લગામ ખખડે છે.' ઘોડીને દોરી લાવતાં હીરાએ ડોસાના ખાટલા પાસે આવી જવાબ આપ્યો.

'ઘોડી ! કોની ઘોડી છે ?' આતુરતાથી ડોસે પૂછ્યું.

'આપણે લીધી છે ને !'

'ઘોડી લીધી !' ડોસો અટકી ગયો. કોઈ માઠા સમાચાર સાંભળી સ્તબ્ધ બની ગયેલ માનવી પેઠે એ ગમગીન બની ગયા. ફરી એમણે પૂછ્યું, 'પણ ખખડે છે શું ?'

'ઘોડાની લગામ છે, બાપા.'

'લ....ગા....મ ! ઘૂઘરીઓ ટંકાવી ?'

'હા બાપા !'

ડોસાએ માથું ધુણાવ્યું. 'બેટા ! આપણાથી ઘોડીએ બેસાય નહિ ને લગામને ઘૂઘરીઓ ટંકાવાય નહિ.'

'કેમ બાપા ?'

'બેટા !' જાણે ભારે દુ:ખી હૃદયમાંથી માંડ માંડ શબ્દો નીકળતા હોય એમ ડોસાના હોઠ ફફડી રહ્યા. 'હજી આપણું નામ ચતરભજ શેઠના ચોપડે પીળા પાનામાં છે.'

હીરાને જૂના દિવસો યાદ આવ્યા. એ નીચું જોઇ રહ્યો. ડોસાની આંખમાંથી આંસુ સરી પડ્યાં.


'બાપા ! એ દેવું વાળી દઇએ તો ?'

'હા બેટા ! પછી જ ઘોડે બેસાય.'

ને હીરાએ લગામ ઉતારી લઈ ઘોડીને ખીલે બાંધી દીધી. તે ભારે પગલે બાપના ખાટલા પાસે આવી પાંગતે બેસી ગયો અને ડોસાના પગ ઝાલી બેઠો. એની આંખમાંથી ઊનાં આંસુનાં ટીપાં ડોસાના પગ ઉપર પડ્યાં. અંધ ડોસાની પ્રજ્ઞાચક્ષુએ દીકરાનું દુઃખ જોઈ લીધું. એણે હીરાને પૂછ્યું: 'ઘરમાં સગવડ છે?'

'હા બાપા.'

લખમીના પગલે ઘરની દશા સુધરતી ચાલી હતી. વરસોવરસ ઊપજ વધતી ગઈ ને ડોસો જૂની જાહોજલાલી પાછી આવતી



રામા પટેલ રૂપિયા દેવા જાય છે.

અનુભવી રહ્યો હતો; છતાં ચતરભજ શેઠનો ચોપડો અને પીળા પાનાની સ્મૃતિ એને અકળાવી મૂકતી. આજે એ ઋણમાંથી મુક્ત થવાનો પ્રસંગ સાંપડતાં એનું ખાનદાની ભર્યું લોહી ધબકી

ઊઠયું. એના પગમાં જોર આવ્યું ને એ ખાટલામાં અડધો બેઠો ગઈ ગયો. એના ચહેરા ઉપર તેજ ઝલકી રહ્યું.

હીરો સમજી ગયો. એણે ઘરમાં જઈ રૂપિયા ભરેલી માણ ખોદી કાઢી. ને ગાડું જોડી અંદર ગાદલું નાખીને બળદની ડોકે ઘૂઘરમાળ બાંધી બળદ જોતર્યા. ડોસાએ બેઠા બેઠા પૂછયુંઃ 'મારાં લૂગડાં ક્યાં છે ?'

હીરાએ નેનકલાકનાં ધોયેલાં સફેદ બાસ્તા જેવાં બંડી અને પાઘડી આણ્યાં. તે પહેરી ડોસા કસબી પછેડીની ભેટ બાંધીને ગાડામાં બેઠા.

બાર વાગ્યા પહેલાં જૂના મંદિરના ચોરે આવીને તેઓ બેઠા. નિયમ મુજબ ચતરભજ શેઠ આવ્યા, સદાવ્રત અપાયું ને મહેમાનોને જમવા માટે આમંત્રણ આપ્યું. રામા પટેલે અવાજ ઉપરથી શેઠને પરખી લીધા ને ઊઠીને પગ ઝાલ્યા : 'શેઠ ! જમવાનું પછી; પહેલાં મારું પતાવો.'

ચતરભજ શેઠ તાકી રહ્યા : 'પટેલ, શું પતાવવું છે ?'

'એક પટેલને તમે પીળે પાને લખીને રૂપિયા આપ્યા હતા ?'

શેઠને જૂની સ્મૃતિ તાજી થઈ. ડોસાના ભાગ્યનો ફેરફાર એ સમજી ગયા. 'પણ પીળે પાને લખેલ પૈસા પાછા કેમ લેવાય ?' એ વિચારે એ ચૂપ થઈ ગયા.

પટેલે હીરાને ખેંચી ઈશારો કર્યો એટલે હીરો ગાડામાંથી માણ ઉપાડી લાવ્યો; અને ત્રણસેં રૂપિયા ગણી શેઠના પગ આગળ ઢગલી કરી. 'હવે આપનું વ્યાજ કેટલું થયું ?'

'પટેલ ! મારે તો આ પૈસા પણ ન ખપે. મેં તમને આપ્યા હતા તે તો ચત્રભુજ ભગવાનને નામે લખીને આપ્યા છે. એના ઉપર મારો હક્ક ન હોય.'

'ના શેઠ! હીરા, બીજા ત્રણસેં રૂપિયા વ્યાજના મૂકું,' કહી પટેલે શેઠના પગ પકડ્યા.

'પટેલ, ઊઠો ઊઠો! આટલું ન હોય. હું પૈસા નહિ લઉં.'

'તો મારે ત્યાં સુધી અન્નજળ હરામ છે.'

શેઠની મુશ્કેલીનો પાર ન રહ્યો. પૈસા ન લે ત્યાં સુધી પટેલ જમે નહિ, ને પોતાને પણ ખાવું શી રીતે? એમના ભેજામાં એક વિચાર આવ્યો, ને એમણે મુનીમને બોલાવી કહ્યું: 'જાઓ, આ પટેલ છસો રૂપિયા આપે છે; બીજા છસો આપણી દુકાનેથી લાવીને એમાં નાખો.'

પટેલ સમજ્યા કે શેઠ પૈસા ઉમેરીને પાછા આપે છે, એટલે એમણે ડૂસકું ખાઇને રડવા માંડ્યું: 'શેઠ! આપને પ્રતાપે હવે તૂટો નથી. આ પૈસા ગમે તેમ કરશો તો ય હું આપ્યા વગર રહેવાનો નથી.'

'ભલે પટેલ, તમારી જીદ્દ છે એટલે આપણે આ જગ્યાએ પાકી ડેલી બંધાવીને ચત્રભુજજીને અર્પણ કરીએ.'

ડોસો હર્ષથી ખીલી ઊઠ્યો: 'હીરા! માણ લાવ્ય! ને હીરાના હાથમાંથી ડોસાએ માણ લઈ ઠલવી નાખી. 'શેઠ! ચત્રભુજ ભગવાન જેવા ચતરભજ શેઠના પગમાં આટલું ધરું તો યે ઓછું છે.'

શેઠ હસી પડયા ને જમવા લઈ ગયા. પણ મોં ભાણા ઉપર સિવાઈ ગયું! કોળિયો ઉપાડવાની શક્તિ જ પટેલમાં ન હોય એમ દેખાયું. શેઠ સામે જોઈ રહ્યા: 'પટેલ! જમતા કેમ નથી?'

'શેઠ! મારી આંધળાની આંખે રાતાંપીળાં દેખાય છે!'

શેઠ સમજી ગયા. 'પટેલ નિરાંતે જમી લ્યો. પછી બધું થઈ પડશે.'

'ના, શેઠ, એ પીળું પાનું મને આપો.'

ને પટેલની ખાનદાની ઉપર વારી જતા ચતરભજ શેઠે એ ચોપડાનું પીળું પાનું ફાડીને પટેલના હાથમાં મૂક્યું. અને પટેલ એ પાનાની ઘડી વાળીને પોતાની બંડીની લાંબી કસ સાથે બાંધતાં જીવન સાર્થક થયું અનુભવી રહ્યા.

પ્રશ્નો

૧. રામા પટેલે હીરાને ઘોડી પર બેસવાની મનાઈ શા માટે કરી?
૨. પૈસાનો ઢગલો પોતાના પગ આગળ થયો છતાં શેઠે કેમ એ લેવાની ના પાડી?
૩. આખરે શો રસ્તો નીકળ્યો?
૪. 'પીળું પાનું' એટલે શું? શા માટે એ રામા પટેલના હૃદયને કોતરી રહ્યું હતુ? એમનું હૃદય ક્યારે શાંત થયું?
૫. નીચેના રૂઢિપ્રયોગો વાક્યમાં વાપરી બતાવોઃ—
અન્નજળ હરામ કરવાં, મોં સિવાઈ જવું, રાતાંપીળાં દેખાવાં.



પાઠ ૪૪ મો

☼

બાળપણ

☼

શ્રી. સુંદરજી બેટાઈ

[મનુષ્યજીવનમાં બાળપણ જેવો નિર્દોષ અને સુખી બીજો કોઈ પણ સમય નથી. અહીં કવિએ પોતાના બાળપણનો એક પ્રસંગ વર્ણવ્યો છે. નાનાં બાળકોને દરિયાકિનારે રમતાં તમે કલ્પી શકો છો? ત્યાં રેતી હોય, બાળકો ત્યાં ખાડા ખોદે, ભીની રેતીમાં મંદિર બાંધે, તેના લાડવા બનાવે અને દેવને ધરાવે.

વળી દરિયાકિનારો જો ખુલ્લો હોય તો મોજાં જોરથી ઊછળે છે, અને તેમાંથી ફીણના ગોટા ઊડી ઊડી જમીનના પટ ઉપર દોડે છે. તેને પકડવા એ બાળપણનો લહાવો છે.

આ કાવ્યના લેખક નવા કવિઓમાંના અગ્રગણ્ય છે. તેમનાં કાવ્યોના સંગ્રહ "જ્યોતિરેખા" અને "ઇન્દ્રધનુ" નામે પ્રગટ થયા છે. તે તમે મોટા થાઓ ત્યારે વાંચી શકાય તેવા છે.]

અનેક શિશુકાલ સંસ્મરણ હર્ષ ઉલ્લાસનાં,
ઘડી વિષય વર્તમાન ક્ષણવાર ભુલાવતાં,
સ્ફુરે નવલ અંકુરો હૃદયમાં પુરાણાં છતાં.

સંધ્યાસમે આ જલસિક્ત વેળુમાં
અનેક વેળા મુજ પાય ફૂદ્યા;
સમાન મિત્રો અહીં બાલખેલને
લડ્યા વઢ્યા કૈં રડિયા હસ્યા અમે.

ઊંડો કોણ કૂવો ખોદે ? એવી હોડ બકી અમે,
હાથને પાવડે રેતી કાઢતા હોંસથી ખ્હણે.

ત્યાં સિંધુની લ્હેર અચિન્ત્ય આવી,
અનેક વેળા બધું દે બગાડી;
ભીંજાવી દે એ અમ અંગ અંગ,
રેલી રહે ત્યાં અધિકો ઉમંગ.

જઇને જલથી આઘી અમારી શિશુમંડલી,
કૂવાખેલ તજી પાછી ગૃહસૃષ્ટિ રચે નવી.

મેં એકદા મંદિર ત્યાં બનાવી,
તે માંહી કાળી શિવમૂર્તિ માંડી;
રેતી તણા ગોળ અનેક વાળી,
ધર્યો મહાભોગ ત્રિલોકનાથને.

ચોમેર ઊડતા દીઠા, સિંધુના ફીણગોટ ત્યાં,
રહ્યાં મંદિર ને મૂર્તિ, ભોગે ત્યાં જ પડ્યા રહ્યા.

દોડ્યા અમે સુંદર ફીણલોભ્યા,
પરંતુ એ તો ક્યમ રહે જ થોભ્યાં ?
પાછા વળ્યા સર્વ, ઊભા કિનારે
ને કૈંક લીધાં જલફીણ હાથે.

હર્ષોદ્‌ગાર થતાં સાથે પરપોટા ફૂટી ગયા,
ફૂંકતાં ફીણ ને રંગો રમ્ય સર્વ ઊડી ગયા.

પ્રશ્નો

૧. સંધ્યાસમયે મિત્રો ક્યાં રમતા હતા ?
૨. એકવાર તેમણે શી શી હોડ કરી ? પછી સિંધુએ શું કર્યું ?
૩. કવિએ એકવાર દરિયાકિનારે શું તૈયાર કર્યું ?
૪. કવિએ શું ઊડતું જોયું ?
૫. તમારા બાળપણના કોઈ પણ એક પ્રસંગનું વર્ણન કરો.



પાઠ ૪૫ મો

ઝબક જ્યોત

શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી

[ઇ. સ. ૧૯૩૦ માં મહાત્મા ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે મીઠાના કાયદાનો ભંગ કરીને લડત ઉપાડેલી. એ લડતમાં નાનાં બાળકોથી માંડી વૃદ્ધો સુધી દરેકે ભાગ લીધેલો.

અમલ દેરાસરી 'સર' હતા એટલે અંગ્રેજી સલ્તનતના વફાદાર સેવક હતા. તે પોતાના છોકરાંઓને સત્યાગ્રહની આ ચળવળમાં ભાગ લેવા દેતા નહોતા. આથી તેમનો પુત્ર દીપક છાની રીતે બંગલા પર રાષ્ટ્રધ્વજ ચડાવવા ગયો અને ત્યાંથી લપસી પડ્યો! તેને ખૂબ વાગ્યું અને એ દર્દમાં એણે દેહ છોડ્યો. દીપકનો રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો અદ્‌ભુત પ્રેમ આ નાટકમાં વર્ણવવામાં આવ્યો છે.

૧૯૩૦-૩૨ની રાષ્ટ્રીય ચળવળમાં આવી અનેક ઘટનાઓ સાચેસાચ બનેલી. આવી વાસ્તવિક ઘટનાને લેખકે કલ્પનાના થોડાક રંગોથી રંગીને અહીં રજૂ કરી છે.

એક સમય એવો હતો કે રાષ્ટ્રધ્વજ ચડાવવા માટે આપણે આપણાં ઘરનાં માણસોથી ડરવું પડતું. આજે સમય પલટાયો છે. પણ રાષ્ટ્રધ્વજને રક્ષવા માટેની આપણી જવાબદારી વધી છે.]

[૧૭ મી મે ૧૯૩૦, અંધારી રાતના આઠ. ગામદેવીના રસ્તા ઉપર આવેલા સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળાનું દીવાનખાનું. સોનાની ફ્રેમમાં મઢેલો સરનો ઇલકાબખત વીજળીના પ્રકાશમાં ચમકે છે. ઝરુખા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાપથી ધગધગે છે. એના માથા ઉપર અડધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. દીપકની માતા મેનાં તથા તેની નવ વર્ષની બહેન ઊર્મિ ઓશીકાની બાજુએ બેઠાં છે. આસપાસ ખુરશીઓ ઉપર દીપકના પિતા સર અમલ દેરાસરી, ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાય, અને અન્ય વ્યાકુલ ચિત્તે બેઠા છે.]

ડૉક્ટર : (નીચા નમી દીપકનો હાથ પોતાના હાથમાં લે છે.) દીપક, હવે તને કેમ લાગે છે ? માથું દુઃખે છે ?

મેનાં : (દીપકના કાન સુધી નમી) બેટા, ડૉક્ટર કાકા પૂછે છે કે હવે તને કેમ છે ? માથું દુઃખતું મટી ગયું .

દીપક : (ધીરે ધીરે આંખો ખોલે છે.) બા, માથું તો ખૂબ દુઃખે છે, પણ મને ઠીક છે. (ફરી આંખો મીંચી દે છે. ક્ષણવારે ફરી ઉઘાડી) બા, ઊર્મિને બોલાવને.

મેનાં : ઊર્મિ તો અહીં જ છે, તારી પડખે જ ઊભી છે. (ઊર્મીનો હાથ પકડી પોતાની તરફ ભાવથી ખેંચી ખોળામાં બેસાડી માથું પંપાળવા લાગે છે.) તું પડી ગયો ત્યારથી એણે આંસુ સૂકવ્યાં જ નથી. (ઊર્મિ ફરી રડવા લાગે છે અને મેનાંની છાતીમાં મોઢું ઢાંકી દે છે.)

દીપક : ઊર્મિ, રોવાનું નહિ, હો. રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાસીએ ચડ્યો, બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો અને પડી ગયો એમાં તારો વાંક નથી.

સર અમલ : રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક.

નંદરાય : રાષ્ટ્રધ્વજે તો મોકાણ માંડી છે. હજારોનાં માથાં ફૂટ્યાં તો ય લોકોનો ચડસ ખૂટતો નથી. નેતાઓ તો બધાં જેલમાં બેસી બગાસાં ખાય છે, અને આવા હૈયાફૂટાઓ હોમાય છે.

દીપક : એવું ન બોલો, નંદકાકા. તમે બોલો છો ત્યારે મને એમ થાય છે કે જાણે મારા માથાનો પાટો છૂટી ગયો અને સવારની જેમ દડદડ લોહી દડવા માંડ્યું. (સહેજ ફરી) પણ બા, હું પડી ગયો ત્યારે રડ્યો ન'તો નહિ ? મારાથી રડાય જ કેમ ? હું તો રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડ્યો.

સર અમલ : દીપક, હવે રાષ્ટ્રધ્વજની વાત છોડે છે કે નહિ ? તેં પાપ કર્યું અને પ્રભુએ તને તેની સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી ?

દીપક : રાષ્ટ્રધ્વજને હું ભૂલું, બાપુ ? આંખો બંધ કરું છું, ત્યારે જાણે આખું આકાશ સફેદ, લીલા અને કેસરી પટ્ટામાં વહેંચાઈ જાય છે, અને અંદર તારલાઓનો રેંટિયો પુરાય છે. આંખો ઉઘાડું છું તોય દીવાલે દીવાલે એ જ ત્રણ રંગો !

સર અમલ : (કડકાઈથી) દીપક........

ડોક્ટર : સાહેબ, આપ અત્યારે સંભાળી જાવ. આપ ધારો છો તેથી કેસ વધારે ગંભીર છે. આપની વાતોથી દીપક વધારે ઉશ્કેરાશે. અત્યારે તો પ્રભુ ઉપર........

મેનાં : (આંખોનાં આંસુ લૂછતી) બેટા, બે ઘડી સૂઈ જા ને.

દીપક : બા, મારા શિક્ષક કહેતા હતા કે કોરિયામાં મારા જેવા હજારો બાળકોએ, વાવટા માટે પ્રાણ આપ્યા હતા. એમના પિતાઓ એમને યાદ કરી ગૌરવ લેતા; તો યે મારા બાપુ કેમ મારી ઉપર ચિડાય છે?

મેનાં : (પાટા ઉપર હળવો હાથ ફેરવતી) બેટા, સૂઈ જા ને.

દીપક : બા, મને ઊંઘ આવતી નથી. જરાક ઝટકું મારું છું ત્યાં સ્વપ્નું આવે છે કે બાપુ વાવટો ઉતારી લેવા આવ્યા. અને ઝબકીને જાગી જાઉં છું. પછી બાપુને અહીં જ ભાળી શાંત થાઉં છું. ઊર્મિ; જા તો, જોઈ આવને વાવટો બરાબર છે કે નહિ.

સર અમલ : બેટા, એ બરાબર છે. તું હવે છાનો રહે. જિંદગીભર સેવેલી મારી વિચારસરણીઓ જાણે કડડભૂસ કરીને તૂટી પડે છે. હવે બંધ કર, બેટા, બધું બરાબર છે.

મેનાં : હવે સૂઈ જા બેટા, તારું માથું ચડશે!

(દીપક આંખો મીંચી જાય છે. થોડીવાર શાંતિ પથરાય છે. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે. થોડી વારે દીપક આંખો ઉઘાડે છે.)

દીપક : ઊર્મિ, જો નવ વાગે, બરાબર નવને ટકોરે હું અહીંથી ફરવા જવાનો છું. તું મારી સાથે આવવાની હો તો તૈયાર થઈ રહેજે.

(ફરી આંખો મીંચી જાય છે. ડૉક્ટર 'હરિ, હરિ!' કરતા અસ્વસ્થ થઇ ઓરડામાં આમથી તેમ ટહેલવા લાગે છે.)

સર અમલ અસહ્ય થવાથી બારીમાં જઇ આંખો લૂછે છે. મેનાંની આંખમાં શ્રાવણ ને ભાદરવો વહે છે. દીપક થોડી વારે ફરી આંખો ઉઘાડે છે.

બા તુંય આવીશ ને? બાપુનું કામ નથી. આપણે જંગલમાં જઇને વાવટો ખોડશું. ત્યાં કોઈ આવશે તો તકરાર કરશું હો!

(ફરી આંખો મીંચી જાય છે. એનો શ્વાસ ચડતો જાય છે.)

નંદરાય : સાહેબ, હું જઈશ. કોઈ કામ પડે તો ટેલીફોન કરજો. આપને ત્યાં વાવટો ચડ્યો તેની કોઇને જાણ પણ નહિ થવા દઉં. એટલે બેફીકર રહેજો. બાકી તો મને આવાં કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર...........

સર અમલ : (એકદમ ફરી) ઠીક, ઠીક, નંદરાય, પધારજો. તમારો ખૂબ ઉપકાર થયો.

(નંદરાય જાય છે. થોડી વાર કોઇ જ બોલતું નથી. ઊર્મિ બાધાની માફક ઘડીક બારીમાંથી બહાર જોતા સર અમલ તરફ, તો ઘડીક મેનાં તરફ જોયા કરે છે. રસ્તા ઉપર દૂરથી સરઘસનાં પગલાંના અવાજ સાથે ધીરે ધીરે સ્પષ્ટ થતા ગીતનો ધ્વનિ આવે છે.)

ત્રીશ કોટિ શીશ પ્રણમે તને
ભારતની ઓ ધર્મ—ધજા !
નવલખ તારા આશિષ ઝંપે
ભારતની ઓ કર્મ—ધજા !

દીપક : (ઝબકીને જાગે છે.) બા, સાયંફેરી નીકળી લાગે છે. મને બારીએ લઈ જાવ ! અરે જલદી કરો, મારે સૌને જોવા છે !

મેનાં : બેટા, તને કષ્ટ પડશે. અહીં જ સૂઈ રહે ને. આવતી કાલે જોજે. એઓ તો આવતી કાલે ય નીકળશે !

દીપક : બા, તું આજે મને કશાયની ના નહિ કહેતી ! આજે નહિ ! હું તને કેમ સમજાવું ? મને બારીએ લઈ જા !

ડૉકટર : એ જે કહે તેમ કરો ! એને ઉશ્કેરો નહિ !

(સૌ ખાટલાને ઉપાડી ઝરૂખામાં લઇ જાય છે. મેનાની છાતીમાં ટેકવાઇ-ગોઠવાઇ દીપક બેઠો થાય છે. નીચેથી આવતા મશાલોના પ્રકાશમાં ગીતથી ઉત્તેજિત થયેલું એનું મોઢું ચમકી રહે છે. આગળ વાનર અને માંજાર સેનાની મેળ વિનાની પગલીઓ પડે છે. પાછળનાં નરનારીઓ બુલંદ અવાજે

ગાતાં હોય છે. નીચેથી વાનર સેનામાં 'દીપકની જય!' ગર્જી ઊઠે છે અને સૌ પસાર થઈ જાય છે.)

દીપક : બા, એ કોની જય પુકારતા ગયા?

મેનાં : દીપકની.

દીપક : દીપક કોણ?

મેનાં : તું બેટા! તેં આજે ધજા ચડાવતાં માથું વધેર્યું એટલે તારો જય જયકાર કીધો!

દીપક : તે બા, ધજા ચડાવે તેની જય બોલાવે એમ? તો તું ય ચડાવ ને? હું, ઊર્મિ અને સુંદર, ત્રણે ય તારી જય બોલાવશું.

(મેનાં દીપકને એક ચૂમી લે છે. દીપક ઘડીવાર આકાશમાં જોઈ રહે છે. પછી મેનાં એને સુવાડી દે છે. ફરીથી આંખ ઉઘાડી)

બા, હું ફરવા જાઉં પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશને કે દીપક ફરવા ગયો છે! પણ એવું લખજે કે દીપક જ્યાં જશે ત્યાં વાવટો ફરકતો રાખશે!

મેનાં : (એક બચી ભરી) હા બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

(દીપક આંખો મીંચી જાય છે. સૂનકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઊપડતી જાય છે.)

સર અમલ : (પાસે જઈ) ઊંઘી ગયો લાગે છે!

મેનાં : હા............પણ............

(આંખમાંથી આંસુની ધારાઓ વહે છે.)

ડૉક્ટર : મેનાં બહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. જેણે એને સરજાવ્યો છે એ જ એનું રક્ષણ કરશે.

મેનાં : ડૉક્ટર, તમારે દીકરો છે?


ડૉકટર : ના, મેનાં બહેન.

મેનાં : તો બસ કરો.

(ડૉકટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.)

આ બધા તમારા પ્રતાપ !

સર અમલ : મેનાં, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત.......



સર અમલ : (પાસે જઇ) ઊંઘી ગયો લાગે છે.

મેનાં : (આંસુ લૂછતી) મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

સર અમલ : સંભવ છે, મેનાં.

મેનાં : (રડી પડતી) વાહ રે પિતા ! શી તટસ્થતા ?

સર અમલ : (મનની લાગણીઓ દબાવી) હું પુરુષ છું, મેનાં.

મેનાં : અને હું માતા છું, અમલ ! દીપક વિના મને........

(ઘડિયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.)

દીપક : બા, નવના ટકોરા થયા, નહિ? ચાલો, ચાલો ત્યારે હું ફરવા ઊપડું. પછી બા મેં વિચાર ફેરવી નાખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું ! એ રસ્તે એકલા જ સારું ! બાપુ, ઊર્મિ, જાઉં છું હો. અને બા, મોડી રાત સુધી પાછો ન ફરું તોયે મારી રાહ નહિ જોતી !

(થોડી વારે) અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

(દીપક આંખો મીંચી દે છે.)

મેનાં : (બેબાકળી) બેટા, બેટા !........

(એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર ઉપર એ ઢગલો થઇ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.)

ડૉક્ટર : (પાસે જઇ નાડી તપાસી) દીપક હોલવાઇ ગયો !

સર અમલ : અને આખું જગત અંધારું ! અંધારું ! ઓહ ! ઓહ ! નથી ખમાતું !

(બે હાથમાં જોરથી માથું દાબી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાંનો કલ્પાંત આખા ઓરડાને ધ્રુજાવી મૂકે છે. પવનની લહેર દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.)

પ્રશ્નો

૧. દીપક શા માટે પથારીમાં સૂતો હતો ?
૨. એને શું કરતાં વાગ્યું ?
૩. પડ્યા પડ્યા એની આંખે શું દેખાય છે ?

૪. બરાબર નવ વાગ્યે દીપક ક્યાં ફરવા ગયો ?
૫. 'દીપકનો રાષ્ટ્રધ્વજપ્રેમ' એ ઉપર દસ લીટી લખો.



પાઠ ૪૬ મો

¤

ભારતના પહેલા પ્રમુખ

¤

શ્રી. મગનભાઈ નાયક

[આ પાઠમાં લેખકે ભારતના પહેલા પ્રમુખ શ્રી. રાજેન્દ્રપ્રસાદના જીવનની આછી રેખાઓ દોરી છે. નાનપણથી જ તેમનામાં મહાન થવાના ગુણો હતા, એ તમે જોઈ શકશો. દેશ માટે એમણે જે ભોગ આપ્યો છે તેવો ભોગ ગણ્યાગાંઠ્યા નેતાઓએ આપ્યો છે. પૂ. ગાંધીજીના તો એ પટ્ટ શિષ્ય હતા. તેઓ બિહારના ગાંધી તરીકે ઓળખાય છે. ભારતની પાર્લામેન્ટે ભારતના પહેલા પ્રમુખ તરીકે તેમની વરણી કરી છે તે જ તેમની મહત્તા દર્શાવે છે.]

બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ બિહારમાં થયો હતો. પાંચ ભાંડુડાંમાં એ સૌથી નાના. રાજેનબાબુની નાનપણની વાતો પણ જાણવા જેવી છે. એ રાતે સૂરજ આથમે તે પહેલાં ઊંઘી જાય. ઘણીવાર તો વાળુ કરવા પણ ઊંઘમાંથી ઉઠાડવા પડે. એમનાં લગ્ન નાનપણમાં જ થયેલાં ને તે પણ ઊંઘમાં જ લીધેલાં.

નાના રાજેનબાબુ વહેલા ઊંઘી જતા એટલે જાગી પણ વહેલા જતા. વહેલા જાગે ને બાની સોડમાં ભરાય ને બા પાસે રામાયણ, મહાભારત વગેરેની વાતો સાંભળે. પાંચ વરસે એમણે મૌલવી પાસે ફારસી શીખવા માંડયું. મૌલવી સાહેબે એમને કેટલાંક ફારસી પુસ્તકો પઢાવ્યાં. નવ વરસની વયે રાજેનબાબુએ છપરાની નિશાળમાં જવા માંડ્યું. તેમની હોશિયારીથી તેઓ શિક્ષકના ખૂબ માનીતા થયા ને એક જ વર્ષમાં બે વર્ગ ઉપર ચઢી ગયા.

છપરાથી પટણા અને પટણાથી છપરા કરતાં કરતાં રાજેનબાબુએ ઈ. સ. ૧૯૦૨ માં કલકત્તા વિદ્યાપીઠની પ્રવેશપરીક્ષા આપી. તેમાં એ સહુથી પહેલા આવ્યા.

પછી રાજેન્દ્રબાબુ કલકત્તા ભણવા ગયા. પહેલે દિવસે કૉલેજમાં હાજરી લેવાઈ. એમનું નામ ન બોલાયું. એ ઊભા થયા. અધ્યાપકે તો એમનો વેશ જોઈ એમને મુસલમાન માની લીધા. માને જ ને! મા પાસેથી હિંદુત્વના સંસ્કાર પામેલા, મૌલવીઓ પાસે રહીને ભણેલા રાજેનબાબુના મનમાં હિંદુ અને મુસલમાનનો ભેદ કદી પણ વસ્યો જ નથી. આજે પણ હિંદુમુસલમાનોના ઝઘડાની વાત સાંભળીને એમની આંખમાં આંસુ આવી જાય છે. રાજેનબાબુએ પોતાનું નામ કહ્યું ત્યાં તો સહુ દિંગ થઈને જોઈ રહ્યા. પ્રવેશપરીક્ષામાં બેઠેલા બંગાળ, બિહાર, આસામ, ઓરિસા અને બ્રહ્મદેશના વિદ્યાર્થીઓમાં સહુથી પહેલો આવનાર વિદ્યાર્થી આવો સાદો! પણ એ સાદાઈ તો એમનામાં આજે પણ છે.

કૉલેજમાં બાબુ રાજેન્દ્રપ્રસાદ અધ્યાપકોના ને વિદ્યાર્થીઓના માનીતા હતા. લગભગ બધી જ પરીક્ષાઓમાં એ પહેલા આવતા ને શિષ્યવૃત્તિઓ અને ઈનામો જીતી જતા ને આમ વડીલોને માથેથી બોજો ઓછો કરતા. રાજેનબાબુ કલકત્તામાં ભણતા હતા ત્યાં આખા દેશમાં સ્વદેશીની ચળવળ શરૂ થઇ. રાજેનબાબુએ પણ સ્વદેશીવ્રત લીધું. તેઓ સભાઓમાં ને મંડળોમાં જવા લાગ્યા. ત્યાં તેમને દેશસેવાની ધૂન લાગી. તે સાથે તેમને બિહારના વિદ્યાર્થીઓનું સંગઠન કરવાનો વિચાર આવ્યો. બિહારના આગળ પડતા લોકોને મળીને પટણામાં વિદ્યાર્થીપરિષદ બોલાવી. માત્ર બિહારમાં જ નહિ પણ આખા હિંદુસ્તાનમાં પહેલવહેલી વિદ્યાર્થી-

પરિષદ યોજવાનું ને સફળતાથી પાર પાડવાનું માન રાજેન્દ્રબાબુને મળ્યું.

ઈ. સ. ૧૯૦૮ માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠક કલકત્તામાં થઈ હતી. રાજેનબાબુ સ્વયંસેવકદળમાં જોડાયા હતા. બેઠકમાં એવી રસાકસીભરી ચર્ચા ચાલતી કે બીજા બધા સ્વયંસેવકો તો પોતાનું કામ પડતું મૂકી એ ચર્ચા સાંભળવા દોડી જતા, પણ રાજેનબાબુ પોતાની ફરજ બજાવવામાં જ તલ્લીન રહેતા.

સ્વ. ગોખલેએ ભારતસેવક સમાજની સ્થાપના કરી હતી. તેમાં કામ કરવા તૈયાર હોય એવા કુશળ સેવકોની જરૂર હતી. ગોખલે રાજેનબાબુને તેમાં ખેંચવા માગતા હતા. રાજેનબાબુ ગોખલેની સમજાવટથી તેમાં જોડાવા તૈયાર પણ થયા, પણ મોટાભાઈની રજા જોઈએ. મોઢામોઢ પૂછી શકાય નહિ ને રાજેનબાબુ મનમાં ને મનમાં મૂંઝાયા કરે. છેવટે એમણે કાગળ લખ્યો ને મોટાભાઇએ કાગળ વાંચ્યો. બન્ને મળ્યા ત્યારે મોટા ભાઈ પોશપોશ આંસુએ રોઈ પડ્યા. નાના ભાઇને દેશસેવા કરતાં રોકવાની તેમની ઇચ્છા ન હતી, પણ પોતાનાથી કુટુંબનો ભાર કેમ ઉપાડી શકાશે એની તેમને ચિંતા હતી. છેવટે રાજેન્દ્રબાબુને પોતાનો વિચાર પડતો મૂકવો પડ્યો.


ગોખલેથી ન ઝડપાયા તે રાજેનબાબુ ગાંધીજીથી ઝડપાયા. બિહારમાં ખેડૂતોના ઉપર ગોરા નીલવરો—ગળીના કારખાનદારો—ખૂબ ત્રાસ ગુજારતા હતા. તે દૂર કરવા બિહારના લોકોએ ગાંધીજીને બોલાવ્યા હતા. ગાંધીજી ઠેરઠેર ફરીને જુલમની હકીકત એકઠી કરતા હતા. રાજેન્દ્રબાબુ એમની સાથે જોડાયા હતા. જેલ જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ. ગાંધીજીએ બધાને પૂછી જોયું. આ સમયે ધીકતી વકીલાત છોડીને

રાજેનબાબુ જેલ જવા તૈયાર થઈ ગયા. ત્યારથી તેઓ દેશસેવામાં પડ્યા છે ને અનેકવાર જેલમાં પણ જઈ આવ્યા છે.

ઈ. સ. ૧૯૩૪ ના જાન્યુઆરીની પંદરમી તારીખે બિહારમાં ભયંકર ધરતીકંપ થયો. રાજેનબાબુ જેલની સજા ભોગવતા હોસ્પિટલમાં પડ્યા હતા ત્યાંથી સરકારે તેમને છોડી મૂક્યા. છૂટીને તરત જ તેઓ કામે લાગી ગયા. ઘરબાર વિનાનાં, અન્નવસ્ત્ર વિનાનાં થઈ ગયેલાં હજારો લોકોને ઠેકાણે પાડવાનું કામ એમણે આરંભી દીધું. સરકારથી ન થયું એવું સુંદર કામ એમણે કરી બતાવ્યું. ધરતીકંપનું કામ પૂરું થયું ન થયું ત્યાં વરસાદ આવ્યો. ધરતીકંપને લીધે બિહારનું ધરાતલ બદલાઈ ગયું હતું. આથી નદીઓ ગાંડી બનીને ગમે ત્યાં ફરી વળી. સેંકડો ગામ ઉજ્જડ થઈ ગયાં. બાબુ રાજેન્દ્રપ્રસાદે અનેક સ્વયંસેવકોની મદદથી લોકોને એ આફતમાંથી પણ ઉગારી લીધા.

તે વર્ષે મુંબઈમાં રાષ્ટ્રીય મહાસભાની બેઠક થઈ. તેમાં એમની પ્રમુખ તરીકે વરણી થઈ ત્યારે લોકોને ખૂબ આનંદ થયો. દરિદ્રનારાયણની સેવા કરવાનું તો એમનું જાણે વ્રત જ થઈ ગયું છે. પોતાના દેશભાઈઓના દુઃખની વાત કરતાં રાજેન્દ્રબાબુ આજે પણ રોઈ પડે છે.

૧૯૪૭ માં અંગ્રેજોએ આપણા દેશનો કારભાર આપણને સોંપ્યો અને દેશ માટે નવું રાજબંધારણ ઘડવા લોકસભા ચૂંટાઈ. બાબુ રાજેન્દ્રપ્રસાદ એ બંધારણસભાના પ્રમુખ ચૂંટાયા. અને અઢી વર્ષ પછી ભારતમાં સાર્વભૌમ પ્રજાસત્તાકનાં પગરણ થતાં તેમના ઉપર ફરી એકવાર કળશ ઢોળાયો અને તેઓ ભારતના પહેલા પ્રમુખ તરીકે વરાયા છે.



બુદ્ધ જેવા સ્વસ્થ અને શાંતિપ્રિય રાજેન્દ્રબાબુ

ગાંધીજીની માફક તેઓ લંગોટીભર નથી રહેતા, છતાં એમનામાં એટલી બધી સાદાઇ, નમ્રતા, સેવાવૃત્તિ અને સચ્ચાઈ ભરેલી છે કે લોકો એમને બિહારના ગાંધી તરીકે ઓળખે છે. રાજેનબાબુ અજાતશત્રુ છે. તેમની સ્વસ્થતા અને શાંતિપ્રિયતા માટે કેટલાકે તેમને બુદ્ધ સાથે સરખાવ્યા છે. એમના એક સાથીદારે એકવાર એમની ટીકા કરવા માંડી. સાથીદાર હૈયામાં હશે એટલી વરાળ એમના પર ઠાલવતા રહ્યા, પણ રાજેનબાબુના

મોં ઉપર ન આવી ઉગ્રતા કે ન આવી કડવાશ. એ તો મીઠાશથી બધું સાંભળી જ રહ્યા. ચંદ્રે શીતળતા છાંડી સાંભળી છે? આ સૌમ્યમૂર્તિની શાંતિ જોઇને પેલા સાથીને પસ્તાવો થયો. તે ત્યાં જ રાજેનબાબુના પગમાં પડી ગયા.

રાજેન્દ્રપ્રસાદે ગૃહજીવનમાં ઘણી લીલીસૂકી જોઇ છે, અનેક સ્નેહીઓ ગુમાવ્યાં છે, જમીનદારી વેચીને કરજ પતાવવું પડે એવો પણ પ્રસંગ એમને માથે વીત્યો છે. છતાં દેશને ખાતર એમણે એ બધું સહન કરી લીધું છે. એક વાર બિહારમાં હિંદુ અને મુસલમાનો વચ્ચે હુલ્લડ થયાના સમાચાર આવ્યા. બાબુ રાજેન્દ્રપ્રસાદ પટણા જવા નીકળ્યા. ત્યાં પોતાના પુત્ર મૃત્યુંજયની વહુના મરણના સમાચાર આવ્યા. ઘરમાં બધે ગમગીની ફેલાઈ ગઈ છતાં રાજેનબાબુ હિંદુ–મુસ્લિમો વચ્ચે શાંતિ સ્થાપવાના કામમાં વળગી ગયા. "અનેક જણ માર્યાં ગયાં હતાં, ઘેરઘેર રોકકળ થઈ રહી હતી, તે જોઈને મારો ઘરનો શોક તો દબાઇ જ ગયો," એવું આ પ્રસંગને વિષે રાજેનબાબુએ પોતાની આત્મકથામાં લખ્યું છે. આવા ત્યાગી છે આપણા પહેલા પ્રમુખ.

પ્રમુખ તરીકે ચૂંટાયા તે દિવસે લોકસભામાં એમની ખૂબ પ્રશંસા થઈ હતી. તે સાંભળી કૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ એમને યાદ આવી ગયો હતો. કૃષ્ણે અર્જુનને કહ્યું હતું, "પોતાની પ્રશંસા કરવી અને સાંભળવી એ આત્મઘાત કરવા બરાબર છે." આવા નમ્ર છે આપણા પહેલા પ્રમુખ

પ્રશ્નો

૧. શ્રી. રાજેન્દ્રપ્રસાદના બાળજીવનનું વર્ણન કરો.
૨. તેમના વિદ્યાર્થીજીવનનું વર્ણન કરો.
૩. ભારતસેવક સમાજમાં તેઓ શા માટે ન જોડાઈ શક્યા?

૪. બિહારની તેમણે શી શી સેવાઓ કરી છે?
૫. એઓ અજાતશત્રુ શા માટે કહેવાય છે?
૬. નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો:—
સંસ્કાર, ઝઘડો, ચળવળ, સફળતા, રસાકસી, શોક.



પાઠ ૪૭ મો

મોંઘા મારે ગામડે આવો

શ્રી. નાનાલાલ પટેલ

[આ કાવ્ય ગ્રામજીવનનું સુંદર ચિત્ર ખડું કરે છે. શહેરથી ગામડું કેવું ભિન્ન છે! સ્ત્રીઓ, ખેડૂત, કોશિયો, વગેરે કેવા આનંદથી રહે છે! દહીંદૂધની મજા, કોયલના ટહુકાર, ભક્તિની ધૂન એ બધું ગામડામાં જ જોવા તથા અનુભવવા મળે. મહેમાનગીરી ચાખવાની પણ ગમડામાં જ મજા પડે.]

મોંઘા મારે ગામડે આવો,
લેવાને લાખેણા લ્હાવો.

મોટે પરોઢે વાગે વલોણાં, ગાજે ઘંટીના ઘોર;
દહીં ને દૂધની વ્હેતી સરિતા, છાશની છાકમછોળ:
અવનીનાં એ અમૃત મીઠાં,
દેવોએ સ્વર્ગે ન દીઠાં.

સરખી સાહેલીની સંગે સંચરતી, જાણે ઢળકતી ઢેલ;
સુખદુઃખની નિજ ગોઠડી કરતી, માથે મૂકી જળહેલ:
માનુનીનો મહિયર મેળો,
કૂવા કેરો કાંઠડો પેલો.

બરછટ બોલી ને કાળજાં ફૂણાં, ભોળો મારો ભડવીર;
ભૂખ્યાં તરસ્યાંનો માળવો એ તો દુઃખીનો ધીંગો ધીરઃ
નિહાળી લ્યો નાડે નરવો,
ખેડુ શેઢે ગાજતો ગરવો.

કિચૂડ કિચૂડ કોશ ફરંતો, કોશિયો ગાતો ગાન;
કૂડકપટ એ કાંઈ ન જાણે, તનમાં એક જ તાન:
વાંકી કેડે પાણીડાં વાળે,
બૂડે ભાણ આંખડી ઢાળે.

મ્હેમાન દેખીને મુખડું મલકે, અડધો ઉરે એ થાય;
સ્વાગત માટે સર્વ મૂકીને, પાધર સુધી એ જાય:
ચરણ ધરે સંપત્તિ સારી,
અમરાપુરી નાખે ઓવારી.

વનવનનાં વનપંખી બોલે, મોર કોયલ ટહુકાર;
સાયંકાળે આરતીટાણે, ઝાલરના ઝણકાર:
ડંકે ડંકે ડુંગરા ડોલે,
અભિમાની આંખડી ખોલે.

અમાસ એકાદશીના અણૂજા, વાયક સઘળે જાય;
ઝાંઝ, પખાજ ને વાગે મંજીરા, ભગત ભેળા થાય:
તંબૂરાના તારને છેડે,
અબોલે આતમા રેડે.

ગરવાં મારાં ગામડાં જોવા, આવજો માવા! આજ;
કોડીલી કુદરત આપે આમંત્રણ ખોળામાં ખૂંદવા કાજઃ
શીળામીઠા વાયરા વાયે,
તાપો તનમનના જાયે.

પ્રશ્નો

૧. સવારે ગામડાંમાં શું સંભળાય છે ?
૨. કવિ ખેડૂતને કેવો ચીતરે છે ?
૩. કોશિયો શું કામ કરે છે ?
૪. સંધ્યાકાળે ગામડામાં શું સંભળાય છે ?
૫. 'શહેર અને ગામડું' એ ઉપર એક ટૂંકો નિબંધ લખો.
૬. નીચેના શબ્દોના અર્થ આપોઃ—
વલોણાં, માનુની, નરવો, ભાણ, અમરાપુરી, અણૂજા.
૭. 'સૂર્ય'નાં બીજાં બે નામ લખો.



પાઠ ૪૮ મો

કુંભારની જાન

શ્રી. ગુણવંતરાય આચાર્ય

[કુંભાર તો ગધેડાં હાંકી જાણે. એનામાં વળી બહાદુરી કેવી ? એવી સામાન્ય માન્યતાને બ્યાસીં કુંભારોની આ વાર્તા ખોટી ઠેરવે છે.

દીકરો પરણાવીને કલ્લોલ કરતી જતી કુંભારની જાન એકાએક દૃઢનિશ્ચયી સેનામાં ફેરવાઇ ગઇ. કચ્છને માથે ત્રાટકતાં અફઘાન દળોને એણે ખાળ્યાં. એમના વીરત્વની પ્રેરણાથી કચ્છ આખો ચમકી ઊઠયો અને અફઘાન આક્રમણકારો વેરવિખેર થઇ ભાગી ગયા. એ ધીંગાણામાં આ બ્યાસીએ કુંભારોએ, નવપરિણીત દંપતી સુદ્ધાં દરેકે, પ્રાણ પાથર્યા અને કચ્છની સ્વતંત્રતાને જીવતી રાખી.

ઇતિહાસની આ વીરકથા વાંચતાં તમારાં રુવાંટાં પણ ઊભાં થઈ જશે. બહાદુરી એ કોઈ કામનો વારસો નથી. એને કોઇ વયનાં પણ બંધન નથી. ક્ષત્રિય કે વાણિયા, બાળક કે જુવાન દરેકને વીરતા બતાવવાના પ્રસંગો આવે છે. આપણો દેશ હવે સ્વતંત્ર થયો છે. એ સ્વતંત્રતા ત્યારે જ સચવાશે જ્યારે આપણ દરેક આવી ભયહીનતા આપણા જીવનમાં વણી લઇશું.]

કચ્છનું રાપર ગામ. એ ગામના પાદરમાંથી એક જાન વહી જાય છે. ત્રણચાર ગાડાં જોડ્યાં છે. એક વેલ આગળ છે. વેલને માથે લીલી છત્રી છે, ને લાલ ઝૂલથી શણગારેલા બળદો વેલને ખેંચે છે. નવદંપતી સહિત જાનમાં કુલ બ્યાસી નરનારી છે.

કેટલાક જાનૈયાઓ પગે ચાલતા જાય છે, હોકા પીતા જાય છે, આગલી પાછલી વાતો કરે છે.

એકાએક ગેબમાંથી ભૂતાવળ પ્રગટી હોય એમ નાસભાગ કરતાં માણસો, ચીસ પાડતાં ગીધો ને હણહણતા ઘોડાઓથી મેદાન ભરાઈ જાય છે.

જાન થંભી ગઈ. હજી હમણાં જ પાછળ મૂકેલું રાપર ગામ દેખાય છે. પરંતુ નાસભાગ કરતું માણસ કોઈ રાપર તરફ ઢળતું નથી. એ તો આગળ જ ભાગતું જાય છે.

ભાગતા એક સવારને વરરાજાના બાપે પૂછ્યું : 'ભા છે શું?'

'તે તમે કુંભાર લાગો છો? કુંભાર! એટલીયે ખબર નથી? કાળો કેર થઈ ગયો!'

'અમે તો ભા, છોકરો પરણાવીને હાલ્યા આવીએ છીએ!'

'ને પછવાડે છોકરા બધાય રાંડી ગયા, ઓઝા! ખબર નથી? ઝારાની લડાઇમાં કચ્છીઓનો કચ્ચરઘાણ નીકળી ગયો.'

'લડાઈ? કોની સાથે?'

'મારે ભાગવું છે ને તારે સવાલ પૂછવા છે. જો સાંભળ. સિંધનો મીર ગુલામશાહ કલોરો કચ્છ ઉપર ચઢી આવ્યો છે. કચ્છની પ્રજા કચ્છના રાજાની પાછળ ચાલી ને ગુલામશાહને ઝારાના મેદાનમાં ભેટી. બ્રાહ્મણ હતા, જાડેજા હતા, ભાયાત હતા, કોળી હતા, ને આઠસો કચ્છી સ્ત્રીઓ પણ હતી.

માત્ર કુંભાર બધા છોકરા પરણાવવા ચાલ્યા ગયા લાગ્યા. લ્યો, જો જો!'

'તે આમ જવામાં જોખમ તો ખરું ને?'

'ગાંડા, બે દિવસ પછે તો ઘરને ખૂણે પાણી પીવું હશે તોય ગુલામશાહની પરવાનગી જોઇશે......'

સવાર તો ચાલ્યો ગયો. જાન થંભી રહી.

'હવે શું કરશું?' એક જાનૈયાએ પૂછ્યું.

વરરાજાના બાપે કહ્યું: 'આગળ તો જવાય એમ છે જ નહિ, ને પાછા પણ લાંબે ફરાય નહિ. ચાલો રાપર ભેગાં થઈ જઇએ.'

ગીત સુકાઈ ગયાં. કંઠે શોષ પડ્યા. વાતો બંધ થઇ. પેટમાં ફાસકા પડયા. શરીરની સર્વ શક્તિઓ જાણે પગમાં આવી ચૂકી હોય એમ બધા ઝપાટાબંધ રાપર તરફ દોડ્યા. દૂરથી સંભળાતા બંદૂકોના અવાજ હવે ખૂબ નજીક સંભળાયા. ક્ષિતિજ ઉપર ગુલામશાહના ખોરાસાની સૈન્યની હરોલ દેખાઈ. એમના માથા ઉપરના લોખંડી ટોપમાંથી સૂર્યનાં કિરણો પાછાં ફેંકાવા માંડ્યાં–જાણે આખું ક્ષિતિજ વીજળીના તણખાઓથી પ્રજ્વલી રહ્યું.

જાન રાપરમાં પેઠી. રાપરમાં કોઈ વસતી ન હતી. ગામ સદંતર ખાલી થઈ ગયું હતું.

દરવાજા બંધ કરીને જાનૈયા કોઠાઓ ઉપર ચડ્યા. કોઠામાં બંદૂકો પડી હતી, પણ વાપરનાર કોઈ ન હતું.

જાનૈયા એકબીજા સામે મૂઢ બની તાકી રહ્યા. ને એમનું અચરજ પૂરું થાય એ પહેલાં તો રાપરના દરવાજા આગળ અફઘાન સેના આવીને ખડી થઇ ગઈ. ગુલામશાહનો ઈરાદો રાપરમાં રાતવાસો કરવાનો હતો.

ને એણે રાપરના દરવાજા બંધ જોયા.

'એક ઘડીમાં દરવાજા ખોલી નાખો. નહિતર મારી સેના રાપરને આંખના પલકારામાં ભોંમાં ભંડારી દેશે!'

વરરાજાના બાપે જાનૈયાઓને કહ્યું: 'પેલા સવારે મેણું માર્યું એ સાંભળ્યું ને? કોમેકોમ, વરણેવરણ આ સિંધી સામે લડી. હજામ પણ લડ્યા ને કુંભાર કોઈ નહિ. આ બધું તોફાન તો સમશે, પણ કુંભારનો દીકરો પછી કયી ભોમકામાં મોઢું બતાવી શકશે? આપણાં છોકરાં આપણાં મોઢાં પર થૂંકશે પણ નહિ. માટે મારો મત તો એવો છે કે થાય તે ખરી, પણ રાપર સોંપવું તો નહિ.'

'સવાલાખની વાત કરી ભાઈ તમે, પણ વરઘોડિયાંને પહેલાં રવાના કરી દો તો ઠીક નહિ?'

'એમાં જે કોઈ હા બોલે એને રામજીની આણ છે.' વરરાજાએ કહ્યું.

એક ઘડી થઈ, પણ રાપરના કિલ્લાના દરવાજા ઊઘડ્યા નહિ. એટલે ગુલામશાહે કિલ્લા ઉપર હુમલો કરવાનો હુકમ આપ્યો.

કુંભાર-નારીઓએ બંદૂકો ભરી; કુંભાર પુરુષોએ કિલ્લાનાં બાકોરાંમાંથી સિંધી હુમલાનો જવાબ દીધો.

કચ્છનો રા'ગોડ તો ઝારાની લડાઈ પછી ભાગી ગયો હતો. ભૂજમાં નગરશેઠ દેવચંદ મહેતા સવારસાંજ ગુલામશાહના સૈન્યની રાહ જુએ છે. ભૂજના કિલ્લાની ચાવી એમના હાથમાં છે. ગુલામશાહને એ સુપરત કરવાની છે. પણ ગુલામશાહ ક્યાં?

એક ભાગતો સિપાઈ સમાચાર લાવ્યો: 'એંસીબ્યાસી જેટલા કુંભાર રાપરના ગઢમાં ભરાયા છે. રાપરને કબજે કરીને ગુલામશાહ આવે છે. પોતાના લશ્કરની પાછળ કોઈ અણનમ કિલ્લાને એ કેમ મૂકે?'

બ્યાસી કુંભાર બિચારા શું કરવાના છે? જ્યાં એક લાખની કચ્છી સેના ને એના સેનાપતિ જીવણશેઠ મેદાનમાં ખળી ખૂટ્યા ત્યાં?

એક દિવસ–બે દિવસ–ત્રણ દિવસ–ચાર દિવસ........અરે આ શું કૌતુક કહેવાય! અફઘાનની ચડતી ભરતી શું રાપરને પાદર ચાર દિવસથી થંભી ગઈ છે?

રાપરના એ કિલ્લાનો એ બચાવ! કચ્છ પહેલાં કુંભારોની મૂર્ખતા પર હસ્યો!

પાંચ દિવસ–છ દિવસ–સાત દિવસ....સારો કચ્છ અચરજથી રાપરને તાકી રહ્યો.

આઠ....નવ....દશ....અગિયાર. રંગ રે ઓઝા રંગ! કચ્છનું નાક ખરું તમે રાખ્યું. પણ આખર તો બીજું શું થવાનું છે? રાપર પડશે—પડ્યું નહિ હોય તો; કુંભારો મરાશે—મરાયા નહિ હોય તો; ઘડી બે ઘડીમાં ભુજિયાના ડુંગર ઉપરથી, ખોરસાની સેનાના લોખંડી ટોપ, સૂર્યના પ્રકાશમાં ચળકતા દેખાવા જોઈએ.

બાર....તેર....ચૌદ દિવસ! 'અરે! શું જોઈ રહ્યા છો? કુંભારો ગુલામશાહની કૂચને રોકી રાખે છે ને તમે શી વાટ જોઈ રહ્યા છો? જેનામાં જુવાનીની હામ હોય ને વૃદ્ધોનો થાક ન હોય એ બહાર નીકળો! બ્યાસી કુંભાર જો રાપરને સાચવે તો પછી બીજાઓ શું નહિ સાધી શકે? ભાગો મા! મોં છુપાવો ના! બ્યાસી કુંભારોએ આપણને બતાવ્યું કે ગુલામશાહ કાંઈ અજેય નથી. આપણે તો હવે બતાવી દો કે કચ્છ અજેય છે.'

બરાબર દોઢ મહિનો કુંભારોએ રાપરને સાચવ્યું. રોજ બેત્રણ બેત્રણ જણ મરતાં હતાં. કિલ્લા ઉપરનું પોતપોતાનું સ્થાન કોનાથીયે છોડાય નહિ એમ હતું. કેવળ આલંકારિક નહિ,

પણ નક્કર હકીકત તરીકે કોઈને ભોજન લેવાનો સમય ન હતો. કોઈને ઘડી પણ બેસવાનો અવસર ન હતો. દોઢ માસના ઉજાગરા અને દોઢ માસની ભૂખ છતાં ન કોઈ કુંભાર પોતાના સ્થાનેથી ખસ્યો, ન કોઈ પોતાના કાર્યથી ચૂક્યો.

દોઢ મહિનો રાપરે એ ઘેરો જીરવ્યો. હજી એ અણનમ ઊભું છે. પણ હવે કેટલે સુધી? ઉગ્રતમ પુરુષાર્થનો હવે તાગ આવતો હતો. આંખની પાંપણો વાળીને–આંખમાં આંખ પરોવીને તેઓ ઉજાગરા કરતા હતા. કાચું અનાજ ખાઈને ગુજરાન કરતા હતા.


પિસ્તાળીસમે દિવસે ગુલામશાહે રાપરનો ઘેરો ઉઠાવ્યો. રાપર પડ્યું નહિ. રાપર અણનમ રહ્યું.

રાપરના અણનમ કિલ્લા પાસેથી નવી પ્રેરણા ને નવી હામ, નવું ખમીર ને નવી તાકાત મેળવી ચાળીસ હજાર જેટલી સેના દડમજલ ઝડપી કૂચ કરતી ગુલામશાહનો ભેટો કરવાને ભૂજથી રવાના થઈ ચૂકી હતી. જમાદાર ડોસલવેલ એના સરદાર હતા.

તે દિવસે ગુલામશાહ કિલ્લાની રાંગમાં બાકોરું પાડવા શક્તિમાન થયો હતો. કડિયાળી ડાંગો લઈને કુંભારો અંદરથી બાકોરાની બેય બાજુ ઊભા હતા. ને બાકોરામાં આવેલા અફ-ઘાનોનાં માથાં ફડાફડ ફૂટવા માંડ્યાં હતાં.

આખરે સેના અંદર ઘૂસી. એમાં શેષ રહેલા કુંભારો હણાઈ ગયા, ને એ જ સમયે રાપરની જીતને અધૂરી મૂકીને ગુલામશાહ, ધસતા આવતા કચ્છી સૈન્યનો સામનો કરવા ઘેરો ઉઠાવી સામે ચાલ્યો.

પણ ઝારાના પુરુષાર્થે, ને રાપરની પ્રાથમિક જીતે એને કંઈ યારી ન આપી.



અફઘાનોનાં માથાં ફડાફડ ફૂટવા માંડ્યાં હતાં.

ગુલામશાહ હાર્યો, ને પોતાની સેનાને કચ્છી સૈનિકોની દયા ઉપર મૂકીને એકલો ઘોડા ઉપર નાઠો.

ને ગુલામશાહને નસાડીને અને એની સેનાનો પીછો પકડવાનું કામ ચુનંદી ટુકડીઓને સોંપી જ્યારે કચ્છી સૈન્યનો સેનાપતિ જમાદાર ડોસલવેલ રાપરના કિલ્લામાં ગયો ત્યારે એ બ્યાસી કુંભારોમાંથી એક પણ જણ એ મહાપુરુષાર્થની વાત કહેવા માટે હયાત નહોતો રહ્યો.

પ્રશ્નો

૧. રસ્તામાં એક સવારે કુંભારોને શું મેણું માર્યું ?
૨. રાપરનો ગઢ સાચવવાનો નિર્ણય કુંભારોએ કેવા સંજોગોમાં કર્યો ?
૩. કુંભારોએ રાપરનો ગઢ કેટલા દિવસ સુધી ટકાવ્યો ? કેવી રીતે ?

૫. કુંભારોની બહાદુરીની કચ્છી પ્રજા પર શી અસર થઈ?

૬. નીચેનાં વાક્યો સમજાવો:—

ક. આપણાં છોકરાં આપણાં મેઢાં પર થૂંકશે પણ નહિ.

ખ. ઉગ્રતમ પુરુષાર્થનો હવે તાગ આવતો હતો.



પાઠ ૪૯ મો

¤

દમયંતીનો ત્યાગ

¤

મહાકવિ પ્રેમાનંદ

[પહેલા પુસ્તકમાં તમે આ કવિએ લખેલું 'બાપદીકરી' નામનું એક કાવ્ય શીખ્યા હશો. આ તેમનું બીજું કાવ્ય છે. 'નળાખ્યાન' નામના તેમના મોટા કાવ્યમાંથી તે લીધું છે.

નળદમયંતીની વાત તો તમે જાણતા હશો. નળનું સુખી અને પવિત્ર જીવન કળિથી જોવાયું નહિ. તેથી તેને હેરાન કરવા તેણે તેના શરીરમાં પ્રવેશ કર્યો. તરત જ નળની બુદ્ધિ બગડવા લાગી. તે તેના ભાઈ પુષ્કરરાય સાથે જુગાર રમ્યો, હાર્યો અને તેને રાજગાદી છોડવી પડી. પોતાના જ શહેરમાં તેને કોઈ આશ્રય આપવા તૈયાર ન હોતું. આથી બાળકોને મોસાળ મોકલ્યાં અને નળદમયંતી પહેર્યે વસ્ત્રે જંગલમાં જવા લાગ્યાં. કળિ તેમની પાછળ પડ્યો હતો અને તેમને હેરાન કરવા માગતો હતો. તેથી તે તેને પજવવા લાગ્યો.

એ કળિએ જ નળની મતિ ભ્રષ્ટ કરી અને નળ દમયંતીને છોડી ચાલ્યો ગયો.]

એક રાત રહ્યાં નગરમાં, ચાલ્યાં વહાણું વાતે;
પુણ્યશ્લોકની પૂંઠ જ લીધી, કળિ થયો સંગાથે.
જ્યાં વાવ સરોવર કૂવા આવે, પાકાં ફળની વાડી;
રિપુ કળિજુગ આગળ જઇને, સર્વ મેલે ઉડાડી.
ફળ, જળ ને પર્ણ ન પામ્યાં, રાણી કરે આંસુપાત;
વનમાં ફરતાં, રુદન કરતાં, વહી ગયા દિન સાત.
અકેકું પટકૂળ પહેર્યું, પ્રેમદા કોમળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાજે.
એક માનસરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
ઘણા દિવસની તૃષા શમવવા પીધું રાય ને રાણી.
વારંવાર પાણી પીએ ને બેસે ને વળી હીંડે;
નરનારી વારિએ તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપિણી પીડે.
સ્વામી કહે સાંસતાં થઇએ, શ્યામા બેસ થઇને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ.
થોડા જળમાં પેઠો નળરાજા, ઢીમરનું આચરણ;
સાધુ રાયને શ્રમ કરતાં, મીન જડિયાં ત્રણ.
આણીને અબળાને આપ્યાં, વામા કહે થયું વારુ;
નળ કહે આપણ બે પ્રાણીને, શું હોશે એટલા સારુ?
ભાર્યાના ભુજ મધ્યે સોંપી, ભૂપ ગયો બીજી વરાં;
કળિજુગ સર્પ થઇને બિહાવે, મચ્છ નાસે અરાંપરાં.
નળે શ્રમ કીધો ઘડી બે, મચ્છ ન ચડિયાં હાથ;
પેલાં ત્રણે મચ્છ વહેંચીને લીજે, વિચાર્યું મન સાથ.
નળ આવ્યો નિરાશ થઇને, ત્રણ મીનમાં ચિત્ત;
એટલામાં અંતરમાં દમયંતીને, થઈ આવ્યું વિપરીત.

અમૃતસ્ત્રવિયા કર અબળાના, સજીવન થયાં મચ્છ પળમાં;
હાલ્યાં મહિલાએ મૂકી દીધાં, ઊડી પડ્યાં જઈ જળમાં.
ઘેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
હવે સ્વામીને શો ઉત્તર આપીશ? રુદન કરે સ્વર ઝીણે.
વીલે મુખ દીઠી વૈદરભી, નાથ આવતો નીરખે;
ચોદશ ભાળે આંસુ ઢાળે, સ્વાતિબિંદુ વરસે!
રોતી પત્ની પતિએ દીઠી, ધોળું મુખ થયું દીન;
કહે રે પાપિણી, શકે મુજ પાખે, ભક્ષ કર્યાં તેં મીન.
હું ક્ષુધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે;
દોઢ દોઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપિણી કાંહે?
હૃદે ફાટતી બોલી રાણી, આંસુ પડે મોતી દાણા;
ક્ષુધા પાપિણીએ મચ્છ ભખાવ્યાં, મેં ન રહેવાયું રાણા.
નળ કહે હંસે શિખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક દ્યૂત ન રમીએ, બીજું ન કીજે નારીનો વિશ્વાસ.
બે વાનાં વાર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં, શું આગ પેટમાં લાગી?
દમયંતી હા હા કરે, જાણે સમ ખાઉં શાને;
સજીવન થયાં ઊડી ગયાં, કહું તો રાય નવ માને.

(વલણ)

ન માને રાજા એ આશ્ચર્ય મોટું, ઊઠી ચાલ્યો નળરાય રે;
અણુતેડી રાણી દમયંતી, પતિની પૂંઠે ધાય રે.

(રાગ વેરાડી)

આગળ નળ પૂંઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર હીંડતાં કરે, હૃદે ફાટે અબળા આંખ ભરે.

ખાધાં મચ્છ હશે શક્તિ ઘણી, તો હીંડે છે રે પાપિણી;
પીએ પાણી ફરી ફરી, કાં જે મચ્છ ખાધાં પેટ ભરી.
બે મારગ આવ્યા આગળે, વિદાય કીધી નારી નળે;
તું નહીં નારી હું નહીં કંથ, આ તારા પિયરનો પંથ.
મારો સંગ તુજને નહીં ગમે, પિયરમાં પેટ ભરીને જમે;
મુને નાથજી કરજો ક્ષમા, મારે નથી પિયરની તમા.
ફોકટ કરો મુજ પર રીસ, અજુગ્ત આળ ચડાવો શીશ;
*દેવતાનું મુને વરદાન, તે કાં નવ જાણો રાજાન.
હોતી વાત કામિનીએ કહી, કળિને જોગે નળ માને નહીં.

* * * *

અન્ન વિના અડવડિયાં ખાય સતને આધારે ચાલ્યાં જાય;
મહાવનની આવી જંખજાળ, તે સ્થાને થયો સંધ્યાકાળ;
બંને બેઠાં દ્રુમની તળે, ચૂંટી પર્ણ પાથર્યાં નળે.
દુઃખની વાત કરી નવનવી, દમયંતી નિદ્રાવશ હવી;
ક્ષુધા અંગોઅંગ રહી વસી, મુખ જાણે પૂનમનો શશી.
નળે સૂતી દીઠી સુંદરી, નિઃશ્વાસ મૂક્યો બે નયણાં ભરી;
કોણ દિવસ આવ્યો શ્રીહરિ, એ દુઃખે પ્રાણ ન જાય નીસરી.
વૈદરભી વસુધાવશ પડી, દુઃખ નો'તું દીઠું એક ઘડી;
ઘણે દોહ્યલે વરી મેં એહ, રુએ રાજા જોઇને દેહ.
નખથી નીરખતાં જોયું મુખ, ત્યારે મનમાં લાગ્યું દુઃખ;
કળિ વળી તેનું ચિત્ત ફેરવે, રાજા મનમાં દ્વેષ મેળવે.
શી સગાઈ પરતનયા તણી, દુષ્ટ દમયંતી એ પાપિણી;
શી પ્રીત છેહ દીધો જેણીએ, હું વિના મચ્છ ખાધાં એણીએ.

* નળદમયંતીના સ્વયંવર વખતે વરુણદેવે દમયંતીને વરદાન આપ્યું હતું કે તેનો હાથ અડતાં મૃત પામેલ પ્રાણી જીવતું થશે.

મલિન મન એનું નિર્ધાર, કો સમે મારો કરે આહાર;
ન ઘટે એશું રહેવું મળી, રાયને ઉપજાવે બુદ્ધિ કળિ.
તે સમેની હૃદેની દાઝ, મૂકું વનમાં એકલી આજ;
બુદ્ધિભ્રષ્ટ મન રાજાતણું, કળિનો પ્રેર્યો ક્રોધે ઘણું.
મનમાંહે આશંકા ગણે, એક વસ્ત્ર પહેર્યું બે જણે;
મધ્યે ચીર ફાડું બળ કરી, થાય શબ્દ જાગે સુંદરી.
હોય છૂરી તો છેદું પટકૂળ, કળિ થયો કાતું અનર્થનું મૂળ;
નળે લીધું છૂરિકા શસ્ત્ર, વચ્ચેથી વહેર્યું અડધું વસ્ત્ર.
કટકા બે પટકૂળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી;
ગયો ડગલાં સાત જ ભરી, પ્રીત શ્યામાની સાંભરી.
નળ વિમાસણ મનમાં કરે, એકલી એ ફાટીને મરે;
વરી મને દેવને પરહરી, વળી વનમાં સાથે નીસરી.
ત્રૈલોકમોહિની એ માનિની, કેમ વેદના સહેશે રાનની?
ન ઘટે મૂકી જાવું મને, નળ આવ્યો દમયંતી કને.
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છને પાછો વળ્યો;
કળિ તાણે વાટ વન તણી, પ્રેમ તાણે દમયંતી ભણી.
વિચારવારિનિધિમાં પડ્યો, આવાગમન હીંડોળે ચડ્યો;
સાત વાર આવ્યો ફરી ફરી, તજી ન જાયે સાધુ સુંદરી.
બળ પ્રબળ કળિનું થયું, પ્રેમબંધન તૂટી રે ગયું;
સર્પ કાંચળીને તજે જેમ, મેં દમયંતી તજવી તેમ.
વૃક્ષ પર્ણને જેમ પરહરે, પુનરપિ તે અંગી નવ કરે;
જેવું હોય વમનતું અન્ન, તેવી મારે આ સ્ત્રીજન.
કો વેળા મુને મારે નેટ, હું પે વહાલું એને પેટ;
એવું કહીને મૂકી દોટ, ઉવાટે દોડ્યો સાસોટ;
ત્યાં લગે ધાયો ભૂપાળ, રહ્યો જ્યાં થતો પ્રાતઃકાળ.

(વલણ)

કાળ ઉદે અરુણ તણો, ત્યાં લગે ધાયો ધીશ રે;
જાગ્યો હૃદે થયું દુઃખ ઉદે, જ્યારે દીઠો દીશ રે.

પ્રશ્નો

૧. નળદમયંતી માર્ગમાં ફળફૂલ કેમ ન ખાઈ શક્યાં?
૨. દમયંતીના હાથમાંથી માછલાં કેમ ચાલ્યાં ગયાં?
૩. પોતે માછલાં ખાઇ ગઇ હતી એમ દમયંતીએ નળને શા માટે કહ્યું?
૪. નળને હંસે શી શિખામણ આપી હતી?
૫. દેવતાના વરદાનની વાત દમયંતીએ કહી તે નળે કેમ માની નહિ?
૬. નળે દમયંતીનો ત્યાગ કરવાનો શા માટે નિશ્ચય કર્યો?
૭. દમયંતીનો ત્યાગ કરતાં નળને જે વ્યથા થઇ તેનું વર્ણન કરો.
૮. કળિએ નળદમયંતીને શી શી રીતે ત્રાસ આપ્યો તે આ આખું કાવ્ય વાંચી લખો.
૯. 'સ્ત્રી' શબ્દ સૂચવતા બીજા ત્રણ શબ્દો લખો.
૧૦. 'દિન' અને 'દીન'ના અર્થમાં શો તફાવત છે?



પાઠ ૫૦ મો

ઝંડા ઊંચા રહે હમારા!

શ્રી. સુંદરજી બેટાઈ

[પહેલા પુસ્તકમાં તમે 'રાષ્ટ્રધ્વજને' નામનું કાવ્ય શીખ્યા હશો. વળી રાષ્ટ્રધ્વજ માટે દીપકે કેવો ભોગ આપ્યો તે તમે આ પુસ્તકમાંના 'ઝમક જ્યોત' નામના નાટકમાં વાંચ્યું હશે. પણ એ રાષ્ટ્રધ્વજ કેવી રીતે યોજાયો અને તેમાં શા શા ફેરફાર થયા તે જાણવું જરૂરી છે. લેખકે રાષ્ટ્રધ્વજનો ટૂંકો પણ રસિક ઇતિહાસ અહીં આપ્યો છે. વળી તેના જુદા જુદા રંગો તેમજ ચક્ર શું દર્શાવે છે તે પણ તેમણે સમજાવ્યું છે. આ પાઠના લેખકનું 'બાળપણ' નામનું કાવ્ય તમે આ પુસ્તકમાં શીખ્યા હશો.]

અનેક વાર ધ્વજવંદન થતું તમે જોયું જ હશે. 'ઝંડા ઊંચા રહે હમારા' એ ગીત પણ તમે સાંભળ્યું હશે. તમે પોતે પણ ઉલ્લાસમાં આવીને તે ગીત ગાયું યે હશે. રાષ્ટ્રીય ઉત્સવો વખતે આપણે જે ધ્વજ ફરકાવીએ છીએ તે શું છે, તેનો ઇતિહાસ શો છે, તેની વાત આપણે કરીશું.

જૂના વખતમાં રાજ્ય રાજ્યના ને ધર્મ ધર્મના ધ્વજો આપણા દેશમાં કદાચ હશે, પણ આપણો રાષ્ટ્રધ્વજ ન હતો. રાષ્ટ્રીય ભાવના જ આપણે ત્યાં કોંગ્રેસના જન્મ પછી ધીમે ધીમે વિકાસ પામી. રાષ્ટ્રધ્વજની કલ્પના તો તે પછી ઘણે વરસે જન્મી. હિંદુસ્તાનમાંથી દેશનિકાલ થયેલા ને ઇંગ્લંડ તથા ફ્રાન્સમાં જઈ વસેલા કેટલાક હિંદી ક્રાંતિકારીઓને એ કલ્પના પહેલવહેલી સ્ફુરી. રાષ્ટ્રધ્વજની ત્રિરંગી યોજના ઈ. સ. ૧૯૦૬ માં મેડમ કામાને સૂઝી. એ પ્રથમ નમૂનામાં બીજી તો ઘણી વિગતો હતી, પણ તેમાં વચ્ચે 'वन्दे मातरम्' એ શબ્દો આખા ધ્વજને ઉઠાવ આપે એ રીતે લખેલા હતા. આજે આપણા રાષ્ટ્રધ્વજમાં જે ત્રણ રંગો સ્વીકારાયા છે તે પણ મેડમ કામાના નમૂનામાં હતા. પણ એ નમૂનો બહુ જાણીતો થયો હોય એમ જણાતું નથી.

પછી આવ્યા 'હોમરૂલ'ના દિવસો, અને ૧૯૦૬ ના ત્રિરંગી ધ્વજને બદલે ૧૯૧૬ માં દ્વિરંગી ધ્વજ પ્રગટ થયો. તેમાં સપ્તર્ષિનું ચિહ્ન મૂકવામાં આવ્યું હતું, અને ડાબી બાજુએ મથાળા ઉપર યુનિયન જેક પણ હતો. ૧૯૧૬ ની કોંગ્રેસના મંડપ ઉપર પણ યુનિયન જેક ઊડતો હતો. આપણો રાષ્ટ્રીય આદર્શ તે વખતે તો બ્રિટિશ સામ્રાજ્યની છત્રછાયા નીચે વિકાસ સાધવાનો હતો. પૂર્ણ સ્વરાજની કલ્પના પણ એ દિવસોમાં કોઇને થતી ન હતી. છેક ૧૯૧૯ની કોંગ્રેસના મંડપમાં પણ શહેનશાહ અને શહેનશાહબાનુની છબીઓ ટાંગવામાં આવી હતી.

મહાત્મા ગાંધીજીએ હિંદુસ્તાનના રાજકારણમાં પ્રવેશ કર્યો અને આપણા રાષ્ટ્રીય વિચારો અને ભાવનાઓમાં જબરો ફેરફાર થયો. બ્રિટિશ રાજ્યતંત્ર વિશે મહાત્માજીને નાનાં મોટાં અનેક કારણોથી અસંતોષ તો હતો જ. ત્યાં તો પંજાબમાં જલિયાનવાલાબાગનો કરપીણ બનાવ બન્યો અને કાળો કાયદો અમલમાં આવ્યો. બ્રિટિશ સામ્રાજ્ય વિશેની ગાંધીજીની શ્રદ્ધા નાશ પામી અને એમણે હિંદની પ્રજાને અહિંસાત્મક અસહકારનો માર્ગ દેખાડયો. ઈ. સ. ૧૯૨૧માં ગાંધીજીની ભાવનાવાળો ત્રિરંગી ઝંડો પણ પ્રજાને મળ્યો. આ ઝંડામાં ઉપર સફેદ, વચ્ચે લીલો ને નીચે લાલ એમ ત્રણ પટા હતા અને તેમાં રેંટિયાની આકૃતિ મૂકેલી હતી. ૧૯૨૧માં અમદાવાદમાં કોંગ્રેસની બેઠક ભરાઈ ત્યારે પહેલવહેલો ધ્વજવંદનનો વિધિ થયો. તે પછી તો ધ્વજ અને ધ્વજવંદન આપણા રાષ્ટ્રીય જીવનમાં સૂચક ચિહ્નો બની ગયાં છે.

આ આપણા રાષ્ટ્રધ્વજમાં ૧૯૨૧ પછી થોડા થોડા ફેરફારો થતા રહ્યા છે. ૧૯૩૧માં સફેદ પટો વચ્ચે આવી ગયો, પણ ત્રણ રંગ તો રહ્યા જ. માત્ર લાલ રંગને બદલે કેસરી રંગ આવ્યો તે યોગ્ય રીતે આવ્યો. પહેલાં રેંટિયાની આકૃતિ ત્રણે પટામાં વહેંચાયેલી રહેતી તેને બદલે તે વચ્ચેના સફેદ પટામાં ઘેરાભૂરા રંગે મૂકવામાં આવી. આથી ૧૯૩૧ નો રાષ્ટ્રધ્વજ ૧૯૨૧ ના રાષ્ટ્રધ્વજ કરતાં વધારે સુંદર બન્યો.

ધ્વજ માટે પસંદ કરેલા ત્રણ રંગોનો ઇતિહાસ પણ સમજવા જેવો છે. પહેલાં જુદા જુદા રંગો જુદી જુદી કોમો અને જુદા જુદા ધર્મો સૂચવવા માટે હતા. અનેક કોમ અને વિવિધ ધર્મોવાળી આપણી પ્રજાને રાષ્ટ્રધ્વજ માટે મમત્વ પેદા થવું જોઇએ એટલા ખાતર આ રંગયોજના જરૂરી પણ હતી. પણ રેંટિયો શા માટે હતો એ જાણો છો ? રેંટિયાને ગાંધીજીએ હિંદુસ્તાનની

ગરીબ પ્રજાની સમૃદ્ધિ અને આબાદીના ચિહ્ન તરીકે ઓળખાવ્યો હતો.

ઈ. સ. ૧૯૨૯ માં લાહોરમાં મળેલી કોંગ્રેસમાં પૂર્ણ સ્વરાજના ધ્યેયનો સ્વીકાર થયો. ઈ. સ. ૧૯૪૭ ના ઓગસ્ટ માસની ૧૫ મી તારીખે સ્વતંત્ર હિંદના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ દિલ્હીમાં સ્વતંત્ર ભારતનો ધ્વજ ફરકાવ્યો. આમ આપણું પૂર્ણ સ્વરાજનું ધ્યેય અઢાર વર્ષે સિદ્ધ થયું. પણ ૧૯૩૧ માં સ્વીકારાયેલા રાષ્ટ્રધ્વજ અને ૧૯૪૭ માં ફરકાયેલા રાષ્ટ્રધ્વજ વચ્ચે થોડો પણ મહત્ત્વનો ફેરફાર છે ને તે સમજવા જેવો છે. આપણા નવા ધ્વજમાં રેંટિયાને સ્થાને ચક્ર મૂકવામાં આવ્યું છે. સારનાથના અશોકસ્તંભમાંથી આ ચક્રનો નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. આમ આ ચક્ર હિંદની પ્રાચીન અને ઉદાર સંસ્કૃતિ સાથે અર્વાચીન હિંદને જોડી આપે છે. આ ચક્ર મૂળે તો ધર્મચક્ર છે પણ તેમાં કોઈ એક ધર્મનો કે સંપ્રદાયનો અર્થ જોવાનો નથી. એ તો સર્વવ્યાપક માનવધર્મનું ચિહ્ન છે. કેસરી રંગ વીરતાની અને બલિદાનની ભાવના સૂચવે છે; સફેદ રંગ શાંતિ અને સત્યનો ભાવ દર્શાવે છે; લીલો રંગ શ્રદ્ધાનું ચિહ્ન છે. આપણા રાષ્ટ્રધ્વજના ચક્ર અને રંગોને બીજી રીતે પણ સમજાવવામાં આવે છે. સફેદ રંગને કોઈ સૂર્યના પ્રકાશ જોડે સરખાવે છે ને લીલા રંગમાં વનસ્પતિથી લહેરતી ધરતીનું દર્શન કરે છે, તો ચક્રના ૨૪ આરામાં દિવસના ૨૪ કલાક જુએ છે.

આપણા રાષ્ટ્રધ્વજના રંગ અને ચક્રના ગમે તે અર્થ કરવામાં આવે પણ એક અર્થ તો ચોક્કસ છે : આપણો રાષ્ટ્રધ્વજ આપણા દેશની પ્રતિષ્ઠાનું પવિત્ર ચિહ્ન છે. સમ્રાટ અશોકની ઉદાર ભાવનાનું અને મહાત્મા ગાંધીજીના મહાન આદર્શનું તે પ્રતીક છે.

સત્ય અને અહિંસાનું એમાં ગૌરવ રહેલું છે. આપણી સ્વતંત્રતાનું એ અચૂક એંધાણ છે. રાષ્ટ્રધ્વજે અનેક હિંદીઓને પ્રેરણા આપી છે ને તેમની પાસે વિસ્મય પમાડે એવી કુરબાનીઓ કરાવી છે. એણે જ્વલંત ઇતિહાસ રચી આપ્યો છે. સ્વતંત્ર ભારતના એ પવિત્ર ધ્વજને હજાર હજાર વંદન હો, વંદન હો !

પ્રશ્નો

૧. આપણા રાષ્ટ્રધ્વજની પહેલી યોજના કોને સૂઝી ? તેની રચના કેવી હતી ?

૨. 'હોમરૂલ'ના દિવસોમાં રાષ્ટ્રધ્વજની રચના કેવી થઈ ? તેમાં યુનિયન જેકને શા માટે મૂકેલો ?

૩. ગાંધીજીએ રાષ્ટ્રધ્વજમાં કયા કયા ફેરફાર કરાવ્યા ?

૪. પહેલાં આપણા ધ્વજમાં ત્રણ રંગો શા માટે પસંદ કરવામાં આવ્યા હતા ? તેમાં રેંટિયો શા માટે મૂકવામાં આવ્યો ?

૫. ૧૯૪૭ માં હિંદ સ્વતંત્ર થયું ત્યારે આપણા ઝંડામાં શા શા ફેરફાર કરવામાં આવ્યા ?

૬. રાષ્ટ્રધ્વજમાંનું ચક્ર શું સૂચવે છે ? તેના ત્રણ રંગ શું સૂચવે છે ?

૭. આપણો રાષ્ટ્રધ્વજ શાનું પ્રતીક છે ?



પાઠ ૫૧ મો

¤

સત્યાનાશ દારૂનું જાજો

¤

શ્રી. દેવકૃષ્ણ જોશી


[પુસ્તક પહેલામાં તમે 'સ્વરાજ્યનો સૂર્ય ઊગ્યો' નામની વાર્તા વાંચી હશે. એ જ વિષય સંબંધી આ કાવ્ય છે. દારૂ પીવાથી મનુષ્યની કેવી અધોગતિ થાય છે તે અહીં વર્ણવવામાં આવી છે. પોતાના કુટુંબ સાથે સુખચેનમાં રહેતો એક મિલકામદાર દારૂની લતે ચડે છે. પરિણામે તે જીવનનું બધું સુખ ગુમાવે છે. સુંદર સેજમાં સૂનારો તે બેહાલ દશામાં ગટરમાં ગબડે છે. તેના કરતાં તેના કુટુંબની સ્થિતિ વધારે દયાજક બને છે.

આવી કરુણ સ્થિતિમાંથી લાખો કુટુંબોને ઉગારવા આપણી સરકારે દારૂનિષેધનો કાયદો કર્યો છે.]

માતપિતાથી મળેલ મકાનો ને ઘરમાં સુઘડ નાર,
દેવનાં ચક્કર જેવાં બાલુડાં ને મિલમાં હું કામદાર;
નાનું મારું કુટુંબ કેવું!
વેદોમાંના દેવતા જેવું!

કામેથી આવી કલ્લોલ કરું હું તો બેસી બાલુડાંની સાથ,
યોજ્યું હતું અમે સ્વર્ગ નાનકડું શાણાંઓની સંગાથ;
સ્થિતિ મારા ઘરની કેવી
કરે દ્વેષ દેવતા એવી!

આવી છે આઠમ નોરતાની, કોઈએ કીધી વધારીને વાત,
આગ્રહપૂર્વક ખૂબ ઢીંચાવ્યો માતાજીનો પરસાદ!
દારૂ! તને દેવતા જાણી,
પીવા માંડયો પાવળું પાણી.



સુંદર સેજ પલંગ સૂનારો હું ગટરે ગબડું આજ.

સૂક્યાં મકાનો ને મિલકત મૂકી, વેચ્યાં ઘરનાં ઠામ,
વેચ્યાં ખાંડણિયાં ને સૂપડાં વેચ્યાં, ઝાડુ ઈંઢોણી તમામ;
નાણાં જે જે હાથમાં આવ્યાં,
પીઠાવાળે તુર્ત પડાવ્યાં !

નાણાં કાજે હું તો નારીને પીટું, ને બાલુડાં હાલ બેહાલ,
આંખ મીંચી મેં તો સમજણ સામે, નાણાં ગમે ત્યાંથી આલ;
પીવો મારે દારૂડો પ્યારો,
છે ના મને ખ્યાલ તમારો.

બોલ ગુમાવ્યો ને તોલ ગુમાવ્યો, ખ્યાલ ગુમાવ્યા તમામ,
ચોરી લબાડી જુગાર હું ખેલ્યો, કીધાં પિશાચોનાં કામ;
મરજાદા મેં કુળની લોપી,
પૃથ્વી મારે પગલે પાપી !

સુંદર સેજ પલંગ સૂનારો હું ગટરે ગબડું આજ,
બાવડું ઝાલીને વૈરી બિચારી રાખે પરાણે લાજ;
ગાળો કાઢું મુખથી કેવી
કીડા ખરે કાનથી એવી.

દેવ જાણી મેં તો દાનવ, તારા પંથમાં કીધો પ્રવેશ,
આખો ને આખો ખાધો મને, વળી પીડી બાલુડાંની ઘેશ;
સત્યાનાશ દારૂનું જાજો,
ભલું સરકારનું થાજો.

પ્રશ્નો

૧. શરૂઆતમાં મિલકામદારનું જીવન કેવું હતું?
૨. એ કામદાર દારૂની લતે કેવી રીતે ચડ્યો?
૩. તેણે દારૂ પીવા માટે શું શું વેચ્યું?
૪. દારૂડિયાના કુટુંબની શી સ્થિતિ થઇ?
૫. દારૂડિયાની કેવી અધોગતિ થઇ?
૬. 'દારૂડિયાની આત્મકથા' એ વિષય ઉપર એક નિબંધ લખો.



પાઠ પર સો

એ તો મારો હક છે

શ્રી. શંભુપ્રસાદ ભટ્ટ

[ફરજો તરફ બેદરકારી સેવી ડગલે અને પગલે હક માગવાનો આ જમાનો છે. એવા સમયમાં પોતાની ફરજને હક ગણી ખુશીથી વર્તનાર મનુષ્યો વિરલ હોય છે.

લેખકે અહીં રણછોડ કંદોઇનું પાત્ર દોર્યું છે. તે ભાઈ અભણ છે છતાં તેમની ખાનદાની કેવી અજબ છે! ફરજ બજાવવાનો વખત આવે છે ત્યારે તે તેને હક ગણી બજાવવા લાગે છે.]

પોતાના હકની વાતો કોણ નથી કરતું? જ્યાં જુઓ ત્યાં હક માટે મારામારી થાય છે. હારમાં આગળ ઊભા રહેવાનો હક, ગાડીમાં મેળવેલી બેઠકનો હક, નોકરીમાં આગળ જોડાયાનો હક અને એવા બીજા જાતજાતના હકની વાતો કરતાં લોકોને આપણે સાંભળીએ છીએ. પણ પોતાના હકની વાતો રણછોડ કંદોઈ જે રીતે કરતા એ રીતે વાતો કરનારા તમને થોડા જ મળી આવશે. જ્યારે જ્યારે 'એ તો મારો હક છે' એ શબ્દો એ બોલે ત્યારે એ શબ્દોનો અર્થ સમજવા સરખો જ હોય. આજે તો રણછોડ કાકા દેવલોક પામ્યા છે, પણ એમના હકની વાતોને અને એમના ભલા ચહેરાને યાદ કરતાં આજે યે લોકો થાકતા નથી.

એ જુવાન હતા ત્યારે એક કંદોઇને ત્યાં નોકરીએ રહેલા. આવડત ઘણી હતી અને કામ કરવામાં પૂરી નેકદિલી હતી. શેઠના એમના પર ચારે હાથ હતા. ત્યાં એ શેઠ જ ગુજરી ગયો. પાછળ રહ્યાં એક દુઃખિયારી વિધવા અને ખાસ્સાં નવ છોકરાં. આમ તો કેટલીય વખત થયાં રણછોડ સાહસ કરી જુદી દુકાન કરવા વિચાર કરતો હતો. ત્યાં આ બનાવ બન્યો. લોકોને થયું કે હવે તો રણછોડ આગવી દુકાન કરવાનો જ. એની શાખ સારી હતી એટલે એને પૈસા ધીરનારા પણ તૈયાર હતા. પણ સૌની નવાઈ વચ્ચે રણછોડે તો આગલા પગારમાં જ એ વિધવા બાઇની નોકરી કરવાનું ચાલુ રાખ્યું અને એની ઘરાકી ટકાવી રાખી. રણછોડ હોય પછી ધંધાને ફટકો શી રીતે પડે? વિધવા બાઈની દુકાન ચાલી અને ધંધો ટકી રહ્યો.

કોઈ પૂછતું, "રણછોડ આમ કેમ?"

રણછોડ કહેતો, "હું આગવી દુકાન તો ગમે ત્યારે કરી શકીશ.

પણ અત્યારે હું આગવી દુકાન કરું તો આ બિચારીનું શું થાય? નવ તો છોકરાં છે! હું જાઉં એટલે કોઈ પણ અડધો ભાગ માગ્યા વગર એનો ધંધો ચલાવી ન આપે. અને તેમાંય કોણ જાણે શાય ગોટાળા કરે! એમ કરતાં ધંધો પડી ભાંગ્યો તો? જુઓ, હું તો પંડે એકલો છું. અત્યારે મારા પર હક કરતું કોણ આવવાનું છે કે હું ઉતાવળ કરું?"

પૂછનાર કહેતું, "પણ રણછોડ તારે તો આગવી દુકાન કરવી હતી ને?"

રણછોડ કહેતો, "કરવી તો હતી પણ હવે નથી કરવી. બૈરાં છોકરાંની જંજાળ વળગી હોત તો વળી લલચાઈ જાત. પણ હમણાં તો હું પંડે એકલો છું. હું અહીંની નોકરી ચાલુ રાખીશ તો કોઇને ઓછું જ નુકસાન થવાનું છે? એટલે આ બિચારીને મદદ કરવી એ તો મારો હક છે."

પણ બે વરસમાં તો એ બાઇએ જ પોતાની દુકાન સંભાળી લીધી. એનો મોટો છોકરો પણ હવે રણછોડ પાસે તૈયાર થઈ ગયો હતો. રણછોડની મદદ સિવાય પણ ચાલી શકે તેમ હતું. એટલે રણછોડે થોડા રૂપિયા વ્યાજે લાવી પોતાની નાની સરખી દુકાન શરૂ કરી દીધી. વ્યાજે આણેલા પૈસા કાંધાં ભરીને એણે બાર મહિનામાં પૂરા કરવાના હતા.

એ કાંધાં વખતસર ભરવાનાં હતાં. ધંધાની હજી શરૂઆત હતી. પણ રણછોડે હવે બીજો હક શોધી કાઢ્યો હતો. રોજ સાંજે એ દુકાન બંધ કરે તે વેળા બે ચાર ભિખારીઓ ત્યાં હાજર હોવાના જ. વધેલાં ભજિયાં એ ગરીબ ભિખારીઓને વહેંચી આપતો. રણછોડ કાંધાં તો દર મહિને ઠરાવ્યા પ્રમાણે ભરી આવતો; પણ 'ટાંટિયા પરાણે મેળવી શકું છું,' એવી એની

પ્રમાણિક બૂમ રહ્યા કરતી. પૈસા ધીરનાર જગા શેઠને આથી નવાઈ લાગતી અને એનો ધંધો એ કેમ ચલાવે છે એ જાણવાની તેમને ઇચ્છા પણ થઈ આવતી.

એક દિવસની વાત છે. સાંજ પડી હતી. રણછોડને દુકાન બંધ કરવાનો સમય થયો હતો. એણે વધેલાં ભજિયાં રોજના નિયમ પ્રમાણે ભિખારીઓને વહેંચી આપ્યાં. બિચારા નિરાશ્રિત ભિખારીઓ એને દુવા દેતા જતા હતા ત્યાં જ જગા શેઠ ત્યાં થઇને નીકળ્યા. એમણે રણછોડની આ પ્રવૃત્તિ જોઈ અને એને પૂછ્યું, "રણછોડ! તારા ટાંટિયા કેમ નથી મળતા તેનું કારણ આજે મને સમજાયું. તું આમ વેચવાનો માલ વેડફી દે પછી તારી કમાણી ઘટે જ ને!"

રણછોડ કહે, "એમ નથી શેઠ! આ ભજિયાં કાલે તો વાસી થઈ જવાનાં. હવે કોઈ ઘરાક આવનાર નથી. આ બિચારા ભૂખ્યા છે. આવા ગરીબોને આ ભજિયાં વહેંચવાનો મારો હક છે. વાસી ભજિયાંને તાજાં કહી સવારે કોઈ ઘરાકને વેચાય નહિ જ. તો એ ગરીબોને મોંએ જાય તેમાં ખોટું શું છે? એટલે રોજ સાંજે હું એમને વધેલાં ભજિયાં વહેંચી દઉં છું. એ તો મારો હક છે."

પણ કામ પ્રમાણિક, અને આવડત સારી એટલે એણે દેવું ભરી દીધું અને એનો ધંધો પણ ધીકતો ચાલ્યો. દુકાન નાની હતી તે મોટી થઈ. એ પરણ્યો પણ ખરો ને પછી એનું કુટુંબ પણ વધવા માંડ્યું. એ સાથે એના હક પણ વધવા માંડ્યા. કુંવારો હતો ત્યારે એ કહેતો, "કંઈ એકલા માટે ઓછું રંધાય છે?" એમ કહીને તે વધારે રાંધતો અને ગરીબોને આપી દેતો. એમ કુંવારો હતો ત્યારે વધારે રાંધવું એ એનો હક હતો. પરણ્યા પછી તે કહેતો, "હવે તો મારે ગરીબોનો વિચાર કરવો જ

જોઇએ. હવે તો ઘરમાં રાંધનારી આવી છે. ધંધામાં જોઇએ તેથી વધારે ભગવાને આપ્યું છે. ગરીબોને મદદ કરવી એ હવે તો મારો હક છે."

રણછોડના હક આમ વધતા જ ગયા. હવે તો એ જંજાળી બની ગયો હતો. દશ તો છોકરાં થયાં હતાં. ત્યાં એની સાળી, એક નાની છોકરીને મૂકીને મરી ગઇ. તરત પત્નીની સલાહ લઇને રણછોડ એ બાળકીને પોતાને ઘેર લઈ આવ્યો. દશ તો હતાં જ; તેમાં એક વધતાં અગિયારની સંખ્યા થઈ.

કોઇએ પૂછ્યું, "રણછોડ! આ દશ છોકરાંનું લશ્કર તો હતું જ. એમાં આ નવી ઉપાધિ શા માટે વહોરી?"

રણછોડ કહેતો, "એ તો મારો હક છે. દશ ભેગું બિચારું અગિયારમું તો ક્યાં ભળી જશે એ જણાશેય નહિ. એને માટે ઓછું જ જુદું રાંધવું પડવાનું છે? એ દુઃખિયારાને લઈ આવવું ને ઉછેરવું એ તો મારો હક છે. મારે આટલાં દશ છોકરાં છે એને બદલે એક વધારે હોત તો?"

અને એના હકની વાતો આગળ કોઈની દલીલો ટકી શકતી નહિ.

એમ કરતાં રણછોડ કંદોઈ પૈસાદાર થયા અને એમની શાખ પણ ઘણી સારી બંધાઈ. છોકરા છોકરીઓ પણ મોટાં થઈ ગયાં. છોકરા ધંધે વળગી ગયા ને છોકરીઓ પરણીને સાસરે ગઈ. સૌ સુખી હતાં. અને પછી રણછોડ કંદોઈ લાંબું આયુષ્ય ભોગવીને પાછળ લીલી વાડી મૂકીને દેવલોક પામ્યા. એમણે પોતાની મિલકતનું વસિયતનામું એક દિવસ કર્યું હતું. તેમાં દશ હજાર રૂપિયા એમણે પોતાનાં પુત્રપુત્રીઓ વચ્ચે વહેંચ્યા હતા. બાકીની રકમ માટે વ્યવસ્થા કરતાં એમણે નીચે મુજબ એમાં લખ્યું હતું:

"વહાલાં સંતાનો ! ઈશ્વરની કૃપા છે કે તમે સૌ સુખી છો. તમારા સૌની સંમતિ છે એટલે મારી મિલકતના બાકીના સોળ હજાર રૂપિયાનો ઉપયોગ જાહેર હિતનાં કાર્યોમાં કરવાનો હું મારો હક સમજું છું. આમાંથી છ હજાર રૂપિયા ગામના કૂવામાં પંપ મૂકવા માટે વાપરજો. એનાથી ગામમાં પાણી ભરવાની, નાહવાધોવાની અને ખેતીની સગવડ થશે. આ કૂવાનો ઉપયોગ સાર્વજનિક રહે તેમ કરજો. અને બાકીના દશ હજાર રૂપિયાના વ્યાજમાંથી ગરીબ વિધવાઓને તથા અનાથોને અન્નવસ્ત્ર આપજો."

એમ લખીને રણછોડ કાકા ગુજરી ગયા. ગરીબ વિધવાઓને અન્નવસ્ત્ર મળવા લાગ્યાં. કૂવાપર પંપ પણ મૂકવામાં આવ્યો, અને એ પંપ વડે નીકળતું પાણીનું ટીપે ટીપું રણછોડ કાકાના હકની વાતો ગામમાં સૌ કોઈને કહેવા લાગ્યું.

પ્રશ્નો

૧. માણસો કેવા કેવા હક માગે છે ?
૨. શેઠ ગુજરી જતાં રણછોડે આગવી દુકાન શા માટે ન કરી ?
૩. રણછોડે પોતાની આગવી દુકાન કરી ત્યારે શો હક શોધી કાઢ્યો ?
૪. પરણ્યા પછી એણે કયી નવી ફરજો બજાવવા માંડી ?
૫. મૃત્યુ વખતે વસિયતનામામાં એણે લોકકલ્યાણ માટે શું આપ્યું ?
૬. 'વેચવું' અને 'વહેંચવું' એ બે વચ્ચેનો તફાવત સમજાવો.
૭. નીચેનાના અર્થ શોધી કાઢો:—
 ટાંટિયા મળવા, લીલી વાડી.



પાઠ ૫૩ મો

¤

કસ્તુરબા

¤

શ્રી. સોમાભાઈ પટેલ

[ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગો તમે પુસ્તક પહેલામાં વાંચ્યા હશે. આ પાઠમાં કસ્તુરબાના જીવનની આછી રૂપરેખા આપેલી છે. પુરાણોમાં અનેક સતીઓની વાતો છે. પણ બા તો આધુનિક જમાનાનાં સતી હતાં. માટે જ તેમને જગદંબાનું બિરુદ અપાયું છે. ગાંધીજી મહાન થયા તેમાં કસ્તુરબાનો ફાળો પણ નાનોસૂનો ન હતો. કસ્તુરબાએ ગાંધીજીની અને દેશની ખૂબ સેવા કરી છે. માટે તો તેઓ હિંદનાં બા કહેવાયાં. આ પાઠ પત્રના રૂપમાં છે.]

ચિ. બહેન રેણુ,

કાલે મહાશિવરાત્રી. ઉપવાસ અને જાગરણની તૈયારી ચાલતી હશે. પણ એ તો ભૂલી નથી ને કે કાલે જગદંબા કસ્તુરબાની પુણ્યતિથિ છે?

કસ્તુરબા તો સહુનાં બા. કવિ શ્રી. ન્હાનાલાલે એમની પોતાની શૈલીમાં બાને વિષે કહ્યું છે :

આશ્રમની એ માતુશ્રી, નગરની એ જોગણ,
પ્રજાસંઘની એ પ્રેરણા, જગતની સત્પત્નીઓનું ભૂષણ,
અમારી એ તો અનુપમ ગુજરાતણ,
ભગવતી કસ્તુરબાઈ ગાંધી.

કસ્તુરબા કોઈ નિશાળે જઇને ભણ્યાં ન હતાં. એમનામાં એવી કંઈ બુદ્ધિપ્રતિભા ન હતી. એમનામાં એવું નવુંનવું કરી નાખવાની ખાસ સૂઝ ન હતી, છતાં સહુનાં એ બા બની શકયાં હતાં. “ મારે જીવનસાથીની પસંદગી કરવાની હોય તો હું જન્મોજન્મ કસ્તુરબાને જ માગું, ” એવું બાપુ પણ કહેતા.



કસ્તુરબા

કસ્તુરબામાં એવું શું હતું કે તે આવાં મહાન થઈ શકયાં? એમનામાં બીજું ઘણું ય હતું, પણ સહુથી આગળ તરી આવે એવી હતી એમની પતિપરાયણતા અને સેવાવૃત્તિ. પોતાના પતિને અનુકૂળ બનવા એમણે જીવનભરની તપશ્ચર્યા માંડી હતી એમ કહીએ તો ય ચાલે.

ગાંધીજી હજી તો તેર જ વરસના હતા ત્યાં કસ્તુરબા સાથે એમનાં લગ્ન થયાં હતાં. કસ્તુરબાને વાંચતાં લખતાં ય આવડતું ન હોતું. બા બાપુ કરતાં છ મહિને મોટાં. બાપુને ખરાબ મિત્રોની સોબતમાં ફરતા જોઇને બા મોટપણને દાવે એમને સલાહ આપે. બા દેવમંદિરે, સગેવહાલે જતાં હોય તેમને પતિપણાને દાવે ગાંધીજી રજા વગર બહાર ન નીકળવાની આજ્ઞા ફરમાવે. ગાંધીજીના મનમાં કે કસ્તુરબા કંઈ વાંચતાંલખતાં શીખે તો સારું. કસ્તુરબા માનતાં હોય કે ભણીગણીને શું મડમડી બનવું છે? આમ બન્ને વચ્ચે ચડભડ ચાલ્યા કરે.

પછી તો ગાંધીજી વિલાયત જઈ વકીલાતનો અભ્યાસ કરી આવ્યા. થોડો વખત હિંદુસ્તાનમાં રહી આફ્રિકા ગયા. પાછળથી કસ્તુરબાને પણ ત્યાં જવાનું થયું. આફ્રિકામાં બાપુએ ત્યાંની હિંદી પ્રજાના ઉદ્ધારનું કામ ઉપાડ્યું હતું. એમનું ઘર એટલે ધર્મશાળા. જે કોઈ આવે તેનું આતિથ્ય બાને કરવાનું. ગાંધીજીની ઑફિસના માણસો પણ ગાંધીજી સાથે કુટુંબીઓની માફક જ રહે. એમનાં વાસણકૂસણ સાફ કરવાનું ગાંધીજીએ પોતાને અને કસ્તુરબાને માથે રાખેલું. સહુનાં તો ઠીક, પણ એક ખ્રિસ્તી ભાઈનાં ઠામ સાફ કરતાં જૂના વિચારનાં કસ્તુરબાનો જીવ જાય. એક દિવસ એમનું મોં ચઢ્યું. ગાંધીજી ખિજાયા. એમણે કહ્યું, "મારા ઘરમાં આ નહિ ચાલે." તડ દઈને બાએ જવાબ આપ્યો, "તો રહ્યું તમારું ઘર તમારી પાસે." બાપુએ કસ્તુરબાને હાથ પકડીને ઘર બહાર કાઢી મૂકવા માંડ્યાં. બાથી રોવાઈ ગયું. તેમણે કહ્યું, "તમે દુનિયાની લાજશરમ છોડી હશે. મેં છોડી નથી. પરદેશમાં ઘર છોડીને જાઉં પણ ક્યાં?" એ જ કસ્તુરબા ધીમેધીમે સહુ સાથે ભળી ગયાં, અને પોતાના પતિને સમજવા લાગ્યાં.

એક વાર બહારથી આવીને બાપુ બાને કહેવા લાગ્યા, "આજથી તું મારી પત્ની મટી ગઈ." કસ્તુરબા કહે, "તમને રોજ આવા તુકકા ક્યાંથી સૂઝે છે?" બાપુ કહે, "એ કંઈ મારો તુક્કો નથી. પેલો સ્મટ્સ એમ કહે છે." રેણુ, તે દિવસે બા સ્મટ્સના ઉપર કેવાં ઊકળી પડ્યાં હશે એનો ખ્યાલ આવે છે?

વાત એમ બની હતી કે ત્યાંની અદાલતમાં એક મુકદ્દમો ચાલતો હતો. તેનો નિકાલ એવો આવ્યો કે ખ્રિસ્તી વિધિ અનુસાર નોંધાયેલાં ન હોય એવાં લગ્ન ફોક ઠરે. આફ્રિકાની હિંદી પ્રજાનું આ અપમાન હતું. હિંદીઓના માર્ગમાં અંતરાય

નાખવાનો આ એક ઉપાય હતો. કસ્તુરબા વસ્તુસ્થિતિ સમજ્યાં. ગાંધીજીની સલાહ મળે તો સત્યાગ્રહ કરી જેલમાં જવા તૈયાર થયાં. તે વખતે કસ્તુરબાની તબિયત બરાબર ચાલતી ન હતી. કદાચ જેલમાં જ મૃત્યુ થાય તો? ગાંધીજી કહે, "તું જેલમાં મરી જઈશ તો જગદંબાની જેમ હું તને પૂજીશ."

હિંદી મહિલાઓએ સત્યાગ્રહ કર્યો, અને સંખ્યાબંધ બહેનો જેલમાં ગઈ. કસ્તુરબા પણ ગયાં. જેલમાં એમને અનેક યાતના વેઠવી પડી. એ વીરાંગનાઓની અડગતા આગળ તુમાખી ગોરી સરકારને નમવું પડ્યું. હિંદી વિધિ અનુસાર થયેલાં લગ્નો કાયદેસર ગણાશે એવી ઘોષણા થઈ. પતિની મહત્તા બાને હૈયે વસી. પોતાના મહાન પતિને અનુકૂળ થવાનો બા પ્રયત્ન કરતાં રહ્યાં. ગાંધીજી બાને સમજતા થયા, એમના પ્રત્યે સહાનુભૂતિથી જોતા થયા; એટલું જ નહિ હરકોઈ વાતમાં કસ્તુરબાની સલાહ લેતા થયા. આનો અર્થ એ નથી કે એ પહેલાં બાપુ બાને પૂછ્યા વિના જ બધું કરતા. બાનો પ્રભાવ જ એવો હતો કે એમની સલાહ વિના કશું કરવાનું મન જ ન થાય. બા ખપપૂરતું વાંચતાંલખતાં શીખ્યાં, ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી શીખ્યાં. બા સાથીઓનાં પ્રેરણામૂર્તિ બનતાં ગયાં. બા એટલે દુઃખદાઝયાંનો વિસામો.

પછી બાપુ હિંદુસ્તાન આવી રહ્યા અને બિહારમાં ખેડૂતોનાં દુઃખો નિવારવા ગયા. ત્યાં બાએ પોતાના જેવું કાર્ય ઉપાડી લીધું— બાળકોને નવરાવવા ધોવરાવવાનું ને તેમને સ્વચ્છતાના પાઠો શીખવવાનું, માંદાંઓની માવજતનું અને સાથીઓ માટે રસોઈ-પાણી કરવાનું.

તે પછી તો બા અનેકવાર જેલ પણ જઈ આવ્યાં. પોલીસના

ત્રાસનો ભોગ બનેલી બહેનોને દિલાસો આપવા માંદગીને બિછાનેથી ઊઠીને દોડી જતાં પણ જગતે એમને જોયાં. પતિને પગલે ચાલીને તેઓ અસ્પૃશ્યોને અપનાવતાં થયાં. પોતાના પેટની દીકરી ન હતી, એટલે કસ્તુરબાએ લક્ષ્મી નામની એક હરિજન બાળકીને પોતાની દીકરી પણ બનાવી.

એક વાર તો એમણે બાપુને મૃત્યુના મુખમાંથી બચાવી લીધા. બાપુએ દૂધ છોડી દીધું હતું. દૂધ લેવા ન માંડે તો બાપુની તબિયત સુધરે એમ લાગતું ન હોતું. બાએ એનો માર્ગ બતાવ્યો. બા કહે, બાપુએ દૂધ છોડ્યું ત્યારે એમના મનમાં ગાયભેંસના દૂધની કલ્પના હતી, તેથી બકરીનું દૂધ લેવામાં વાંધો નહિ આવે. કસ્તુરબાની દલીલ સહુને ગળે તો ઊતરી જ, પણ બાપુને ગળે ય ઊતરી. બાપુ ઊગરી ગયા.

ગાંધીજી જ્યાં હોય ત્યાં દેશની અને પરદેશની અનેક વ્યક્તિઓ એમને મળવા આવે, સભાઓ થાય, ચર્ચાઓ ચાલે. પણ એમાં કસ્તુરબા ક્યાં ય નજરે ન પડે. એમને શોધવાં હોય તો રસોડામાં, કોઠારમાં, માંદાંઓના ખંડમાં જઈને શોધી લેવાં પડે. માંદાં તો બાની માવજતથી જ અર્ધાં સારાં થઈ જાય.

બાબુ રાજેન્દ્રપ્રસાદે એમની સરળ શૈલીમાં બા વિશે શું કહ્યું છે તે તું જાણે છે? તેનાથી એમની મહત્તાનો તને ખ્યાલ આવી જશે.

"તેઓ પણ મહાત્માજી સાથે આગાખાનમહેલમાં હતાં. ઘણા દિવસથી બીમાર રહ્યા કરતાં હતાં. છેવટે ચાલી નીકળ્યાં. ગાંધીજીનાં સહધર્મિણી રહેવાનું સૌભાગ્ય એમને જીવનના અંતકાળ સુધી મળ્યું. ગાંધીજીની ગોદમાં જ એમનું મહાપ્રસ્થાન થયું. એમના જેવું સૌભાગ્ય કોનું? એમને બધાં જ બા કહેતાં.

એ સાચે જ સૌનાં બા હતાં. એમની સાથે રહેવાનો પ્રસંગ આવતો તો બા અચૂક અમને માતાના સ્નેહનો અનુભવ કરાવતાં. ....બા હતાં આર્ય મહિલાઓનાં આદર્શમૂર્તિ, ભારતીય સંસ્કૃતિનાં પ્રતીક અને મૂર્તિમંત પ્રેમ. એ સાચે જ બા હતાં અને બા થઇને રહ્યાં. એક વાર ગાંધીજીએ મને કહ્યું હતું, ‘બાને બા કહેતાં મને ખૂબ આનંદ આવે છે.’ પતિપત્નીનો જે દુન્યવી સંબંધ હોય છે તેનો તો બન્નેએ સ્વેચ્છાપૂર્વક ત્યાગ કર્યો હતો. તેઓ ખરેખર બાપુનાં બા બની ગયાં હતાં.”

આવાં હતાં આપણાં સૌનાં એ બા. એ જેલમાં મૃત્યુ પામ્યાં. ગાંધીજીએ તો એમને જગદંબાની જેમ પૂજ્યાં જ હશે. આખા જગતે બા પ્રત્યેનું પોતાનું ઋણ એમનું સ્મારક ઊભું કરીને અદા કર્યું છે. એમની પુણ્યતિથિએ આપણે એમનું સ્મરણ કરીએ ને બાકી રહેલું ઋણ અદા કરીએ.

લિ૦
વિનુભાઈના આશિષ

પ્રશ્નો

૧. કસ્તુરબા કેટલું ભણ્યાં હતાં? તેમનામાં કયા બે મોટા ગુણ હતા?
૨. આફ્રિકામાં જનરલ સ્મટ્સે કયો કાયદો પસાર કર્યો?
૩. આ કાયદાનો વિરોધ કરવા કસ્તુરબાએ શું કર્યું?
૪. ગાંધીજી કસ્તુરબાની સલાહ લેતા કે નહિ?
૫. કસ્તુરબાએ ગાંધીજીને મૃત્યુના મુખમાંથી શી રીતે ઉગાર્યા?
૬. ‘કસ્તુરબા હિંદનાં બા હતાં’ એ દર્શાવવા દસ લીટી લખો.
૭. નીચેના શબ્દોમાંથી નામ બનાવોઃ—
મહાન, પતિપરાયણ, અડગ, પ્રેરવું, ત્યજવું, સ્મરવું.



પાઠ ૫૪ મો

¤

દુનિયા દવે બળે હો

¤

શ્રી. ભાનુશંકર વ્યાસ

[દુનિયામાં નદીઓ છે, સમુદ્ર છે, વરસાદ છે, છતાં તેમાં આગ લાગી છે. એ આગ દેખાતી નથી છતાં આપણે બધા અનુભવીએ છીએ.

યુદ્ધોના હત્યાકાંડ, રંગભેદ, ભૂખમરો, ગરીબી, એ બધાંથી દુનિયા ભડકે બળી રહી છે. કવિ એ દાવાનળને ઠારવા માટે કહે છે.

એ અગ્નિને ઠારવા માટે જલનાં ઝરણાં, લોહીની નદીઓ, ચંદ્રતારાના પ્રકાશ, અને બુદ્ધ, ઇસુ ખ્રિસ્ત તથા ગાંધીજી જેવા મહાપુરુષોનાં વચનોમાંથી અમૃત ઝર્યાં, પણ તે દવ ઓલવાયો નહિ, અને મહાકાળની ક્ષુધા શાંત થઈ નહિ.

આ કાવ્યના લેખક અગ્રગણ્ય કવિ અને લેખક છે. તેમનું 'કેદી' નામનું કાવ્યોનું પુસ્તક તમે જરા મોટા થાઓ ત્યારે જરૂર વાંચજો.]

દુનિયા દવે બળે હો
　　એને દાવાનળ કો ઠારો.
ધરતી ધખે ધખે હો
　　એને પાણીડાં કો સીંચો. ....દુનિયા૦

એને અંતર આગ સળગતી
　　પ્રચંડ ભડકા એના;
યુગ યુગ કેરાં વાદળ વરસ્યાં
　　તો ય ન એ હોલાણા. ....દુનિયા૦

જલઝરણાં તો અનેક વ્હેતાં
　　રુધિરઝરણુ પણ વ્હાવ્યાં;
પાયા પાયા સતત સ્રોત એ
　　તો ય ન તર્પણ લાધ્યાં. ....દુનિયા૦

કૈં માનવ કૈં અન્ય પ્રાણીનાં
એણે ભક્ષણ કીધાં;
વિશ્વભૂખ્યા એ મહાકાળનાં
ઉદર ન તોય ભરાણાં. ....દુનિયા૦

દૂર દૂરથી ચંદ્રતારકો
પ્રકાશ શીતળ સીંચે;
પટપર શાંતિ વળી ન વળી ત્યાં
અંતરદાહ ભભૂકે. ....દુનિયા૦

સ્પર્શનેત્રનાં સુધાવર્ષણે
ભીતરને ભીંજવતા
અમૃતઘનો અવતરી ગયા, એ
સિંચન આજ સુકાયાં. ....દુનિયા૦

પ્રશ્નો

૧. દુનિયામાં કયા પ્રકારની આગ લાગી છે ?
૨. કેટલાં વર્ષથી એને ઠારવા પ્રયત્ન થાય છે ?
૩. એને ઠારવા માટે શાનો શાનો ઉપયોગ થયો ?
૪. સમજાવો:—
સ્પર્શનેત્રનાં સુધાવર્ષણે.....સુકાયાં.



પાઠ ૫૫ મો

¤

યુદ્ધજહાજ "દિલ્હી"

¤

શ્રી. વામનરાય મહેતા

[પહેલા પુસ્તકમાં તમે 'દિલ્હી' સંબંધી એક પાઠ વાંચ્યો હશે. પણ એ દિલ્હી અને આ "દિલ્હી" બન્ને જુદાં છે. અહીં તો 'દિલ્હી' નામના લડાયક જહાજ સંબંધી લેખકે આછો ખ્યાલ આપ્યો છે. હવે આપણે સ્વતંત્ર થયા એટલે આપણા રક્ષણનો વિચાર આપણે કરવો જ જોઇએ. તમને આ પાઠ વાંચવો જરૂર ગમશે અને તમારામાંના કોઇકને ભવિષ્યમાં હિંદના નૌકાદળમાં જોડાવાની ઇચ્છા પણ થઈ જશે.]

આપણા દેશના પાટનગરનું નામ દિલ્હી છે, તેવી જ રીતે આપણા દરિયાઈ કાફલાના પહેલા લશ્કરી જહાજનું નામ પણ દિલ્હી છે.

દુનિયાના દરેક દેશને પોતાના રક્ષણ માટે લશ્કર રાખવું પડે છે. લશ્કરના ત્રણ વિભાગ હોય છે: ખુશકી, તરી અને હવાઈ. જમીનપરની સેના ખુશકી કહેવાય છે, દરિયાઇ સૈન્યને તરી કહે છે અને વિમાની ફોજને હવાઈ કહેવામાં આવે છે.

અત્યાર સુધી આપણે અંગ્રેજોના તાબેદાર હતા. તેથી આપણું રક્ષણ તેમનું સૈન્ય જ કરતું. પરંતુ હવે તો આપણે સ્વતંત્ર થયા. આપણું લશ્કર હવે આપણે જ તૈયાર કરવું જોઇએ. એ લશ્કર ખૂબ જ વ્યવસ્થિત અને મજબૂત હોવું જોઇએ. આપણા રક્ષણનો ભાર હવે આપણે માથે જ આવ્યો છે.

ઉત્તર દિશામાં તો હિમાલયદાદા આપણી રક્ષા કરતા બેઠા છે. ભારતનું એ કુદરતી રક્ષણ છે. પણ બીજી ત્રણે દિશાએ દરિયો

આવેલો છે. પૂર્વમાં બંગાળનો ઉપસાગર, દક્ષિણે હિંદી મહાસાગર અને પશ્ચિમે અરબી સમુદ્ર. એટલે એ ત્રણ દિશાઓ આપણે સાવચેતીથી સંભાળવી જોઇએ. આપણો દેશ શાંતિચાહક છે. આપણે કોઈ પણ દેશ ઉપર ચડાઈ કરવા નથી ચાહતા; પણ જો કોઇ દેશ આપણા વતન ઉપર ચડાઈ કરે તો તેનો સામનો કરવાની તાકાત આપણે ધરાવવી જ જોઇએ. વળી, લાખો રૂપિયાનો માલ લઇને દરિયામાર્ગે અવરજવર કરતાં આપણા વેપારીઓનાં વહાણોને પણ આપણે રક્ષણ આપવું જ જોઇએ. એટલે આપણા નૌકાદળને સુસજ્જ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

વરસો પહેલાં તો આપણી જરૂર પૂરતાં વહાણો આપણે જ બાંધી શકતા હતા. પણ ગુલામીએ આપણી તે આવડતને છીનવી લીધી. આજે હવે થોડાં વહાણ આપણા દેશમાં તૈયાર થઈ રહ્યાં છે. પણ લડાઈમાં કામ આવે તેવાં યુદ્ધજહાજ બાંધતાં હજી થોડો સમય લાગશે. તેથી અંગ્રેજોના નૌકાકાફલામાંનું એક યુદ્ધજહાજ આપણા નૌકાદળ માટે ૧૯૪૮ ના જુલાઈની ૫મી તારીખે ખરીદવામાં આવ્યું. તેનું નામ 'એકિલિસ' હતું. હવે તેને 'દિલ્હી' નામ આપવામાં આવ્યું છે.

આ જહાજ પાંચસો પંચાવન ફૂટ લાંબું છે—એક ફર્લાંગમાં થોડું જ ઓછું, અને તેની વધારેમાં વધારે પહોળાઈ પંચાવન ફૂટ છે. તેના તૂતક ઉપર ૭૦૦ ખલાસીઓને લશ્કરી તાલીમ આપી શકાય છે.

'દિલ્હી'નું વજન સાત હજાર ટન છે અને દર કલાકે તે ૩૦ દરિયાઈ માઇલની ઝડપે ચાલે છે. એટલે કે દર મિનિટે ત્રણ હજાર ને ચાળીસ ફૂટ કાપી શકે છે. બધી જાતનાં સંપૂર્ણ આધુનિક શસ્ત્રો ઉપરાંત ૬ ઇંચની છ તોપો અને ૪ ઇંચની

૮ તોપો અને ટોર્પિડોથી તે સજ્જ છે. આ જહાજ ૧૯૩૧ માં બંધાયું હતું. તેને બાંધતાં લગભગ અઢી વરસ લાગ્યાં હતાં. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જાણીતી જર્મન મનવાર ગ્રેફસ્પી સાથેના યુદ્ધમાં આ જહાજે ખૂબ જ મહત્ત્વનો ભાગ લીધો હતો. તેણે જાપાનનાં લડાયક જહાજો સામે પણ યુદ્ધ ખેલેલાં. આ ઉપરાંત બીજી ઘણી નાનીમોટી લડાઇઓમાં તેણે વીરતા દાખવી છે.

ભારતીય નૌકા સેના માટે તેની ખરીદી થયા પછી ૧૫ મી સપ્ટેંબર ૧૯૪૮ ને દિવસે તે હિંદ આવી પહોંચ્યું ત્યારે હિંદના દરવાજા—મુંબઈ—માં તેનું સ્વાગત કરવા હિંદના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને સંરક્ષણ પ્રધાન સરદાર બલદેવસિંહ હાજર રહ્યા હતા. એટલા ઉપરથી જ આપણા આ જહાજનું મહત્ત્વ કેટલું છે તે તમે સમજી શકશો.

'દિલ્હી' ઉપરાંત આપણા નૌકાદળ માટે બીજી ત્રણ વિનાશિકાઓ રોધરહૅમ, રિડાઉટ અને રેઈડર પણ ખરીદવામાં આવી છે. તેમનાં નામ બદલીને હવે 'રણજીત', 'રાણા' અને 'રજપૂત' રાખવામાં આવ્યાં છે.

આ ચાર યુદ્ધજહાજોમાંથી કોઇને પણ જોવા જવાની તક જ્યારે પણ મળે ત્યારે ગુમાવશો નહીં.

પ્રશ્નો

૧. લશ્કરના કેટલા ભાગ છે?
૨. આપણે સ્વતંત્ર થયા તે પહેલાં આપણું રક્ષણ કોણ કરતું?
૩. આપણને લડાયક જહાજની જરૂર શા માટે પડી?

૪. 'દિલ્હી' જહાજનું મૂળ નામ શું હતું? તેણે બીજા વિશ્વયુદ્ધમાં શી સેવા બજાવી?

૫, 'દિલ્હી' જહાજનુ વર્ણન કરો.

૬. નવી ખરીદેલી ત્રણ વિનાશિકાઓનાં નામ આપો.



પાઠ ૫૬ મો

¤

એકલો જાને રે!

¤

સ્વ. મહાદેવભાઈ દેસાઈ

[આ પાઠના લેખકને કોણ નહિ ઓળખે? તેઓ ગાંધીજીના મંત્રી હતા–તેમના જમણા હાથ જેવા હતા. જ્યાં ગાંધીજી હોય ત્યાં મહાદેવભાઇ હોય જ. ૧૯૪૨ મહાન પ્રજાકીય આંદોલન પહેલાં જ તેમને સરકારે પકડી જેલમાં પૂર્યા. ત્યાં જ થોડા વખતમાં તેમનું મૃત્યુ નીપજ્યું. તેઓ એક પ્રતિભાશાળી લેખક હતા તેમનું આ કાવ્ય ખૂબ જાણીતું છે. તે એક બંગાળી કાવ્ય ઉપરથી ઉતારેલું છે. લેખક કહેવા માગે છે કે ગમે તેવી મુશ્કેલી હોય અને મદદગાર કોઈ ન હોય છતાંયે મનુષ્યે હિંમત ન હારવી અને એકલે હાથે હિંમતથી પોતાનો માર્ગ કાઢવો.]

તારી જો હાક સુણી કોઈ ના આવે
તો એકલો જાને રે!

એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે! તારી૰

જો સૌનાં મોં સિવાય—
ઓ રે ઓ રે ઓ અભાગી!
સૌનાં મોં સિવાય;

જ્યારે સૌએ બેસે મોં ફેરવી,
સૌએ ડરી જાય,

ત્યારે હૈયું ખોલી,
અરે તું મોં મૂકી તારા મનનું ગાણું,
એકલો ગાને રે! તારી૦

જો સૌએ પાછાં જાય—
ઓ રે ઓ રે ઓ અભાગી!
સૌએ પાછાં જાય;

જ્યારે રણવગડે નીસરવા ટાણે,
સૌ ખૂણે સંતાય;

ત્યારે કાંટા-રાને,
તો તારે લોહીનીગળતે ચરણે ભાઈ,
એકલો ધાને રે! તારી૦

જ્યારે દીવો ના ધરે કોઈ—
ઓ રે ઓ રે ઓ અભાગી!
દીવો ના ધરે કોઈ;

જ્યારે ઘનઘોરી તુફાની રાતે,
બાર વાસે તને જોઈ,

ત્યારે આભની વીજે
તું સળગી જઈ સૌનો દીવો
એકલો થાને રે! તારી૦

તારી જો હાક સુણી કોઈ ના આવે—
તો એકલો જાને રે!

એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે ! તારી૦

પ્રશ્નો

૧. જ્યારે તમારી હાંક સાંભળી કોઈ ન આવે તો તમારે શું કરવું ?

૨. રણવગડે જતાં કોઇ તમારો સાથી ન થાય તો તમારે શું કરવું ?

૩. જ્યારે તમને જોઈ કોઇ બારણું વાસે ત્યારે તમારે શું કરવું ?

૪. આ કાવ્યમાં કવિ શું કહેવા માગે છે ?

૫. સમજાવો:—

ત્યારે આભની વીજે
તું સળગી જઇ સૌનો દીવો
એકલો થાને રે.

૬. સમજાવો:—

મોં મૂકવું, મોં ફેરવવું, મોં સિવાવું.



શબ્દકોશ

અ

અક્ષત–અખંડ અનાજના દાણા, ચોખા
અખંડિત–ભાંગેલું નહિ તેવું
અગ્નિસંસ્કાર–મડદાને બાળવાની ક્રિયા
અચિંત્ય–એકાએક.
અજાતશત્રુ–જેને કોઈ સાથે દુશ્મનાવટ નથી એવા.
અજુગત–અયોગ્ય, અઘટિત
અજેય–જીતી ન શકાય એવું
અટૂલો–એકલો
અડવડિયાં–લથડિયાં, ચકરી
અણુ–નાનામાં નાનો ભાગ
અણૂજો–કારીગરોનો રજાનો દિવસ
અથથી ઇતિ સુધી–શરૂઆતથી અંત સુધી
અધમ–નીચ
અનશન–ઉપવાસ
અનાશ્રય–આશ્રય વિનાનું
અનુપમ–અજોડ
અંતરદાહ–અંતરની આગ
અંતર્યામી–ઈશ્વર
અપનાવવું–પોતાનું કરવું કે માનવું
અભિષેક–નવા રાજા ઉપર જલસિંચન કે તેનો વિધિ
અભિસારિકા–સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી
અમરાપુરી–સ્વર્ગ
અમીદૃષ્ટિ–મીઠી નજર
અમીમીટ–મીઠી નજર
અમૃત ઘનો–અમૃત વરસાવતા મેઘ
અમૃતસ્રવિયા–સજીવન કરે એવા
અમોઘ–અચૂક, અફળ ન જાય એવું
અમંગળ–અશુભ
અરુણોદય–સૂર્યોદય
અર્ચન–પૂજા, કપાળે ચંદન લગાવવું
અર્થાત્–એટલે કે
અરાંપરાં–દૂર
અલોપ–અદૃશ્ય
અવદશા–ખરાબ દશા, પડતી
અવધ–અંત, છેડો
અવધિ–હદ, નિશ્ચિત સમય
અવની–પૃથ્વી
અવાક્–મૂક, સ્તબ્ધ
અસહ્ય–સહન ન થાય તેવું
અસંભવિત–અશક્ય
અસ્તિત્વ–હયાતિ
અસ્વસ્થ–અશાંત, બેચેન
અંગી–ખાસ પોતાનું
અંજામ–પરિણામ, અંત
અંતરાય–નડતર

આ

આક્રમણ–હુમલો

આક્રંદ-રુદન
આગાહી-ભવિષ્યનું સૂચન
આત્મઘાત-આપઘાત
આપદા-દુઃખ
આફરીન-ફિદા, ખુશખુશ
આમજનતા-સાધારણ લોકો
આમ્લરસ-ખાટો રસ
આયખાભર-આખી જિંદગી
આયુર્વેદોદ્ધારક મંડળ-આયુર્વેદ (હિંદનું પ્રાચીન આરોગ્યશાસ્ત્ર)નો ઉદ્ધાર કરનારી મંડળી
આર્યત્વ-હિંદુત્વ
આર્યપત્ની-હિંદુ પત્ની
આલંકારિક-અલંકારયુક્ત
આવાગમન-આવવું ને જવું તે
આશ્ચર્યમૂઢ-આશ્ચર્યથી મૂઢ બનેલો
આસાની-સહેલાઈ
આહાર-ખાઈ જવું તે
આંજણહીણી-તેલ આંજ્યા વિનાની
આંતરવૃત્તિ-મનની સ્થિતિ

ઈ

ઇત્યાદિ-વગેરે
ઈન્ડયન ટાઇમ-અનિયમિત દેશી સમય
ઇંદુ-ચંદ્ર
ઇન્કાર-અસ્વીકાર, નામંજૂરી
ઇષ્ટમિત્ર-વહાલાં જનો અને મિત્રો

ઉ

ઉગ્રતમ-ખૂબ આકરો
ઉગ્રતા-ક્રોધ
ઉત્થાપન-ઊખડી જવું તે, નાશ
ઉત્સુક-આતુર
ઉદર-પેટ
ઉદે-ઊગવાનો, ઊગેલો
ઉન્નત-ઊંચું
ઉન્માદ-ઘેલછા
ઉપનિષદ-હિંદુઓનો ધર્મગ્રંથ
ઉપાર્જિત કરેલું-મેળવેલું, કમાયેલું
ઉપાસના-આરાધના, ભક્તિ
ઉવાટે-આડે રસ્તે
ઉષ્મા-ગરમી

ઊ

ઊગણી-ઊગવાની રીત
ઊપટવું-ઊલટભેર ધસવું
ઊર્મિહીન-લાગણી વિનાનું

ઋ

ઋણ-કરજ
ઋતુરાણી-ઋતુઓની રાણી વસંત

એ

એટેન્શન-ધ્યાન
એડિટિંગ-છાપાના સંપાદનનું કાર્ય
એસેમ્બ્લી-ધારાસભા

ઐ

ઐચ્છિક-સ્વેચ્છાપૂર્વક
ઐહિક-આ દુનિયાનાં

ઓ

ઓથ–આધાર, આશરો
ઓવારી નાખવું–કુરબાન કરવું
ઓળવવું–પચાવી પાડવું

ઔ

ઔષધિ–દવા

ક

કપરી–મુશ્કેલ, અઘરી
કમલસમ–કમળ જેવું
કમ્પ્લેઈન્ટસ–ફરિયાદ
કર–હાથ
કરપીણ–કમકમાટીભર્યું, નિર્દય
કરુણા–દયા
કર્કશતા–કઠોરતા, નિર્દયપણું
કલરવ–મધુર અવાજ
કલ્પાંત–અતિશય રડવું
કવણ–કોણ
કસૂંબલા–અફીણ
કળેળે–કળકળ કરે
કંકણ–બંગડી
કામિની–સુંદરી
કાવો–બુંદદાણાનો ઉકાળો
કાસળ કાઢવું–નડતર કે. પીડા દૂર કરવી
કાળહુતાશ–ભૂખનો ભયંકર અગ્નિ
કાંટા–રાન–કાંટાવાળું જંગલ
કાંતિમય–સુંદર, શોભિત
કાંધા–હપતા
કિંતુ–પરંતુ
કુરાનેશરીફ–મુસલમાનોનો ધર્મગ્રંથ
કુહર–ગુફા, બખોલ
કુંજનિકુંજ–લતામંડપ
કૂખ લજાવવી–માને ખોબ લગાડવી
કૃતજ્ઞતા–કરેલ ઉપકારની કદર કરવી
કૃતાર્થ–કૃતકૃત્ય, પોતાની ફરજ પૂરી કરી શક્યું હોય એવું
કૃષ્ણપક્ષ–અંધારિયું
કૈલાસ–સ્વર્ગ
કોરિયા–ચીન પાસેનો એક દેશ
કોશિયો–કોશ ચલાવનાર કે હાંકનાર
કૌમુદીઊજળો–ચાંદની જેવો સફેદ
ક્ષિતિજ–દૃષ્ટિમર્યાદા
ક્ષીણ–નબળો
ક્ષુધા–ભૂખ

ખ

ખટકો–શક, સંદેહ
ખડ્ગ–તલવાર
ખતરનાક–ભયભર્યું
ખમીર–લોહી
ખાંભી–પાળિયો, સ્મરણસ્તંભ
ખિન્ન–દિલગીર
ખેવના–કાળજી, દરકાર
ખોરાસાની–ખોરાસાનના

ગ

ગડારો–અંદરનો ભાગ
ગરક–ડૂબેલું, મગ્ન
ગરવું–ગૌરવવાળું
ગર્ભશ્રીમંત–જન્મથી પૈસાદાર

ગર્ભિત–મોઘમ, છૂપું
ગંગાયમુના વહેવડાવવી–બન્ને આંખે ખૂબ આંસુ સારવાં
ગંધમંડપ–સુગંધીભર્યો માંડવો
ગૃહસૃષ્ટિ–ઘરઘરના ખેલ
ગેબ–આકાશ
ગેંડો–એક જંગલી જાનવર
ગોઝારું–હત્યારું, અપવિત્ર
ગોઠડી–છાની, અંતરની વાત
ગૌરવ–મહત્તા
ગૌરવાન્વિત–ગૌરવ ભરેલું
ગ્રહણ કરવું–સમજવું, શીખવું

ઘ

ઘટ–શરીર
ઘનઘોરી–ગાઢ, ભયંકર
ઘમસાણ–ભયંકર યુદ્ધ
ઘેંશ–ખાવાની એક હલકી વાની, ભરડકું
ઘોર–ભયંકર અવાજ
ઘોષ–અવાજ

ચ

ચક્કર જેવડાં–રૂડારૂપાળાં
ચક્રવર્તી–સાર્વભૌમ રાજા
ચાર હાથ–ખૂબ મહેરબાની
ચુનંદી–ઉત્તમ, ખાસ પસંદ કરેલી
ચૂગવું–ચાંચ વડે ખાવું

છ

છપ્પનિયો કાળ–સંવત ૧૯૫૬ માં પડેલો મોટો દુકાળ; અતિ ભૂખ્યો
છાકમછોળ–પુષ્કળતા
છાંડવું–ત્યજવું

જ

જગદંબા–જગતની માતા
જનતા–લોકસમૂહ
જનેતા–માતા
જન્મદાત્રી–જન્મ આપનાર
જરિયાન–જરીવાળી
જલસિકત–પાણીથી ભીંજાયેલ
જળબંબાકાર–જળમય
જંખજાળ–ગીચ ઝાડી
જાચક–માગનાર
જાની–જાન સમું પ્રિય
જીભ ચાવવી–બોલવા પ્રયત્ન કરવો
જીવ મોળો પડવો–શક્તિ ઓછી થવી
જ્વલંત–ઝગહળતો

ઝ

ઝન્દઅવસ્તા–પારસીઓનો ધર્મગ્રંથ
ઝપવું–શાંત રહેવું
ઝાઝેરી–વધારે ગૌરવવાળી
ઝાલર–મોગરીથી વગાડવાની ઘડિયાળ
ઝિન્દાબાદ–અમર રહો

ટ

ટાઢા પહોરની ફેંકી–ગપ મારી
ટાંટિયા મેળવવા–હિસાબનાં પાસાં સરખાં થવાં

ડ

ડાઘુ–મડદાને બાળવા લઈ જનાર,

ડ્યૂટી–ફરજ, કામ

ઢ

ઢંગ–પ્રકાર, રીત
ઢીમર–માછી, ખારવો
ઢૂંઢવું–શોધવું

ત

તણખલાં ઝાલવાં–વ્યર્થ ફાંફાં મારવાં
તટસ્થતા–નિષ્પક્ષપણું
તત્ત્વો–પદાર્થો
તન્મય–એકાગ્ર, લીન
તમા–પરવા, દરકાર
તરણ–તરણું
તરણિ–હોડી
તર્કવિતર્ક–ગમે તેમ વિચાર કરવા તે
તર્પણ–તૃપ્તિ, શાંતિ
તલ્લીન–ગરક, એકાકાર
તસ્કર–ચોર
તાક–તાગડો, દોરો
તાગ–છેડો, અંત
તાતું–ખૂબ ગરમ
તામ્રમુદ્રા–તાંબાનો સિક્કો, પૈસો
તારો–(પાણીમાં) તરનાર
તુમાખી–મિજાજી
તૂટો–તોટો, ખોટ
તોલ–પ્રતિષ્ઠા, કિંમત
ત્રિલોકનાથ–ત્રણ લોકના ધણી; શંકર
ત્રિલોકમોહિની–ત્રણે લોકને મોહ પમાડે એવી

થ

થાળીવાજું–ગ્રામોફોન

દ

દડમજલ–અટક્યા વિના
દરિદ્રનારાયણ–ગરીબ
દવ–અગ્નિ
દસ્તખત–સહી કરવી, લખવું
દંગલ–યુદ્ધ
દંડકારણ્ય–એ નામનું જંગલ
દાનો–ડાહ્યો, વિવેકી
દામ–પૈસો
દારુણ–ભયાનક, તીવ્ર
દિગ્દિગંતો–દિશાઓ
દિનચર્યા–રોજનું કામકાજ
દિલાસો–સાંત્વન
દીન–ગરીબ
દીશ–દિવસ, સૂર્ય
દુન્યવી–દુનિયાનું, સંસારી
દુરાગ્રહ–ખોટો આગ્રહ
દુર્ગમ–મુશ્કેલીથી જઈ શકાય એવું
દુશાલા–કીમતી બેવડી શાલ
દુઃખરાશિ–દુઃખનો ડુંગર
દૃગ–આંખ
દેવેન્દ્ર–ઇન્દ્ર ભગવાન
દેહાન્ત–મૃત્યુ
દૈવયોગ–નસીબનો જોગ, સંયોગ
દોઢી–માંડવી
દોહ્યલી–અઘરી, મુશ્કેલ
દોહ્યલે–મુશ્કેલીથી

દ્રુમ–વૃક્ષ
દ્રોહ– છેહ, દગો
દ્વિચક્રી–બે પૈડાંવાળી
દ્વિજરાજ–દ્વિજોમાં શ્રેષ્ઠ, શ્રેષ્ઠ બ્રાહ્મણ

ધ

ધખધખવું–સમસમવું
ધરાતલ–પૃથ્વીનું પડ
ધર્મચક્ર–ધર્મનો પ્રચાર દર્શાવતું ચક્ર
ધીંગો–જાડો, મજબૂત
ધૂન–લત, લગની
ધ્યેય–આદર્શ

ન

નગરચર્યા–શહેરમાં શું બને છે તે જોવા ફરવું તે
નત્રિલ–નાઇટ્રોજનવાળો પદાર્થ
નમેરા–નિર્દય
નવદંપતી–નવાં પરણેલાં વરવહુ
નવસર્જન–નવી રચના
નવાન્ન–નવું અનાજ
નાડે નરવો–તંદુરસ્ત
નિપુણ–પ્રવીણ
નિમંત્રણ–આમંત્રણ
નિરધાર–નિશ્ચય
નિરપરાધી–નિર્દોષ
નિરાલો–જુદો, ન્યારો
નિર્ધાર–ચોક્કસ
નિર્માણ–નક્કી
નિવારણ–દૂર કરવું તે
નિવેદિત કરવું–નમ્રતાથી રજૂ કરવું
નિશ્ચિંત–ચિંતા વિનાનું
નિષ્કંટક–સરળ, અડચણ વગરનું
નિસ્તબ્ધતા–શાન્તિ
નીકો–પાણી જવાનો રસ્તો
નીગળવું–ટપકવું
નીરતીર–જળાશયનો કાંઠો
નેકદિલી–પ્રમાણિકતા
નેટ–નક્કી
નૌતમ–નવીન

પ

પટકૂળ–વસ્ત્ર
પટપર–સપાટીપર
પતિપરાયણતા–પતિ તરફ એકાગ્ર ભાવ
પરજળવું–બળવું
પરતનયા–પારકી દીકરી
પરહરવું–તજવું
પરાભક્તિ–શ્રેષ્ઠ ભક્તિ
પરિમલ–સુગંધ
પરિસીમા–હદ
પરિસ્થિતિ–આજુબાજુની સ્થિતિ, સંજોગ
પર્ણ–પાંદડાં
પશ્ચાત્–પછીથી
પંકજપત્ર–કમળની પાંદડી
પાખે–સિવાય, વિના
પાઘ–પાઘડી
પાતક–પાપ

પારણાં કરવાં-ઉપવાસ છોડવો
પિતામહ-પિતાના પિતા
પિશાચ-ભૂતપ્રેત
પીડવું-દુઃખ દેવું, દાબવું
પુણ્યતિથિ-મરણની તિથિ કે તેની ઉજવણી
પુણ્યશ્લોક-રૂડી કીર્તિવાળું, જેનું નામ લેવાથી પુણ્ય થાય તેવું
પુનઃ-ફરીથી
પુરપતિ-રાજા
પુરુષાર્થ-મહેનત
પુંજ-ઢગલો
પૃથ્વીનાથ-દુનિયાનો માલિક, રાજા
પેંગડું-જોડો
પોબાર-ફતેહમંદ
પોબારા ગણવા-નાસી જવું
પ્રચંડ-ભયંકર
પ્રજ્ઞાચક્ષુ-અંધ, જ્ઞાનરૂપ
પ્રતાપ-સુખ
પ્રતિષ્ઠા-આબરુ
પ્રતિષ્ઠિત-આબરુદાર
પ્રતીક-પ્રતિમા, મૂર્તિ
પ્રત્યક્ષ-નજરોનજર
પ્રવૃત્તિશીલ-ઉદ્યોગી
પ્રવેશપરીક્ષા-વિદ્યાપીઠમાં દાખલ કરવા માટે લેવાતી પરીક્ષા
પ્રાયશ્ચિત્ત-પાપના નિવારણ માટેનું તપ
પ્રેમદા-જુવાન, સુંદર સ્ત્રી
પ્રૌઢ-મોટું, વિશાળ

ફ

ફરમાસ-આજ્ઞા, હુકમ
ફળ (શૂળીનું)-પાનું
ફાળ પડવી-ધ્રાસકો પડવો
ફૂલની પાંખડી-નજીવી ભેટ
ફેડવું-વાળવું

બ

બડભાગી-વધારે ભાગ્યશાળી
બરછટ-ખડબચડી
બરાસ-એક સુગંધી પદાર્થ
બલા ટળવી-આફત કે પીડા દૂર થવી
બલિયો-બળદ
બહાર-શોભા, ભભકો
બહેક-સુગંધી
બારસો-એક જાતનું સૂતરાઉ કાપડ
બિલ-કાયદો, ધારો
બીડ-ઘાસનું ખેતર
બીડું ઝડપવું-ભારે કામ કરવાનું માથે લેવું
બુદ્ધિપ્રતિભા-બુદ્ધિશક્તિ
બૂડે ભાણ-સૂર્ય અસ્ત પામે ત્યારે
બેશિસ્ત-શિસ્ત વિનાનું
બ્રેત્રી-બહાદુરી

ભ

ભગવતી-ભક્ત, દેવી
ભગીરથ-મહામુશ્કેલ
ભર્યોભાદર્યો-ખૂબ ભરેલો, સમૃદ્ધ

ભંડારી દેવું–દાટી દેવું
ભાણુ–સૂરજ
ભાજે–વાગે
ભાર્યા–પત્ની
ભાવટ ભાંગવી–જંજાળમાંથી છોડાવવું
ભીષણ–ભયંકર
ભૂતદયા–પ્રાણી તરફ દયા
ભૂતાવળ–ભૂતોનું ટોળું
ભૂધર–કૃષ્ણ
ભૂપતિ–રાજા
ભૂમંડળ–પૃથ્વી
ભોમના ભાર ઉતારવા–પૃથ્વી પરથી પાપનો ભાર હલકો કરવા
ભ્રાન્તિ–ભ્રમ, ખોટો ખ્યાલ

મ

મજલ–એક દિવસની મુસાફરી થાય એટલું અંતર
મત્ત–ઉન્મત્ત, મસ્ત
મદભર–ગર્વ ભરેલાં
મદિરા–દારૂ
મધુકર–ભમરો
મધુપ્રિય–મધ જેમને ગમે છે તેવી
મધુરપ–મીઠાશ
મનસૂબો–ધારણા, ઇરાદો
મનસ્વી–તરંગી
મમત્વ–પ્રેમ
મરજાદ–મર્યાદા, સભ્યતા
મર્મ–૧. રહસ્ય. ૨. જ્યાં ઇજા થવાથી મૃત્યુ થાય એવો શરીરનો કોમળ ભાગ
મર્મર–વહેતાં પાણીનો મંદ અવાજ
મહાકાય–મોટા શરીરવાળા
મહાકાળ–મહાપ્રલય જેવો (દાવાનળ)
મહાપ્રસ્થાન–મૃત્યુ
મહાભોગ–પ્રસાદ
મહી–પૃથ્વી
મા'કાળી–મહાકાળી
માણ–ગાગર
માતો–માતેલો
માનવધર્મ–માનવી માત્રનું કલ્યાણ ઇચ્છતો ધર્મ
માનિ(નુ)ની–અભિમાની સ્ત્રી
માહાત્મ્ય–મહત્તા, મહિમા
માળવો–આશ્રય આપનાર
માંગલ્યસૂચક–શુભ પ્રસંગને સૂચવનાર
મિલિટરી–લશ્કરી
મીટ–નજર
મીન–મચ્છ
મુકદ્દમો–કેસ, દાવો
મુગ્ધ–મોહ પામેલું
મુરાદ–ઇચ્છા
મૃત્યુકટોરો–જે કટોરામાંનું પ્રવાહી પીતાં મૃત્યુ નીપજે તે
મેડિકલ એસોસિએશન–ડૉકટરોનું મંડળ
મેડિકલ લીગ–ડૉકટરોનું મંડળ
મેદની–ભીડ, ટોળું
મોરી–મારી

મો'લ–પાક
મોળું પડવું–નબળું પડવું, શિથિલ બનવું
મોં ફેરવવું–અમુક કાર્ય ન કરવું, મદદ ન કરવી
મોં મૂકીને–મુક્ત કંઠે
મોં સિવાવું–બોલતાં બંધ થવું
મૌલવી–મુસલમાન વિદ્વાન
મ્લેચ્છ–આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિવાળો મનુષ્ય

ય

યજ્ઞશાળા–યજ્ઞ કરવાનો ઓરડો
યવન–મ્લેચ્છ
યશગાથા–કીર્તિની કથા
યાચના–માગણી, વિનંતિ
યાતના–પીડા યાચંતાં–માગીએ ત્યારે
યારી આપવી–પ્રયત્ન સફળ થવો
યાવચ્ચંદ્રદિવાકરૌ–જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર હોય ત્યાં સુધી, કાયમ
યુનિયન જેક–અંગ્રેજોનો રાષ્ટ્રધ્વજ

ર

રંગવાસ–શયનખંડ, અંતઃપુર
રમ્ય–સુંદર
રસસાગર–ભક્તિરૂપી આનંદનો સાગર
રળી–ખુશી, હરખ
રંજનારા–આનંદ આપનારા
રાજિયો–રાજા
રાતુંમાતું–હૃષ્ટપુષ્ટ, ખૂબ તાજું
રિપુ–દુશ્મન
રીડિયા–ચિચિયારી, પુકાર
રુધિરઝરણ–લોહીની નદીઓ
રેજિમેન્ટ–ટુકડી
રેખાળું–રેખાવાળું
રેવા–નર્મદા નદી
રોજા ખોલવા–ઉપવાસ છોડવા
રોષી–ગુસ્સાભરી

લ

લબાડી–જૂઠાણું
લાખેણો–કીમતી
લીલા–અદ્ભુત ખેલ
લીલી વાડી–છૈયાં છોકરાંનો વસ્તાર
લીલીસૂકી–ચડતીપડતી
લૌંડા–ગુલામ

વ

વજ્રપાત–વીજળીનું પડવું
વમન–ઊલટી
વર–વરદાન
વરા–વાર
વર્ણાશ્રમ ધર્મ–સમાજના વર્ણવાર અને આશ્રમવાર વિભાગ પાડી તેમનાં કર્તવ્યોની વ્યવસ્થા કરતો ધર્મ
વલ્કલ–ઝાડની છાલનું વસ્ત્ર
વસિયતનામું–વીલ, મરણ વખતનું ખતપત્ર
વસુધાતલે–ધરતી ઉપર

વસુંધરા–પૃથ્વી
વાઘા–પોશાક
વાજ આવે–થાકે, દુઃખથી પીડાય
વાઢ્યો હોય તો લોહી ન નીકળે એવો–
(શરમથી) ફિક્કો
વામ–લગભગ ચાર હાથ જેટલી
લંબાઈ
વામા–સુંદર સ્ત્રી
વાયક–વેણ, વાત
વારિ–પાણી
વાર્ધક્ય–વૃદ્ધાવસ્થા
વાલ–ત્રણ રતી જેટલું તોલ
વાસના–ઇચ્છા, કામના
વિકૃત–વિકાર પામેલ, બગડી ગયેલ
વિક્ષેપ–અડચણ
વિચરવું–આમતેમ ફરવું
વિચારવારિનિધિ–વિચારરૂપી સમુદ્ર
વિજયપ્રસ્થાન–વિજય મેળવવા જવું તે
વિધિ–ક્રિયા, સંસ્કાર
વિનાશતાંડવ–ખાનાખરાબી
વિનાશિકા–લોઢાના બખ્તરવાળું એક
લડાયક જહાજ
વિપરીત–અવળું, ઊલટું
વિપ્લવી–ક્રાંતિકારી
વિમળ–શુદ્ધ
વિમાસણ–ઊંડો વિચાર
વિરાજમાન થયેલા–બેઠેલા
વિરાટરૂપ–અતિ વિશાળ સ્વરૂપ
વિલાસ–ચેનબાજી, મોજ

વિશ્વભારતી–કવિવર ટાગોરે સ્થાપેલ
વિશ્વવિદ્યાલય
વિશ્વભૂખ્યા–આખા જગતનું ભક્ષણ
કરવા માગતા
વિષપાન–ઝેર પીવું તે
વિષમ–મુશ્કેલ, દારુણ
વિહ્વળ–આકુળવ્યાકુળ
વૃત્તિ–મનનું વલણ
વેવલાં વીણવાં–ફાંફાં મારવાં
વૈદરભી–દમયંતી
વ્યાસપીઠ–ઊંચી બેઠક

શ

શકે–જાણે કે
શતસહસ્ર–લાખ
શમણાં–સ્વપ્નાં
શર્કરા–સાકર
શહાદત–શહીદ થવું તે
શાખ–આબરૂ
શાતા–શાંતિ, નિરાંત
શાસનધુરા–રાજતંત્રની લગામ
શિથિલ–ઢીલાં, નિર્બળ
શિરપેચ–પાઘડી
શિરસાવંદ્ય–માન આપવા યોગ્ય
શિરા–નસ
શિવકવચ–રક્ષા માટેનો શિવનો મંત્ર
શિષ્યવૃત્તિ–વિદ્યાર્થીને તેના ખર્ચ પેટે
મળતી રકમ
શુભં ભવતુ–કલ્યાણ થાઓ

શુભ્રતા–સફેદાઇ, ધવલતા
શોષ પડવો–સુકાવું, તરસ લાગવી
શ્યામસુંદર–શ્રીકૃષ્ણ
શ્યામા–જુવાન સ્ત્રી
શ્રાવણ ભાદરવો–ખૂબ આંસુ
શ્વસુર પક્ષ–સાસરિયાં

સ

સકુશળ–સહીસલામત, સુખરૂપ
સત્યાનાશ–પાયમાલી
સપ્તર્ષિ–સાત તારાઓનું એ નામે ઓળખાતું ઝૂમખું
સમકુછ–બધું
સમદર–સમુદ્ર
સમર્યા–યાદ કર્યા
સમસ્ત–સઘળું, તમામ
સમીર–પવન
સહભાગી–ભાગ પડાવનાર
સંગતિ–સહવાસ
સંગ્રામ–યુદ્ધ
સંચરવું–જવું
સંદેહ–શંકા
સંપ્રદાય–ધર્મનો ફાંટો
સાજ–સરસામાન વગેરે
સાત્ત્વિક–સત્ત્વગુણવાળું, શાંત
સાબર–અમદાવાદ પાસેની સાબરમતી નદી
સામુદાયિક–જથ્થાની
સામ્રાજ્યો–મહાન રાજ્યો
સાયબી–જાહોજલાલી, વૈભવ
સાંકેડી–સાંકડું [illegible] શેરી

સાર્થક–સફળ
સાર્વભૌમ–બધી રીતે સ્વતંત્ર
સાષ્ટાંગ દંડવત–લાંબા સૂઈ કરવાના પ્રણામ
સાસોટ–શ્વાસ ભેર
સાંસતાં થઇએ–ધીરજ ધરીએ
સિંધુ–સમુદ્ર
સીમંત–અધરણી
સેજ–શય્યા, પથારી
સુઅવસર–સારો પ્રસંગ
સુકુમાર–નાજુક
સુજ્ઞ–ડાહ્યો, ચતુર
સુલભ–સહેલું
સુધાપાન–અમૃતનું પાન
સુરમ્ય–અત્યંત રમણીય
સૂમ–કંજૂસ
સૂરતા–લગની, રસ
સેન્ટ્રલ એસેંબ્લી–મધ્યસ્થ ધારાસભા
સોમરસ–સોમવલ્લી નામની વેલનો રસ
સોલ્જર–સૈનિક
સોહે–શોભે
સોણલાં–સ્વપ્નાં
સ્તબ્ધ–આશ્ચર્યચકિત
સ્ફુર્તિ–તાજગી, તેજી
સ્રવવું–ઝરવું, નીતરવું
સ્વયં–જાતે
સ્વર્ગજીત–સ્વર્ગની જીત
સ્વસ્થ–શાંત, સાવધાન
સ્વાભાવિક–કુદરતી, સહજ
[illegible]–[illegible]શક્તિનો નાશ થવો તે

સ્વાતિબિંદુ–સ્વાતિ નક્ષત્રમાં પડતું વરસાદનું બિંદુ
સ્વાંગ–વેશ
સૂઝ–સમજ, ગમ, પહોંચ
સહાનુભૂતિ–સમભાવ, દિલસોજી
સહધર્મીણી–પત્ની
સ્રોત–ઝરો
સુધાવર્ષણ–અમૃતનો વરસાદ

હ

હતભાગી–કમનસીબ
હરિવર–ઈશ્વર
હર્ષોદ્‌ગાર–આનંદનો ઉદ્‌ગાર
હવી–થઈ
હવાલો–ભાળવણ, સુપરત
હસ્તધૂનન–મળતી વેળા હાથ મિલાવીને હલાવવાનો અંગ્રેજી ચાલ
હાથ ખંખેરી નાખવા–આશા છોડી દેવી
હાથ બેસવું–લાગુ પડવું
હાંજા ગગડાવવા–નાહિંમત બનાવવો
હિમાચ્છાદિત–બરફથી ઢંકાયેલ
હીર–સત્ત્વ, પ્રેમ
હીંડે–ચાલે
હૃષ્ટપુષ્ટ–ખૂબ જાડો, માતેલો
હૈયાફૂટા–બુદ્ધિ વિનાના
હોમરૂલ–સ્વરાજ

શુદ્ધિપત્ર

આ પુસ્તકમાં થોડી છાપભૂલો ગઈ છે. તે વિદ્યાર્થીઓ પાસે સુધરાવી લેવા શિક્ષકોને વિનંતિ છે.

પૃષ્ઠ	પંક્તિ	ખોટું	ખરું
૧૩	૪	સણી	સુણી
૬૫	૮	જત	જતાં
૯૬	૧૬	દંડવત્	દંડવત
૧૨૭	૧૫	દશમાં	દશામાં
૧૩૫	૧	પડી છે	પડે છે
૧૬૧	૯	ટુંકો	ટૂંકો
૧૬૨	૧	ઓઝીરે	ઓઝેરી
૧૭૨	૧૮	દેવીં ઓ	દેવીઓ
૧૭૯	૧૮	ધાન્ય	ધન્ય
૧૮૪	૧૭	તરીખે	તારીખે
૧૯૮	૧	ટેલીફોન	ટેલિફોન
૧૯૮	૩	બેફીકર	બેફિકર
૨૨૭	મથાળું	દારુતુ	દારુનું

* અમારાં શાળોપયોગી પુસ્તકો

ભારતનો ઈતિહાસ : ભાગ ૧, ૨, લે. જયંતિલાલ ચીનાઈ, બી. એ., બી. ટી., એલએલ. બી. તથા મનુભાઈ દેસાઈ, બી. એ., બી. ટી, એસ. ટી. સી. હાઈસ્કૂલ ધો. ૪, ૫, ૬, માટે નૂતન દૃષ્ટિબિંદુથી લખેલો ઈતિહાસ. તદ્દન નવાં ચિત્રો નકશાઓ સહિત. પ્રો. વાડીયાના આમુખ સાથે.

સાહિત્ય પલ્લવ : ભાગ૧,૨,૩, સંપાદકો: ઝીણાભાઈ દેસાઈ અને ઉમાશંકર જોષી હાઈસ્કૂલના ધો. ૪, ૫, ૬, માટે એક અનુપમ ગદ્યપદ્ય સંગ્રહ. ૫ મી આવૃત્તિ.

ગુજરાતી ભાષા વ્યાકરણ અને લેખન : પ્રો. મનસુખલાલ ઝવેરી, એમ. એ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાનું સર્વાંગી જ્ઞાન આપતું પુસ્તક

सबकी बोली : ભાગ ૧, ૨, ૩, લેખક: પંડીત સુદર્શન. માધ્યમિક શાળાઓ માટે મંજૂર કરેલી હિંદી વાચનમાળા.

નૂતન ગણિત : ભાગ ૧, ૨, ૩, લેખકો: ચંદુલાલ દેસાઈ બી, એ, ટી. ડી. અને મનુભાઈ શાહ. સાદા સરળ અને વહેવારુ હિસાબોથી ભરપૂર—માધ્યમિક ધોરણો માટે મંજૂર થયેલા ગણિતના પાઠ્ય પુસ્તકો.

દુનિયાના દર્શને : ભાગ ૧, ૨, ૩, ૪, લે. વરધભાઈ પટેલ, એમ. એ., બી. ટી. અને અં. ઈનામદાર. અનેક ચિત્રોથી તથા નકશાઓથી ભરપૂર માધ્યમિક ધોરણોની ભૂગોળ.

First Lessons in English Composition : I II & III **લેખકો** : ઝાંબોટકર અને કર્ણાટકી. અંગ્રેજી પહેલા, બીજા, અને ત્રીજા ધોરણો માટે

દેશદેશના લોકો : વિ. દ. ઘાટે, બી. એ., બી. ટી. ટી. ડી. (લંડન) રસમય શૈલીમાં લખાયેલું આ ભૂગોળનું ઈતર વાંચનનું પુસ્તક છે. ૫ મી આવૃત્તિ

દેશદેશાવરમાં : લે. વરધભાઈ પટેલ, એમ. એ., બી. ટી. અને અં. ઈનામદાર. પ્રા. ધો. ચોથા માટે લોકજીવન અને ભૌગોલિક સંયોગોની ગૂંથણી કરતી ભૂગોળ.

નૂતન લેખન : તાલીમ વર્ગ, બાળ વર્ગ, ભાગ ૧, ૨, ૩, ૪. ચિત્રો દ્વારા બાળકો લિપિ તથા ભાષા શીખે એ ઉદ્દેશથી નવા અભ્યાસક્રમ મુજબ લખાયેલાં લેખનનાં પુસ્તકો.

મારું ગણિત લેખન : બાળવર્ગ, ભાગ ૧, ૨, ૩, ૪. લે. પટેલ તથા શાહ. બાળકોને ગણિતમાં રસ ઉત્પન્ન થાય તે માટે યોજેલાં સીટવર્કના પુસ્તકો.

ભાષા શિક્ષણ : ભાગ ૧, ૨. ૩, પ્રો. મનસુખલાલ ઝવેરી, એમ. એ. અને રમણલાલ વકીલ, એમ. એ. માધ્યમિક ધોરણોનું સરળ વ્યાકરણ.

વિજ્ઞાન-વિહાર : ભાગ ૧, ૨, ૩. લે. અરવિંદ પટેલ તથા છોટુભાઈ સુથાર.

નાના નિબંધો : ભાગ ૧, ૨, ૩, લે. શંભુપ્રસાદ ભટ્ટ. બી. એ, બી. ટી.

ઈતર વાચનમાળા : ભાગ ૧, ૨, ૩, ૪, પ્રાથમિક ધોરણો માટે સુંદર ક્રમિક પાઠોમાં લખાયેલી વિશેષ વાચન માટે છે.

વોરા એન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ, મુંબઈ-૨.